# શીલવંતા સંતો સાંભળજો કરી પ્રીતે



લેખક : સદ્‌ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી (સાહિત્ય વિશારદ)

પ્રેરક : પ.પૂ.સ.ગુ. શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ કંડારી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ શ્રી ગુરવે નમઃ ॥

# ''શીલવંતા સંતો સાંભળજો કરી પ્રીતે''

પ્રારંભઃ વિ.સં.૨૦૬૪ નૂતન વર્ષ તા. ૧૦-૧૧-૨૦૦૭

પુર્ણાહૂતિઃ વિ.સં. ૨૦૬૪ હરિજયંતિ તા. ૧૪-૪-૨૦૦૮


***લેખક***

**સદ્‌ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)**

***ગુરૂવર્ય***

**સદ્‌ગુરૂ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (કંડારી ગુરૂકુળ)**

***પ્રેરક***

**પ.પૂ.સ.ગુ. શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**



***પ્રકાશક***

**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ કંડારી**

## ‘‘શીલવંતા સંતો સાંભળજો કરી પ્રીતે’’

*પ્રકાશકઃ*

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ‘‘ભક્તિનગર’’કંડારી
મું. કંડારી, તા. કરજણ, જી. વડોદરા-૩૯૧૨૧૦
ફોનઃ (૦૨૬૬) ૨૩૨૩૩૪,૨૩૨૭૩૪
**E-mail : sgkandari@gmail.com**
**website :- www.theswaminarayan.com**

*પ્રકાશન તિથિ*
*આવૃતિઃ*પ્રથમ
*પ્રતઃ* ૧૦૦૦
*કિંમતઃ*
સૌજન્યઃ પ.ભ. શ્રી રજનીભાઈ મણીભાઈ પટેલ આણંદ હાલ (ડલાસ) યુ.એસ.એ.
અ.નિ.શ્રી શકુંતલાબેન રજનીભાઈ પટેલના સ્મરણાર્થે
*પ્રાપ્તિ સ્થાન*
*શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વડોદરા*
ફોનઃ (૨૦૬૫) ૩૧૩૪૦૯૯
*શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ*
મોઃ ૯૯૨ ૫૨૦ ૭૫૦૧
*શ્રી એસ.એસ.પી. ઇન્ટરનેશનલ સ્કુલ (નાવલી)આણંદ*
મો.

**SHREE SWAMINARAYAN MANDIR**
**2114 PINE ST. GRAND PRAIRE, TX.-75050**
**Phone: (972) 263-7637**
*મુદ્રકઃ*
શ્રીજી આર્ટ (૦૭૯) ૨૬૫૮૦૯૧૬,૯૮૭૯૬૦૬૬૮૬

લેખન પ્રારંભઃ તા.૧૦-૧૧-૨૦૦૭ ***પ્રથમ પુષ્પ***

"સતતં નિજમૂર્તિ ચિન્તકાનામ્ અધિક શ્વેત મનોહર પ્રકાશે
હૃદિ દર્શિત રમ્ય દિવ્યરુપં ભગવન્તં તમહં હરિં નમામિ"

હિમાલયની ગોદમાં ખળખળ વહેતા ગંગામૈયાના તટ પર અનેકાનેક સુંદર અને પવિત્ર આશ્રમો આવેલા છે. તેમાં પણ એક અતિ સુંદર ને અતિ પવિત્ર આશ્રમ છે. તે આશ્રમના વાતાવરણનાં પવિત્ર સ્પંદનો ચારેકોર પ્રસરી રહ્યાં છે. તે આશ્રમમાં અનેક પ્રકારનાં સુગંધીદાર પુષ્પોની વાટિકા તથા અનેક પ્રકારનાં વૃક્ષો ફળ-ફૂલથી શોભી રહ્યાં છે. તે વૃક્ષો ઉપર અનેક પ્રકારનાં મનમોહક પક્ષીઓ કલરવ કરી રહ્યાં છે. આવા પવિત્રને સુંદર આશ્રમની મધ્યે સુશોભિત-ગગનચુંબી મંદિર આવેલ છે અને તે મંદિરમાં નયનરમ્ય મહાપ્રભુ શ્રીહરિજીની મનોહર મૂર્તિનાં દર્શન કરી અનેક દર્શનાર્થીઓ કૃતકૃત્ય થઈ રહ્યા છે. આવા પવિત્ર આશ્રમમાં સંસારને અસાર જાણી અનેક મુમુક્ષુઓ ત્યાગાશ્રમ સ્વીકારી સંતદીક્ષા ગ્રહણ કરી પવિત્ર સદ્‌ગુરુ સંતની સમીપમાં રહી મોક્ષનું ભાતું ભરી રહ્યા છે.

એક દિવસ પ્રાતઃકાળે પોતાનો નિત્યવિધિ જે પૂજા-પાઠ વગેરેથી પરવારી સર્વે સંતો નિત્યક્રમ મુજબ ઠાકોરજીની આરતી-સ્તુતિ-દર્શન વગેરે કરી પોતાના ગુરૂદેવનાં દર્શનાર્થે ગંગામૈયાની ગોદમાં પથ્થરની શીલા પર બેસીને શ્રીહરિનું ચિંતન કરતા ગુરૂદેવની સમીપ આવી દંડવત્ પ્રણામ કરી પોતપોતાની મર્યાદાનુસાર સામે આવીને બેસી ગયા.

કરૂણામય કૃપાદ્રષ્ટિ વડે મુમુક્ષુ એવા સાધક શિષ્યો સામે જોઈને ગુરૂદેવે મનોમન વિચાર કર્યોઃ "આ દરેક મુમુક્ષુઓ પરમાત્માને પામવા

માટે સંસારનાં પંચ વિષયોનાં ભૌતિક સુખોને છોડી, પોતાના માતા-પિતાના પ્રેમને છોડી, સગાં-સંબંધી-મિત્રોનો ત્યાગ કરી આત્યંતિક મુક્તિની ઈચ્છાથી મારી પાસે આવી મારા માર્ગદર્શન મુજબ પ્રભુ ભજન કરતા થકા ત્યાગ-વૈરાગ્ય અને ધર્મ-નિયમનું પાલન કરી રહ્યા છે; છતાં પણ મારી ફરજ છે કે તેઓને સદ્‌બોધ આપી ત્યાગાશ્રમની સમજણ દ્રઢ કરાવવી જોઈએ.’’

આવું મનોમન વિચારી ગુરૂદેવ મંદહાસ્ય કરતા થકા શિષ્યો સામે અમીમય નજર કરતા અમૃતમય વચનો બોલ્યાઃ ‘‘ હે મારા વ્હાલા સંતો ! તમો જગતના કલુષિત વાતાવરણનો ત્યાગ કરી, તમારાં આત્મીયજનોનો ત્યાગ કરી, વિષય સુખોનો ત્યાગ કરી પ્રભુ પામવાની શુભેચ્છા સાથે મારી પાસે આવીને ભજન-ભક્તિ કરી રહ્યા છો એ જોઈને મને ખુબ આનંદ થાય છે. હે શીલવંતા સંતો ! મુમુક્ષુઓને સદાય એક સરખો વૈરાગ્ય અને સમજણ રહેતા નથી, તેથી તેઓને સદ્‌ગુરુ અને સદ્‌બોધની પરમ આવશ્યકતા રહે છે; માટે હું તમારો વૈરાગ્ય ને સમજણ દ્રઢ થાય એવો સદ્‌બોધ આપી રહ્યો છું એને તમો એકાગ્ર મનથી સાંભળો ને મનન કરી જીવનમાં ઉતારવાના પ્રયત્નો કરો.

પ્રથમ આપણે આપણી જાતને જ પૂછીએ કે, આપણે સંસારનો ત્યાગ કરી સાધુ બની સંયમ માર્ગે શું કામ આવ્યા છીએ ? પૂર્વના પુણ્યના પ્રતાપે સંસારના પંચવિષયોના પદાર્થો આપણને મળ્યા હતા છતાં એ બધાયનો ત્યાગ આપણે શું કામ કર્યો હતો ? ઈન્દ્રિયોના વિષયો ભોગવી લેવાની આપણને મળેલ તક આપણે શા માટે જતી કરી હતી ? પૂર્વાશ્રમનાં મા-બાપ, ભાઈ-બહેન અને સગાં-સંબંધી તેમજ મિત્રમંડળની લાગણીને ઠોકર મારીને ત્યાગી થવા શા માટે આવ્યા હતા ? સંતોનું જીવન સંયમી હોય છે, તપ-ત્યાગ યુક્ત હોય છે એવું

સાંભળવા છતાં આપણે એનો સ્વીકાર ઉત્સાહ સહિત શા માટે કર્યો હતો ? નાનપણથી લાડ લડાવી મોટા કર્યા એવા માતા-પિતા કરતાંય ભગવાન અને ગુરુદેવ વધારે સારા શા માટે લાગ્યા ?

હે મુમુક્ષુઓ ! આ દરેક પ્રશ્નોના જવાબ ફક્ત એક જ વાક્યમાં આપી શકાય કે, 'મોક્ષ મેળવવા માટે.' જો સાચી વાત આમ જ હોય તો પછી એ માટેના પ્રયત્નો કરીએ છીએ ખરા ? શ્રીજી મહારાજે સંતો માટે શિક્ષાપત્રીમાં, ધર્મામૃતમાં અને નિષ્કામ શુદ્ધિમાં જે જે નિયમો કહ્યા છે તે તે પ્રમાણે વર્તીએ છીએ ખરા ? શ્રીહરિએ પ્રથમના આઠમા વચનામૃતમાં કહ્યું છે કે, "ઈન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે."

શ્રીજીની આ આજ્ઞાનુસાર આપણે આપણી વૃત્તિઓને સ્ત્રીઓ પ્રત્યે જતી હોય, સ્ત્રીઓને આપણી આંખ જોતી હોય અને સ્ત્રીઓના સંકલ્પ કરતી હોય તો એ વૃત્તિઓને પાછી વાળીએ છીએ ખરા ? આ બાબતમાં આપણા જીવનમાં આજે ઘણી ગરબડો થઈ ગઈ છે. સ્ત્રીઓનું રૂપ જોવા મન વ્યાકુળ બની જાય છે ! એ રૂપ જોઈ લીધા પછી મન એના વિચારો કરવા મંડી પડે છે અને પછી તો નાલાયક મન, જે રૂપવાન સ્ત્રી એને ગમી ગઈ હોય એમાં વૃત્તિ રાખવા લાગે છે ! જેમ ભગવાનનો એકાંતિક ભક્ત હાલતા-ચાલતા દરેક ક્રિયામાં પ્રભુની મનોહર મૂર્તિને યાદ કર્યા કરે છે – એ જ રીતે જેની ઈન્દ્રિયોની વૃત્તિ સ્ત્રીના રૂપમાં ખેંચાઈ જાય છે એ પણ એની દરેક ક્રિયામાં તે સ્ત્રીને વૃત્તિ દ્વારા યાદ કર્યા કરે છે ! અને એના પરિણામ સ્વરૂપે શ્રીજી મહારાજે કહ્યું તેમ તેનું અંતઃકરણ બગડી જાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે, માટે હે શિષ્યો, તમો આ બાબતે સતત સાવધાન રહેજો અને

તમારી ઈંન્દ્રિયોની વૃત્તિઓને હંમેશાં હરિમૂર્તિમાં રાખવાના પ્રયત્નો કર્યા કરજો.

હે મુમુક્ષુ સંતો ! આપણી વર્તમાન જીવન પદ્ધતિ જોતાં એમ લાગે છે કે, આપણે ઉપદેશ વિના સહજરૂપે જ સન્માર્ગે ટકી જઈએ અને શ્રીજી મહારાજની આજ્ઞાઓને પ્રસન્નતાપૂર્વક અમલ કરતા જઈએ એ શક્યતા તો નથી લાગતી. અરે ! ઉપદેશ સાંભળ્યા પછી પણ સંયમ રાખીએ કે કેમ એમાંય શંકા છે. સંયમ એટલે લગામ. સંયમ એટલે બ્રેક.

આંધળો માણસ તો રસ્તો ક્રોસ કરતી વખતે દેખતાનો હાથ પકડી લેવામાં જરાય આનાકાની નથી કરતો, પણ જે અંધ હોય અને મુર્ખ પણ હોય આવો માણસ દેખતા માણસનો હાથ પકડવાની ના પણ કહે એ શક્યતા રહેલી છે કારણ કે તે મુર્ખ છે. કદાચ આપણો નંબર એમાં હોય પણ ખરો ! આપણે મોહાધીન તો છીએ જ પણ સાથોસાથ મૂઢ પણ છીએ. દુર્ગુણવાળા છીએ જ અને સાથોસાથ દંભી પણ છીએ. જો આવું જ જીવન ચાલશે તો આપણે સંસાર ત્યાગ કરીને આવ્યા છીએ એ ત્યાગનો પુરુષાર્થ વ્યર્થ જવાનો નક્કી છે એમ જાણજો. કારણ કે શ્રીજી મહારાજે પ્રથમ પ્રકરણના ચૌદમા વચનામૃતમાં કહ્યું છે કે, "ત્યાગી (સાધુ-સંત-મંદવૈરાગ્યવાળો) હોય અને તેને સારી પેઠે ખાવા મળે અને જો કાચી મતિવાળો હોય તો પાછી સંસારની વાસના હૃદયમાં ઉદય થાય અથવા ઘણું દુઃખ પડે તો પણ પાછી સંસારની વાસના ઉદય થાય, માટે ત્યાગી તો તે ખરો જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહિ."

યાદ રાખો મુમુક્ષુઓ ! જગતના જે પદાર્થોનો ત્યાગ કર્યો છે

એનું કોઈ આકર્ષણ ન થતું હોય અને જે આજ્ઞાઓનું પાલન થતું હોય અને એનો લોપ થતો ન હોય, આ બાબતે આપણે પાસ ખરા ? જીભ સ્વાદિષ્ટ પદાર્થો તરફ ખેંચાઈ જાય છે, પ્રશંસાના શબ્દો સાંભળવા મન લાલાયિત રહ્યા કરે છે, રૂપ જોવા આંખ અધીરી બની જાય છે. સુવાળા સ્પર્શ કરવા હાથ ઉતાવળા થઈ જાય છે અને મનોરંજક ફિલ્મી ગીત સાંભળવા કાન તલ-પાપડ બની જાય છે.

આપણે જાણીએ છીએ કે, પંચવિષયોના ભોગ નીરસ છે, અતૃપ્તિકર છે, હતાશાજનક છે,વિનાશજનક છે, વિષાદ ઉત્પન્ન કરનાર છે અને અંતે દુર્ગતિદાયક છે, આવું જાણવા છતાં ભૂલમાંથી બોધપાઠ લઈને ભૂલથી અટકી જવાનું આપણે શીખ્યા નથી, તો એ માટે મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરીને કહીએ કે, હે ભક્તવત્સલ ! જગતના વિષયો થકી અમારું રક્ષણ કરજો.

*મેલી પુરુષોત્તમની મૂરતિ, કરે છે નારી જોવા શું રતિ,*
*તેને ચિંતવે વારંવાર, એવા મૂરખનો છે ધિક્કાર,*
*મેલી સુંદર શ્યામ સ્વરૂપ, જઈ જુવે છે નારીનું રૂપ,*
*તેમાં થાય નર તદાકાર, એવા મૂરખને છે ધિક્કાર,*
*મેલી મહાપ્રભુજીનું મુખ, દેખે નારીને નર વિમુખ,*
*તેના સ્પર્શનો રાખે છે પ્યાર, એવા મૂરખને છે ધિક્કાર,*
*મેલી મુખે હરિગુણ ગાન, કહે નારી ચરિત્ર નિદાન,*
*તેણે ફૂલે અંગમાં અપાર, એવા મૂરખને છે ધિક્કાર*
*નથી લોભાતો લાલને લટકે, મનમાન્યું માનિનીને મટકે,*
*ખાધી ખોટ્ય ને થયો ખુવાર, એવા મુરખને ધિક્કાર,*

*ભ.ચિ. પ્ર. ૧૦૬*

## બીજું પુષ્પ

હે સંતો ! દરેક માણસને પોતાના દુશ્મન ખતરનાક લાગે છે, રોગ ત્રાસદાયક લાગે છે, ગુંડો ખુંખાર લાગે છે અને દુઃખો ભયંકર લાગે છે, એટલે જ એ તમામ પ્રત્યે નફરતભાવ સહેજે જ આવી જાય છે. – બસ એ જ રીતે વિષયો પ્રત્યે નફરતભાવ આવી જાય તો ઈન્દ્રિયો પર અવશ્ય વિજય મળી શકે; પરંતુ પ્રશ્ન એ છે કે, આપણને વિષયો પ્રત્યે દોષબુદ્ધિ થઈ છે ખરી ? સ્ત્રીનો સહવાસ ત્રાસદાયક લાગે છે ખરો ? કે પછી રૂપવાન સ્ત્રીઓને જોઈએ અંતરમાં આનંદ થાય છે ? તેણીને વારંવાર જોવાની ઈચ્છા થાય છે ખરી ? સ્ત્રીઓ સામે સ્વાભાવિક નજર જતી રહી હોય તુરંત ત્યાંથી બીજે નજર લઈ જઈએ છીએ ખરા ? આ બાબતમાં આપણે સહુએ પોતપોતાનાં અંતર તપાસવાનાં છે.

એક વાતનો સહુને ખ્યાલ હશે કે, સ્કૂલ કે કોલેજમાં થતાં અધ્યયનની પરીક્ષા ચાલુ અભ્યાસે થતી નથી, પણ અભ્યાસની સમાપ્તિ પછી થાય છે. અર્થાત્ વર્ષના અંતમાં થાય છે. વળી એ પરીક્ષાની તારીખો પહેલાથી જ જાહેર થઈ જાય છે. એ પરીક્ષાની તૈયારી માટે વિદ્યાર્થીઓને પૂરતો સમય પણ આપવામાં આવે છે. –પરંતુ આધ્યાત્મિક માર્ગના સંયમી જીવનની વાત આખી જુદી છે. આપણા સંયમી જીવનમાં તો અધ્યયન અને પરીક્ષા બંને એક સાથે જ ચાલે છે અને એમાંય પાછી મુશ્કેલી એ છે કે પરીક્ષા કઈ પળે લેવાઈ જાય છે એની ખબર પણ પડતી નથી.

નથી મળતો એમાં તૈયારીનો સમય કે નથી ખ્યાલ આવતો એમાં પરીક્ષાનો વિષય ! આ પરીક્ષાની એક વિશેષતા પાછી એ છે કે

દરેક સંયમી સાધુ-સંતોએ આ પરીક્ષા આપવી જ પડે છે અને એમાં પાસ થવું જ પડે છે. પરીક્ષા આપવાનો ઈન્કાર કરનાર સાધુ-સંતો સંયમી જીવનમાં રહી શકતા નથી અને એ પરીક્ષામાં નાપાસ થનાર સંયમ જીવનનું ફળ જે મુક્તિ તેને પામી શકતા નથી.

યાદ રાખો કે જે સંતો સંયમથી કંટાળતા નથી એ શુરવીર કહેવાય છે. શ્રીજી મહારાજે લોયાના બીજા વચનામૃતમાં કહ્યું છે કે, "શુરવીર હોય તે થકી તો ઈન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વ થરથર કંપતા રહે. (માટે) જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો." પછી જેને જેને શૂરવીરનાં અંગ વર્તતાં હતાં તે સર્વે શ્રીજી મહારાજનાં ચરણારવિંદને છાતીમાં લઈને પગે લાગ્યા. શૂરવીર ભક્તો ઉપર શ્રીહરિજી એટલા માટે રાજી થયા કે તેઓ પોતાની દરેક ઈન્દ્રિયો પર કંટ્રોલ રાખી શકતા હોય છે. આંખ, કાન, નાક, જીભ અને ચામડી તથા હાથ, પગ, વાણી, મૂત્ર સ્થાન અને મૂળ સ્થાન વગેરે તેમજ મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર આ બધી જ ઈન્દ્રિયોનો સંપૂર્ણ સંયમ રાખતા હોય છે.

જે સાધુ-સંતો જગતના પંચવિષયો પ્રતિ પોતાની એક પણ ઈન્દ્રિયને નથી જવા દેતા એ સંત પ્રશંસનીય છે, વંદનીય છે અને પૂજનીય છે અને એ જ ખરા અર્થમાં સાચા શૂરવીર છે,કારણ કે ૩૬ની છાતીવાળો હોય, કુસ્તીબાજ દારાસીંગ હોય, પહેલવાન ગામા હોય, સૂમો હોય કે પછી કરાટે ચેમ્પિયન હોય, પણ સંયમ જીવનની વાત સાંભળી તેઓ ધ્રુજી જતા હોય છે. કારણ કે તેઆની તાકાત બહારના જડ પદાર્થો કે વસ્તુઓ પર જ ચાલતી હોય છે પણ પોતાની ઈન્દ્રિયો

અને અંતઃકરણ પર ચાલતી હોતી નથી. – જ્યારે સાચા સંતો તો હસતા મુખે સંયમ પાળતા હોય છે, માટે એવા સંતોને જેટલા ધન્યવાદ આપીએ એટલા  ઓછા જ કહેવાય; કારણ કે જીવન પર્યંત સંયમનું પાલન કરવું એ તો તલવારની ધાર પર ચાલવા કરતાં પણ કઠણ છે.

સંયમ રાખવા માટે બાહ્ય અને આભ્યાંતર બંને પ્રકારનો ત્યાગ હોવો જરૂરી છે. બહારથી સ્ત્રીનો ત્યાગ રાખવામાં આવે અને તેઓની સાથે ન બોલવામાં આવે એટલેથી જ પુરું થતું નથી; પરંતુ અંદરથી તેણીના વિચારો છોડવા પડે અને તેના સંકલ્પો પણ છોડવા પડે છે. તે માટે તો શ્રીજી મહારાજે આપણને આઠ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવા કહ્યું છે. બહારથી વ્રત-ઉપવાસ કરીએ અને અંદર ખાવાના જ જો સંકલ્પો થતા હોય તો તે વ્રત કરનારો પારણાંને દિવસે ખાંગો વાળશે અર્થાત્ અતિશય ખાશે અને ખાવાની આસક્તિ ઉલટાની વધશે ! બસ એ જ રીતે બહારથી સ્ત્રીનો અને સ્ત્રી-ભોગનો ત્યાગ કર્યો હોય, પરંતુ અંદરથી તેને ભોગવવાની ઈચ્છા થતી હોય તો જ્યારે તેની પ્રાપ્તિ થશે ત્યારે કુસંગી કરતાં પણ વધારે વિષયભોગ ભોગવશે તો પણ તૃપ્તિ નહિ થાય, માટે બંને પ્રકારનો ત્યાગ એ જ શ્રેષ્ઠ સંયમ કહેવાય છે.

હે મુમુક્ષુ સંતો ! આપણે બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે, માટે રજોગુણ, સ્ત્રીઓનો સંપર્ક અને રસવાળા પકવાનો અતિશય ખાવાં એ ભયંકર ઝેર જેવાં છે. સ્વાદનો સંયમ બ્રહ્મચર્યમાં બહુ જરૂરી છે. વિભાંડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગીએ સ્વાદનો સંયમ તોડ્યો તો પરિણામે લોમપાદરાજાની કુંવરી શાંતાને પરણ્યા તેથી બ્રહ્મચર્યનું અખંડિતવ્રત પણ તૂટી ગયું !  આષાઢભૂતિ મુનિ જે જૈન ધર્મના ત્યાગી હતા તેઓએ

સ્વાદનો સંયમ તોડ્યો ને ભુવનસુંદરી અને જયસુંદરીના હાથના લાડુ જમવાના શરૂ રાખ્યા તેના પરિણામે કામવાસના ઉત્પન્ન થઈ અને તે બંને બહેનો સાથે લગ્ન કરી લીધાં ! સ્વાદની આસક્તિને કારણે સંયમ ગુમાવેલ વ્યક્તિઓના પ્રસંગો પુરાણો અને ઈતિહાસોમાં પથરાયેલા પડ્યા છે; માટે સ્વાદ પર સંપૂર્ણ સંયમ રાખવો જોઈએ.

માણસે ઘોડાને લગામથી વશમાં રાખ્યો, હાથીને અંકુશથી વશ રાખ્યો, સિંહને પાંજરામાં પૂરી વશ રાખ્યો, આખલાને નાથીને વશ રાખ્યો અને ગધેડાને ડફણાથી વશ રાખ્યો, પરંતુ પોતાનાં ઈન્દ્રિયો ને અંતઃકરણને સંયમના પાંજરામાં રાખવા એ તૈયાર નથી. પણ એવા માણસો જાણતા નથી કે, સંયમ અને સદાચારના બંધનને સ્વીકારનાર કદી પણ માયાના બંધનમાં રહેતો નથી. જીવનમાં ડગલે ને પગલે સંયમની જરૂર છે.

સંતો ! સંયમથી બોલવું જોઈએ, સંયમથી ખાવું જોઈએ, સંયમથી ચાલવું જોઈએ, સંયમથી જોવું જોઈએ, સંયમથી સાંભળવું જોઈએ અને સંયમથી અડવું જોઈએ. સંયમના પાલનથી સંસ્કારની મૂડી જળવાઈ રહે છે. જીવનમાં જડેલી સંયમની શ્વેત ચાદરમાં આપણે વાસનાના કેટલા ડાઘ લગાડીએ છીએ ? તેની તપાસ કરતા રહેવું જોઈએ. બહારની વિદ્યાઓ ભણો છો એની સાથોસાથ સંયમની પણ મહાન વિદ્યા ભણી લેવી જોઈએ. તમે સંયમની શક્તિ મેળવશો તો જીવનની એક બીજી મહાન શક્તિ એકાગ્રતા પણ મેળવી શકશો.

હે સંતો ! સંયમ વગરના સાધુનું જીવન વ્યર્થ છે. ઈન્દ્રિયોને અંકુશ વગર રાખવાથી સાધુનું જીવન સુકાન વગરની નૌકા જેવું થઈ

જાય છે. જેવી રીતે કાચબો પોતાનાં બધાં જ અંગોને અંદર ખેંચી લે છે, એવી જ રીતે આપણે પણ બધી ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળીને જીતેન્દ્રિય સંયમી બનવું જોઈએ, કારણ કે કોઈપણ ઈન્દ્રિયમાંથી એકનો પણ સંયમ ગુમાવવામાં આવે તો કલંક લાગતાં વાર નથી લાગતી.

સંત જોલનુન મિસરીના જીવનનો એક પ્રસંગ સાંભળો. જોલનુન એક વાર રસ્તામાં ચાલ્યા જતા હતા. રસ્તામાં એક સુંદર હવેલી જોઈ. ત્યાં જઈને જોયું તો અટારીએ એક રૂપસુંદરી બેઠી હતી. એનું રૂપ જોઈ, લાવણ્યતા જોઈ જોલનુન મિસરીએ આંખ પરનો સંયમ ગુમાવ્યો, તેથી સ્થિર થઈ તે નવયૌવનાને જોવા લાગ્યા ! પછી પૂછ્યું:“ હે સુંદરી ! તું કોણ છે તે મને કહે, તું કોની પ્રિયતમા છે ? કોણ છે એ ભાગ્યશાળી યુવાન કે જેને તું મળી છો ?”

આવાં વચનો સાંભળી તે રૂપવતી બોલી:“જોલનુન ! જ્યારે તમે દૂરથી આવતા હતા ત્યારે કોઈ મહાન મહાત્મા સંત લાગતા હતા, પણ મારી સામું જુદી નજરથી જોઈને મને આ પ્રશ્નો પૂછ્યા છે તેથી મારી માન્યતા ઉપર પાણી ફરી વળ્યું છે, કારણ કે આપની નજર જોઈ મને સંત લાગતા નથી.” હે વ્હાલા સંતો ! આપણે આ પ્રસંગ જીવનમાં ઉતારી હંમેશાં યાદ રાખવો જોઈએ. ઈન્દ્રિયોને વિષયરૂપી ભોજનના લોભથી છોડાવવા માટે સંયમરૂપી દંડની જરૂર પડે છે. બકરો જેમ દંડાના ભયથી ખાવાનો લોભ છોડી દે છે તેમ મનને પણ યમરાજના દંડનો ભય બતાવી વિષયભોગનો લોભ છોડાવવો જોઈએ.

નારી નજરે ન જુવો કોય, વિત્તની તો વાત ભુંડી
સ્વાદ સ્નેહ દુઃખદાયી દોય, ઇચ્છા એની ટાળો ઊંડી,
માન મોટો છે અરિ અજિત, સમઝીને સંગ તજો
ન કરો એ પંચની પ્રતિત, હેતે શું હરિને ભજો,
આવો અવતાર જાય અમૂલ્ય, પાછો તે પમાતો નથી
તેના તપાસી કરવો તોલ, ઊંડો અતિ અંતરથી
ચોસઠપદી- ૩૮

"પાષાણની ચિત્રની નારી હોય, ત્યાગી ન તેને નિરખે જ તોય
સ્પર્શથકી ત્યાગ વિનાશ થાય, ત્યાગી જનો દૂર રહો સદાય
સુણી બોલિયા વ્યાપકાનંદ, સુણો શ્રીહરિ વૃષકુળચંદ
ચિત્રની કે પાષાણની નારી, એ તો નિર્જીવ શું કરનારી
એને જોતાં કે સ્પર્શતાં એમ, બ્રહ્મચર્ય ભાંગે કહો કેમ
સુણી બોલ્યા શ્રીજી મહારાજ, એનો ઉત્તર નહિ દૈયે આજ
હમણાં તો તમે જાઓ ફરવા, દૈવી જીવને ઉપદેશ કરવા
વ્યાપકાનંદ ત્યાંથી સિધાવ્યા, ફરતા થાનગઢ પાસે આવ્યા
ત્યાં છે વાસંગી નાગનું ધામ, રાત વાસો રહ્યો તેહ ઠામ
હતી ઘુમટમાં ચિતરેલી, ઘણી પૂતળિયો અલબેલી
વ્યાપકાનંદે જોઈ નિહાળી, ભૂલ્યા ભાન એનું રૂપ ભાળી
સર્વ હોય સજીવન જેમ, નાચવા લાગી તે સમે તેમ
વ્યાપકાનંદ તો અકળાયા, જાણી ચિત્રની સ્ત્રી પણ માયા"
હરિલીલામૃત-કળશ-૭-વિશ્રામ-૪૦

## ત્રીજું પુષ્પ

વ્હાલા મુમુક્ષુઓ ! સાગરના પાણીને નદીનું પાણી માની લેવું એ જો ભૂલ છે, તો ઝાંઝવાના જળને સાચું જળ માની લેવું એ તો ભ્રમણા જ છે. ભૂલથી તો વાસ્તવિકતા ખ્યાલમાં આવી જતાં બચી જઈને પાછા ફરી જવાય છે, પણ ભ્રમણાથી તો જિંદગીના છેડા સુધી મુક્ત બની શકાતું જ નથી. મુશ્કેલી આપણા માટે એ સર્જાઈ છે કે ભોગના ક્ષેત્રે આપણે ભૂલ અને ભ્રમણા બન્નેના શિકાર બન્યા છીએ ! દરેક વખતનો આપણને અનુભવ છે કે ભોગના સેવન પછી તૃપ્તિનો અનુભવ થવાને બદલે અતૃપ્તિ જ વધતી ચાલી છે.

ગયા જન્મોની વાત અને પૂર્વાશ્રમની વાત છોડીને સાધુ બન્યા પછીનો અનુભવ કહો કે, પંચવિષયનું સેવન કર્યું છે એમાં તૃપ્તિનો અનુભવ થયો છે ખરો ? મીઠાઈ ઘણી વાર ખાધી હશે છતાં મન તૃપ્ત થયું છે ખરૂં ? પ્રશંસાના શબ્દો સાંભળી મનને સંતોષ મળી ગયો છે ખરો ? મુલાયમ સ્પર્શ ઘણા કર્યા પણ મન ધરાયું છે ખરૂં ? જાણે અજાણે ઘણાં રૂપ-સ્વરૂપ જોયાં હશે છતાંય મનને સંતોષ થયો છે ખરો ? એ જ રીતે અનેક પ્રકારના ગંધ પણ સુંઘી લીધા છે છતાં મનને તૃપ્તિ મળી છે ખરી ?

જો આ વાત સત્ય મનાતી ન હોય તો અનુભવ કરજો કે વિષયો સામે આવે ત્યારે એની સામે આંખ પણ ઊંચી કરવા આપણે તૈયાર થતા નથી એવા સદ્ગુણી બની ગયા છીએ ખરા ? સાગરના પાણીને નદીનું પાણી સમજી લેવાની ભૂલ થઈ ગઈ એ બરાબર, પણ જ્યારે એ ભૂલનો ખ્યાલ આવી ગયો તુરંત એ ખારા પાણીનો ગ્લાસ પીવાને બદલે નીચે મૂકી દીધો બસ – એ જ રીતે વિષયોનું સેવન અતૃપ્તિકર છે એવો ખ્યાલ આવી ગયા પછીય તેના ત્યાગ માટે તૈયાર બન્યા છીએ

ખરા ? વિષયો તરફી આપણી કુણી લાગણી છોડી કેમ શકતા નથી ?

આ માટે મનનું બરાબર પોષ્ટમોર્ટમ કરો. ઝાંઝવાના જળમાં સાચા જળનાં દર્શન કરતી જે ભ્રમણામાં હરણ અટવાયું હતું એવી જ આભાસિક વિષય સુખોમાં સાચા સુખનું દર્શન કરતી ભ્રમણામાં આપણું મન નથી જ અટવાયું એવું છાતી ઠોકીને કહી શકવાની સ્થિતિમાં આપણે છીએ ખરા ? વિષયસુખોની કલ્પનામાં શું મન ક્યારેય નથી ચડતું ? એ કલ્પનાઓને સાચી માનીને વિષયો મેળવી લેવા મન શું ક્યારેય પાગલ નથી બનતું ? પ્રશ્ન એ થાય છે કે આપણે પોતાની જાતને બુદ્ધિશાળી માનતા આ બાબતમાં સાવ મૂરખ કેમ પુરવાર થઈ રહ્યા છીએ ?

હે સંતો ! આપણે મૃગજળ જેવા વિષયોના સુખોનો અનુભવ કર્યો છે એ ઈન્દ્રિયોના માધ્યમે જ કર્યો છે. મિષ્ટાન્ન જીભ પર આવ્યું છે અને મજા અનુભવી છે. આપણાં વખાણના શબ્દો કાને સાંભળ્યા છે અને દિલ તરબતર થઈ ગયું છે. મનોહર દશ્યો નજરે પડ્યાં છે તેથી આંખો અંજાઈ ગઈ છે. અત્તારની સુવાસ નાકે પહોંચી છે અને મન ગુલતાન બની ગયું છે. મુલાયમ સામગ્રીઓ સ્પર્શને મળી છે અને હૃદય ઉત્તેજીત થઈ ગયું છે. – બસ આ એક જ અનુભવે આપણા મનને સદાય વિષય પિપાસુ, વિષય લાલચુ અને વિષયાતુર બનાવી રાખ્યું છે.

કદાચ આપણે વિષયોના સંપર્કવાળા ખોટા કે ખરાબ નિમિત્તોથી બચતા રહીએ છીએ, પણ તોય ઈન્દ્રિયોના માધ્યમે અનુભવેલા વિષય સુખોના સંસ્કારવાળું મન તો અહીંયાં આપણી સાથે જ છે. વારંવાર એ મન પોતાનું માથું ઊંચકતું રહીને આપણને વિષયો તરફ દોડવા પ્રોત્સાહિત કરી રહ્યું છે.

યાદ રાખો કે, આગનું સાનિધ્ય જેમ સર્વથા બિનભરોસાપાત્ર છે, સાપનું સમીપપણું જેમ સર્વથા જોખમી છે, વાઘ સાથેની રમત જેમ ખતરનાક છે અને બોંબ સાથેના ચેડાં જેમ ત્રાસદાયક છે – એ જ રીતે વિષયોનું સાનિધ્ય, વિષયોનું દર્શન અને વિષયોનું ચિંતન ત્યાગીઓ માટે ખતરનાક છે અને ભયંકર પણ છે. પુરાણો અને ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, મોટા મોટા મહાપુરુષોએ પણ વિષયોનું સાનિધ્ય, દર્શન અને ચિંતન કર્યું હતું તેના કારણે તેઓ ભ્રષ્ટ થઈ ગયા હતા અને તેઓના જીવનમાં કલંકની કાળી ટીલી લાગી ગઈ હતી. આ રહ્યા એના પુરાવારૂપે નામો –

મહાન તપસ્વી સૌભરીમુનિ. જેઓએ યમુના નદીના જળમાં માછલાંઓને મૈથુન કરતાં જોયાં અને મનમાં ચિંતન કર્યું કે, "આવું કરવાનું તો બાકી રહી ગયું છે માટે વિષય ભોગ ભોગવ્યા પછી આગળ સાધના કરીશ." આવું વિચારી માંધાતા રાજાની એકને બદલે પચાસ દીકરીઓ સાથે લગ્ન કરી વિષય ભોગ ભોગવવા લાગ્યા !

દુર્વાસામુનિ વીસ હજાર વર્ષ તપ કરીને વિચરણ કરી રહ્યા હતા. તે સમયે તેઓએ યક્ષ સાથે તેની સ્ત્રીઓને વસ્ત્રો વિના નગ્ન થઈને સ્નાન કરતી અને પરસ્પર ક્રીડા કરતી જોઈ. આવું અશ્લિલ વિષયનું દર્શન કર્યું તેથી કામાતુર બન્યા અને ઉરુ ઋષિની પુત્રી કદળી સાથે લગ્ન કરી વિષયમાં તરબોળ બની ગયા ! અજામિલ નામના પવિત્ર બ્રાહ્મણે એક વેશ્યા અને ભડવાને કામક્રિડા કરતાં જોયાં તેથી કર્મકાંડ છોડી વેશ્યાઓને ઘરમાં લાવી વિષય ભોગી બની ગયો! બિલ્વમંગળ નામનો પવિત્ર બ્રાહ્મણ પણ વેશ્યાનું નાચગાન જોઈ અંતે ભડવો બની ગયો ! આવા તો અનેક પ્રસંગો ઈતિહાસમાં છુપાયેલા છે.

હે સાધકો ! યુદ્ધના મેદાન પર લડી રહેલા સૈનિકોના મનમાં સામે પક્ષના દુશ્મન સૈનિકો પ્રત્યે જેવો ધિક્કારભાવ હોય છે, ક્રિકેટના મેદાનમાં  ટેસ્ટ મેચમાં બોલિંગ કરી રહેલા બોલરને સદી પુરી કરીને પણ છગ્ગા મારતા બેટ્સમેન પ્રત્યે જેવો તિરસ્કાર ભાવ હોય છે અને ઓપરેશન થિયેટરમાં ટેબલ પર સૂતેલા દર્દીના દર્દ પ્રત્યે ડૉક્ટરના મનમાં જેવો નફરત ભાવ હોય છે એના કરતાં અનેકગણો ધિક્કારભાવ, તિરસ્કારભાવ અને નફરતભાવ આપણને વિષયો પ્રત્યે થશે ત્યારે જ આપણો વિષયો ઉપર વિજય થશે.

લોયાના દસમા વચનામૃતમાં પણ શ્રીજી મહારાજ કહે છે કે, "જે પદાર્થને અત્યંત દુઃખદાયી જાણીને મનન થયું હોય, પછી તે મનને કરીને તે પદાર્થને વિષે અત્યંત દોષ જણાય છે. તે દોષનો મનમાં વિચાર થઈને જીવમાં તે દોષ પ્રવેશ કરે છે અને જીવથી પર જે સાક્ષી તેણે પણ તે દોષનું પ્રમાણ કર્યું છે, તેણે કરીને એ દોષની અતિ દૃઢતા થઈ છે માટે પદાર્થને વિષે જ્યારે ઈન્દ્રિયની વૃત્તિ જાય છે ત્યારે તે વૃત્તિ ભેળે મન તથા જીવ એ બેય આવે છે, પણ જીવમાં જે અતિશય દૃઢતા છે તે દોષની સેડ્ય મન-ઈન્દ્રિયોને વિષે સોંસરી નીસરે છે, માટે તે પદાર્થ યથાર્થ દેખાય ને જાણ્યામાં આવે, પણ તેને વિષે અત્યંત અભાવ આવી જાય છે"

જેમ દૂધ-સાકરનું પાત્ર ભર્યું હોય ને તેમાં સર્પે લાળ નાખી હોય ને તેને નાખતાં દીઠી હોય, પછી તે દૂધ જેવું પૂર્વે હતું તેવું ને તેવું જ દેખાય, પણ તેનો અતિ અભાવ હૈયામાં વર્તે છે; કેમ જે એણે એમ જાણ્યું છે જે, 'એને પીવે તો તત્કાળ પ્રાણ જાય.' તેમ જેને એમ સમજાયું જે, ' આ રૂપવાન સ્ત્રી છે તે કલ્યાણના માર્ગમાં વિરોધી છે.'

o

અને આ લોક પરલોકને વિષે પરમ દુઃખદાયી છે ને સ્ત્રીની પ્રાપ્તિ તો મને સર્વે પશુ આદિક જન્મને વિષે અનંતવાર થઈ છે અને હજી જો પરમેશ્વરને નહિ ભજું તો અનંત સ્ત્રીની પ્રાપ્તિ થશે." આ પ્રમાણે જ મુમુક્ષુ સ્ત્રીઓએ પુરુષોને પરમ દુઃખદાયી જાણીને તેઓ પ્રત્યે દોષ બુદ્ધિ કરવી જોઈએ જેથી વિષયો પર વિજય મેળવી શકાય અને પ્રભુને વ્હાલું એવું નિષ્કામી વ્રતનું દૃઢપણે પાલન કરી શકાય.

યાદ રાખો કે કાળા બોર્ડ પર વંચાતા સફેદ અક્ષરોની ચમક એ હકીકતમાં જેમ બોર્ડની કાળાશને આભારી હોય છે, તેમ સંસારના કહેવાતા તમામ પ્રકારનાં સુખોના અનુભવો એ હકીકતમાં તો મનની અતૃપ્તિના દુઃખને જ આભારી છે. મન જ્યાં સુધી મોહનવરની મૂર્તિનો સુખદ અનુભવ નહિ કરે ત્યાં સુધી તેને ઉત્તમ પ્રકારના વિષયો મળશે તો પણ અતૃપ્ત જ રહેવાનું છે, માટે તેને પંચવિષયો છોડાવી પ્રભુમૂર્તિમાં ગુલતાન બનાવી દેવું જોઈએ.

*સંતો કરો ચિત્ત વિષે વિચાર, આ રીત સારી નથી રે લગાર*
*સ્ત્રીયો તણો કોઈ પ્રસંગ જે છે, ત્યાગીજનોને ભયકારી તે છે*
*જે સ્કંધ એકાદશમાં કહ્યું છે, તેમાં ખરું તત્ત્વ ઘણું રહ્યું છે*
*ત્યાગી કરે નારી તણો પ્રસંગ, જરૂર તેનું વ્રત થાય ભંગ*
*પ્રત્યક્ષ છે કામિની દેવમાયા, જોનાર તો વશ્ય થયા જણાયા*
*દીવે પડે અંધ પતંગ જેમ, સ્ત્રીમાં નરોની મનવૃત્તિ તેમ*
*સુરા પીવાથી મદ થાય ચિત્તે, સ્ત્રીને નિહાળ્યા થકી એ જ રીતે*
*તે માટે નારી થકી દૂર થાવું, સ્ત્રી પાસ ત્યાગીજનને ન જાવું*
*જુવે નહિ ચિત્રની કામિનીને, અડે નહિ પૂતળી કાષ્ઠનીને*
*ત્યાગી તણો છે શુભ એ જ ધર્મ, સંતો વિચારો સુણી શાસ્ત્રમર્મ*

***છે અષ્ટધા ઉત્તમ બ્રહ્મચર્ય, જાણો તમે તે સહુ સાધુવર્ય***
***નારીની સાથે સુણતા કથાય, તે બ્રહ્મચર્યવ્રત ભંગ થાય***
***સ્ત્રી દેહ છે પાવક હોય જેવો, ઘીનો ઘડો છે નરદેહ એવો***
***પાસે રહ્યાથી પિગળી જ જાય, ત્યાગી તણો ધર્મ વિનાશ થાય***

—હ.મૃ.ત.ક,—૪.વિ.-૨

## ચોથું પુષ્પ

**''संपदा कथितः पन्था इन्द्रियाणां हि संयमः**
**विपरीतस्तु विपदां येनेष्टं तेन गम्यताम्''**

આ શ્લોકનો કહેવાનો ભાવ એ છે કે, '' ઈન્દ્રિયોનો સંયમ એ સંપત્તિનો માર્ગ છે. એનાથી ઊંધો અસંયમનો માર્ગ એ વિપત્તિઓનો માર્ગ છે. જે માર્ગે જવા ઈચ્છા હોય તે માર્ગે જાઓ.''

હે સંતો ! સંયમી લોકો જીવનને ખરા અર્થમાં માણી શકે છે. અસંયમી લોકો થોડો સમય જોબનના ખેલ ખેલી જોબનિયાની સાથો સાથ જીવનને પણ વેડફી નાખે છે. યાદ રાખો, હિમાલયને કદાચ સર્વોચ્ચનું વિશેષણ આપી શકાય, કારણ કે તેનું એવરેસ્ટ શિખર દુનિયાનું સહુથી ઊંચું ૮૮૪૮ મીટર ઊંચાઈ ધરી રહ્યું છે. એ જ રીતે કોહિનૂર ડાયમંડને પણ કદાચ સર્વોત્કૃષ્ટ કિંમતનું વિશેષણ આપી શકાય કારણ કે, તે હીરાની કિંમત યથાર્થ ઝવેરી કરી શકે તેમ નથી; પરંતુ સર્વોત્તમનું વિશેષણ તો સંયમ જીવનને જ આપી શકાય છે, કારણ કે એની તૂલ્યે બીજા કોઈ સાધન આવી શકે તેમ નથી.

શાસ્ત્રો અને મહાપુરુષોએ સંયમ જીવનની પ્રાપ્તિને સાર્થક કરી દેવા માટે જાતજાતની પ્રેરણાઓ અને ચેતવણીઓ આપી છે. માણસનું મન સ્વભાવે ચંચળ છે. બદલાયા કરે છે. સંયમ આ મનને માટે અંકુશનું કામ કરે છે. આ જ પ્રકારે માણસની બુદ્ધિ તર્ક-વિતર્ક અને કુતર્કમાં ભટકે છે. સંયમથી બુદ્ધિમાં વિવેકની પ્રધાનતા આવે છે. સંયમ મનુષ્યને પ્રકૃતિને અનુકૂળ જીવવા માટે પ્રેરિત પણ કરે છે અને સ્વસ્થ જીવનનો માર્ગ પણ પ્રશસ્ત કરે છે. અસંયમી માણસને વિવેક હોતો નથી તેથી તે

ન કરવા યોગ્ય કામો પણ કરતા હોય છે.

હે મુમુક્ષુઓ ! શરદી કરનાર દહીંથી, શરદીનો દર્દી જેમ દહીંનો ત્યાગ કરી દે છે. ઝાડા કરી દેતા ખમણ-ગોટાનો, ઝાડાનો દર્દી જેમ ખમણ ગોટાનો ત્યાગ કરી દે છે, એ જ રીતે આપણા સદ્ગુણોને ચુંથી નાખનાર અને દુર્ગતિને માર્ગે દોરી જનાર વિષયોનો પણ આપણે દૂરથી જ ત્યાગ કરી દેવો જોઈએ. દર્દી રોગની ભયંકરતા સમજીને કડકમાં કડક પથ્યપાલન માટે પોતાના મનને તૈયાર કરે છે. – એ જ રીતે દોષોની ભયંકરતા સમજીને કડકમાં કડક નિયંત્રણ પાલન માટે આપણે આપણા મનને તૈયાર કેમ ન કરી શકીએ ? મને લાગે છે કે દોષોની ભયંકરતા આપણને હજી સમજાણી જ નથી. ગેંગ્રીનનો રોગ જો પગમાં રહી જશે તો પગને કપાવવો જ પડશે એવું આપણે સમજીએ છીએ, કાંટો જો પગમાં રહી જશે તો કપાસી થઈ જ જશે આ વાત આપણે મનમાં સમજીએ છીએ, કચરો જો આંખમાં રહી જશે તો કદાચ આંખ ગુમાવવી જ પડશે આ વાત પણ આપણે સમજીએ છીએ – પરંતુ વિષયોની આસક્તિ જો મનમાં રહી ગઈ તો આપણા અનેકાનેક જન્મો બરબાદ થઈ જશે એ વાત આપણા મનમાં હજુ પણ સમજાણી નથી એ આપણું દુર્ભાગ્ય છે.

સંતો ! આગથી દૂર રહેવાની સલાહ સમજદાર માણસને આપવી પડતી નથી, કારણ કે આગની દાહકતા જીવનની સમાપ્તિ કરી દેનારી જ નીવડે છે એનો એને બરાબર ખ્યાલ હોય છે. કોબ્રા નાગની નજીક જવાની ભૂલ પણ સમજુ માણસ કરતો નથી, કારણ કે એનું નૈકટ્ય એટલે મોતને આમંત્રણ આ ગણિત એના મગજમાં બરાબર ગોઠવાઈ ગયું હોય છે. – એ જ રીતે સદ્ગુણી સંતો પણ વિષયોથી દૂર રહેતા

હોય છે, કારણ કે વિષયો પ્રત્યેની આસક્તિ જન્મ-મરણનાં ચક્કર ફેરવનાર છે એવું તેઓ દૃઢપણે માનતા હોય છે.

આગને જો લાકડાંઓથી ઠારી શકાય, સાગરને જો નદીઓથી તૃપ્ત કરી શકાય, તો મનમાં ઊઠતી વિષય વાસનાને એનું લક્ષ્ય આપીને શાંત કરી શકાય ! અર્થાત્ એ શક્ય નથી. યાદ રાખો કે, કડવાશ એ જેમ લીમડાનો દુર્ગુણ નથી, પણ સ્વભાવ છે; ખારાશ એ જેમ મીઠાનો દુર્ગુણ નથી, પણ સ્વભાવ છે; તીખાશ એ જેમ મરચાનો દુર્ગુણ નથી, પણ સ્વભાવ છે - બસ એ જ રીતે અતૃપ્તિ એ કામભોગનો દુર્ગુણ નથી, પણ સ્વભાવ છે. દુર્ગુણને સદ્ગુણમાં ફેરવી શકાય છે, પણ સ્વભાવ મોટે ભાગે ફરી શકતો નથી, એનો તો સ્વીકાર જ કરવો પડે છે. હા, એક વાત બની શકે કે સ્વભાવ આપણને ગમતો ન હોય તો આપણે તેથી દૂર રહેવું પડે તો જ તેનાથી બચી શકાય છે; માટે અતૃપ્તિએ કામનો સ્વભાવ છે તેથી હંમેશાં તેનાથી દૂર જ રહેવું જોઈએ.

મુમુક્ષુઓ ! ભોજન એ પેટનો વિષય હોવાથી ભોજન દ્વારા પેટ તૃપ્તિનો અનુભવ કરે એ શક્ય છે, તરસ એ પેટનો વિષય હોવાથી પાણી દ્વારા પેટ તૃપ્તિનો અનુભવ કરે એય શક્ય છે, પરંતુ વાસના એતો મનમાંથી ઊઠેલી માંગ છે, તેથી સાધનો દ્વારા એને શાંત કરી શકાય એવી કોઈ જ શક્યતા નથી, કારણ કે વિષયભોગની વાસના એતો મનની છે અને એને શાંત કરવા જે સાધનો વાપરવાનાં છે એ શરીરને આપવાનાં છે, તેથી તૃપ્તિ કેમ થઈ શકે ? અર્થાત્ ન જ થઈ શકે. શરીર સાધનોના ભોગવટાથી થાકી જાય એ બની શકે, પણ મન તૃપ્તિનો અનુભવ કરે એતો સર્વથા અશક્ય જ છે.

પેટમાં દાખલ થઈ ગયેલો દારૂ જે કામ શરીર પર કરે છે - એ જ કામ મનમાં દાખલ થઈ જતી વિષયભોગની વાસના જીવાત્મા પર અને શરીર પર કરે છે ! તેના કારણે શરીર પંચ વિષયો પાછળ પાગલ બની જાય છે, તેથી જીવાત્મા અનેક દોષોનો શિકાર બની જાય છે. વાસનાનું એ બિહામણું સ્વરૂપ છે. એ બીજા ગુણોને સકંજામાં લેવાને બદલે પ્રથમ વિવેકને પકડે છે. અને જ્યાં વિવેકનું બલિદાન લેવાઈ જાય છે એટલે બીજા ગુણો આપોઆપ રવાના થઈ જાય છે, તેના કારણે સંખ્યાબંધ દોષો વગર આમંત્રણે સ્વજીવનમાં દાખલ થઈ જાય છે.

હે સંતો ! ઝેરવાળા લાડવા ખાઈ જતાં કૂતરો વિચાર કરતો નથી, કારણ કે લાડવાનું સ્વરૂપ આકર્ષક છે, પણ જેના હાથમાં લાકડી હોય છે એ માણસની પાસે જવાનું કૂતરો નામ પણ નથી લેતો, કારણ કે એ માણસનું સ્વરૂપ ભયંકર હોય છે. યાદ રાખો કે એક કૂતરા જેવો કૂતરો પણ બિહામણા સ્વરૂપવાળા પરિબળ પર પોતાની પસંદગી ઉતારતો નથી તો આપણે તો સંતો છીએ અને સંયમ પાળનારા છીએ, મુક્તિ માટેની ઈચ્છાવાળા છીએ, અંતરના દોષ નાશ પામે એ માટેના પ્રયત્નો કરી રહ્યા છીએ, પરલોકમાં પ્રભુનું ધામ મળે એના આગ્રહવાળા છીએ અને શ્રીજી મહારાજને રાજી કરવાના તાનવાળા છીએ —તેમ છતાં પણ ભયંકર એવા પંચ વિષયોને જીવનનું લક્ષ્ય કેમ બનાવી બેઠા છીએ ? એનો સીધો અર્થ એ થાય કે આપણે કેવળ વસ્ત્રોથી જ સાધુ છીએ, પણ મનથી નથી. સાધનાથી જ સાધુ છીએ, પણ ભાવનાથી નથી. બાહ્ય આચરણથી જ સાધુ છીએ, પણ અંતરથી નથી.

મુમુક્ષુઓ ! ફોટો સરસ હોય પણ એક્સ-રે જેનો બગડેલો

હોય એ માણસ જાણે અજાણે પણ મોત તરફ જ ધકેલાતો રહે છે – તેમ બાહ્ય આચરણ કેવળ સારું હોય, પણ અંતઃકરણ બગડેલું હોય એ સાધુ જાણે-અજાણે પણ જન્મ-મરણના ફેરા તરફ ધકેલાતો હોય છે. આપણો નંબર આમાં છે ખરો ?

કૂતરો અજ્ઞાની છે તેથી એવું માની બેઠો છે કે, લોહી હાડકામાંથી જ નીકળે છે, પરંતુ આપણે તો જ્ઞાનીઓ થઈને લોકોને ઉપદેશ દેતા ફરીએ છીએ અને એવું માની બેઠા છીએ કે સુખ તો પદાર્થો તેમજ પંચવિષયમાંથી જ આવે છે. આવી માન્યતાના શિકાર બની ગયેલા આપણને પ્રભુ માફ કરશે ખરા ? માટે અધ્યાત્મમાર્ગમાં વિકાસ કરવા માગતા સાધકને સ્વજીવનમાં રહેલ ક્ષતિ સતત આંખ સામે રહેવી જ જોઈએ.

યાદ રાખો સંતો ! જમાડવાના સમયે આડા-અવળા રખડવા ગયેલા બાળકને તેની મમ્મી ગમે ત્યાંથી ઘરે લઈ આવે છે – એ જ રીતે ધ્યાન– ભજનના સમયે ગમે ત્યાં ભટકી રહેલ મનને પણ આપણે પાછું લઈ આવીને ભગવાનની આરાધનામાં હાજર કરી દેવું જોઈએ. ધીરજ અને શ્રદ્ધા રાખી પુરુષાર્થ કર્યા કરીશું તો જરૂર એમાં સફળતા મળશે. પછી તો એક સમય એવો આવશે કે મન ધ્યાન-ભજન શરૂ કરતા પહેલાં જ શ્રીહરિની આરાધનાના વિચારોમાં રમતું થઈ જશે. મનના આગ્રહે આપણને યોગ્ય બનવાના લક્ષ્યથી ખૂબ દૂર ધકેલી દીધા છે, માટે તેનાથી સાવધાન રહેવું, મનના દાસ ન બની જવુ, પણ મનને દાસ બનાવીને મુક્તિમાર્ગે વાળી દેવું જોઈએ.

કામ, ક્રોધ લોભ કહીએ, એ અતિશે ઝીણા અરી,
આવતાં એને ઓળખીને, વળી ખબર તે રાખવી ખરી,
અખંડ આગ્રહ એહ ઉપરે, જેહ જેહ રાખે છે જન,
તેહ તેહ એ શત્રુ થકી, નર રહે નિરવિઘન,
ગાફલને ઘાયલ કરે, સાજું રહેવા ન દિયે શરીર,
નિષ્કુળાનંદ સચેત રહેવું, ધરી દ્રઢતા અતિ ધીર.

ધીરજાખ્યાન-કડવું-૪૮

વેષે લેશ લેવાય નહિ, શાહુકાર નરેશનું સુખ,
બોલી દેશી તો બહુ તેમજ કરે, પણ દાન હુકમનું રહે દુ:ખ
ઓઢી અજિન અંગે સિંહનું, જંબુક કરે જેમ જોર,
નિષ્કુળાનંદ એહ વાતનો, અંતે નહિ આવે નોર,

ધીરજાખ્યાનઃ કડવું -૫૧

## *પાંચમું પુષ્પ*

હે સંતો ! પરમાત્માએ અને શાસ્ત્રકારોએ વાસ્તવિક સુખનું જ્ઞાન આપ્યા પછીય પણ આપણે આપણા મનને વિષયોની આસક્તિમાંથી પાછું નહિ વાળીએ તો પછી સામાન્ય ગૃહસ્થોને પંચવિષયની આસક્તિ છોડવાની વાતો કેમ કહી શકીશું ? વાસનાના કદરુપા સ્વરૂપને નજર સમક્ષ રાખીને અનેક મુમુક્ષુઓને મોક્ષનો માર્ગ બતાવવા નીકળેલા આપણે જ જો વાસના પ્રત્યેના ખોટા આકર્ષણથી પોતાની જાતને મુક્ત નહિ રાખી શકીએ તો મોહમાં ફસાયેલા લોકો પાસે તો એ અપેક્ષા કેમ રાખી શકાશે ?

સ્વામિનારાયણ ભગવાન પ્રથમના અઢારમા વચનામૃતમાં અંતઃકરણની શુદ્ધિ માટે પંચ જ્ઞાનેન્દ્રિયના આહારની શુદ્ધિ ઉપર વિશેષ ભાર આપતાં કહે છે કે ''પંચ ઈન્દ્રિયો (આંખ-કાન-નાક-જીભ-ચામડી)દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે અને અંતઃકરણ (મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર) શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે.''

મુમુક્ષુઓ ! શ્રીહરિજીનાં આ આપ્તવચનો દ્વારા એ ફલિત થાય છે કે આપણું અંતર મલિન છે અને વિષયોના સંકલ્પો થયા કરે છે તો એનો અર્થ એ થયો કે પાંચ જ્ઞાન-ઈન્દ્રિયોમાંથી ગમે તે ઈન્દ્રિયનો આહાર મલિન છે. કાં તો આંખ હરિદર્શનને બદલે સ્ત્રીઓનાં રૂપ જોવામાં કે જગતની રજોગુણી વસ્તુઓ જોવામાં એનો આહાર મલિન કરી રહી છે. કાં તો કાન હરિકથા ને કીર્તન સાંભળવાને બદલે ફિલ્મ ગીતો સાંભળવામાં કે પછી ગ્રામ્યવાતો સાંભળવામાં એનો આહાર મલિન કરી રહ્યા છે. કાં તો નાક

ભગવાનને ચડેલાં ચડેલાં પુષ્પો કે અત્તર વગેરે સુગંધીમાન પદાર્થોનો સુગંધ લેવાના બદલે વિષયી લોકોના ઉપયોગમાં આવેલ વેણી-ફૂલ અત્તર વગેરેનો સુગંધ લઈ એનો આહાર મલિન કરી રહ્યું છે. કાં તો જીભ( રસના) પ્રભુને ધરાવેલ શુદ્ધ પ્રસાદ લેવાને બદલે બજારનો અશુદ્ધ ખોરાક ખાઈને એનો આહાર મલિન કરી રહી છે અને કાંતો ચામડી (સ્પર્શેન્દ્રિય) પ્રભુનો સ્પર્શ કરવાને બદલે સ્ત્રીઓનો સ્પર્શ કે નાનાં બાળકોનો સ્પર્શ કરી એનો આહાર મલિન કરી રહી છે; એને કારણે મનની મલિન વાસના ટળતી નથી, માટે આ પાંચેય ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા જોઈએ.

હે વ્હાલા સંતો ! રસ્તા પર વાગી રહેલા વાજિંત્રના અવાજને સાંભળીને વારંવાર ઘરની બહાર નીકળી જવા તત્પર બનતા તોફાની બાળકને એની મમ્મી વારંવાર ઘરની અંદર પકડી રાખે છે – તેમ પંચ વિષયોની સામગ્રી મળતાં જ એના ભોગ માટે તુરંત જ તૈયાર બની જતાં મનને શ્રીહરિજીનાં વચનોને સહારે આપણે આત્મારુપી ઘરમાં પરાણે પકડી રાખવું પડશે; કારણ કે બાબાની સલામતી તો ઘરમાં જ છે – એ જ રીતે આપણા મનની સલામતી પણ આત્મઘરમાં જ છે. અર્થાત્ વિષયોથી દૂર રહી હરિસ્વરુપમાં જ મનને જોડી રાખવાનું છે. આપણા મને હરિમૂર્તિરૂપી પુષ્પની પરાગ ચૂસવાનું ભ્રમર કાર્ય કર્યું નથી, એટલે જ એ વાસનારુપી વિષ્ટા ચૂંથવાનું ડુક્કર કાર્ય કરે છે.

હે સંતો ! સંસારનો ત્યાગ કરી ત્યાગી થયેલા આપણે ફરીને સંસારના ભોગો ભોગવવાના વિચારો કરતા હોઈએ તો આપણે વિચારવું જોઈએ કે શા માટે સંસારનો ત્યાગ કર્યો હતો ? પંચવિષયોનાં સુખ તો ત્યાં હતાં જ; શરીરનાં સુખો પણ હતાં જ અને મનને બહેલાવવાનાં સાધનો પણ

હતાં જ. અર્થાત્ વિષય સંબંધી દરેક સુખ મળવાનાં હતાં જ, છતાં એ બધાં સુખો છોડી સાધુ બની ગયા અને પાછા છોડેલા ભોગો ભોગવવાની તીવ્ર ઈચ્છાઓ થાય છે એવા ત્યાગી સંત માટે શ્રીજી મહારાજે કારીયાણીના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે, ''ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે ખડ ખાય છે.'' (અર્થાત્ તે સાધુ પશુ જેવો છે.) સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ કહેતા કે, ''માંદા તથા વૃદ્ધ સંતોના દેહનાં આચરણ જોઈને જુવાન હોય તે પણ ઝીણાં વસ્ત્ર રાખવાં, પથારી કરવી તથા ખાન પાનાદિકની ટેવું પાડે છે એ સારું નથી. તે ટેવુંમાંથી તો સત્સંગમાંથી બારું જાતું રહેવાય છે''– (પ્ર.૧ વાત-૩૭). વિષયોની આસક્તિ ટળી જાય તો કલેશ માત્રની નિવૃત્તિ થઈ જાય છે– (૪૪). અને ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એ જ છે જે સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ ને માન એનો ત્યાગ કરે ને મોટા સંત સ્વભાવ ટાળવાને અર્થે દુ:ખવીને કહે તો પણ મુંઝાય નહી –(૪૧). ને ચાર પ્રકારે નિષ્કામી રહેવાય છે. તેની વિગત જે એક તો ધર્મામૃત પ્રમાણે વર્તવે કરીને તથા અષ્ટાંગયોગે કરીને તથા સત્તારુપે વર્તવે કરીને તથા લાજે કરીને પણ નિષ્કામી રહેવાય છે–(૫૬).

હે સંતો ! સાચો વેપારી એને જ કહી શકાય કે જે ધંધો કરે છે, પરંતુ નફાનું લક્ષ્ય ભૂલતો નથી..... સાચો વિદ્યાર્થી એને જ કહી શકાય કે જે ભણે છે, પરંતુ પરીક્ષામાં પાસ થવાનું લક્ષ્ય ચૂકતો નથી..... હોશીયાર રસોઈયો એને જ કહી શકાય કે જે રસોઇ બનાવે છે, પરંતુ સ્વાદિષ્ટતા પ્રત્યે બેપરવા બનતો નથી..... પરાક્રમી સૈનિક એને જ કહી શકાય કે જે યુદ્ધના મેદાનમાં લડે છે, પરંતુ વિજય મેળવવાનું લક્ષ્ય ચૂકતો નથી –બસ એ જ રીતે સાચા સંત એને જ કહી શકાય કે જે વિવેકપૂર્ણ વ્યવહાર કરે છે, પણ શ્રીહરિજીની આજ્ઞાનું પાલન કરવાનું ક્યારેય ભૂલતા જ નથી; શ્રીહરિજીની

પ્રાપ્તિ કરવાનું લક્ષ્ય ક્યારેય ચૂકતા જ નથી.

ગમે તેવા સખત માથાના દુઃખાવાને થોડી જ વારમાં સારો કરી દેતી ગોળીઓ જો હેમરેજની શક્યતાને વધારી દેતી હોય તો સમજદાર દર્દી ક્યારેય પણ તે ગોળીઓ લેતો નથી; પેટની બીમારીને કાયમ માટે દૂર કરી દેતી, પરંતુ ચાર દિવસ સુધી ભૂખ્યા રહેવાની તકલીફ વેઠવા મજબૂર કરતી દવા લેવાનો ઈન્કાર ડાહ્યો દર્દી ક્યારેય કરતો નથી અર્થાત્ ચાર ઉપવાસ કરે છે – એ જ રીતે સમજદાર સંતો ભાવિમાં દુઃખોને આમંત્રણ આપતાં એવાં વર્તમાન સમયના પંચવિષયોનાં સુખ પર પોતાની પસંદગી ઉતારતા જ નથી તથા વર્તમાનકાળમાં કષ્ટોનો અનુભવ કરાવતાં પરંતુ ભવિષ્યમાં સુખને સલામત કરી દેતા એવા કોઈ પણ પ્રકારનાં મોક્ષ ઉપયોગી જપ-તપ વ્રતો વગેરે સાધનોની અવગણના કરતા જ નથી.

સંતો ! આ જ પ્રસંગને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ખેડૂતોનું દૃષ્ટાંત આપીને સમજાવતા કે, "વૈશાખ મહિનાના તડકામાં ખેડૂતો પોતાના ખેતરોમાં ખાતર ભરતા હોય ત્યારે ગરમી લાગતી હોય, થાક લાગતો હોય અને કમર દુખતી હોય તો પણ હોંશે હોંશે કામ કરતા હોય છે; કારણ કે એની નજર દિવાળીએ લેવાતા અનાજનાં ખળાં ઉપર હોય છે. તેઓ મનમાં સમજતા હોય છે કે, "હમણાં ભલેને તડકો લાગે, થાક લાગે કે કેડ દુઃખે, પણ દિવાળીએ તો અનાજનો ઢગલો મળશે." બસ એ જ પ્રમાણે સંસાર છોડીને સાધુ થયેલા મુમુક્ષુઓ સાધન કરતા હોય, ચાંદ્રાયણ–ધારણાં–પારણાં વગેરે વ્રતો કરી તપ કરતા હોય, પંચવિષયોથી મનને પાછું વાળી મનનું દમન કરતા હોય; આ રીતે તપ કરતા તન-મનને કષ્ટ પડતું હોય છે, છતાં પણ આનંદમાં રહેતા હોય છે; કારણ કે તેઓ જાણતા હોય છે કે, "આ શમ-દમને કારણે

શ્રીહરિજી રાજી થશે અને દેહાવસાન પછી કાયમ માટે પોતાની સાથે અક્ષરધામમાં રાખી તેઓની મૂર્તિનું દિવ્ય સુખ આપશે.'' – માટે હે સંતો ! આપણે પણ આ સંતો જેવી સમજણ દ્રઢ કરી શ્રીહરિજીની આજ્ઞાનુસાર વર્તવાનું તાન રાખવું અને અન્ય તાનના તાલને તોડવાનું ભુલવું નહિ.

હે સાધક સંતો ! સંતોના વેશનું મહત્ત્વ પણ જેવું-તેવું નથી. વેશ ઘણીવાર પરિણામને પણ પલ્ટાવી નાખે છે. સાધુનો વેશ ઘણીવાર સદ્ગતિ અપાવવામાં પણ પરમ નિમિત્ત બને છે. આવા પવિત્ર વેશને જે વફાદાર હોય તે કદી સાધુતાના નિયમોથી ભ્રષ્ટ થાય નહી, તે વિષેનો એક પ્રસંગ સાંભળો.

એક બહુરૂપી રાજા પાસે ગયો. તેનો વેશ વિચિત્ર હતો, પરંતુ રાજા પ્રસન્ન ન થયો. રાજાએ કહ્યું: ''હે બહુરૂપી ! કોઈ એવો વેશ ધારણ કરો કે મારું મન પ્રફુલ્લિત થઈ જાય. જો એમ થશે તો હું તને સારું ઈનામ આપીશ.'' હા કહીને બહુરૂપી ત્યાંથી ચાલ્યો ગયો. ઘણા દિવસો પછી એ નગરમાં સમાચાર પ્રસરી ગયા કે, ''નગરની બહાર કોઈ સંન્યાસી પધાર્યા છે. તેઓ અત્યંત ચમત્કારી યોગી છે. હજારો વર્ષો સુધી હિમાલયની ગુફામાં તેમણે સાધના કરી છે.''

નગરના લોકોએ આ વાત સાંભળી એટલે સેંકડો નર-નારીઓ તે યોગીનાં દર્શન કરવાં ઊમટી પડ્યાં ! દરેક વ્યક્તિ કંઈક ને કંઈક ભેટ લઈને જતા હતા. અનેક પ્રકારની ભેટોનો ઢગલો થઈ ગયો, પણ તે મહાત્મા સઘળી ભેટોનો અસ્વીકાર કરતા હતા. મહાત્માની અકિંચનતા અને ત્યાગનો મહિમા ચારે બાજુ પ્રસરી ગયો. રાજા સુધી આ વાત પહોંચી, તેથી તેઓ પણ કીમતી ઉપહાર લઈને મહાત્મા પાસે જઈ નમસ્કાર કરી

ભેટ મૂકી, પણ મહાત્માએ આંખ ઊંચી કરીને એ તરફ જોયું પણ નહિ.

આવું જોઈ રાજાને આશ્ચર્ય થયું તેથી સતત પાંચ દિવસ સુધી દરરોજ દર્શને આવ્યાં ને છઠ્ઠા દિવસે ન આવ્યા. સાતમાં દિવસની સવારે રાજદરબારમાં રાજા સમક્ષ પેલા બહુરૂપીએ આવી નમસ્કાર કરી પારિતોષિક આપવા વિનંતી કરી. ત્યારે રાજાએ કહ્યું:" તેં હજુ એવો વેશ ધારણ જ ક્યાં કર્યો છે કે જે જોઈને મારું મન પ્રફુલ્લિત થઈ ઊઠે ?" તેવું સાંભળી મંદ મંદ હસતો બહુરૂપી બોલ્યો : " આપ પાંચ દિવસ સુધી દરરોજ નગરની બહાર જે સંતનાં દર્શન કરવાં જતા હતા તે કોણ હતા ? જરા મારી સામું જોઈને એ મહાત્માને યાદ કરો."

આવું સાંભળીને રાજા વિશેષ આશ્ચર્ય પામ્યો ને બોલ્યો: " તું આજે ઈનામ લેવા આવ્યો છે ? તે દિવસે તો તારાં ચરણોમાં મેં હજારો રૂપિયાના ઉપહાર મૂક્યા હતા, તેનો અસ્વીકાર કરીને આજે નાનું એવું ઈનામ લેવા આવ્યો છે એ વાત મને સમજાતી નથી." હે સંતો ! એ સમયે જે જવાબ બહુરૂપીએ આપ્યો એ આપણા જીવનમાં અતિ ઉપયોગી છે, તેથી એકાગ્રચિત્તે સાંભળો.

બહુરૂપીએ જવાબ આપ્યો: "હે રાજન ! તે સમયે મેં સંતનો વેશ ધારણ કર્યો હતો. ત્યારે સંતોની મર્યાદા અને તેનું ગૌરવ નિભાવવાના હતા. ત્યારે હું ત્યાગી હતો. અકિંચન સંત હતો. વેશની વફાદારી હતી, તેથી સંતના વેશનો પૈસાને બદલે સોદો કેમ કરાય ? સંતનો વેશ કેમ લજવાય ? માટે મેં તમોએ મૂકેલા ઉપહારોનો સ્વીકાર કર્યો ન હતો." સાંભળ્યું ને સંતો ? આ બહુરૂપીનો જવાબ આપણને બહુ બહુ ઉપયોગમાં આવે તેમ છે. સંતોના
૭ આચાર-વિચાર અને વેશ આ ત્રણેયની એકરૂપતા થાય તો ભવ-બ્રહ્માદિક

દેવોને પણ વંદન કરવા યોગ્ય બની જાય છે.

*નિર વિષયી ગમે છે નાથને, વિષય વિકળ ગમતા નથી,*
*જેમ સમળ નર બેસે સભામાં, સહુ જાણે ઉઠી જાયે આંહીથી,*
*ઉપર બન્યા બહુ ઉજળા, માંયે મેલની મણા નથી,*
*એવા જન જોઈ જગપતિ, અભાવ કરે છે ઉરથી,*
*પંચવિષયની પટારિયું, ઘણી ઘાટે ભરી ઘટમાંય,*
*નિષ્કુળાનંદ કહે નાથના, એહ ભક્ત તે ન કહેવાય.*

*ધીરજાખ્યાન. કડવું. ૫૩*

## *છઠ્ઠું પુષ્પ*

હે વ્હાલા સંતો ! દૂધનો દાઝ્યો જેમ છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ છે, તેમ ભૂતકાળમાં અનેક સુખો મેળવવાનાં અને દુઃખોથી બચવાના ઉપાયોમાં માર ખાધા પછી આ જીવનમાં કોઈ પણ પ્રકારનાં સુખ મેળવવાનાં કે દુઃખથી બચવાના ઉપાય પર પસંદગી ઉતારતા પહેલાં એ લાખવાર વિચાર કરે છે; પરંતુ આપણે એવા વિચાર કરવાની જરૂર નથી; કારણ કે આપણને તો ખુદ શ્રીજી મહારાજે હરિધામ ને હરિમુર્તિનાં દિવ્ય સુખો વિષે ઘણી જગ્યાએ વચનામૃતમાં કહ્યું છે. હવે તો તેઓનાં વચનમાં વિશ્વાસ રાખી યાહોમ કરી નાની-મોટી આજ્ઞાઓ પાળવા મંડી પડવાનું છે.

ત્યાગી બન્યા પછી જે સાધુ સંયમી જીવન છોડી સુખોની શોધમાં પાંચેય વિષયો પાછળ પાગલ બને છે, શ્રીહરિજીના સ્વરૂપનાં દિવ્ય સુખોને ભૂલી જાય છે અને તે સુખોની અવગણના કરે છે એ સાધુ તો એવો અનાથ બની જાય છે કે, દુર્ગતિઓમાં જતાં તેને કોઈ પણ બચાવી શકતું નથી. અરે ! ખુદ શ્રીજી મહારાજ પણ બચાવતા નથી. ખરેખર વાસ્તવિકતા આવી જ છે તેથી આપણા જીવન અંગે ગંભીરતાથી ફેર વિચારણા કરવી જ પડશે. ખૂબ જ ગંભીરતાથી આપણે આપણી વર્તમાન જીવન પદ્ધતિ પર અને આપણા વર્તમાન મનોવલણ પર વિચારવાની જરૂર છે. આપણે આપણી જાતને ખુદ પુછીએ કે આપણી વૃત્તિ કે આપણી નજર પ્રભુમૂર્તિ પ્રત્યે રહે છે ખરી ?

સંતો ! યાદ રાખો કે, હવા નીકળી ગયા પછી ફુગ્ગો જો ફુગ્ગો રહેતો નથી, રાખ થઈ ગયા પછી ફર્નિચર જો ફર્નિચર કહેવાતું નથી, પ્રાણ નીકળી ગયા પછી શરીર જો સાચવવા લાયક રહેતું નથી – એ જ રીતે
૮ જીવનમાંથી સંયમ ચાલ્યા ગયા પછી સંત એ સંત રહેતા નથી; રહે છે ફક્ત

સંતનો વેષ ! પછી એ બાવો કહેવાય છે. ખુદને પ્રશ્ન કરીએ કે, હરિધામ ને હરિમૂર્તિરૂપી લક્ષ્ય ભૂલીને અન્ય લક્ષ્યને આંબવા જીવનની પળો ખર્ચી રહ્યા છીએ ખરા ? દરેક જન્મમાં સુલભ એવા વિષયોની પ્રાપ્તિને જ આ જીવનમાં પ્રાધાન્ય આપી રહ્યા છીએ ખરા ? જીવનની મૂલ્યવાન પળોને વિષયો પાછળ વેડફી રહ્યા છીએ ખરા ? જો આ દરેક પ્રશ્નોના જવાબ હકારમાં આવે તો ધામની કે ધામધણીની અંતકાળે વાટ ન જોવી. અક્ષરધામમાંથી શ્રીહરિજી પધારી અંતકાળે મને ધામમાં લઈ જશે એવાં દિવાસ્વપ્ન ન જોયાં કરવાં.

હે સંતો ! પંચવિષયો એ મોક્ષમાર્ગથી પાડનાર છે એ દુર્ગતિ પમાડનાર છે એમ જાણવા છતાં જે સાધુ પોતાની આંખને ગમે ત્યાં ભટકાવ્યા કરે, પોતાની જીભને ગમે ત્યાં ગોઠવ્યા કરે, પોતાના કાનને ગમે ત્યાં રોક્યા કરે અને પોતાના મનને ગમે તેવા વિચારમાં રાખ્યા કરે તો તેણે મેળવેલ જ્ઞાનની ગાંસડી એના મોક્ષના કામમાં આવતી નથી.

સંસારનો ત્યાગ કરેલ સંત પાસે એવું તો ન હોવું જોઈએ કે શરીર પર સંયમની જાહેરાત કરતાં ભગવાં કપડાં પહેર્યાં હોય અને જીવનમાં સંયમ જ ન હોય ! 'જાઉં છું ગંગામાં સ્નાન કરવા' અને કૂદી પડ્યો હોય ગંધાતી ગટરમાં નાહવા માટે ! એના જેવું આ કહેવાય. આવ્યા હતા સંસારનો ત્યાગ કરી સત્સંગરૂપી ગંગામાં સ્નાન કરવા અને કૂદી પડ્યા પંચવિષયોરૂપી ગંધાતી ગટરમાં ! યાદ રાખજો કે સંતનું જીવન કાંઈ પથ્થર નથી કે એક તૂટી જાય તો તુરંત બીજું લઈ લેવાય, આ જીવન કાંઈ કેન્વાસ નથી કે એક બગડી જાય તો પૈસા આપીને બીજું ખરીદી લેવાય.

હે સંતો ! એક માણસને અસાધ્ય રોગ થયો હતો તેથી તે દવાખાને ગયો. ડૉક્ટરે તપાસીને અમુક પ્રકારની ચરી (પરેજી) પાળવાનું

કહ્યું (એટલેકે અમુક પદાર્થો ન જ ખાવા અને અમુક ચીજોનો જ જમવામાં ઉપયોગ કરવો. ) ત્યારે એ દોઢ ડાહ્યો ડૉક્ટરને કહેઃ '' કઈ રીતે જીવવું અને શું શું ખાવું-પીવું એનો નિર્ણય હું કરીશ. તમારી સલાહ પ્રમાણે વર્તવા હું બંધાયેલો નથી. તમે ફીની રકમ લઈ લો અને દવા આપી દો એટલે તમારી જવાબદારી પૂરી થઈ જાય છે.'' દર્દીએ આવું કહ્યું એટલે તુરંત ડૉક્ટર બોલ્યાઃ ''રોગથી મુક્ત થવાની તારી કોઈ સંભાવના નથી.'' આ દ્રષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે પરમ કૃપાળુ પ્રભુનો આશરો કરેલ સંત, પરમાત્માએ બાંધેલ મર્યાદામાં ન રહેતા પોતાની ઈચ્છા મુજબ આચરણ કરે છે તેનો મોક્ષ થતો નથી. ડૉક્ટરે દર્દીને રોગ મુક્ત થવાની ના કહી દીધી, તેમ પરમાત્મા પણ આવા સાધુને મુકિત આપવાની ના કહી દે છે —કારણ કે પ્રભુની આજ્ઞા વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરે, ન ખાવાનું ખાયા કરે, ન જોવાનું જોયા કરે, ન અડવાનું અડ્યા કરે, ન સાંભળવાનું સાંભળ્યા કરે અને ન વાંચવાનું વાંચ્યા કરે !

હે સંતો ! નિરીક્ષણ આપણી જાતનું આપણે કરવાનું છે. અંતઃકરણમાં ડોકિયું આપણે કરવાનું છે. આપણો નંબર સ્વચ્છંદી તરીકે તો નથીને ? કયા વિચારે આપણું મન આનંદિત રહ્યા કરે છે ? પ્રભુના વિચારોમાં કે વિષયોના વિચારોમાં ? મન કઈ કઈ યોજનાઓ બનાવ્યા કરે છે ? ભજન—ભકિતની કે પછી વિષયો પ્રાપ્ત કરવાની ? જો મનમાં પંચ વિયષોની પ્રાપ્તિનું જ મંથન શરુ રહેતું હશે તો મુક્તિની ઈચ્છા રાખવી જ નહિ. પરમપદના સ્થાન માટે પૂર્ણવિરામ. સંસારની યાત્રા માટે ફરી તૈયાર રહેવું...... ''પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્ ''

સંતો ! હજુ સમજાય જાય તોય પણ સારુ છે. 'જાગ્યા ત્યાથી સવાર.' એક જ બોલ બાકી હોય છે તોય પણ ઘણી વાર જો મેચ જીતી શકાય

છે, તો આપણી પાસે તો આયુષ્યની ઘણી ઓવરો હજુ બાકી છે; માટે મંડી પડીએ ને મોક્ષ સુધારી લઈએ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે કે , " સત્સંગમાં તો અન્ન વસ્ત્ર યથા યોગ્ય મળે છે તો પણ મુંઝવણ રહે છે તેનું કારણ પંચ વિષયની આસક્તિએ કરીને રહે છે, માટે આસક્તિ ટાળીને સંત થાવું (કેમ જે) પંચ વિષયને વિષે આસક્તિ છે તેને કોઢ જેવી જાણવી. ને ધર્મ જ્ઞાનાદિકને વિષે જે આસક્તિ ઉપજે તેને તો પુત્રાદિકની પ્રાપ્તિ જેટલો આનંદ આપનારી જાણવી અને મુંઝવણ ટાળવાને અર્થે એક બે સંતને મન સોંપવું."

હે સંતો ! શ્રીજી મહારાજે પ્રથમના ૩૬મા વચનામૃતમાં કહ્યું છે કે, " જેણે સંસાર મૂક્યો ને ત્યાગીનો ભેખ લીધો અને તેને પરમેશ્વરનાં સ્વરૂપ વિના અસત્ પદાર્થમાં પ્રીતિ રહે છે તેને કેવો જાણવો તો જેવો મોટા શાહુકાર માણસની આગળ કંગાલ માણસ હોય તેવો જાણવો. જેમ કંગાલ માણસ હોય ને પહેરવા વસ્ત્ર ન મળતું હોય ને ઉકરડામાંથી દાણા વીણી ખાતો હોય તે પોતે પોતાને પાપી સમજે અને બીજા શાહુકાર લોક પણ તેને પાપી સમજે જે, આણે પાપ કર્યાં હશે માટે એને અન્નવસ્ત્ર મળતું નથી.

– તેમ જે ત્યાગી થઈને સારાં સારાં જે વસ્ત્રાદિ પદાર્થ તેને ભેળાં કરી રાખે અને તેની તૃષ્ણા પણ ઘણી રાખે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિએ રહિત હોય એવા જે ત્યાગી તેને તો જે મોટા એકાંતિક સાધુ છે તે કંગાલ માણસની પેઠે પાપી જાણે છે. કેમ જે જો એ પાપી છે તો એને ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિ થતી નથી અને પરમેશ્વર વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે અને જે ત્યાગી હોય તેને તો કચરો અને કંચન એ બેય બરોબર હોય અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી તો સમજણ જ હોય નહિ અને એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે"

પ્રથમના ૩૪મા વચનામૃતમાં પણ શ્રીહરિજી કહે છે કે, "પરમેશ્વરનાં વચનને મૂકીને જ્યારે આડો-અવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે, માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું....ત્યાગી હોય તેને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પુરું કહેવાય ને જેને જેટલો ફેર પડે તેને તેટલો કલેશ થાય છે."

*સુખ પામશે સંત સુજાણ રે, જે કોય વર્તે છે વચન પ્રમાણ રે,*
*થઈ રહી વા'લાના વેચાણ રે, નહિ પામે પામર નર સુખ રે,*
*કર્યું ધ્વજપટ ઘટ મન રે, વળે જેમ વાળે છે પવન રે,*
*એમ માને વાલાનાં વચન રે, નહિ પામે પામર નર સુખ રે,*
*એમ વચન વશ થઈ રહે રે, તે તો મોટા સુખને લહે રે,*
*નિશ્ચે નિષ્કુળાનંદ એમ કહે રે, નહિ પામે પામર નર સુખ રે,*

*વચનવિધિ-પદ-૧*

o

## સાતમું પુષ્પ

હે વ્હાલા સંતો ! સતત તેલ પૂરવાનું ચાલુ રાખવામાં ન આવે, એ દીવાનું ભાવિ શું ? સતત ધંધો ટકાવી રાખવાનો પુરુષાર્થ ચાલુ ન રાખે, એ વેપારીનું ભાવિ શું ? સતત નેટ પ્રેક્ટિસ કરતો ન રહે એ રમતવીરનું ભાવિ શું ? દીપક બુજાઈ જાય, વેપારી ભિખારી બની જાય અને રમતવીર ટીમમાંથી બહાર ફેંકાઈ જાય—બસ એ જ રીતે સંત પણ સાધનાઓ છોડી દે, ભજન ભક્તિ છોડી દે તો જે હાલત પેલા ત્રણેયની થાય છે એ કરતાં પણ ઉતરતી હાલત સાધુની થાય છે.

યાદ રાખજો કે ઝેર કરતાંય વધારે સંહારક અણસમજણ છે...... આગ કરતાંય વધુ જલદ અણસમજણ છે....... રાક્ષસ કરતાંય વધુ ખતરનાક અણસમજણ છે...... તલવાર કરતાંય વધુ ઘાતક અણસમજણ છે........ બોંબ કરતાંય વધુ વિસ્ફોટ અણસમજણ છે અને સિંહ કરતાંય વધુ ક્રૂર અણસમજણ છે, કારણ કે આ તમામ પરિબળો જીવાત્માને માટે વધુમાં વધુ મોતનાં જ કારણ બને છે, જ્યારે અણસમજણ (અજ્ઞાન) તો દુર્બુદ્ધિ અને દુર્ગતિનું કારણ બને છે તેમજ મુક્તિથી વંચિત રાખે છે.

સંતો ! સાપ દેખાય છે, પણ સાપની દાઢમાં રહેલ ઝેર દેખાતું નથી, છતાં સમજુ માણસ સર્પથી દૂર રહે છે, કારણ કે એને સર્પમાં સર્પ નહિ, પણ મોત દેખાતું હોય છે.— બસ એ જ રીતે પંચવિષયો દેખાય છે સુંદર, પણ મુમુક્ષુ સંતોને એમાં દુર્ગતિ દેખાતી હોય છે અને તેથી જ તેઓ તેનાથી દૂર રહેતા હોય છે.

પૂર્વના અનેક જન્મોમાં આપણે ઈન્દ્રિયોને ખુબ લાડ લડાવ્યા ર

છે. વિષયો પાછળ પાગલ બન્યા છીએ. આ વાસ્તવિકતા જાણી લેવાની એટલા માટે જરુર છે કે આપણને સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે કે વિષયો પાછળની આપણી પાગલતા પાંચ -દસ જન્મોની નથી, પણ અનંત જન્મોની છે. તેથી તો શ્રીહરિજી અંત્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમા સ્વયં બોલ્યા છે કે, " જેટલું સમુદ્રનું પાણી છે તેટલું એ જીવ પોતાની માતાનું દૂધ ધાવ્યો છે !"

આજે આપણી પાસે સંયમી જીવન છે, વિષયોનો ત્યાગ કર્યો છે, સારા સંતોનો સંગ છે અને સારા સદ્‌ગુરુની નિશ્રામાં છીએ, છતાં પણ આપણે એ ભ્રમમાં રહેવાની જરૂર નથી કે આપણે હવે સંપૂર્ણ સ્વતંત્ર છીએ. ના, આપણે સગાં–વહાલા છોડીને ભલે આવી ગયા હોઈએ, પણ ઈન્દ્રિયો ને અંતઃકરણ તો આપણે સાથે જ લાવ્યા છીએ ! વસ્ત્રો બદલાવી દેવામાં આપણે ભલે સફળ બન્યા હોઈએ, પણ મનને બદલવાનું તો હજી આપણા માટે બાકી છે. જે ઈન્દ્રિયો ને મન આપણી સાથે સંસાર જીવનમાં હતાં એ જ આજે સાધુજીવનમાં પણ આપણી સાથે જ છે. જો એની પાશવી તાકાતને સમજવામાં જરાક પણ ઊણા ઊતર્યા અને વિશ્વાસ કર્યો તો સમજી રાખજો કે ભ્રષ્ટ બનાવી કાયમી તેના ગુલામ બનાવી દેશે.

સંતો ! સાપના રાફડા પાસેથી ભાગી છૂટવામાં વાર લાગે તો એની બહુ ચિંતા ન કરતા, પણ મોક્ષના માર્ગથી પાછા ખેંચી લાવનાર અને સદ્‌ગુણોને ચૂંથી નાખનાર વિષયોથી દૂર જવામાં પળભરનો પણ વિલંબ ન કરવો જોઈએ. આપણે સર્પનો ભરોસો ક્યારેય પણ કરતા નથી. – એ જ રીતે ઈન્દ્રિયોનો પણ ભરોસો ન કરવો જોઈએ. સર્પને વશ રાખીને મદારી તેની પાસેથી કામ કરાવી લે છે એ જ રીતે આપણે પણ ઈન્દ્રિયોને વશ રાખી તેની પાસેથી કામ કરાવી લેવું જોઈએ. જો આ રીતે નહિ કરીએ અને એના

પર વિશ્વાસ રાખીને ઈન્દ્રિયોને લાડ લડાવતા જઈશું અને ભજન ભક્તિને ગૌણ કરતા જઈશું તો તેઓ આપણા ભાવિને અંધકારમય બનાવી દેશે; માટે સાવધાન રહી તેની સાથે કેદીના જેવો વ્યવહાર કરવો. વર્ષો પહેલાં ખુંખાર કેદીઓના હાથ પગમાં બેડીઓ પહેરાવેલી રાખીને જ તેની પાસે બધું કામ કરાવવામાં આવતું, —એ જ રીતે મન આદિક ઈન્દ્રિયોને પણ શ્રીહરિજીની આજ્ઞારુપી બેડીઓમાં બાંધીને ભજન ભક્તિને વ્યવહાર સંબંધી કામ કરાવવું જોઈએ.

યાદ રાખો કે ટ્રેનનો ડબ્બો ગમે તેટલો આકર્ષક હોય તોય એમાં કાયમ માટે બેસી રહેવાનું હોતું નથી. નક્કી કરેલા સ્ટેશને પહોંચવા માટે જ એ ડબ્બામાં બેસવાનું હોય છે. અને સ્ટેશન આવતાં જ એ ડબ્બો છોડી દેવાનો હોય છે, — બસ એ જ રીતે શરીરની બાબતમાં ને ઈન્દ્રિયો બાબતમાં સમજવાનું છે. તે ગમે તેટલું સારું હોય અને સાધનામાં સહાયક હોય તો પણ તેને માત્ર સાચવવાનું છે, પણ પંપાળવાનું નથી એ ભૂલવું ન જોઈએ.

સંતો ! સિદ્ધાંત્ સમજવા માટે દ્રષ્ટાંત્ જરૂરી હોય છે. પછી તે દ્રષ્ટાંતો સત્ય હોય કે રુપક પરંતુ સમજવામાં સરળ પડે તેથી ગોઠવવામાં આવતા હોય છે, તેથી સાંભળો. સુવર્ણને અગ્નિમાં નાખવા માંડ્યું તો પણ સુવર્ણે કોઈ વિરોધ ન કર્યો, કારણ કે તેને શુદ્ધ થવું હતું. અગ્નિ પ્રવેશ માટે ઘડાએ કોઈ વિરોધ ન કર્યો, કારણ કે એને પાકીને મજબૂત બનવું હતું. પોતાના પર પડી રહેલા ટાંકણાના મારનો પથ્થરે કોઈ વિરોધ ન કર્યો, કારણ કે મૂર્તિ તરીકે પોતાને રુપાંતરિત થવું હતું અને ગરમ પાણીમાં પોતાને બોળતા વસ્ત્રે કોઈ વિરોધ ન કર્યો, કારણ કે એને સ્વચ્છ બનવું હતું. અર્થાત્ સુવર્ણ, ઘડો, પથ્થર અને વસ્ત્ર એ ચારેય પ્રતિકૂળતાના દુઃખને સહન કરવા તૈયાર હતા,

કારણ કે પ્રતિકૂળતા વેઠવામાં જે પીડા હતી એ મામુલી હતી અને પીડા વેઠવાની બદલીમાં જે પુરસ્કાર હતો તે મહાન હતો. – બસ એ જ પ્રમાણે સંયમ પાળવામાં અને તપ કરવામાં જે સહન કરવું પડે તે પ્રેમથી કરવું જોઈએ, કારણ કે તેની બદલીમાં જે પુરસ્કાર મળવાનો છે તે મહાન છે તેનું મૂલ્ય થઈ શકે તેમ નથી.

સંતો ! સંબંધીઓ આપણને સાધુ થવાની ના કહેતા હતા ત્યારે દેહને દુશ્મન સમજી આત્મનિષ્ઠા રાખી અનેક કષ્ટો સહન કરી સંત બની ગયા. સાધુ થયા ત્યારે અનેકાનેક સંકલ્પો કરીને આવ્યા હતા, પણ હવે દેહના દાસ બની ગયા હોઈએ એવું લાગે છે. આજે આપણી વિચારધારા કેવી છે ? જીવનશૈલી કેવી છે ? સ્વભાવ જ એવો બનાવી દીધો છે કે કોઈ સારા સંત કે હરિભક્તો કંઈક કહે કે તુરંત મર્યાદા તોડી સામો જવાબ આપી દઈએ છીએ. શું આવી ખૂલ્લી વાસ્તવિકતા પ્રત્યે આપણે આંખ મિંચામણા કરીશું ? આત્મનિષ્ઠા અને શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન કરવામાં કાયર કેમ બની ગયા છીએ ?

સંતો ! શત્રુઓનો સફાયો કરી નાખવા યુદ્ધ મેદાનમાં જંગે ચડેલો શૂરવીર, શત્રુ તરફથી થતી બાણવર્ષા કે મશીનગનની જો પરવા નથી કરતો તો પછી શ્રીજીની આજ્ઞાને શિર સાટે રાખીને અંતરશત્રુઓ સામે બહારવટિયે ચડેલા એવા આપણે પણ મોક્ષમાર્ગમાં રૂકાવટ કરતા કષ્ટોને શા માટે ગણકારીએ ? તેનાથી કેમ હિંમત હારી જઈએ ? યાદ રાખજો કે અંતઃશત્રુ આપણને સંસારમાં રખડાવે એવા છે. આ શત્રુઓ કાંઈ પગે લાગવાથી કે તેમની પ્રાર્થના કરવાથી અંદરથી જાય એવા સજ્જન નથી; એતો કુસંગી છે. વાસ્તવિકતા આ હોવા છતાંય સહન કરવા બાબતે આપણે

ગળિયા બળદ જેવા બની ગયા છીએ.

હવે પ્રશ્ન એટલો જ છે કાં તો આપણે સાધુજીવનમાં જે નિયમો પાળવામાં કષ્ટો લાગે છે તેને સહન કરી લઈએ અથવા તો સંયમી જીવન તોડીને– છોડીને જન્મ–મરણ ને જમપૂરીનાં કષ્ટો ભોગવવાનું રિઝર્વેશન કરાવી લઈએ ! શું કરવું એનો નિર્ણય આપણે પોતે જ કરવાનો છે. આપણી જાતને આપણે બુદ્ધિશાળી માનતા હોઈએ, સમજુ માનતા હોઈએ અને હોશિયાર માનતા હોઈએ તો આપણા માટે સંપૂર્ણ ઈચ્છાઓનો –તૃષ્ણાઓનો ત્યાગ એ મોટો પડકાર છે.

સ્વામિનારાયણ મહાપ્રભુ પ્રથમના ૩૮મા વચનામૃતમાં કહે છે કે, "સાચો ત્યાગી કેને કહીએ તો જે પદાર્થોનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમા સંકલ્પ પણ ન થાય. જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ થતો નથી – તેમ સંકલ્પ ન થાય." તથા પ્રથમના ૪૪ મા શ્રીજી મહારાજ સ્વયં બોલ્યા છે કે, "દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરુપ માનીને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી."

સંતો ! સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પ્રથમ પ્રકરણની ૧૨૩ મી વાતમાં કહ્યું છે કે, "જેને શ્રીજી મહારાજને રાજી કરવા હોય તેને એમ વર્તવું જે પંચ વિષયના સુખને અતિ દુઃખદાયક જાણીને તથા દેહાભિમાનની આસક્તિ ટાળીને નિર્વાસનિક થાવું ને ગાયક વિદ્યા તથા શાસ્ત્ર વિદ્યાદિક ગુણે કરીને પોતાને ગુણવાન ન માનવું." ૧૯૭ મી વાતમાં

સ્વામી કહે છે કે, સર્વે ઈન્દ્રિયોની વૃત્તિનું પિંડીકરણ કરવું કહેતાં (અર્થાત્)તેમને પંચવિષયમાંથી પાછી વાળીને ભગવાનના સ્વરુપને વિષે હોમવી." તેમજ ૨૩૨ મી વાતમાં સ્વામી કહે છે કે, " વિષયના તાલ જ્યારે આવે ત્યારે એ તાલને ભાંગી નાખ્યા કરે તો અલ્પકાળમાં રાગ ઓછા થઈ જાય. ત્યાં દ્રષ્ટાંત્, જેમ વૃક્ષને એકવાર કાપી નાખે તો કોંટા બહુ બળીયા નિસરે, પણ એમને એમ દશ વિશ વાર કાપે તો ન નિસરે, કે નિસરે તો લગારેક નિસરે – એમ પંચ વિષયના તાલ ભાંગ્યા કરે તો વિષય જીતાય છે." ૨૩૪ મી વાતમાં સ્વામી કહે છે કે, " વિષયને વિષે દોષબુદ્ધિ થયા વિના વાસના ટળે જ નહિ."

૨૮૦ મી વાતમાં સ્વામીને પૂછવામાં આવ્યું કે, 'પંચ વિષયમાં અરુચિ કેમ થાય ?' એનો ઉત્તર સ્વામીએ કર્યો જે, "એ પંચ વિષય સંબંધી ઉદ્યમને વિષે વારંવાર અતિશે દુઃખ જોયા કરે તો થાય ને જો વિષય સહેજે મળે તો પણ ભોગવવે કરીને મહારાજની અપ્રસન્નતા થાય છે એમાં લેશમાત્ર સંશય નથી. એમ મનમાં યથાર્થ દ્રઢ નિશ્ચય કરે તો અરુચિ થાય."

*સાધુ તણાં લક્ષણ હોય કેવાં, તે સાંભળીને દિલધારી લેવાં*
*વૈરાગ્ય સાચા થકી સાધુ થાય, તેના થકી સાધુપણું પળાય*
*વૈરાગ્ય સાચો ઉર હોય જેને, કદી રજોગુણ ગમે ન તેને*
*ત્યાગી ઝીણાં વસ્ત્ર ધરે ન અંગે, ધરે ન રંગેલ વિચિત્ર રંગે*
*વૈરાગીને તો તપશા ગમે છે, તે એકવારે દિનમાં જમે છે*
*જે ભૂખનાં દુઃખથી સાધુ થાય, તે પુષ્ટ થાવા બહુ વાર ખાય*
*સ્ત્રી પુત્ર ત્યાગી વિતરાગી થાય, ચેલા વિષે વૃત્તિ પછી જડાય*

*મમત્વ રાખે મનમાં ધરીને, તો શું કર્યું તે ભગવાં કરીને ?*
*ત્યાગી થયો ને ઘરબાર છોડ્યું, શરીર સુખે વળી ચિત્ત જોડ્યું*
*ગમ્યું ન તીર્થે ઘર તો લજાડ્યું, બંને પ્રકારે નિજનું બગાડ્યું*
*માયા મહાપાપ લગાડનારી, ધીમે ધીમે ધર્મ બગાડનારી*
*જોગી જને જાગ્રત થૈ રહેવું, ચેતાય તો અંતર ચેતી લેવું.*

*શ્રીહરિલીલામૃત કળશ- ૩- વિ-૧૩*

## આઠમું પુષ્પ

હે વ્હાલા સંતો ! સાંભળો અશક્તિના ત્રાસથી બચવા દૂધનું સેવન કરનાર દર્દી દૂધના સેવન પછી પણ જો વધુ અશક્ત બની જાય તો અશક્તિથી બચવા એણે બીજે ક્યાં જવાનું ? ગુંડાના હુમલાથી બચવા પોલીસના શરણે ગયેલો માણસ, પોલીસથી જ જો ઈજાગ્રસ્ત બનતો હોય તો ગુંડાના હુમલાથી બચવા એણે બીજે કોની પાસે જવાનું ? — બસ એ જ ન્યાયે અહિતથી બચવા, અશાંતિથી બચવા અને અશુભથી બચવા સંયમી જીવનના માર્ગે આવી ગયેલ આપણે સંતો તપ, સ્વાધ્યાય, ભજન-ભક્તિ અને ધર્મને જ અશાંતિનું કારણ માની બેસીને એનો ત્યાગ કરી દેશું તો પછી શાંતિ અને મુક્તિ માટે બીજે ક્યાં જશું ? કોણ આપી શકશે શાંતિ ?

યાદ રાખો કે જ્યાં છીએ ત્યાંથી પાછા ફરવાનો આપણી પાસે કોઈ વિકલ્પ નથી અને જ્યાં છીએ ત્યાં જ ઊભા રહી જવાનું આપણા માટે શક્ય નથી, બસ એક જ વિકલ્પ (માર્ગ) બચ્યો છે આપણી પાસે કે આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવા માટે ભજન-ભક્તિ ને સંયમને જીવનમાં વધુને વધુ દ્રઢ બનાવતા જઈએ ને વાસ્તવિક શાંતિનો અનુભવ કરતા રહીએ. યુદ્ધના મેદાનમાં હાજર થઈ ગયેલ સૈનિક ઘેર પાછા જવાનો વિચાર પણ કરતો નથી અને શત્રુથી પરાસ્ત થઈ જવા પણ તૈયાર થતો નથી, —બસ એ જ રીતે સાધુજીવન અંગીકાર કરી ચૂકેલા આપણે પાછા સંસારી જીવનમાં ચાલ્યા જવાનો વિચાર પણ કરવો ન જોઈએ તેમજ અંતઃશત્રુ સામે હારીને લાચારી પણ બતાવવી ન જોઈએ.

અશક્તિના ત્રાસથી છૂટકારો મેળવવા કદાચ દૂધને બદલે છાશના શરણે જઈ શકાશે અને ગુંડાના સંભવિત હુમલાથી રક્ષણ મેળવવા તો પોલીસને બદલે કોઈક બળવાન માણસના શરણે જઈ શકાશે, પણ દોષમુક્ત બનવા, શાંતિ મેળવવા અને અંતરશત્રુને જીતવા માટે તો કોઈ સંયમી મહાપુરુષના શરણે ગયા વિના અને ભજન ભક્તિ કર્યા વિના બીજો કોઇ ઉપાય જ નથી.

સંયમી જીવન કેવળ ભગવાં વસ્ત્રોમાં જ નથી રહેતું, પણ સંયમમાં રહે છે; માટે દરેક ઈન્દ્રિયો પર સંયમ હોવો જ જોઈએ, બાકી તો ભગવાં વસ્ત્રોની આ ગુડવીલ પર જગતના ચોગાન વચ્ચે સંયમી તરીકે જાહેર થતા રહીને પોતાની જાતને અને જગતને છેતરી રહ્યા છીએ!

બની શકે કે જગતને છેતરતા રહેવામાં પુણ્યના સહારે કે પછી દંભના કારણે કદાચ આપણને જિંદગીની અંતિમ પળ સુધી સફળતા મળતી રહે, પણ પછી શું ? પરલોકમાં જવાનું ક્યાં ? આ પ્રશ્ન આપણી સામે જ ઊભો ન રાખવો હોય તો અત્યારથી જ અંતઃશત્રુઓને વશ ન થતા સંયમી જીવન સ્વીકારી લઈએ.

હે સંતો! આપણું સાધુ જીવન એ કાંઈ ટ્રકમાં ડ્રાઈવિંગ સીટ પર ગોઠવાયેલા ડ્રાઈવર જેવું નથી, પણ વિમાનની કોકપીટમાં ગોઠવાયેલા પાઈલોટ જેવું છે. ટ્રકના ડ્રાઈવરની બેદરકારી હોય છતાં શક્ય છે કે બચી જવાય, પરંતુ પાઈલોટની (વિમાન ચલાવનારની) બેદરકારીથી વિમાનમાં બેઠેલા બધાં જ મુસાફરોનાં મોત થઈ જાય છે અને એનું કારણ પાયલોટ મનાય છે. —બસ એ જ રીતે આપણે સંતો પાઈલોટનું પ્રતિનિધિત્વ ધરાવીએ છીએ. આપણી જાગૃતિમાં અનેક મુમુક્ષુઓ સલામત રહે છે અને આપણી જ બેદરકારીને કારણે આપણી સાથે હેત રાખતા મુમુક્ષુજનોનો કચ્ચરઘાણ નીકળી જાય છે, કારણ કે અવળામાર્ગે ચઢાવવાથી તેઓનું મોક્ષનું બીજ બળી જાય છે. આ વાસ્તવિકતાને બરાબર સમજીને આપણે સાવધાન બની જઈશું તો આપણે બચી જઈશું અને અનેકને બચાવી શકીશું.

યાદ રાખો કે બીજ સીધું વૃક્ષ નથી જ બનતું; શુક્લપક્ષનો ચંદ્ર, સીધો પુનમનો ચાંદ નથી જ બનતો, ઉદયાચલનો સૂર્ય, સીધો મધ્યાહ્નકાળનો સૂર્ય નથી જ બનતો; કળી, સીધી પુષ્પ નથી જ બનતી; જન્મેલ બાળક, સીધું યુવાન નથી જ બનતું અને પેટમાં જતા ખોરાકનું સીધું લોહી નથી જ બનતું, —બસ એ જ રીતે સંસાર છોડીને સાધુ થયા એટલે તુરંત ઈન્દ્રિયો ને મન નથી જીતી

શકાતાં, એના માટે ભવ્ય પુરુષાર્થ કરવો પડે છે; જો પ્રયત્ન કરીએ એટલે ધીરે ધીરે આગળ વધતાં એક સમય એવો આવે છે કે ઈન્દ્રિયો અને મનને સંપૂર્ણ જીતી શકાય છે.

સંતો ! વરસાદને લાવવા માટેના જાતજાતના કૃત્રિમ પ્રયોગો કરવા આજના માણસો તૈયાર છે, પણ ધરતી પર રહેલાં વૃક્ષોને સાચવી લેવાની બાબતમાં એ સાવ બેદરકાર છે. —બસ એ જ રીતે સાધુજીવન જીવનારાઓ સંયમ રાખવા ઈચ્છે છે, પણ પંચવિષયના આહાર શુદ્ધ રાખવા માટે એ સાવ બેદરકાર છે.

કૃત્રિમ પ્રયોગો દ્વારા વરસાદને ખેંચી લાવવામાં કામ ચલાઉ સફળતા મળે છે, તોય એ સફળતા એક બાજુ ખર્ચાળ પુરવાર થાય છે, તો બીજી બાજુ અલ્પ જીવી પુરવાર થાય છે. વરસાદના આગમનને જો કાયમી બનાવવું હોય અને સહજ બનાવવું હોય તો એનો આ એક જ વિકલ્પ છે કે વૃક્ષો ઊગતાં જાય અને વૃક્ષોનો ઉછેર થતો જાય તેમજ સચવાતાં જાય. —બસ એ જ પ્રમાણે જે સમસ્યા ધરતી પર વરસાદને ખેંચી લાવવાની છે એ જ સમસ્યા સંયમી જીવનમાં સાધનાને ખેંચી લાવવાની છે; પણ જીવનો એવો સ્વભાવ છે કે બંને જોઈએ છે. ચણા પણ ખાવા છે અને સાથે શેરડી પણ ખાવી છે ! બંનેનો એક સાથે સમાવેશ કેમ કરી શકાય ? કારણ કે ચણા ચાવીને ગળા નીચે ઉતારવાના છે, જ્યારે શેરડીને તો ચૂસીને બહાર ફેંકી દેવાની છે.

—બસ એ જ રીતે ઘણા સાધુ સંતોની માંગ પણ આવી જ હોય છે, સંયમી બનવું છે અને સાથો સાથ પંચવિષયો પણ ભોગવવા છે. પણ આ રીતના આચરણથી સંયમી બની શકાતું નથી. એ માટે શ્રીજી મહારાજ પ્રથમના ૧૮મા વચનામૃતમાં આ બાબત કહે છે કે, ''જીભને હરિગુણ
૫ ગાવામાં ને પ્રભુ પ્રસાદમાં જ રાખીશું તો તે શુદ્ધ થશે, કાનને હરિકથા ને કીર્તન

સાંભળવામાં રાખીશું તો તે શુદ્ધ થશે, આંખને પ્રભુનાં દર્શનમાં એકાગ્ર કરીશું તો તે શુદ્ધ થશે, નાકને પ્રભુને ચડાવેલ અત્તર-ફૂલની સુગંધ આપીશું તો તે શુદ્ધ થશે અને ચામડીને પ્રભુનો સ્પર્શ કરાવીશું, (મૂર્તિનો અથવા માનસી પૂજામાં મહારાજનો) તો તે શુદ્ધ થશે.''

આજે આપણું સદ્ભાગ્ય છે કે પાંચેય ઈન્દ્રિયોના વિષયો ભગવત્ સંબંધી હોવાથી મારકને બદલે તારક બને તેમ છે; જો ગૃહસ્થ જીવનમાં હોત તો શું થાત ? અનુકૂળ શબ્દો સાંભળી સાંભળીને અહમ્નું પોષણ કરતા હોત અને આપણી વાસનાને પણ મજબૂત કરતા હોત, આકર્ષક રૂપને જોઈ જોઈને આપણી આંખોને વિકારી બનાવી દીધી હોત અને મનને વાસનાગ્રસ્ત બનાવી દીધું હોત. હોટલની મીઠાઈઓ ખાઈ ખાઈને જીભને ઉત્તેજીત બનાવી દીધી હોત, સ્પર્શ કરી કરીને એવા તો ચંચળ બની ગયા હોત કે વિવેક ભૂલીને ન કરવા યોગ્યને પણ સ્પર્શ કરતા હોત અને અનેક પ્રકારના ગંધ સુંઘી સુંઘીને નાકને ભૂંડના નાક જેવું સર્વગંધી બનાવી દીધું હોત.

એના બદલે આજે આપણે કેવા બની ગયા છીએ ? પંચવિષયોરૂપી કીચડમાં ખૂંતેલા આપણને સદ્બોધરૂપી શુદ્ધ જળથી સ્નાન કરાવી સદ્ગુરુએ અને સંતોએ સાફ કરી સંયમી જીવન જીવતા કરી દીધા છે ! ઓખરીયાં ઢોરની જેમ જ્યાં -ત્યાં વિષય માટે રખડતા આપણને ગુરુદેવે સાવધાન કરી સંયમી બનાવવાના પ્રયત્નો કર્યા. સદ્ગુણોની હંમેશાં વૃદ્ધિ થતી રહે એ માટે સતત પ્રયત્નો કર્યા અને જીવનમાં આવેલ સદ્ગુણો નષ્ટ ન થઈ જાય એનું પણ વિશેષ ધ્યાન રાખ્યું. કેવી દયા કરી આપણા પર ?

સંતો ! આવી સરસ અનુકૂળતા હોવા છતાં ઈન્દ્રિયોના વિષયોનો દુરુપયોગ જો ચાલુ છે તો સમજી લેવું કે ભવિષ્ય માટે (આવતા જન્મ માટે) આપણે દુ:ખના ડુંગરો તૈયાર કરી જ રહ્યા છીએ. આંખને વિકૃત દ્રશ્યો જ

જોવાનાં આવશે. દુર્ગંધ મારતી ગટરની બાજુમાં જ રહેવાનું આવશે. જીભને સડેલા પદાર્થો જ ખાવા મળશે. ચામડીને બરછટ પદાર્થો જ અડવા મળશે. કાનને કઠોર શબ્દ (ગાળો) જ સાંભળવા મળશે. અર્થાત્, વિષયો બેકાર મળશે અને શરીર રોગી મળશે. એ સિવાય જમપુરી ને જન્મ-મરણનાં દુઃખો તો ખરાં જ! શું આ બધું ભોગવવાની ઈચ્છા છે ખરી? અને જો ન હોય તો પંચ ઈન્દ્રિયોના વિષયોનો સતત સદ્ઉપયોગ કરવા મંડી પડો.

*સુણો સાધુ શુકજી સરખા રે, નારદ જેવો નેક,*
*નથી ઉપમા માનો મુરખા રે, ઉર કરો વિવેક*
*જડ ભરત જેવા જાણિયે રે, સનકાદિક સમાન*
*કદરજ જેવા વખાણીયે રે, ખરા ક્ષમાવાન*
*એવી સાધુતાને આશરી રે, જ્યારે લીધો જોગ*
*ત્યારે પ્રીત સહુ શું પરહરી રે, ભૂલવા ભવભોગ*
*એની રીત્યે રીત્ય આપણી રે, બીજી રીત્યે બાધ*
*પરહરો પરી પાપણી રે, વળગી એ વરાધ*
*ફોગટ પડતાં બીજા ફંદમાં રે, આવે દુઃખ અત્યંત*
*નિષ્કુળાનંદ આનંદમાં રે, સદા રહોને સંત*

ચોસઠપદી- પદ- ૧૮

## *નવમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! ધનવાનની ઓળખાણ કરોડપતિ તરીકેની છે, કારણ કે એની પાસે કરોડ રૂપિયા છે. ઘણું ભણેલાને વિદ્વાન તરીકે લોકો ઓળખે છે, કારણ કે એની પાસે ન્યાય, વેદાંત, સાંખ્ય યોગ, વૈશેષિક મીમાંસા વગેરે તથા મહામહોપાધ્યાયની ડિગ્રીઓ છે. કલાકારને એના શહેરના લોકો ગાયક તરીકે ઓળખે છે, કારણ કે એની પાસે સુરિલો કંઠ છે. કથાકારને લોકો શ્રેષ્ઠ વક્તા તરીકે ઓળખે છે, કારણ કે એની પાસે જબરદસ્ત વક્તૃત્વકળા છે;—પરંતુ કરોડપતિ કરોડ રૂપિયા ગુમાવી દે, વિદ્વાન મગજ ગુમાવી દે, ગાયક કંઠ ગુમાવી દે અને કથાકાર વક્તૃત્વકળા ગુમાવી દે તો પછી એ તમામની કિંમત કોડિની થઈ જાય છે !

એમને કોઈ ઓળખતું નથી, એટલું જ નહિ, પરંતુ એમને કોઈ ઓળખવા પણ માગતું નથી. આનો અર્થ શું થાય ? એ જ કે એમની ઓળખાણ તેઓ જે છે એના કારણે નથી હોતી, પણ એમની પાસે જે હોય છે એના કારણે હોય છે. — બસ એ જ રીતે હે સંતો ! આપણી ઓળખાણ પણ સંસાર છોડી ભગવાં ધારણ કરી સંયમી જીવન જીવીએ છીએ તેથી સંત તરીકે લોકો ઓળખે છે, કારણ કે આપણે શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે રહીએ છીએ, શાસ્ત્રોની મર્યાદામાં રહીએ છીએ; પરંતુ આપણામાંથી સંયમ જાય, શ્રીજીની આજ્ઞાઓ જાય અને શાસ્ત્રોની મર્યાદાઓ જાય, પછી આપણને સંત કહેવા કોણ તૈયાર થાય ? સંત તો લોકો એટલા માટે કહેતા હતા કે આપણામાં સાધુતાના સદ્‌ગુણો હતા.

સંતો ! લોકો આપણને આપણામાં કંઈક છે તેથી ઓળખે છે, પણ આપણને ઓળખતા નથી ! જો આપણને જ ઓળખતા હોય તો સંયમી જીવન

છોડી સંસારી બની જઈએ અને પછી લોકો સમક્ષ જઈએ તો તુરંત ખ્યાલ આવી જશે; જે આપણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા, રસોઈ આપતા હતા, પોતાને ઘેર પધરામણી કરાવતા હતા, માનની નજરે જોતા હતા અને પૂજ્યપણાની ભાવના હતી એ બધામાં જ સો ટકા ફેરફાર થઈ ગયો હશે.

જે પ્રણામ કરતા હતા તેઓ જ અનેક પ્રશ્નોની ઝડી વરસાવશે અને તિરસ્કારની નજરે જોશે. આ વાત સત્ય મનાતી ન હોય તો ત્યાગાશ્રમમાંથી જે જે ત્યાગીઓએ સંસારી જીવન અપનાવ્યું છે તેઓને પૂછી જોજો. જે સંતો પાછળ હજારો ભક્તો હાજી હાજી કરતા ફરતા હોય, એક વચને માથું દેવા તૈયાર હોય અને એક વચને પોતાનું સર્વસ્વ દેવા તૈયાર થઈ જતા હોય, આટલી આત્મીયતા હોય, પરંતુ તે જ સંત જો ત્યાગાશ્રમનો ત્યાગ કરી ગૃહસ્થ બની જાય તો શું દશા થાય એમની ? તેથી તો સત્ય માનવું જ રહ્યું કે આપણને લોકો માનતા જ નથી; પણ આપણામાં જે સંયમી જીવન છે, શ્રીજી મહારાજના નામની ભગવી ચાદર શરીર પર ધારણ કરી છે તેના કારણે જ માને છે, માટે કોઈ પ્રકારનો અહમ્ ન રાખવો જોઈએ કે લોકો મને જ માને છે.

સંતો ! સાકરનું નિર્માણ જેમ ઓગળી જવા જ થયું હોય છે, મીણનું નિર્માણ જેમ પીગળી જવા જ થયું હોય છે, નદીનું નિર્માણ જેમ સાગરમાં વિલીન થઈ જવા જ થયું હોય છે, જન્મનું નિર્માણ જેમ મરણ માટે જ થયું હોય છે, તેમ આપણા ત્યાગાશ્રમનું નિર્માણ પણ અહંકારને ખતમ કરી નાખવા જ થયું હોય છે.

પ્રશ્ન એ છે કે આપણે એ પરિણામને અનુભવવા તરફ સતત
૭ આગળ વધી રહ્યા હોઈએ એવું આપણને લાગે છે ખરુ ? અભ્યાસ કે

સ્વાધ્યાયના ક્ષેત્રમાં આગેકૂચ થતી રહેતી હોય અને સાથોસાથ અહંકાર તૂટતો જતો હોય એવું આપણે અનુભવી રહ્યા છીએ ખરા ? તપશ્ચર્યાના ક્ષેત્રે જીવન, ઉજ્જવળતાનાં શિખરો સર કરી રહ્યું હોય અને બીજી બાજું અહંકાર ખાઈ તરફ ધકેલાઇ રહ્યો હોય, એવું આપણને લાગી રહ્યું છે ખરૂં ? પ્રવચનો કથા-વાર્તા અને લેખન વગેરે કરતાં કરતાં અનેક સફળતાઓ એક બાજું મળતી રહેતી હોય અને બીજી બાજું નમ્રભાવ પણ વધી રહ્યો હોય એવું આપણે અનુભવી રહ્યા છીએ ખરા ? જો આ બાબતમાં અંતઃકરણ સંતોષકારક ઉત્તર ન આપતું હોય તો સમજવું કે આપણે અહંકારનો ભોગ બની રહ્યા છીએ અને સાધુ જીવનને નિષ્ફળ બનાવવાના માર્ગે જ આગળ વધી રહ્યા છીએ.

યાદ રાખો હે સંતો ! પાણી પીધા પછીય જો તરસ ન બુઝાતી હોય, ભોજન કર્યા પછીય જો ભૂખ ન ઘટતી હોય, ધંધામાં પુરુષાર્થ કર્યા પછી પણ જો સંપત્તિ ન મળતી હોય અને જીભ પર સાકર મૂક્યા પછીય જો મીઠાશની અનુભૂતિ ન થતી હોય તો સમજવું પડે કે કાંઇક ગરબડ થઈ રહી છે. – બસ એ જ રીતે ત્યાગાશ્રમમાં આવી સાધુ થયા પછીય પણ અહંકારનું અસ્તિત્વ જો ટકી રહેતું હોય અને અહંકાર પુષ્ટ થઈ રહ્યો હોય તો સમજવું પડે કે સંયમી જીવનમાં કાંઈક ગરબડ થઈ ગઈ છે અથવા તો ગરબડ થઈ રહી છે.

ભિખારીને રહેવા ઝૂંપડું મળ્યું અને એ પણ એક શ્રીમંત તરફથી ભેટમાં ! તો શું એ ભિખારી અહંકાર કરશે ખરો ? બસ એ જ પ્રમાણે આપણને કાંઈક થોડા-ઘણા સદ્‌ગુણો મળ્યા તે ભગવાન અને મોટા સદ્‌ગુરુ સંતોની કૃપાથી; તો શું આપણે અહંકાર કરી શકીશું ખરા ? માટે આપણે સમજણ દઢ કરીને મનને અહમ્‌થી હંમેશાં દૂર રાખતા રહીએ. સંસારી લોકો સંસાર

સાગરમાં ડૂબી જાય એ તો સમજાય છે, પણ આપણે સાધુ-સંતો સંસાર સાગરમાં કેમ ડૂબી જઈએ છીએ ? આપણે તો ન જ ડૂબવું જોઈએ

*"તરતે તરતે ડૂબ ગયા, ઉસકા કોઇ ગમ ન થા;*
*મગર જહાં વહ ડૂબ ગયા, વહાં પાની બહોત કમ થા."*

સંતો ! આપણી બાબતમાં આવું તો ન જ બનવું જોઈએ અને જો બનતું હોય તો એટલું જરૂર કહી શકાય કે વિદ્વાન બની જવામાં, સંગીતકાર બની જવામાં, બીજાને ઉપદેશ આપી જાણવામાં અને મહંત બની જવામાં આપણે સફળ બની ગયા, પરંતુ ખરેખરા સંત બની જવામાં તો નિષ્ફળ જ રહી ગયા છીએ. ઈન્દ્રિયો અને અંતઃકરણ ઉપર વિજય મેળવવામાં નિષ્ફળ બન્યા છીએ. એક વાત યાદ રાખો કે આપણી અંદર શું છે એ લોકોને ન દેખાતું હોય તે તો સમજાય છે, પણ આપણને ય જો ન દેખાતું હોય તો આપણું ભવિષ્ય અંધકારમય છે એમ જરૂર જાણજો.

એક રસ્તા પરથી પસાર થઈ રહેલા માણસો એક મકાનનાં વખાણ કરતાં થાકતા ન હતા, કારણ કે એ બંગલો બહુ સારો દેખાતો હતો, છતાં પણ મકાન માલિકના ચહેરા પર પ્રસન્નતા દેખાતી ન હતી, કારણ કે એને બરાબર ખ્યાલ આવ્યો હતો કે બહારથી અત્યંત આકર્ષક દેખાતા બંગલાની અંદર ધૂળ-કચરો અને ભંગાર સિવાય બીજું કાંઈ જ ન હતું. એક યુવકે સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં તેથી તે મોહક વસ્ત્રોનાં તેના મિત્રો વખાણ કર્યા કરતા હતા. તો પણ એ યુવકના ચહેરા પર સ્મિત ન હતુ, કારણ કે એ યુવકના હાથમાં પોતાના લોહીનો લેબોટરીમાંથી આવેલ એક રિપોર્ટ હતો અને તેમાં કેન્સર હોવાનું નિદાન થયું હતું.

સંતો ! આનો અર્થ શું સમજવો ? એ જ કે બહારનું બધાયને દેખાતું હતું એ આકર્ષક હતું, મોહક હતું અને કીમતી હતું, માટે સહુ તેની પ્રશંસા
૮ કરતા હતા, પણ એના જે માલિક હતા તેમને બરાબર ખ્યાલ હતો કે

ઉપરથી સારી લાગતી વસ્તુ અંદરથી સારી નથી. – બસ એ જ રીતે લોકોની નજરમાં આપણું ઉપરનું આચરણ કે પછી દેખાડો હતો તેથી તેઓ આપણી વાહ વાહ કરતા હોય છે, પણ અંદર કેટલા સારા છીએ એવું તેઓ જાણતા હોતા નથી, એ તો કેવળ આપણે જ જાણતા હોઈએ છીએ અને બીજા શ્રીજી મહારાજ જાણતા હોય છે.

આપણી ઉપરની દરેક ક્રિયાઓ જેમ કે આપણી વિદ્વતા, આપણી લેખન શક્તિ, આપણું વક્તૃત્વ, આપણી વાદન ક્રિયા, આપણી ગાયન કળા, આપણું મહંતપણું અને આપણું સદ્‌ગુરુ પદ વગેરે..... અનેક લોકોના અને હરિભક્તોના આકર્ષણનું કારણ બને છે અને અનેકના મુખે એ પ્રશંસા પામી રહી છે. – જો કે એના માટે એ બરાબર છે, એમને ખોટા માની લેવાની જરૂર પણ નથી, એમને બોલતા બંધ કરી દેવાના પ્રયાસો પણ આપણે ન કરવા જોઈએ, એ આપણી પ્રશંસા કરે છે એમાં એ લોકોની ભૂલ પણ નથી. એમની નજર સાચી છે, કારણ કે એ લોકોને જે દેખાઈ રહ્યું છે એના આધારે તેઓ બોલે છે, એમને દેખાઈ રહેલા આપણા સદ્‌ગુણોએ આપણા માટે નુકસાનકારક પણ નથી પરંતુ પ્રશ્ન એ છે કે આપણને ન દેખાઈ રહેલા આપણી અંદર રહેલા દોષો એ તો આપણા માટે જરૂર નુકશાનકારક છે. અને એ કબૂલ ન કરવું એ આપણા માટે મોટો ખતરો પણ છે. આપણી અંદરની કમજોરીઓ જો આપણા ખુદના ખ્યાલમાં ન આવી તો માનજો કે આપણી હાલત બગડી જ જવાની છે, એ હકીકત સતત આંખ સામે રાખવી એ આપણા માટે અતિ અગત્યની છે.

સંતો ! હવે કરીએ આપણા અંદરના જીવનનું દર્શન, એ કેટલું સત્ય છે ? જો અંતર-અંતઃકરણ અંતઃશત્રુથી બુદબૂ મારતું હશે છતાં પણ આપણે એના નિકાલ માટે કોઈ જ પ્રયત્નો નહિ કરતા હોઈએ તો તો આપણે સામે ચડીને આપણા ભવિષ્યને અંધકારમય બનાવવાનું રિઝર્વેશન કરી રહ્યા છીએ

એ નિર્વિવાદ છે. સંતો ! મનોમન વિચારો ને જવાબ આપો કે જીવનની સલામતીનો મુખ્ય યશ સ્ટુડિયોમાં આવતા સારા ફોટાને કે પછી લેબોરેટરીમાં આવતા સારા ‘એક્સ-રે’ ને ? એના જવાબમાં કહેવું જ પડશે કે સારા ‘એક્સ-રે’ ને !

હવે બીજો જવાબ આપો કે માણસ વધુ આનંદિત શેમાં થાય છે ? ફોટો સારો આવે અને એક્સ-રે બગડેલો આવે એમા કે પછી એકસ-રે સારો આવે અને ફોટો બગડેલો આવે એમાં ? એમાં પણ કહેવું જ પડશે કે એક્સ-રે સારો આવે એમાં ! હવે ત્રીજો જવાબ આપો કે માણસ જીવનભર પ્રયત્નો કરતો રહે તે શા માટે ? પોતાના શરીરનો ફોટો સારો આવતો રહે એમાં કે પછી પોતાના શરીરની અંદરના ભાગોનો એક્સ-રે સારો આવતો રહે એમાં ? એમાં પણ કહેવું જ પડશે કે એક્સ-રે સારો આવતો રહે એમાં જ. સારા ફોટાનો કોઈ વિરોધ નથી, પણ એક્સ-રે બગાડીને સારા ફોટા પર પસંદગી ઉતારીને ખુશ થવું એ બરાબર ન કહેવાય; કારણ કે જીવનની સલામતીનો આધાર સારો ફોટો નથી, સારો એક્સ-રે જ છે એ ભૂલવું ન જોઈએ.

આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે જે હકીકત શરીરના જગત માટે છે – એ જ હકીકત જીવાત્માના જગત માટે પણ છે. લોકોમાં પ્રિય બનીએ એનો વિરોધ નથી, પરંતુ એકાંતમાં હોઈએ ત્યારે ખુદની જાત આગળ આપણે પ્રિય ન લાગતા હોઈએ તો એનું શું ? યાદ રાખો કે, સારો એક્સ-રે, જો જીવનની સલામતીનો આધાર છે, તો સારું અંતઃકરણ એ મોક્ષ માટેની આધારશીલા છે; પણ આપણી મોટી કરૂણતા એ છે કે બાહ્યક્રિયામાં વ્યવહારમાં આપણે એટલા બધા ખૂંતી ગયા છીએ કે આપણા જ અંતઃકરણમાં ડોકિયું કરવાનો સમય જ નથી !

૯ આપણે આપણા જીવનને તપાસવા તૈયાર જ નથી, પરંતુ યાદ રાખજો કે

અંતઃકરણની ઓળખને એની નિર્મળતા એ તો સંયમી જીવનની–સંતજીવનની શ્રેષ્ઠ શ્રીમંતાઈ છે. આ જગતમાં સંયમ જીવન જ એવું એક જીવન છે કે જે જીવનમાં તમામ પ્રકારનાં દુઃખો દૂર કરવાની તાકાત ધરાવે છે, શ્રીહરિજીની કૃપાથી સાધુસંતોને સંયમીજીવન પ્રાપ્ત થયું છે, તેથી હતાશ કે નિરાશ થયા વિના આનંદથી એને અપનાવી આપણા જીવનને ધન્ય બનાવી દઈએ.

*જેનું તન મન માન્યું ત્યાગે રે, ભક્તિ ધર્મ ભાવે છે,*
*તેના વચન વિંટ્યા વૈરાગ્યે રે, અંતરમાંથી આવે છે,*
*શીલ સંતોષને વળી શાંતિ રે, એમાં રહીને બોલે છે,*
*ધીરજતા કહી નથી જાતી રે, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે,*
*એવા સંત સહુના સગા રે, પર ઉપકારી પૂરા છે,*
*જેના દિલમાં નહિ કોઇ દગા રે, સત્ય વાતમાં શૂરા છે,*
*વળી હેત ઘણું છે હૈયે રે, આંખ્યે અમૃત વરસે છે,*
*કહે નિષ્કુળાનંદ શું કહિયે રે, એ જન જોઈ હરિ હરખે રે.*

*-ચોસઠપદી-પદ-૧૩*

*કેને દુઃખ દેવાનું દિલમાં રે, ભૂલ્યેભૂંડો ભાવ નથી,*
*પર ઉપકારે પળપળમાં રે, ઉપજે ઈચ્છા અંતરથી,*
*પંચ વિષયને પરહરિને રે, વરતે છે વણ વિકારે,*
*તેહ જણાય જોવે કરીને રે, જન એ બોલે છે જ્યારે,*
*વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી,*
*બોલે અહં મમતાનું ઘસાતું રે, ઉતર્યું મન તન સુખ પરથી,*
*એવા ક્યાંથી મળે જન એકે રે, નિર્મળ અંતર નિષ્કામી,*
*કહે નિષ્કુળાનંદ વિવેકે રે, બીજા બહુ હોય હરામી.*

*-ચોસઠપદી-૧૪*

### *દસમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! આપણે એક વાત યાદ રાખવી જોઈએ કે, સ્કૂલમાં દાખલ થઈ જવાથી વિદ્યાર્થીનું પાસ થઈ જવાનું જેમ નિશ્ચત થઈ ગયું ગણાતું નથી અને ક્રિકેટ ટીમમાં સ્થાન મળી જવા માત્રથી ખેલાડીનું સેન્ચ્યુરી લગાવી દેવાનું જેમ નિશ્ચિત થઈ ગયું ગણાતું નથી; તેમ સાધુ બની જવા માત્રથી-ત્યાગાશ્રમનો સ્વીકાર કરવા માત્રથી તુરંત સદ્ગુણો આવી જાય ને મુક્તિ મળી જાય એવું નક્કી થઈ ગયાનું પણ મનાતું નથી. એના માટે તો સતત પ્રયત્નો કરવા જોઈએ અને સદ્ગુણોની વૃદ્ધિ માટે શ્રીહરિજીને પ્રાર્થના કર્યા કરવી જોઈએ.

મેચમાં બેટ્સમેન આઉટ છે કે નોટ આઉટ એના નિર્ણયમાં જેમ સ્ટેડિયમમાં બેઠલા દર્શકો કે સાથી ખેલાડીઓનો અભિપ્રાય કામ ન લાગતાં, માત્ર અમ્પાયરનો અભિપ્રાય જ કામ લાગે છે. કોર્ટમાં ચાલી રહેલ કેસના ચુકાદામાં જેમ કોર્ટમાં કેસ સાંભળવા બેઠેલા લોકોનો કે કેસ લડી રહેલ વકીલોનો અભિપ્રાય - નિર્ણય કામ ન લાગતાં ન્યાયાધીશનો નિર્ણય જ કામ લાગે છે — એ જ રીતે મૃત્યુ વખતે આપણી વૃત્તિ મહાપ્રભુ શ્રીહરિજીના સ્વરૂમાં રહેશે કે નહિ અને મૃત્યુ પછી મુક્તિ મળશે કે કેમ, એના નિર્ણયમાં લોકોના અભિપ્રાયો કામ નથી લાગવાના, ત્યાંતો કામ લાગશે માત્ર આપણું અંતઃકરણ ! તે જો શુદ્ધ હશે - નિર્મળ હશે તો બીજાના અભિપ્રાયોની કોઈ જ જરૂર નહિ રહે.

(સ્વામિનારાયણ ભગવાને અનેક વચનામૃતોમાં અંતઃકરણ વિષે અને તેની શુદ્ધિ માટે કહેલ છે, તેથી અંતઃકરણની શુદ્ધિ ઈચ્છનારાઓએ વચનામૃતનો બરાબર અભ્યાસ કરવો જોઈએ. તેમાં

પણ પ્રથમના ૧૮મા વચનામૃતનો તેમજ પ્રથમના ૨૪મા વચનામૃતનો ખાસ અભ્યાસ કરવો જોઈએ.)

યાદ રાખો કે અમ્પાયરની આંગળી ઊંચી થઈ ગયા પછી બેટ્સમેનને ક્રીઝ છોડીને પેવેલિયન ભેગા થઈ જ જવું પડે છે. અને ન્યાયાધીશે ચુકાદો જાહેર કર્યા પછી પરાજિત વ્યક્તિએ એ ચુકાદાને સ્વીકારી લેવો જ પડે છે – બસ એ જ ન્યાયે અંતઃકરણના આધારે કર્મફળપ્રદાતા શ્રીજી મહારાજ તરફથી આપણું ભાવિ નક્કી થશે એ આપણે સ્વીકારી લેવું જ પડશે એ નક્કી માનજો; માટે અંતઃકરણની શુદ્ધિ કરવા માટે મંડી પડવું જોઈએ.

સંતો ! સરસ અભિપ્રાયના આધારે પોતાની જાતનું મૂલ્યાંકન કરતા રહેવાને બદલે પવિત્ર અંતઃકરણના આધારે જ પોતાની જાતનું મૂલ્યાંકન કરવું જોઈએ. કુરૂપ માણસને દર્પણ સાથે દુશ્મનાવટ હોય છે, ઊંટને હિમાલયની આગળ જવું ગમતું નથી હોતું અને ગુનેગારને પોલીસની સામે જોવાનું મન થતું નથી; કારણ કે દર્પણ વ્યક્તિને એની કુરૂપતા બતાવી દેતું હોય છે; હિમાલય, ઊંટના મનમાં રહેલ પોતાની ઊંચાઈના અહંને તોડી નાખતો હોય છે અને પોલીસ ગુનેગારને જેલમાં સળિયા પાછળ ધકેલી દેતા હોય છે. – બસ એ જ રીતે દંભી સાધુઓ પોતાની જાતને અંતઃકરણની અદાલતમાં ઊભી રાખવા દેવા તૈયાર નથી હોતા; કારણ કે એને બરાબર ખ્યાલ હોય છે કે અંતરની અદાલતમાં પોતાની હાર જ થવાની છે, પરંતુ જે નિર્દંભી સંત છે, જે સાચા સંયમી છે તેના પર અંતરયામી મહાપ્રભુ શ્રીહરિજીની કૃપા અવશ્ય થવાની જ છે, તેથી અંતઃકરણ પવિત્ર બનશે જ અને શ્રીજીની કૃપાનું પાત્ર પણ બનશે જ એ નક્કી છે.

હે સંતો ! પંચવિષયના ખતરનાક માર્ગે આપણે એક પણ પગલું

આગળ વધવા જેવું નથી. આગની નજીક લઈ જતી પતંગિયાની દરેક ઉડાન, જેમ એના જીવનની સમાપ્તિને નજીક લાવતી હોય છે, ઝેર મિશ્રિત લાડુ તરફ જઈ રહેલા કૂતરાના પ્રત્યેક કદમ (પગલાં) જેમ એના મોતનું જ રિઝર્વેશન કરી દેનારા પુરવાર થતાં હોય છે, લોટને જોતાવેંત એ તરફ દોડતી નદીમાં રહેલી માછલી પોતાના જીવનને જેમ સમાપ્ત જ કરી દેવાની તરફ આગળ વધતી હોય છે, તેમ પંચવિષયના સેવન માટે તત્પર અને લાલાયિત બનતા આપણે પણ આપણી પોતાની દુર્ગતિને નજીક જ લાવતા હોઈએ છીએ.

મુક્તિને ભેટ આપનાર સંયમપૂર્ણ સંત જીવન આપણા હાથમાં હોવા છતાં એ છોડીને-તોડીને અધોગતિનું રિઝર્વેશન કરાવવા તરફ દોડી રહ્યા હોઈએ તો આપણાથી બીજો મહામુર્ખ બીજો કોણ હોઇ શકે ? ડાહ્યો ડ્રાઈવર સિગ્નલની લાલ લાઈટ જોયા પછી ગાડીને તુરંત ત્યાં ને ત્યાંજ અટકાવી દેતો હોય છે, — એ જ રીતે આપણે પણ શ્રીજી મહારાજની આજ્ઞા વિરુદ્ધ એવા વિષયોથી દૂર રહેવું જોઈએ અને પંચ વિષયોના માર્ગેથી અટકી જવું જોઈએ.

લાલ લાઈટને જોવા છતાંય પણ જે ડ્રાઈવર તેનું ઉલ્લંઘન કરી ગાડીને જવા દે છે તો તે ગુનેગાર ગણાય છે અને તેને દંડ ભરવો પડે છે, બસ એ જ રીતે પંચવિષયોના ભોગો પ્રભુની આજ્ઞા વિરુદ્ધ છે એવું જાણવા છતાં આપણે ભોગવીશું તો પ્રભુના ગુનેગાર બનીશું અને દંડની સજા ભોગવવી પડશે.

ઝેર ભેળવેલ લાડવો સ્વાદમાં તો મીઠો જ લાગે છે, છતાં પણ ગમે તેટલી ભૂખ લાગી હોય તો પણ તેને ખાવાની ઈચ્છા જ થતી નથી. — એ જ રીતે પંચવિષય છે તે ઝેર મિશ્રિત લાડુ જેવા છે, તેને ભોગવવાથી કદાચ કૃત્રિમ સ્વાદ જેવું લાગે, પરંતુ તેનું પરિણામ ભયંકર આવે છે; માટે ઈન્દ્રિયો
૧ ને અંતઃકરણ ઉપર વિજય મેળવી પ્રભુને પ્યારા બનવાના પ્રયત્નો કરવા

જોઈએ. શ્રીજી મહારાજે ઈન્દ્રિયો ને અંતઃકરણ જીતવા માટે વચનામૃતમાં અનેક ઉપાયો બતાવ્યા છેઃ જેમ કે પ્રથમ પ્રકરણનાં : ૮, ૧૮, ૨૪, ૩૮, ૭૦, અને ૭૩, તથા સારંગપુરનાં ૧ અને ૭, કારિયાણીના ૫, લોયાના ૮, પંચાળાના ૩, મધ્યપ્રકરણનાં ૨,૮,૧૬, ૩૩ તથા અંત્યનાં ૮,૧૧ અને ૩૨, તો આ વચનામૃતોનો અભ્યાસ કરી ઈન્દ્રિયો ને અંતઃકરણ પર વિજય મેળવી શ્રીજી મહારાજને રાજી કરી લેવા.

હે વ્હાલા સંતો ! યાદ રાખો કે, પર્વતમાંથી પ્રગટ થતાં ઝરણાની આડશમાં જો મજબૂત એવી પથ્થરની દીવાલ ઊભી કરી દેવામાં આવે તો એ ઝરણું આગળ જતાં નદી સ્વરૂપે બનતું જ નથી અને નદીને જો બંધ બાંધીને આગળ વહેતી અટકાવી દેવામાં આવે તો એ નદી સાગર સ્વરૂપે બનતી નથી. – બસ એ જ રીતે પંચ વિષયોનો પ્રવાહ વહી રહ્યો છે તેને જો સંયમરૂપી બંધ બાંધી દેવામાં આવે તો બદનામીરૂપ મહાસાગર બનતો અટકી જાય છે. ભાગવતજીના ૧૧મા સ્કન્ધમાં લખ્યું છે કે, " જેમ ઘણી શોકો (અનેક પત્નીઓ) પોતાના પતિને પોતાની તરફ ખેંચે છે અને દુઃખી કરે છે – તેમ આ દેહને અથવા દેહાભિમાની પુરુષને એક બાજુથી જીહ્વા રસ તરફ ખેંચે છે ! ત્યારે બીજી બાજુથી શિશ્ન ઈન્દ્રિય મૈથુન તરફ ખેંચે છે ! ત્વચા (ચામડી) ઈન્દ્રિય, સ્પર્શ તરફ ખેંચે છે, ઘ્રાણેન્દ્રિય (નાક), ગંધ તરફ ખેંચે છે ! ચપળ દ્રષ્ટિ, રૂપ તરફ ખેંચે છે ! અને આ સિવાયની બીજી કર્મેન્દ્રિયો પણ પોતપોતાના વિષયો તરફ ખેંચે છે. આ રીતે તેને છિન્ન ભિન્ન કરી નાખે છે."

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ત્રીજા પ્રકરણની બારમી વાતમાં કહે છે કે," અક્ષરધામનો મુક્ત હોય ને જો તે દેહને ધારીને અહીં આવ્યો હોય ને તે શહેરને સેવે તથા રજોગુણી મનુષ્યની ભાઈબંધાય કરીને તેનો સંગ

કરે તથા સારા સારા રસ જમે તો તેણે કરીને વિષયને વિષે એ મુક્તને પણ આસક્તિ થાય તે મુક્યા પણ મુકાય નહિ, ત્યારે બીજા જીવની તો વાત શી ? તે માટે જો આગળથી જ તે વિષયોનો ડર રાખીને તેનો જોગ ન કરે તો ઉગરે પણ બીજો ઉગર્યાનો ઉપાય નથી."

સંતો ! એક વાત ભૂલવી ન જોઈએ કે, જિતેન્દ્રિય ન બનવા દેનાર સૌથી ખતરનાક અને પ્રથમ નંબરનું પરિબળ (જોર) ભૂતકાળના અનેક જન્મોમાં ઈન્દ્રિયોને આધીન બનીને આપણે કરેલાં પાપ છે ! અને બીજા નંબરનું પરિબર છે આસક્તિ ! ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેનું હૈયામાં બેઠેલું આકર્ષણ એનું જ નામ આસક્તિ છે. આ આસક્તિ આત્માને કાયમ માટે ઈન્દ્રિયોથી જિતાયેલો જ રાખે છે. યોગવશિષ્ઠ રામાયણમાં વસિષ્ઠમુનિ કહે છે :" હે રામ ! જેટલા સાંસારિક પદાર્થો છે એ બધા જળમાં તરંગની જેમ વિવિધરૂપ ધારણ કરીને આસક્તિ ઉત્પન્ન કરીને માણસને મોહમાં ફસાવે છે, પરંતુ જેવી રીતે બધા તરંગો જળ સ્વરૂપ જ છે તેવી રીતે બધા જ પદાર્થો નાશવંત છે, માટે આસક્તિ રહિત થવું એ જ સમાધિ છે. —કેમ જે ઈચ્છાનો ત્યાગ કરવાથી શાંતિ મળે છે એવી શાંતિ હજારો ઉપદેશોથી પણ મળતી નથી. આસક્તિ જેવું કોઈ દુઃખ નથી અને અનાસક્તિ જેવું કોઈ સુખ નથી. જેટલી ઈચ્છાઓ હૃદયમાં ઉત્પન્ન થતી જાય છે, એટલાં દુઃખોનાં બીજ વવાતાં જાય છે. વિવેક અને વિચાર દ્વારા આસક્તિ ઓછી થતી જાય છે, તેમ તેમ ચિંતારૂપી ચેપી રોગ મટતો જાય છે. આસક્તિને કારણે જ પંચવિષયની ઈચ્છાઓ વધતી જાય છે. આસક્તિ જ દુઃખોને જન્મ આપનાર આ સંસારરૂપી વેલનું બીજ છે, માટે ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્ય જેવા હથિયારોથી તેનો વિનાશ કરવો જોઈએ."

ધર્મે રાજી ધર્મના સુત, ધર્મ સાધુનો શણગાર,
ધર્મ ધારી સહુ રહ્યાં, ચાર વર્ણ આશ્રમ ચાર,
તેમ ધર્મ ત્યાગી તણા, નિર્લોભી ને નિષ્કામ,
નિઃસ્પૃહિ નિરમાનિતા, નિઃસ્વાદી એહ નામ,
તેમાં ફેર એક તલભાર, નવ પડવા દેવો નેક,
મુવા સુધી મુકવી નહિ, ગુહી ત્યાગી એહ ટેક,

હરિબળગીતા- કડવું- ૯

મન ઈન્દ્રિયને જિતવાં, કરવી જુગતી જન જરૂર,
એની આગળ અનાથ રે’તાં, દુઃખ ન થાયે દૂર,
આગ્નીધ્ર ને દીર્ઘતમા, વળી ઇન્દ્રાદિક સુર અસુર,
અજિત ઈન્દ્રિયે થયા, રહ્યાં તેણે દુઃખી ભરપૂર,
વિષય સારુ વિકળ થયા, કર્યા ન કર્યાનાં કાજ,
મે’ણું માથે રહી ગયું, કહો કિયાં રહી લાજ,

હરિબળગીતા-કડવું- ૧૨

## *અગ્યારમું પુષ્પ*

હે સંતો ! લલચામણા બોલને રમવા જનારો બેટ્‌સમેન આખરે તો પોતાની વિકેટ ગુમાવી દેતો હોય છે – એજ રીતે પ્રલોભનોને પરવશ બનતા સાધુ-સંતો પણ અંતે પોતાનું સંયમ જીવન ગુમાવી દેતા હોય છે. જીવનને સંયમિત બનાવ્યા વિના પાપાનિવૃત્ત બનવું સરળ નથી. આપણી મર્યાદાનો આપણને ખરેખર ખ્યાલ રહે તો સંયમ આપણા માટે સરળ બની જાય છે. યાદ રાખો કે, રસોઈમાં જે સ્થાન નમકનું (મીઠાનું) છે, મીઠાઈમાં જે સ્થાન ખાંડનું છે, શરીરમાં જે સ્થાન હૃદયનું છે, લોભીના જીવનમાં જે સ્થાન પૈસાનું છે, ગુણોમાં જે સ્થાન વિનયનું છે અને પ્રવૃત્તિમાં જે સ્થાન વિવેકનું છે, એ જ સ્થાન આધ્યાત્મિક જીવનમાં સંયમનું છે.

જો કોઈને ક્રિકેટર કે ઓલિમ્પિક ચેમ્પિયન બનવું હોય તો તેમણે ખુબ પ્રેક્ટિસ કરવી પડે છે. નાનપણથી જ તેની પાછળ સમયનો ખુબ મોટો ભોગ આપવો પડે છે. રમત માટેનાં મોંઘાં સાધનો વસાવવાં પડે છે. પ્રેક્ટિસ કરતાં ઘણીવાર વાગી જાય તે સહન કરવું પડે છે – બસ એ જ પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં પણ સફળતા મેળવવા માટે પંચવિષયોની આસક્તિ છોડવી પડે, ધર્મ-નિયમ રાખવા પડે અને ભજન ભક્તિ કરવાં પડે, જો ચેમ્પિયન બનવા ઈચ્છનાર ખેલાડી કોઈ જ મહેનત કરે નહિ, તો એ ક્યારેય પણ સફળ થઈ શકે નહિ – એ જ રીતે મુક્તિ ઈચ્છનાર સાધુ -સંતો પણ કોઈ પ્રકારનો સંયમ રાખે નહિ, તો તેને અધ્યાત્મમાર્ગમાં સફળતા મળે નહિ. જે રીત આ લોકની રમત ગમતમાં લાગુ પડે છે – એવી જ રીત મોક્ષના માર્ગે પણ લાગું પડે છે, માટે પ્રયત્ન કરી સંયમ જીવન પ્રાપ્ત કરી ‘મુક્ત ચેમ્પિયન’બનવા સતત મહેનત કર્યા કરવી જોઈએ.

હે સંતો ! વડાપ્રધાનને નિમંત્રણ આપ્પા પછી આતંકવાદીઓને જેમ નિયંત્રણમાં રાખવા જ પડે છે, તેમ સદ્‌ગુણોને મનમા પધારવાનું નિમંત્રણ આપ્યા પછી ઈન્દ્રિયોને સંયમમાં રાખી નિયંત્રિત કરવી જ પડે છે. અમુક લોકો તો સંયમ જીવનને જોખમ માનીને શરુઆત જ કરતા નથી, એવા લોકોએ વિચાર કરવો જોઈએ કે જોખમ કયા ક્ષેત્રમાં નથી ? ધંધાના ક્ષેત્રમાં નુકસાનીનું જોખમ છે, લગ્ન જીવનમાં છૂટાછેડાનું જોખમ છે, ગાડી ચલાવવામાં એક્સિડન્ટનું જોખમ છે, નદી સરોવરે તરવા જવામાં ડૂબી જવાનું જોખમ છે, પર્વતારોહણમાં પડી જવાનું જોખમ છે, ભણવામાં નાપાસ થવાનું જોખમ છે, દોડની હરિફાઈમાં હાર્ટએટેક આવવાનું જોખમ છે અને ક્રિકેટની રમતમાં ઈજાગ્રસ્ત બની જવાનુ જોખમ છે. – જો કોઈ પણ ક્ષેત્રમાં જોખમ સમજી પ્રવેશ ન કરીએ તો સફળતાની પ્રાપ્તિ થાય જ નહિ, માટે હિંમત રાખી મુમુક્ષુઓએ સંયમ રાખવા ઝંપલાવવું જોઈએ. "હિંમતે મર્દા તો મદદે ખુદા." આ ઉક્તિ યાદ કરીને સંયમના શ્રીગણેશ કરવા જોઈએ.

હે વ્હાલા સંતો ! શ્રીજી મહારાજે અંત્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં કહ્યું છે કે, " પોતાના હિતની વાત હોય તે દુઃખ લગાડીને પણ કહે એ જ મિત્રનું લક્ષણ છે તે સમજી રાખજ્યો." શ્રીહરિજીનું આ વાક્ય ખુબ મહત્ત્વનું પણ છે અને માર્મિક પણ છે. મહત્ત્વનું એટલા માટે કે આ વાક્યને જીવનમાં આપણે જો અમલી બનાવી શકીએ તો આપણું જીવન સાચે જ વિકાસનાં નવાં નવાં શિખરો સર કરતું જાય છે. અને માર્મિક એટલા માટે કે આપણા અહમ્ પર ચોટ લગાવવા માટે સંમત થયા વિના, આ વાક્યનો અમલ સર્વથા અસંભવિત છે.

ગુરૂદેવ અને મોટા સંતો તરફથી આપણને કઠણ શબ્દોમાં હિતનાં

વચનો સાંભળવા ઘણીવાર મળ્યાં હતાં, પણ તે સમયે આપણે મુખ બગાડીને બેઠા હતા. તળપદી ભાષામાં કહું તો તોબડો ચડાવીને બેઠા હતા. કોઈ સંતો આપણી ભૂલ સમજાવતા તો તેનો અવગુણ આવતો હતો. આપણે સાધુજીવનના સંયમ—નિયમના પાલન માટે આજે પણ તૈયાર છીએ, પરંતુ આપણી મુશ્કેલી એ છે કે આપણા અહંને અનુકૂળતા આવે એવા શબ્દોમાં જ સાંભળવા ઈચ્છીએ છીએ. આપણા મનમાં ઊંડે ઊંડે આ વાત બેઠી છે કે હું ગરૂશ્રીનું અને ગુરૂબંધુઓનું કે અન્ય સંતોનું સાંભળવા તૈયાર છું, પણ મારા અહંને સહુએ સંભાળી લેવો જોઈએ.

આપણા મનની આ વાતનો અમલ ન થયો એટલે આપણે અકળાયા અને હિતનાં વચનો પણ માનવાનો પ્રત્યક્ષ સ્વરુપે ત્યાં પરોક્ષરુપે ઈન્કાર કરી દીધો. આપણા સ્વભાવને ઘસારો લાગે એવું સંભળાવનારાઓનું આપણે મોઢું તોડી લીધું, એ હદે આપણે નીચે ઉતરી ગયા અને અંતે એનું પરિણામ એ આવ્યું કે આપણને હિતની વાત કહેનારા ઘટતા ગયા અને આપણાથી દૂર થતા ગયા અને અંતે કહેવાનું-ટોકવાનું બંધ કરી દીધું.

આપણે સંસાર છોડી સાધુ બની સ્વભાવ છોડવા માટે સંયમ જીવનના ગ્રાહક બન્યા હતા, છતાં આપણા સંયમજીવનની શુદ્ધિ માટે માર્ગદર્શન આપનારા આપણાથી દૂર થઈ ગયા, પરંતુ આપણને દુઃખ થવાને બદલે આનંદ થયો ! કારણ કે આપણા અહમ્‌ને કોઈ રોકનાર હતું નહિ, તેથી નાથ વિનાના બળદની જેમ અને લગામ વિનાના ઘોડાની જેમ મસ્ત બની આમ તેમ ભટકવા લાગ્યા. રેઢિયાર-રખડું, ઢોરની જેમ ભટકતા-ફરતા જોઈને સારા સંતોને આપણા પર દયા આવવા લાગી હતી,પણ તેઓ મૌન હતા, કારણ કે આપણે તેઓનું કંઈ પણ સાંભળવા તૈયાર ન હતા.

સંતો ! ધનનો લોભી માણસ ક્યારેય પણ એવી ઈચ્છા નથી રાખતો કે લાખ રૂપિયાનો ચેક સરસ કવરમાં જ આવવો જોઈએ. સોનાનો નેકલેસ કાદવમાં પડ્યો હોય તો હું નહિ જ ઉપાડું એવું કોઈ સ્ત્રી કહેતી નથી અને ઓપરેશનથી દૂર થઈ જતું દર્દ ડૉક્ટરે દવાથી જ દૂર કરી દેવું જોઈએ, એવો આગ્રહ કોઈ દર્દી નથી જ રાખતો; પરંતુ આપણે એવો આગ્રહ રાખીને બેઠા છીએ કે, ''મોક્ષની વાતો અને સ્વભાવ છોડવાની વાતો મને સારા શબ્દોમાં જ કહેવી જોઈએ. મને રોક-ટોક કરીને કહે એ પસંદ જ નથી.''

હે મુમુક્ષુઓ ! યાદ રાખજો કે આવા આગ્રહને આધીન બનીને જીવન જીવતા રહેવામાં, અહમ્ સચવાઇ જાય છે, પણ મુક્તિ ખોવાઈ જાય છે. મન સચવાઈ જાય છે, પણ સંયમી જીવન ખોવાઇ જાય છે. વટ કદાચ સચવાઇ જાય છે, પણ સદ્ગુણો સુકાઈ જાય છે. આપણી આવી કમજોર અવસ્થા છતાં આપણે જો હિતકારી વાતો સાંભળવા તૈયાર ન હોઈએ અને હિતકારી વાતોમાં અહમ્ સચવાતો હોય તો જ સાંભળવા તૈયાર હોઈએ તો એનો અર્થ એટલો જ છે કે અધ્યાત્મ જગતનું આપણી પાસે આજે જે કાંઈ પણ થોડું-ઘણું બચ્યું છે એ બધુંય આજે નહિ તો કાલે આપણે જરૂર ગુમાવી દેવાના જ છીએ.

હે સંતો ! છોડને પાણી મળતું બંધ થાય એટલે એ નાના છોડનું આગળ વધવાનું તો બંધ થઈ જ જાય છે, પણ જેટલો તે વિકસિત થયો હતો એ વિકાસ પણ એ ગુમાવી બેસવાનો છે, કારણ કે એને ખોરાકરૂપ પાણી મળતું બંધ થઈગયું છે – બસ એ જ રીતે આપણે થોડું સંયમી જીવન જીવતા હોઇશું-થોડા નિયમોનું પાલન કરતા હોઈશું, પણ ગુરૂદેવ અને સંતોની રોક-ટોકરુપ પાણી મળતું બંધ થઈ ગયું હશે તેથી હવે આપણે વિશેષ સંયમ-નિયમ તો

નહિ પાળી શકીએ, પણ જે પાળીએ છીએ તે પણ જતા રહેશે.

આવું ચોક્કસ થઈ જ જાય છે, એટલા માટે તો શ્રીજી મહારાજે લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીમુખે કહ્યું છે કે, "વર્તમાન પણ સુધાં સારાં પાળતો હોય તે નિશ્ચય સુધો હોય ને તે પાસે આપણે રહેતા હોઈએ ને આપણને ટોકે નહિ ને પંપોળીને રાખે ને જાપરો રાખે, તેનો સંગ ન કરવો, અને જે સંત પોતાને ટોક્યા કરે ને જે સ્વભાવ દેખે તે ઉપર ખટકો રાખે ને તે ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને લલોચપો રાખે નહિ ને તે લોકવ્યવહારે મોટો ન કહેવાતો હોય તો પણ તેનો સંગ કરવો." તેમજ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ કહેતા કે, "આત્માનંદ સ્વામીને ટોકવાનો સ્વભાવ હતો તેથી હું તેઓની સાથે રહેવા ગયો હતો."

સંતો ! શ્રીજી મહારાજ અને મોટા સંતોનો એ જ અભિપ્રાય છે કે, પોતાના સ્વભાવ કાઢવા માટે જે સંતો ટોકતા હોય તેઓની ભેળું જ રહેવું. આપણે આપણું અંતર તપાસીએ કે, આપણા સ્વભાવ મુકાવવા માટે ગુરૂદેવ કે સંતો આપણને જ્યારે ટોકે છે ત્યારે રાજી થઈએ છીએ કે પછી લજામણીના છોડની જેમ કરમાઈ જઈએ છીએ ? સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહેતા કે, "જેને પોતાનો સ્વભાવ ટાળવો હોય તેણે પ્રથમ તો મોટા સંત સાથે અતિશે હેત કરવું તે સંત નિરંતર કઠણ વચન કહેતા રહે તથા પોતે પણ નિરંતર તે સ્વભાવ ઉપર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે તો ધીરે ધીરે સ્વભાવ ટળે; નહિ તો ન ટળે." (પ્ર. ૨ વાત-૧૫)

એક વખત થાણા ગાલોળના માવા ભક્તે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, "ત્યાગીને સ્ત્રી અને ધન એ બે નથી જણાતા, પણ દેહ અને સ્વભાવ એ બે તો જણાય છે." ત્યારે સ્વામીએ કહ્યું હતું કે, "દેહમાં ધન રહ્યું છે ને સ્વભાવમાં

સ્ત્રી રહી છે. તે કેમ રહી છે ? તો ઉપરથી તો ત્યાગ કરીને બેઠો છે, પણ જો દેશકાળે કરીને સ્ત્રીનો યોગ થાય ત્યારે તેને ભોગવવાની આસક્તિ થાય તથા ભોગવે; તે માટે સ્ત્રી તે સ્વભાવમાં રહી છે, ને દેહમાં ધન તો એમ છે જે દેહમાં મંદવાડ થાય તથા કોઈક જાતનો સ્વભાવ પડે તથા વસ્ત્રાદિક પદાર્થ જોઈએ ત્યારે ધનમાં આસક્તિ થાય છે તે માટે ધન તે દેહમાં છે.'' (પ્ર.-૨/૧૯)

૧૮મી વાતમાં સ્વામી કહે છે કે, ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તે જગત છે. તેમાં પણ માન, સ્ત્રી અને ધન એ ત્રણતો વિશેષ જગત છે. માટે ત્યાગીને તો બાળકની પેઠે કોઈ માન કરે તથા કોઈ અપમાન કરે તથા પૂજા કરે તથા ધૂળ નાખે તે બેયને વિષે સમભાવ રહે તો જગતમાં ન લેવાણો ને જો હર્ષ -શોકને પામે તો જગતમાં લેવાણો.'' ''સ્વભાવ માત્રને ટાળીને જ્યારે શુદ્ધ અક્ષરભાવને પામે ત્યારે ભગવાનની સેવામાં રહેવાય'' (૧૯). 'સત્પુરુષનો સંગ કરતા જો કોઈક સ્વભાવ આડો આવે તો તે સ્વભાવનો ત્યાગ કરવો, પણ સત્પુરુષના સંગનો ત્યાગ ન કરવો.'' (૩૩) બરોબરીયા સાધુ સાથે રહેતા હોઈએ તો કહેવું કે, ''મારે આજ્ઞામાં ફેર પડે તો તમારે ટોકવું ને તમારે ફેર પડે તો મારે ટોકવું. '' એમ બેયને એક એકની ખોટ્ય કહેવી. પછી તે દોષ (સ્વભાવ) પોતાની બુદ્ધિયે કરી તેને તપાસીને તેનો ત્યાગ કરવો. (૩૬)

સંતો ! ''પંચ વિષયને વિષે દોષ રહ્યા છે તે વિચારીને તેના દોષને મોટા સંત પાસેથી શીખે; પછી તેનો અભ્યાસ કરીને તે રાગને ટાળ્યાનો અભ્યાસ નિત્યે તીવ્ર શ્રદ્ધા રાખીને કરે તો ધીરે ધીરે રાગ ટળે; નહિ તો ન ટળે;'' (૫૧) અને જેનો કોઈક જાતનો અયોગ્ય સ્વભાવ હોય ને તેમાંથી તેના જીવનું ભુંડું થાય એવું હોય તેને ભગવાન કે સંતો ટોકે ત્યારે તે સવળું ન

લેવાય ને અવળું લેવાય અને એની આંટી બંધાય એવો જે હોય તેના સત્સંગનો નિરધાર ન જાણવો. એતો જ્યારે ત્યારે જરૂર વિમુખ થાય. – માટે સ્વભાવને ટાળવા સારું મોટા પુરુષ કઠણ વચન કહે તેને હિતકારી માનીને તે પ્રમાણે વર્તવું પણ આંટી ન બાંધવી” (૫૮)

*જરૂર જાવું છે જાણજો રે, પ્રભુજીની પાસ*
*એવી દેશિયે મ આણજો રે, વણ કર્યે તપાસ*
*જાણો જગ મોટાઈ જુઠ છે રે, તેની તજો તાણ*
*એને ઈચ્છે તે હૈયા ફૂટ છે રે, ન ઈચ્છે સુજાણ*
*મેલો લાભ આ લોક સુખનો રે, પ્રીત કરો પરલોક*
*એતો મત છે મુરખનો રે, ખોટે હરખ શોક*
*રૂડા સંતની રીતડી રે, જાણો જુદી જન*
*જેનો પ્રભુ સાથે પ્રીતડી રે, તે વિચારો મન*
*માથે કલંક નો મરશું રે, એ તો છે અકાજ*
*તે તો નિષ્કુળાનંદ નરસું રે, જોઈ રીજે નહિ રાજ*

**ચોસઠપદી-૨૦**

## *બારમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! જીવનમાં દુઃખો આવે ત્યારે રડવાની જરૂર નથી, પણ જીવનમાં દોષો આવે ત્યારે રડવાની જરૂર છે. જન્મ-મરણનાં દુઃખોમાંથી કાયમ માટે જીવાત્માને છૂટકારો અપાવવો હોય તો વિષયના દોષોથી દૂર રહેવું જોઈએ. સંયમજીવનના આપણા મકાનમાં જો સદ્ગુણોને હંમેશાં હાજર રાખવામાં આપણે સફળ નહિ બનીએ તો દુર્ગુણો એ મકાનનો કબજો જમાવી દેવામાં સફળ બનીને જ રહેવાના છે.

કરૂણાને હાજર નહિ રાખીએ તો ક્રોધ લાઈનમાં ઊભો જ છે. ઉપાસનાથી, પ્રભુની દિવ્ય સ્વરૂપ મૂર્તિથી હૃદયને તરબતર નહિ રાખીએ તો, વાસનાનો પ્રવેશ અનિવાર્ય જ છે. સમર્પણભાવથી હૈયાને ભીંજવી નહિ દઈએ તો, સ્વચ્છંદમતિ હુમલો કરવા તૈયાર જ છે. ભૂતકાળનો એટલે કે ગયા જન્મોનો રેકોર્ડ આપણો બહુ ખરાબ છે. ગતજન્મોમાં આપણે પ્રત્યેક ઈન્દ્રિયોને વૈશ્યા બનાવી દીધી હતી ! આંખને રૂપવાન નારીઓને નિરખી નિરખી તગતગતી રાખી હતી. કાનને કુસંગના શબ્દો અને નિંદા સાંભળવામાં વ્યસ્ત રાખ્યા હતા. જીભને રસલંપટતાને રવાડે ચડાવી હતી. સ્પર્શને મુલાયમતાનો ગુલામ બનાવ્યો હતો અને મનને સતત વિષય ચિંતનમાં જ વ્યસ્ત રાખ્યું હતું.

ભૂતકાળનો આ ખોટો વારસો આપણને આ જન્મમાં જન્મતાની સાથે પ્રથમ દિવસથી જ મળ્યો છે. આજે આપણી પાસે સંયમ જીવન છે, તો પણ તે ગલત વારસો અંદર છુપાઈને બેઠો છે ! યોગ મળતાની સાથે તે ઊભો થઈને આપણને બદનામ કરી મુકશે, માટે સતત સાવધાન રહેવાનું છે. જેમ ફ્રીજમાં મૂકેલ પેટ્રોલની દાહકતા તો ગમે તેટલા કલાકો, દિવસો કે મહિનાઓ

પછી પણ જીવંત જ હોય છે, તેમ સંયમ જીવન હાથમાં હોવા છતાંય મનમાં પેલા ખરાબ સંસ્કારોનો વારસો તો એવોને એવો જ અકબંધ પડ્યો જ છે. સમાજમાં અને સત્સંગમાં સંતોની એક એક વર્તનની સમીક્ષા થતી હોય છે, માટે સંતોએ પોતાના આચરણ બાબત સતત સાવધાની રાખવી જોઈએ.

પરમાત્માનાં દર્શન તો હજી આપણા મનમાં માંડ માંડ ગોઠવાઈ રહ્યાં છે, જ્યારે પરસ્ત્રી દર્શન તો આપણા મનનો અનંત કાળથી કબજો લઈને બેઠું છે. તપશ્ચર્યા હજી આપણા મનમાં પા-પા પગલી ભરી રહી છે, જ્યારે રસ લોલુપતા તો આપણા મનમાં અનેક કાળથી પડી છે. સાધનાનું આકર્ષણ હજી સૂર્યોદયની ભૂમિકાનું છે, જ્યારે વાસનાનું આકર્ષણ તો મધ્યાહ્નકાળના સૂર્યનું પ્રતિનિધિત્વ ધરાવે છે. હરિકથા તો હજી મનમાં પ્રવેશી રહી છે, જ્યારે ગ્રામ્યકથા તો મનમાંથી જવાનું નામ જ લેતી નથી. આનું પરિણામ એ આવ્યું છે કે સારા નિમિત્તો હોવા છતાં, સંયમ જીવન હાથમાં હોવા છતાં અને આજુબાજુનું વાતારવરણ પવિત્ર હોવા છતાં મન પેલા જુગ જુગના ગંદવાડનું વાહક બની રહ્યું છે. એ બધું અંતરમાંથી કાઢવા માટે શ્રીજી મહારાજની આજ્ઞામાં રહેવું જોઈએ.

સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી કૃત, 'શ્રીહરિચરિત્રામૃત સાગર' ગ્રંથમાં શ્રીહરિજી ત્રીજા પુરના ૪૪ મા તરંગમાં કહે છે કે, "ત્યાગીની રીતે ત્યાગીએ વર્તવું. ધનને કાકવિષ્ટા સમાન જાણી, સ્ત્રીમાત્રનો સ્પર્શ, તેની સાથે ભાષણ, તેનું દર્શન તથા તેની વાતનું શ્રવણ કરવું નહિ. સ્ત્રીઓને જે જે ક્રિયાઓ કરવાનું સ્થાનક હોય ત્યાં ત્યાગીએ તે તે ક્રિયાઓ કરવી નહિ. પુરુષ દ્વારા ત્યાગીએ સ્ત્રીઓને જય (સ્વામિ) નારાયણ કહેવા નહિ તથા લેવા નહિ. સ્ત્રીનો સંકલ્પ તથા છાની ગોષ્ઠિ કરવી નહિ. સ્વપ્નમાં પણ સ્ત્રીસંગ થાય
૭ તો કેવળ જળ વિના બીજા કોઈ પણ પદાર્થ ખાધા પીધા વિના એક દિવસ

ઉપવાસ કરવો. જે જે નિયમનો ભંગ થાય તેને માટે એક એક ઉપવાસ કરવો અને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માનીપણે વર્તવું; જેથી સંપ્રદાયને દૂષણ લાગે નહિ. આ નિયમો પાળશે તેનો ઉદ્ધાર કરીશું. બ્રહ્માદિકને દુર્લભ એવું અક્ષરધામરૂપી પદ પમાડીશું."

સંતો ! રંગમંચ પર રાજાનાં કપડાં પહેરીને નાટક ભજવનારો નટ કે ભવાયો પણ ખેલ પુરો થાય ત્યાં સુધી કપડાંની વફાદારી જાળવી રાખે છે, તો પછી આપણે તો સંસારને છોડી સાધુનો વેષ ધારણ કર્યો છે તો એ વેષની વફાદારી ન જાળવીએ તો કેમ ચાલે ? આ પ્રસંગને પુષ્ટ કરતો પ્રસંગ ગઈ સદીના પ્રખ્યાત રંગમંચના અભિનેતા મૂળજી આશારામનું દ્રષ્ટાંત સાંભળો.

એક વાર મૂળજી આશારામનું ભવાઈ મંડળ ભાવનગરમાં રમવાં આવ્યું. ખુદ ભાવેરાના (ભાવનાગરના)૧૮૦૦ પાદરના ધણી કુષ્ણકુમારસિંહજી પણ ખાસ નાટક જોવા પધાર્યા હતા. સ્ટેજ પર મૂળજી આશારામ ભતૃહરિનું પાત્ર ભજવી રહ્યા હતા. તેણે એટલો સુંદર અભિનય કર્યો કે કૃષ્ણકુમારસિંહ આફરીન થઈ ગયા ને વાહ ! વાહ ! મૂળજી ! વાહ ! વાહ ! ભતૃહરિ; આમ બોલતાં બોલતાં પગમાં પહેરેલ સોનોનો તોડો કાઢીને સ્ટેજ પર ઘા કર્યો. પરંતુ મૂળજી આશારામે આભાર માનવાને બદલે એ જ તોડાને તલવારની અણીમાં ભરાવી રંગમંચ પરથી જ ઊભા ઊભા કૃષ્ણકુમારસિંહના પગમાં પાછો ફેંક્યો ! અને બોલ્યાઃ "કૃષ્ણકુમાર ! હું માલવ પ્રદેશનો (ઉજ્જૈન નગરીનો) મહારાજા ભરથરી છું. તમારી આપેલ ભેટ મને ન ખપે. અત્યારે હું તમારી ભેટ લઉં તો મારો વેષ લાજે." આ પ્રસંગને યાદ રાખી આપણે સંતોએ પણ આપણો વેષ લાજે એવું કોઈ અયોગ્ય કાર્ય ન કરવું જોઈએ.

સંતો ! તમને ખ્યાલ જ હશે કે, શૂન્યને સમજ્યા વિના ગણિતમાં

આગળ વધી શકાતું નથી. જમીનમાં પાયો ઊભો કર્યા વિના ઈમારત બાંધવામાં સફળતા મળી શકતી નથી, કાગળની વ્યવસ્થા વિના પુસ્તક લખવામાં સફળતા મળી શકતી નથી. – બસ એ જ રીતે સંયમ જીવન વિના મુક્તિની સફળતા મળી શકતી જ નથી. મીઠાઈ બનાવતા પહેલાં કંદોઈ ખાંડ હાજર જ રાખે છે, શાક બનાવતા પહેલાં ગૃહિણી સ્ત્રીઓ મીઠું હાજર રાખે જ છે, ધંધો કરતા પહેલાં વેપારી રૂપિયા હાજર રાખે જ છે અને ઓપરેશન કરતા પહેલાં ડૉક્ટર ક્લોરોફોર્મ હાજર રાખે જ છે – બસ એ જ રીતે ભગવાનના ધામમાં જવા માટેના અર્થાત્ મુક્તિ માટેના બીજા બધાં સાધનો રાખતા પહેલાં મુમુક્ષુ સાધુ સંયમજીવન રાખે જ છે.

હે વ્હાલા સંતો ! સંયમ જીવનમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે એ માટે તો મૂળ અક્ષરમૂર્તિ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી વાતોમાં કહે છે કે, "સત્સંગનું કામકાજ આચાર્યની આજ્ઞાએ અથવા મોટા સાધુની આજ્ઞાએ કરવું, પણ તેમાં પોતાને સ્ત્રી ધનાદિક વિષયનો સંબંધ થઈ જાય ને વચનનું ઉલ્લંઘન થઈ જાય ને અંતે કોઈ પદાર્થમાં આસક્ત થઈ જવાય ને વિમુખ થઈ જવાય એવું વચન ન માનવું, એટલો તો પોતાને જાણે પોતે વિચાર કરવો, પણ તેમાં મોટેરાનો વિશ્વાસ ન રાખવો. કેમ જે મોટેરા તે પોતાનાં કામ કરવાના સ્વાર્થ પરાયણ હોય, પણ આ જીવ આવો છે તે એને આનો સમાગમ થાય તો વધે ને આનો સમાગમ થાય તો ઘટી જાય એવી રીતે સર્વ પ્રકારે જીવનું પરલોકમાં હિત થાય એમ કરતાં આવડે એવો મોટેરો તો હોય કે ન હોય, માટે આટલો તો પોતાને જ વિચાર રાખવો. (પ્ર.૨-૬૫)

સંતો ! સંયમી જીવન જીવવાનાં બે કારણો મુખ્ય છેઃ એક તો એ કે અક્ષરધામમાં જઈ અખંડ શ્રીજી મહારાજની સેવામાં રહેવા માટે એટલે કે

મોક્ષ માટે અને બીજું એ કે જન્મ-મરણ અને યમ યાતનાનાં દુ:ખોમાંથી છૂટકારો મેળવવા માટે. પ્રશ્ન એ છે કે, આપણને જન્મ-મરણ ને નરક-ચોરાશીની બીક લાગે છે ખરી ? અક્ષરધામમાં જવાની ઉતાવળ છે ખરી ? શ્રીહરિજીની સેવા કરવાની ઉતાવળ છે ખરી ? અને જો છે તો ગપ્પા મારવામાં અને આળસ-પ્રમાદમાં તેમજ અતિ નિદ્રામાં સમયને વેડફી રહ્યા છીએ એવું કરતા હોત ખરા ? સમયના સદ્વ્યયની બાબતમાં આપણે અસાવધ હોત ખરા ? બિન જરૂરી ગ્રામ્યવાર્તા કરવામાં આપણે તત્પર હોત ખરા ? શિક્ષાપત્રીમાં તો શ્રીજી મહારાજે સ્વયં કહ્યું કે , '' વ્યર્થ કાલો ન નેતવ્યો ભક્તિં ભગવતો વિના.'' અર્થાત્ સાધુ-સંતોએ પોતાનો સઘળો સમય ભગવાનની નવધા ભક્તિમાં જ ગાળવો. કોઈ સાંસારિક પ્રસંગ હોય તેમાં સમય વેડફવો નહિ. ''ગ્રામ્યવાર્તા ન કાર્યા ચ ન શ્રવ્યા બુદ્ધિપૂર્વકમ્'' એટલે કે ગપ્પાં ન મારવાં અને બીજાનાં સાંભળવાં પણ નહિ.

સંતોએ પોતાનો કીમતી સમય સત્સંગને માટે જ વાપરવો જોઈએ. કારણ કે સંતોએ મોક્ષ સંબંધી પ્રવૃત્તિ માટે જ ત્યાગીની દીક્ષા લઈ પોતાનો દેહ ભગવાન અને સત્સંગને માટે સમર્પણ કર્યો હોય છે. તેઓની દરેક ક્ષણો ભગવાન અર્થે જ કલ્પાયેલી હોય છે. એ રીતે ભગવાન અર્થે અર્પણ થયેલા સમયમાંથી જેટલી ક્ષણ બીજા કાર્યમાં વપરાય તે સમયનો દુરુપયોગ ગણાય છે; માટે નવ પ્રકારની ભક્તિમાં જે રુચે તે કરતા જ રહેવું જોઈએ.

પોતાના ધારેલા નિયમોમાં, કથા-વાર્તામાં, ભગવાનની પ્રત્યક્ષ સેવા પૂજામાં, મંદિરો વાળવાં-ધોવામાં, મંદિરની જગ્યાઓ સ્વચ્છ રાખવામાં, મંદિરો રીપેર કરવામાં કે નવાં કરવામાં, સત્સંગના ગ્રંથો વાંચવામાં ને લખવામાં, સત્સંગની શુદ્ધિ અને વૃદ્ધિ માટે ઉપદેશ વગેરે પ્રવૃત્તિ કરવામાં,

ધ્યાન-ભજન કરવામાં, અને સત્કાર્યોમાં રુચિ પ્રમાણે યથાશક્તિ નિરંતર પ્રવૃત્ત રહેવું જોઈએ. તેમજ જેમાં ભગવાન કે સત્સંગની સેવાનો સંબંધ ન હોય તેનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રમાણે સંતોએ માત્ર ભગવાન પરાયણ જીવન કરી દઈ પોતાની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો જોઈએ.

સંતો ! ઉપરોક્ત ઉપદેશરૂપ પ્રશ્નોનો ઉત્તર ના માં આવતો હોય એટલે કે એ બધું કરવું ગમતું ન હોય ને ન કરતા હોઈએ, તથા જે ન કરવાનું છે તે કરતા હોઈએ તો સમજી લેવાનું કે આપણને ધામમાં જવાની ઉતાવળ પણ નથી અને જન્મ મરણ લેવા પડે એની બીક પણ નથી. આવું જો આપણે કરતા હોઈએ તો એ આપણું અતિ અજ્ઞાન સમજવું અને એ અજ્ઞાનને છોડી દઈને નવેસરથી જીવન વ્યવસ્થા અને આંતર વ્યવસ્થા ગોઠવી સંયમીજીવન જીવવાનું શરૂ કરી દેવું જોઈએ.

સંસાર ભ્રમણનો ભય આપણા જીવનમાં ઉતારી દેવો જોઈએ કે જેથી કરી આપણે ત્યાગાશ્રમમાં ટક્યા રહીએ અને આપણને શ્રીજી મહારાજની આજ્ઞામાં વ્યસ્ત ને મસ્ત રહેવા સિવાય બીજું કાંઈ સુઝે જ નહિ. વ્રતો અને સંયમના શુદ્ધ પાલન માટે પ્રતિકૂળતાઓ અને દુઃખો વેઠવા પડે તો વેઠી લઈએ. દેહનાં સુખોને દેશવટો આપવો પડે તો આપી દઈએ, સ્વચ્છંદતાને છોડવી પડે તો છોડી દઈએ અને અપેક્ષાઓને એક બાજું ધકેલવી પડે તો ધકેલી દઈએ, પણ સંયમ જીવનનો ક્યારેક પણ ભંગ ન જ થવા દઈએ.

સંતો ! યાદ રાખજો, વાઘ સવારી જેવું સાધુનું સંયમી જીવન છે. વાઘ પર એકવાર સવારી થયા પછી એના પરથી ઊતરી જવામાં મોત નિશ્ચિત છે – એ જ રીતે સંયમ જીવનનો એકવાર સ્વીકાર કર્યા પછી એને છોડી
૯ વિષયભોગ ભોગવવા એના માટે દુર્ગતિ નિશ્ચિત જ છે એમ જાણજો. હવે

તો પારોઠાનાં પગલાં ભરીને સંયમીજીવન છોડવાનું નથી અને અનેક જન્મોમાં ઈન્દ્રિયોના વિષયો પાછળ પાગલ બનીને જે વિષય સુખો આપણે ભોગવ્યા છે એ ભોગવવાની ફરીને ભૂલ કરવાની નથી; હવે તો સતત જાગ્રત રહેવાનું છે અને દોષોનો ત્યાગ કરી સદ્‌ગુણો વધારવાના છે.

*શુકજીએ નથી સંઘર્યું રે, ધાતુ વળી ધન,*
*નાણું નારદે ભેળું ન કર્યું રે, કહે છે કોયે દન*
*જડભરતે ન જોડાવિયું રે, ગાડું ગાડી વે’લ*
*કદરજનું વ્યાસે કા’વિયું રે, ખરી ક્ષમાનો ખેલ*
*સનકાદિકે સુખ કારણે રે, ઘોડું ન રાખ્યું ઘેર*
*આતો બાંધ્યાં બીજાને બારણે રે, કરવા કાળો કેર*
*મેલી ઊભી અસલ રીતને રે, નકલ લીધી નેક*
*તેતો ચોટી ગઈ ચિત્તને રે, છોડી ન છુટે છેક*
*કોઈ કહે એની કોરનું રે, તેશું બંધાયે વેર*
*કહે નિષ્કુળાનંદ નોરનું રે, મુંપર રાખજો મે’ર*

**ચોસઠપદી-૧૯**

## *તેરમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! હું તમોને એક બોધદાયક પ્રસંગ કહું છું તે તમો સાંભળો. એક માણસ જંગલમાં ખૂલ્લા પગે જઈ રહ્યો હતો. રસ્તામાં અનેક પ્રકારના કાંટા-કાંકરા હતા. કાંકરા એના પગને વાગી રહ્યા હતા અને કાંટા વાગવાથી તો લોહી નીકળવા લાગ્યું હતું ! તેના કારણે વેદના પણ થતી હતી. તો પણ એણે રસ્તો બદલ્યો નહિ, તેમજ પાછો પણ વળ્યો નહિ. બીજા માણસો એને જોઈને એની મૂર્ખતા પર હસતા હતા અને પાછું વળી જવાનું કહેતા હતા ; પરંતુ પેલો માણસ તો આગળ જ જતો હતો.

આગળ જવાનું રહસ્ય તો એ એકલો જ જાણતો હતો. કારણ કે એ રસ્તામાંથી એને હીરાઓ મળતા હતા અને આગળ હજુ વિશેષ હીરાની ખાણ મળવાનું તેને કોઈએ કહ્યું હતું. તેથી તે વિચારતો હતો કે, "લોહી નીકળવું હોય તો ભલે નીકળે, પણ ચાલવું તો છે આ જ રસ્તેથી, કારણ કે આખી જિંદગીનું દારિદ્ર્ય ટળી જાય એવી ખાણ આગળ આવવાની છે." બીજી બાજુ એવું પણ વિચારતો હતો કે, " આ રસ્તો હવે જો છોડી દઈશ તો જંગલની ઝાડીઓમાં ઠેર ઠેર છુપાઈને બેઠેલા સિંહ-વાઘ વગેરે હિંસક પ્રાણીઓ મને મારી નાખશે." આ ભય પણ એના મનમાં સ્થિર થઈ ગયો હતો. એક બાજુ શ્રીમંત બનાવી દેતા હીરાઓનું ભરપૂર આકર્ષણ અને બીજી બાજુ મોતનો શિકાર બની જવાનો ભય. એક બાજુ શરીરની વેદનાની પીડા મુખ પર દેખાતી હતી, તો બીજી બાજુ હીરાઓ મળવાનો આનંદ પણ મુખ પર ઝળકી રહ્યો હતો.

સંતો ! દ્રષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે, સંયમજીવન સ્વીકારનાર સાધુના જીવનમાં પણ આવું જ હોય છે. ગમે તેવું અને ગમે ત્યારે જમવાનું મન

માગે, તો પણ આપવાનું નહિ; એના નિયમ મૂજબ અને સમય મૂજબ જ ભગવાનને ધરાવીને આપવાનું ! ગમે ત્યારે અને ગમે તેવું રૂપ જોવાનું મન કહે, તો પણ તેને સ્ત્રીનું રૂપ બતાવવાનું નહિ; એના નિયમ મૂજબ ભગવાનનું જ રૂપ મંદિરમાં જઈને દર્શન કરાવવાનું. ગમે ત્યારે અને ગમે તેવા શબ્દો સાંભળવાનું મન કહે, તો પણ તેને વિકારી ફિલ્મના શબ્દો કે નિંદા-કૂથલીના શબ્દો કે ફિલ્મી ગાયન સંભળાવવા નહિ; એના નિયમ મૂજબ મંદિરોમાં જઈ પ્રભુનાં કીર્તનોના શબ્દો અને મહાપુરુષોના જ શબ્દો સંભળાવવાના. ગમે ત્યારે અને ગમે તેવા સ્પર્શ કરવાનું મન કહે, તો પણ એને સ્ત્રીનો સ્પર્શ કે દાઢી-મૂંછ ન ઉગી હોય એવાં બાળકોનો સ્પર્શ કરાવવો નહિ; એના નિયમ મૂજબ પરમાત્માનો સ્પર્શ અને મહાન સંતોનો સ્પર્શ જ કરાવવાનો અને ગમે તેવા અને ગમે ત્યારે સુગંધ લેવાનું મન કહે, તો પણ એને પ્રસાદી વિનાનાં ફૂલની સુગંધ સુંઘાડવી નહિ; એના નિયમ મૂજબ ભગવાનની પ્રસાદીનાં ફૂલનો જ સુગંધ લેવડાવવો, અર્થાત્ દેહ અને મન બંનેનું ધાર્યું કરવાનું નહિ.

સંતો ! આવી રીતે દેહના અંત સમય સુધી કરવાનું. એમાં થાકવાનું નહિ અને કંટાળવાનું પણ નહિ. વ્રત-તપ કરીને દેહની શક્તિ ઘટાડવાની અને નવ પ્રકારની ભક્તિ કરીને મનની શક્તિ-ચંચળતા ઘટાડવાની. આવું સંયમ પૂર્વકનું જીવન હોવા છતાં પણ મુમુક્ષુ સંતો એનો પ્રેમથી સ્વીકાર કરે છે. — કારણ કે તેઓને ખ્યાલ આવી ગયો હોય છે કે, દેહના સુખોને જ લક્ષ્યમાં રાખીને સંયમ છોડી દઈશું તો આગળ હીરારૂપી પરમાત્માની મુર્તિનું સુખ અને મુક્તિની પ્રાપ્તિ નહિ થાય તેમજ સંસારરૂપી જંગલમાં રહેનારા કામ ક્રોધાદિક જંગલી પશુઓનો શિકાર બની જઈશું. આવું વિચારી સંતો પ્રેમથી દેહના કષ્ટોને સહન કરતા થકા આનંદથી રહેતા હોય છે, કારણ કે તેઓ જાણતા હોય છે કે, દેહની આયુષ્ય છે, ત્યાં સુધી સંયમી જીવન જીવીશું

તેથી શ્રીજી મહારાજ અંતકાળે પોતાના અક્ષરધામમાં લઈ જશે. પછી તો ત્યાં સુખ સુખ ને સુખમાં જ રહેવાનું છે.

યાદ રાખો, સંસાર એ જંગલ છે. માર્ગ એ ચારિત્ર્ય છે. એ માર્ગની બંને બાજુ વેરાયેલા હીરાઓ એ સદ્‌ગુણો છે. માર્ગપરના કાંટાઓ એ કષ્ટો છે. માર્ગની વિપરીત દિશામાં રહેલા વાઘ-સિંહ હિંસક પ્રાણીઓ એ અંતઃશત્રુઓ છે અને હીરાઓની ખાણ એ પરમ કૃપાળુ પરમાત્માનું અક્ષરધામ છે.

સંતો ! અનંતકાળથી સંસારના પરિભ્રમણમાં આપણે એ ભૂલ કરી છે કે, મારું સુખ, મારી સ્વસ્થતા અને મારી પ્રસન્નતા આ બધાં સુખોને કેન્દ્રમાં જ આપણે અનેક જીવન વિતાવ્યાં છે. એ દરેકની ઈચ્છા પૂર્ણ કરવા માટે ગમે તેવી શાસ્ત્રની આજ્ઞા લોપવી પડે એમ હતી તેને લોપી પણ છે. અને એના જ ફળ સ્વરૂપે સંસારમાં અનેક જન્મોથી રખડી રહ્યા છીએ. આવો, હવે જાગૃત થઈએ, મોહરૂપી નિદ્રાથી મુક્ત બનીએ, એના માટે કષ્ટો સહન કરવાં પડે તો તૈયાર રહીએ અને મન સાથે સંઘર્ષો કરીએ. આતો પ્રસૂતિની વેદના છે ! ગુણોનો જન્મ થયા પછી તે વેદના ભૂલાઈ જ જવાની છે.

એક માણસ હિમાલયમાં ગયો. ત્યાં તોફાની પવન ફૂંકાઈ રહ્યો હતો. ધોધમાર વરસાદ વરસવા લાગ્યો. હિમશિલાઓ તૂટવાના અવાજ આવવા લાગ્યા અને વાતાવરણમાં ધુમ્મસ છવાઈ ગયું. તે માણસને ૮૮૪૮ મીટરની ઊંચાઈ પર આવેલ એવરેસ્ટ શિખર સર કરવું હતું, પરંતુ ભયંકર વાતાવરણ જોઈને એની છાતી બેસી ગઈ એ હિંમત હારી ગયો અને છેક હિમાલયની તળેટીએ પહોચ્યા પછી પણ ઘર તરફ પાછા ફરી જવાનો એણે
૧ નિર્ણય કરી લીધો.

એક માણસે એવું સાંભળેલ કે, ‘એક જ સાચુ મોતી જો હાથમાં આવી જાય તો આખી જિંદગી આરામથી જીવી શકાય. આવું સાંભળીને સાગરના તળિયે મરજીવા બનીને પહોંચી જવાનો એણે દ્રઢ નિરધાર કરી લીધો. એ અંગેની તાલીમ લેવાનું પણ એણે શરુ કરી દીધું અને એક દિવસ ઘેરથી સાગર તરફ જવા પ્રયાણ પણ કર્યું.—પરંતુ બન્યું એવું કે એ જ દિવસે સમુદ્ર તોફાને ચડ્યો હતો ! વાંભ વાંભ જેવડા એનાં મોજાંઓ ઊછળતાં હતાં. મોટાં મોટાં વહાણોને ફંગોળી રહ્યાં હતાં. મોટી મોટી વ્હેલ માછલીઓ પણ તે મોજાંઓની સાથે આકાશમાં જઈને નીચે ફંગોળાતી હતી ! સાગરનું આવું વિકરાળ સ્વરૂપ જોઈને તે ગભરાઈ ગયો, તેથી ફરી ક્યારેય પણ મોતીઓ મેળવવાનાં સ્વપ્નાં ન જોવાનો નિર્ણય કરી પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો.—

બસ એ જ રીતે સંસારનો ત્યાગ કરીને આવેલા મુમુક્ષુઓએ સંતની દીક્ષા લીધી છે, તેઓના મનમા ભગવાનના ધામનું સુખ લેવાની ઈચ્છા તો થઈ આવે છે, પણ સંયમ જીવન સ્વીકારીને વ્રત-તપાદિક જે કરવું પડે છે અને આત્મનિષ્ઠા રાખવી પડે છે, આવું સાંભળીને તેમજ જોઈને અને થોડું અનુભવીને તેઓ ગભરાઈ જાય છે અને સંયમી જીવનને છોડી દઈને પાછા સંસારમાં જવાની ઈચ્છા થઈ આવે છે અને જાય છે પણ ખરા ! પરંતુ એને ક્યાં ખબર છે કે જે સંયમી જીવન છોડવા તેયાર થઈ ગયા છો એમાં કેટલી તાકાત છે ? એ સંયમી જીવનમાં જન્મ-મરણ છોડાવવાની શક્તિ છે. એનામાં અનેક જન્મોનાં કર્મો બાળવાની તાકાત છે, એનામાં અક્ષરધામ મેળવી દેવાની શક્તિ છે, એનામાં યમયાતનામાંથી મુક્ત કરાવવાની તાકાત છે.

હે સંતો ! આટલો બધો ફાયદો થતો હોય તો પછી સંયમજીવનને અપનાવવાની ઈચ્છા કેમ ન થાય ? અર્થાત્ થાય જ; છતાં પણ એવું કોણ છે

જે આવા જીવનનો સ્વીકાર કરવાની ના કહે છે ? આ પ્રશ્નનો એક જ જવાબ છે અને એ આપણા પોતાના જ સ્વભાવ છે. આ સ્વભાવને શ્રીજી મહારાજે અંત્ય પ્રકરણના ૨૦મા વચનામૃતમાં વાસના કહી છે. આવું સાંભળી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો હતો : '' હે મહારાજ ! જીવ સાથે એકરસપણાને પામી રહ્યાં એવાં જે કર્મ એને જ સ્વભાવ તથા વાસના કહો છો, એ વાસનાને ટાળ્યાનો શો ઉપાય છે ?'' પછી શ્રીજી મહારાજે જવાબ આપ્યો :'' એ વાસનાને ટાળ્યાનો ઉપાય તો આત્મનિષ્ઠાએ સહિત ભગવાનની ભક્તિ કરવી એ જ છે.'' માટે હવે તો વાસનારૂપ જે સ્વભાવ એને વશ ન બનતાં આત્મનિષ્ઠાએ સહિત શ્રીહરિજીની ભક્તિ કરીને સહજાનંદ પ્રભુને વશ બનીશું તો સહજ-આનંદ મળી જશે અને સંયમજીવન જીવવાનો આનંદ પ્રાપ્ત થઈ જશે.

હે વ્હાલા સંતો ! સાધુ -સંતોને ન શોભે એવી એક પણ વૃત્તિ કે પ્રવૃત્તિનો શિકાર ન બની જવાય એનું સતત અનુસંધાન રાખવું જોઈએ. એક વાત એકાગ્રતાથી સાંભળોઃ લોક નજર તમારી આંખને વિજાતીય પ્રત્યે સ્થિર થતી અટકાવશે, ઉપસ્થિત વ્યક્તિઓની આંખની શરમ પણ તમોને સાધુ સંતોના જીવનને ન શોભે એવી પ્રવૃત્તિથી બચાવશે, પરંતુ સ્વરૂપવાન સ્ત્રીઓના સહવાસ માટે વલખાં મારતા મનને, અનુકૂળતા મેળવવા માટે લાલાયિત બનતા મનને, ત્યાગીઓના સંયમજીવનમાં ન શોભે તેવા વિચારોમાં અટવાતા મનને એ રસ્તેથી પાછું વાળવા માટે સાવધાન બની જાઓ. આપણે વસ્તુ -પદાર્થોને બગડતાં અટકાવવા માટે બહુ પ્રયત્નો કર્યા, પરંતુ હવે મનને બગડતાં અટકાવવા માટે સજાગ બની જઈએ. લાંબાં પ્રવચનો આપીને જગતને બહુ રાજી કર્યું, હવે મનને પવિત્ર બનાવી પ્રભુને રાજી કરી લઈએ. જગતને રાજી કરવા કરતાં જગત્પતિને રાજી કરીશું એટલે

મનને જીતવામાં જગદીશ જરૂર મદદ કરશે.

હે સંતો ! આપણે પાણીની વરાળ બનાવવી છે અને પાણીને રાખવું છે માત્ર ૯૬ ડીગ્રી ઉષ્ણતામાને ! શું તેથી પાણીની વરાળ બનાવવામાં સફળતા મળે ખરી ? કદી નહિ. અમદાવાદથી મુંબઈ પહોંચવું છે માત્ર પાંચ કલાકમાં અને ગાડી ચલાવવી છે કલાકના માત્ર ૪૦ કિલોમીટરની ઝડપે ! શું ધાર્યા સમયે મુંબઈ પહોંચી શકીએ ખરા ? ક્યારેય નહિ. અતિ મેલું થઈ ગયેલ જાડું વસ્ત્ર એકદમ સફેદ બનાવવું છે, પણ તે વસ્ત્ર ઉપર હળવા હાથે સાબુ લગાડીએ છીએ, તો શું તે વસ્ત્ર સફેદ બનશે ખરુ ? અસંભવ. –

બસ એ જ રીતે અનેક જન્મોથી પંચ વિષયોનો સ્વાદ ચાખી ગયેલ મનને કંઈ પણ દમન કર્યા વિના કે ભજન - ભક્તિ કર્યા વિના કે તપ કર્યા વિના હળવે હળવે સુધારવાના પ્રયત્નો કરવાથી તે સુધરી જશે ખરૂં ? અશક્ય. તેને વશ કરવા તો નવ પ્રકારની ભક્તિ કર્યા કરવી પડશે, દેહનું દમન શરુ રાખવું પડશે, મનનું દમન શરુ કરવું પડશે, ખોટા વિચારોને સમજણથી બંધ કરવા પડશે અને પંચવિષયના આહારને અતિશુદ્ધ રાખવા પડશે, ત્યારે જ તે તોફાની મન શાંત થશે. મન શાંત થતાં જ પરમાત્માની મૂર્તિનું સુખ અખંડ આવ્યા જ કરશે.

હે સંતો ! ભોજન ઉત્તમ હોય, પણ હોજરી બગડેલી હોય તો ? પુષ્પ સુગંધીદાર હોય, પણ નાકમાં એલર્જી હોય તો ? દ્રશ્ય રમણીય હોય, પણ આંખે ઝામર હોય તો ? સામે શ્રેષ્ઠ સંગીતકાર વાયોલીન વગાડતો હોય, પણ કાન બહેરા હોય તો ? એ જ મનોદશા આપણી છે ! બહાર મળ્યું છે એ બધું જ ઉત્તમ છે, પણ અંદરનું તંત્ર શુષ્ક છે. આપણું મન દુનિયાભરના ઉકરડાઓને અને ગટરોને પણ શરમાઈ જવું પડે એવા અતિશય ગંદા વિચારો

કર્યા કરે છે અને એમાં રમ્યા કરે છે ! હે સંતો ! આ કંગાળ મનઃસ્થિતિમાંથી આપણે જો બહાર નહિ નીકળીએ તો આપણે સ્વીકારેલું સંયમજીવન-ત્યાગાશ્રમ નિષ્ફળ જશે.

*વાત હેતની હૈયે ધારજો રે, સમજીને સુજાણ,*
*કામ પડે એ વિચારજો રે, તો થાશે કલ્યાણ,*
*પ્રભુજીનાં પદ પામવા રે, આ છે સુંદર સાર*
*વડાં વિઘનને વામવા રે, પામવા બેડો પાર*
*કહ્યું લગાડીને કડવું રે, લીમથી ઘણું લાખ*
*એમ કહીને નો'તું લડવું રે, સહુ પૂરશે સાખ,*
*કોય વિંધે આવી કાનને રે, કરીને કળ છળ,*
*પણ સમજો તેના તાનને રે, પે'રાવશે કુંડળ,*
*રૂડું આપણી જે રીતનું રે, શોધી કહ્યું સાર*
*કહે નિષ્કુળાનંદ હિતનું રે, સારું સુખ દેનાર,*

**ચોસઠપદી- પદ - ૨૪**

*થઈ ગરીબ ને ગર્જવાન, શિષ્ય થઈ રહે સર્વનો રે,*
*મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે,*
*ખોળી ખોટ્ય ન રાખે કાંઈ, ભલી ભક્તિ ભજાવવા રે,*
*એક રહે અંતરમાંઈ, તાન પ્રભુને રિઝાવવા રે,*
*એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે,*
*સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે,*

**ચોસઠપદી- ૩૨**

## ચૌદમું પુષ્પ

હે વ્હાલા સંતો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ સંયમજીવનમાં મહાવિઘ્ન કરનારા પંચવિષયથી સાવધાન રહેવા વાતોમાં કહ્યું છે કે, “વિષય છે તેના દોષને વારંવાર વિચાર્યા કરવા ને તે વિષયનો ત્યાગ કરવો ને એવી વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો તો એ વિષય જીવમાં પેસી ન જાય ને એમ ન કરે તો જરૂર વિષય જીવમાં પેસી જાય ને એના જીવને બાધ પમાડી દે એવા એ વિષય ભુંડા છે એમ જાણવું અને એમ વિચાર કરતાં કરતાં જ્યારે એને આમ ખચિત જણાઈ જાય જે સ્ત્રી, ધન, માન, સ્વાદ, કામ, ક્રોધાદિક જે જે આ લોક પરલોક સંબંધી પંચવિષયનું માયિક સુખ છે તેને વિષે સહજ સ્વભાવે લાખો કલેશ જણાયા કરે ને દોષ, દુઃખ, ભય જણાયા કરે અને એમાં સુખ છે એવો તો મનમાં સંકલ્પ પણ ક્યારેય ન થાય ને કેવળ આત્મારૂપ થઈને પરમાત્માનું ચિંતવન કરવું તેમાંજ એક સુખ જણાય એવી રીતે સ્વભાવ થઈ જાય ત્યારે જાણીએ જે કરવાનું હતું તે સિદ્ધ થયું ને એ સંતનો જ્યારે એવો સ્વભાવ થઈ જાય ત્યારે કોઈ વિષય સુખ પામવાનું એ જતન કરે જ નહિ ને સહેજે મળે એવે અન્ન વસ્ત્રાદિકે કરીને એ દેહ નિર્વાહ કરે.” –(પ્ર.૨-વાત-૭૪)

૭૯મી વાતમાં સ્વામી કહે છે કે, “વિષયનો અભાવ કર્યાનો દ્રઢ અભ્યાસ રાખે તો તે જરૂર થાય ને જેને એવો અભ્યાસ નથી થાતો તો એનો ખપ જ નથી. ને જો ખપ થાય તો જરૂર અભ્યાસ કરે, કેમ જે જગતમાં દેખાય છે જે જેને સ્ત્રી, ધન, રાજ્ય, માન, સ્વાદ તેનો ખપ છે તો તેનો અભ્યાસ કરીને તેને સિદ્ધ કરે છે ને તેમાં દૈહિક દુઃખ થાય છે તેને ગણતા નથી રાત દિવસ તેનાજ મનસુબા કરે છે, તેમ અભ્યાસ રાખવો અને એવો અભ્યાસ

નથી કર્યો ને જે સહજ સ્વભાવે સાત્ત્વિકપણાની પ્રકૃતિ થકી અથવા થોડુંક હરિનું માહાત્મ્ય જાણીને નિયમમાં રહીને જે વિષયના ત્યાગી જણાય છે તે જો વિષયનો ત્યાગ જ રાખે ને તેનો સંબંધ જ થાવા ન દે તો તો એ પાર પડે."

હે સંતો ! શિલ્પીના ટાંકણાના મારથી બચી જતો પથ્થર ફાવી જાય કે હારી જાય ? ભઠ્ઠીમાં જવાથી બચી જતો ઘડો કમજોર રહી જાય કે મજબૂત બની જાય ? આગમાં જવાથી બચી જતું સુવર્ણ મલિનતાથી બચી જાય કે શુદ્ધિથી વંચિત રહી જાય ? ઓપરેશનના કષ્ટથી બચી જતો દર્દી સ્વસ્થતા પામી જાય કે સ્મશાને પહોંચી જાય ? આ તમામ પ્રશ્નોનો એક જ જવાબ છે કે બધા જ કાચા રહી જાય છે, કમજોર રહી જાય છે, નબળા રહી જાય છે અને વિશુદ્ધિથી વંચિત રહી જાય છે. યાદ રાખો કે, જો બહિર્જગતમાં પણ કષ્ટોથી બચતા રહેવામાં આ નુકશાન છે તો પછી આભ્યંતર જગતમાં અને એય સંયમીજીવનમાં કષ્ટોથી બચતા રહેવામાં તો કેટલાં બધાં નુકસાનો સ્વીકારવાં પડે છે ? માટે એવા અજ્ઞાનનો ત્યાગ કરી, શરીરનાં સુખોને ગૌણ કરી સંયમી જીવન જીવવાનું શરુ કરી દઈએ.

હે સંતો ! ખુબ ગંભીરતાથી આ વાસ્તવિકતાને આપણે આંખ સમક્ષ અને નજર સમક્ષ રાખવાની જરૂર છે કે , મોક્ષનું કારણ બનતું જીવન આ જગતમાં કોઈ પણ હોય તો એ છે એક માત્ર સંયમીજીવન. આ જીવનમાં સુખનું કોઈ આકર્ષણ નથી અને દુ:ખનો કોઈ તિરસ્કાર નથી. અનુકૂળતા પાછળ દોડવાની કોઇ વાત નથી અને પ્રતિકૂળતાથી ભાગતા રહેવાની કોઇ વૃત્તિ નથી. લક્ષ્ય માત્ર એક જ છે કે દોષોનો ત્યાગ અને ગુણોનો ઉદય. અહિતથી મુક્તિ અને હિતની પ્રાપ્તિ. અસ્થિરતાથી છુટકારો અને સ્થિરતાની અનુભૂતિ.

આવું સર્વોત્કૃષ્ટ જીવન આજે આપણી પાસે છે. આ જીવનમાં પાપપ્રવૃત્તિનું એક પણ કારણ આપણા માટે ફરજિયાત નથી, એક પણ અપશબ્દ બોલવો એ પણ આપણા માટે ફરજિયાત નથી અને એક પણ પાપ નિમિત્તનું સેવન કરવાનું પણ આપણા માટે ફરજિયાત નથી. અને છતાં આ બધું આપણે કરતા હોઈએ છીએ ? – એક વાત દુ:ખ સાથે કહેવી પડે છે કે, ઘણી વાર આપણું બોલવું–ચાલવું, ખાવું–પીવું, બેસવું–ઊઠવું, ઊંઘવું–જાગવું વગેરે દૈનિક ક્રિયાઓનું આચરણ જોઈને ગૃહસ્થોના મનમાં પણ ખળભળાટ થઈ આવે એવી ક્રિયાઓ થતી હોય છે અથવા તો કરતા હોઈએ છીએ. ઘણીવાર આપણા જીવનમાં સાધના કરતાં સગવડો વધારે હોય છે. શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન કરતા હોઈએ છીએ એ કરતાં તો વધારે લોપતા હોઈએ છીએ ! ઘણીવાર આપણાં સુખો તો ગૃહસ્થોનાં સુખોનું પ્રતિનિધિત્વ ધરાવતાં હોય છે !

યાદ રાખો હે સંતો ! આપણો શુદ્ર આનંદ ભોગથી બંધાયેલો છે, યોગથી નહિ. સાધુ -સંતોનાં દર્શન કરી ભોગી યાદ આવી જાય ! પશુ યાદ આવી જાય, વિષયો યાદ આવી જાય, વ્યસની યાદ આવી જાય અને સ્ત્રીઓ યાદ આવી જાય ! જો આવું જ થતું હોય તો આપણે સાધુ કેમ કહેવાઈએ ? આપણા દર્શનથી સામેની વ્યક્તિના વિકારો શાંત થઈ જાય, વ્યસનો છોડવાની ઈચ્છા થઈ જાય અને ભગવાનની ભક્તિ કરવાના વિચારો પ્રગટ થાય તો સમજવું કે આપણામાં સાચી સાધુતા છે.

સ્વામિનારાયણ ભગવાને પ્રથમના ૧૮મા વચનામૃતમાં શ્રીમુખે કહ્યું છે કે, “તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહવર્તમાન ભગવદ્‌વાર્તા

થાતી હોય તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે.'' અર્થાત્ ત્યાં કોઈ વિષયી માણસ આવે તો તે સમયે તેના પણ વિકારો શાંત થઈ જાય છે. ખરા સંતનું આ મુખ્ય લક્ષણ છે. એના બદલે જો ઊલટું થતું હોય તો આપણે માની લેવું કે હજું માત્ર કપડાં જ બદલ્યાં છે, પણ અંતર બદલવાનું બાકી છે. અંદરથી સાધુ થયા નથી, પણ ફક્ત બહારથી જ સાધુ થયા છીએ.

સંતો ! નાવિક ધ્રુવના તારાનું લક્ષ્ય ચૂકી જાય તો એ પોતે કદાચ દરિયામાં ગરકાવ થઈ જાય એટલે કે સમુદ્રમાં અટવાઈને કાંઠો ન મળતાં મૃત્યુ પામે છે, પરંતુ ખુદ ધ્રુવનો તારો જ પોતાના સ્થાનેથી ખસી જાય તો ? દૂર જતો રહે તો ? દિશા બદલી નાખે તો ? શું થાય ? તો તો અનેક વહાણો સહિત અનંત ખારવાઓને પણ દરિયામાં ડૂબાડી દેવામાં નિમિત્ત બની જાય ! બસ એ જ રીતે ગૃહસ્થ ભક્ત કે અભક્ત કદાચ પોતાના સંયમી જીવનથી ભ્રષ્ટ થાય તો એ પોતે જ દુર્ગતિ પામે, પરંતુ સંયમી જીવન જીવતા એવા આપણે સાધુ-સંતો જ જો લક્ષ્ય ચૂકી જઈને વિષયી બની જઈએ તો આપણી તો દુર્ગતિ થાય જ, પણ આપણી સાથે સ્નેહથી જોડાયેલ ગૃહસ્થ ભક્તો પણ એના નિયમોનો સંયમ છોડીને એ માર્ગે ચડી જાય છે અને એની દુર્ગતિમાં નિમિત્ત બનવાનું દુર્ભાગ્ય આપણે લલાટે પણ લખાઈ જાય છે.

વર્તમાન સમયમાં અમુક ધર્મોમાં, અમુક સંપ્રદાયોમાં અને અમુક આશ્રમોની અંદર રહેલા સાધુ-સંતો સંયમી જીવન છોડીને પોતાની રીતે મનમાન્યા વર્તે છે અને એનું આચરણ જોઈને એમના અનુયાયીઓ પણ ફેલ-ફતુર કરે છે તેનું પાપ, કરનાર કરતાં કરાવનારને વધું લાગે છે. ચોળિયો પંથ અને કાચળિયા પંથમાં વ્યભિચાર મુખ્ય છે ! શ્રીજી મહારાજને

જેતલપુરમાં કૌલમતનો ધર્મગુરુ કીચક મળ્યો હતો તે પંચ મકાર જે મદ્ય (દારુ) માંસ, માંછલી, મુદ્રા અને મૈથુન(વ્યભિચાર) એનું સેવન કરનાર હતો અને એમના આશ્રિતોને પણ સંયમ છોડાવી આ પાંચ વિષયોનું સેવન કરાવતો હતો અને એને એ પુણ્ય માનતો હતો !

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી બીજા પ્રકરણની ૬૯મી વાતમાં કહે છે કે,"પોતામાં કોઈ દોષ હોય તે જો બીજામાં પ્રવર્તાવે તો તેથી ઘણા જીવનું ભૂંડું થાય અને તેનું પાપ એને લાગે ને તે દોષનું ફળ તે એ મરીને મુક્ત થાય તો પણ એના બહુ ભૂંડાને કરે." આ એક કારણ અને બીજું કારણ સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં અને મધ્ય પ્રકરણના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે,

*"અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ,*
*તીર્થક્ષેત્રે કૃતં પાપં વજલેપો ભવિષ્યતિ.*

"આ શ્લોકનો ભાવાર્થ એવો થાય છે કે, 'અન્ય સ્થાનમાં પાપ કરે એ તો ધર્મસ્થાનોમાં આવી ભજન ભક્તિ કે વ્રતાદિક કરે એટલે છૂટે, પણ ધર્મસ્થાનોમાં જે પાપ કરવામા આવે, સંયમ છોડી વર્તવામાં આવે તો તેનું પાપ વજલેપ થાય છે, એ ટળતું નથી કે બળતું નથી ! આ શ્રીજી મહારાજનાં વચન પ્રમાણેનો અર્થ અવો પણ થાય કે, સાધુ-સંતો ધર્મસ્થાનોમાં જ રહેતા હોય છે અને ત્યાં તેઓ સંયમ છોડીને પાપ કરે તો કેટલું બધું પાપ લાગે અને એ ધર્મસ્થાનોમાં તેઓ અન્ય પાસે પણ પાપ કરાવે તો તો એની વાત જ શું કરવી ? એ માટે ત્યાગીઓએ સતત સાવધાન રહીને ક્યારેય પણ સંયમીજીવનના પ્રાણરૂપ એવા વર્તમાનધર્મોનો ક્યારેય પણ ત્યાગ કરવો ન જોઈએ.

હે સંતો ! ખાનદાન પરિવારનો સદ્‌ગુણી યુવક અમેરિકામાં વિશેષ

અભ્યાસ માટે આવ્યો હોય ત્યારે એના મનમાં એવો ભાવ હોય છે કે, મારા માતા-પિતાએ નોકરી ધંધામાંથી પૈસા બચાવી મને ભણવા માટે અમેરિકા મોકલ્યો છે અને પૈસા આપ્યા છે, તેથી મારે જલસા કરવામાં સમય ને સંપત્તિ ન બગાડાય, મારે તો ભણવામાં જ ધ્યાન આપવું જોઈએ, પણ તેમાં બેદરકારી ન દાખવવી જોઈએ. – બસ એ જ રીતે આપણે પણ માતા-પિતા અને સ્વજનોનાં આંસુઓને ગૌણ બનાવી ત્યાગાશ્રમમાં આવી સાધુ બન્યા છીએ. તો હવે આપણી સમજણ પેલા વિદ્યાર્થી જેવી રહી છે ખરી કે, "મારા માતા-પિતાએ મને ઉછેરીને પોતાનાં સુખનું બલિદાન કરીને મારી મુક્તિ માટે અને શ્રીજી મહારાજની પ્રસન્નતા માટે મને સત્સંગમાં સમર્પણ કરી દીધો છે, તો હું મુક્તિ માટેના અને શ્રીજી પ્રસન્નતાના પ્રયત્નો કરું છું ખરો ?" આવું અનુસંધાન રાખીશું તો અધ્યાત્મપંથમાં જરૂર આગળ વધી શકીશું.

હે સંતો ! ક્રિકેટર ભલે ને ગમે તેટલો ખ્યાતનામ હોય અને ગમે તેટલાં વરસોથી ક્રિકેટ રમી રહ્યો હોય. ભલે ને એના નામે ૧૦ હજાર રન અને ૭૦૦ વિકેટો બોલી રહી હોય, તો પણ તેણે 'કોચ' પાસે પ્રશિક્ષણ તો લેવું જ પડે છે. કોચની સલાહ તો એણે માનવી જ પડે છે. – એ જ રીતે આપણે સાધુ સંતો પણ ભલે ને ચારેય બાજુથી ખ્યાતિ પામ્યા હોઈએ. ભલેને વર્ષો સુધી વિદ્યાભ્યાસ કરીને અનેક પ્રકારની ઉપાધીઓ (ડિગ્રીઓ) પ્રાપ્ત કરી હોય, ભલે ને અનેક વર્ષો સુધી જપ કરી અનુષ્ઠાનો કર્યા હોય, ભલે ને અનેક વર્ષો સુધી તપ કરી મોટા તપસ્વી બની ગયા હોઈએ, ભલે ને અનેક વર્ષો સુધી કથા-પ્રવચનો કરી મોટા પ્રવચનકાર બની ગયા હોઈએ અને ભલેને અનેક વર્ષો સુધી ગ્રંથો લખીને સિદ્ધહસ્ત લેખક બની ગયા હોઈએ. – તો પણ સંયમ જીવનમાં આગળ વધવા માટે આપણે સંયમી એવા સદ્‌ગુરુની જરૂર અવશ્ય પડે છે. તેઓની સલાહ જરૂર માનવી પડે છે આ વાત અવશ્ય યાદ રાખવાની છે.

હે સંતો ! આગની ચિનગારીનું કદ ભલે ને નાનું છે, શરીરમાં ઉત્પન્ન થયેલ રોગ ભલેને બિલકુલ મામૂલી છે. સાપોલિયું ભલેને એકદમ નાનું છે, તો પણ સમજુ માણસ એમાંના એકની પણ ઉપેક્ષા કરવાની ભૂલ કરતો જ નથી. – બસ એ જ રીતે આપણા મનમાં આવી ગયેલ વિષયભોગના વિચારનું કદ આજે ભલે એકદમ નાનું હોય, પણ એ આવતી કાલે વટવૃક્ષ બની જવાની પૂર સંભાવના છે, માટે એ વિચારને સમજણના શસ્ત્રથી તુરંત કાપી નાખવું જોઈએ. કોઈ બુદ્ધિમાન વ્યક્તિ પાસે કરોડ રૂપિયાના ડાયમંડ હોય અને જે ગલીમાં એ જઈ રહ્યો હોય એ ગલી જ ગુંડાઓની છે એવો ખ્યાલ એને આવી જતાં જ એ વ્યક્તિ તુરંત ત્યાંથી પાછી વળી જાય છે. – એ જ રીતે સંયમી એવા સાધુને ખ્યાલ આવે કે, 'હું જે સ્થાનમાં છું તે સ્થાનમાં મારો સંયમ તુટવાની પૂરી શક્યતા છે.' તુરંત તે સ્થાન છોડી દઈ સંયમ સુરક્ષિત રહે એવા સ્થાનમાં તે જતા રહે છે.

*અતિ ઉદાર સ્વભાવે યુક્ત, તપ કરવા નિષ્ઠા એવા મુક્ત*
*ન કરે કોઈ પ્રકારનું પાપ, ત્યાગે વાત ગ્રામ્યકથા આપ*
*પંચ વિષયની આસક્તિ ટળી, આસ્તિક મતિવાળા છે વળી*
*સત શાસ્ત્ર સુણવા વ્યસન, દ્રઢ વ્રતધાર્યા જેણે મન*
*જીતી નિદ્રા ને જીત્યો આહાર, એવો સંત સદાય ઉદાર*
*સત શાસ્ત્ર પાડે જેની નાજ, તે ન થાય આવે અતિ લાજ*
*ન કરે પોતે પોતાનાં વખાણ, ન કરે બીજાની નિંદા સુજાણ*
*શ્રીહરિના જે ચરણ કમળ, તેનો દ્રઢ આશ્રય અચળ*
*હરિભક્તિ વિના કોઈ કાળ, નથી ખોતા એવા છે દયાળ*
*નિત્ય નારાયણને ભજે છે, અન્ય વાસના સર્વે તજે છે*
*એવા લક્ષણે યુક્ત જે સંત, સત પુરુષ કે'વાય મહંત*
*એહ આદિ શુભ ગુણ જેહ, હોય સાચા સંતમાંહિ તેહ*

*યમદંડ-કડવું-૧૮મું*

## *પંદરમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! એક વાત હંમેશાં યાદ રાખવી કે, આપણે ભલે હજારો શ્લોકો કંઠસ્થ કર્યા હોય, શાસ્ત્રોમાંથી ભલે લાખો શ્લોકોનું વાંચન કર્યું હોય, આપણી ધારદાર તર્કશક્તિ પાસે ભલભલા દાર્શનિકો મોઢામાં આંગળાં નાખી જતા હોય, લેખનકળામાં તો "સિદ્ધહસ્ત લેખક" નું બિરુદ મેળવ્યું હોય, વક્તૃત્વના માધ્યમે તો લાખો લોકોનાં માથાં ડોલાવી શકતા હોઈએ અને સંગીતમાં તો શું વાત કરવી ? એમાં તો અનેક "ગોલ્ડમેડલ" મેળવ્યા હોય, આ સિવાય અનેક પ્રકારની લૌકિક મોટાઈ મેળવી હોય, પરંતુ સંયમ જીવનમાં ફેલ થયા હોઈએ, પંચ વર્તમાનમાં નાપાસ થયા હોઈએ તો આ બધું આપણા જીવનમાં કેટલું ઉપયોગી ? આપણા જીવન પર એનો પ્રભાવ કેટલો ?

જો આવું જ હોય તો આપણું જ્ઞાન એ જ્ઞાન નથી, પણ અજ્ઞાન જ છે. આપણી વિદ્વતા એ વિદ્વતા નથી, પણ બુદ્ધિની કસરત છે ! આપણી વક્તૃત્વકળા કે લેખનકળા કે સંગીતકળા એ માત્ર આપણા અહમ્‌ને પુષ્ટ કરવાનાં સાધનો જ છે. હા, કદાચ એવું બને કે એનાથી અનેક લોકોને એની કળાનો લાભ મળે, પણ એનાથી એને વિશેષ લાભ શું ? દૂધપાકના તપેલામાં રહેલો ચમચો હજારો માણસોનાં મોઢાં મીઠાં કરાવી દે છે, પરંતુ એ પોતે તો જેમ છે એવો ને એવો જ શુષ્ક અને સ્વાદહીન રહી જાય છે.

બસ એ જ રીતે આપણી વિદ્વતા વગેરે કળાઓ અનેકને લાભદાયી બને તોય આપણી હાલત તો આ ચમચા જેવી જ બની રહે છે. અરે ! કદાચ એવું પણ બને કે વિદ્વત્તાનો અહંકાર આપણને વધારે નુકસાનીમાં ઉતારતો રહે. આપણને શાસ્ત્ર વચનોને સમજી લેવાની જેટલી તાલાવેલી છે, એટલી

તાલાવેલી એ શાસ્ત્રનાં વચનોને આચરણમાં ઉતારવાની નથી. મોટા ભાગના ત્યાગીઓ તો અહંને પોષવા માટે જ બધી કળાઓ શીખતા હોય એવું તેઓની ક્રિયાઓ ઉપરથી દેખાતું હોય છે. અમુક માણસો વચ્ચે આપણો વટ પડે માટે કળા તો જોઈએ જ, આવા વિચારોવાળા પણ કળાઓ શીખતા હોય છે.

અહંપુષ્ટિનું આકર્ષણ જ આપણને શાસ્ત્રપાઠોની જાણકારી મેળવી લેવા લાલાયિત કરતું હોય એવું લાગે છે. શાસ્ત્ર વચનોની જાણકારીને અંતરમાં ઉતારવાનું કામ એટલા માટે કઠણ લાગે છે કે એમાં આપણે આપણો અહંકાર તોડવો પડે છે, આપણી સ્વચ્છંદમતિ છોડવી પડે છે અને દરેક ઈન્દ્રિયોને વિષયોથી પાછી વાળવી પડે છે.

સંતો ! ઘણા વરસોથી એક માણસનો બંગલો બંધ હતો. પછી તેને રહેવા આવવાનું હોવાથી ઘરને સાફ કરવા માટે તાળું ખોલ્યું. દરવાજાને ધક્કો લગાવી ખોલ્યું ત્યાંતો અંદરની વાસને કારણે અકળાઈ ગયો, પણ થોડી ધીરજ ધરી એટલે હવામાં દુર્ગંધ ઓગળી ગઈ. પછી એ ઘરમાં દાખલ તો થયો પરંતુ લાઈટ કર્યા વિના એણે હાથમાં કચરો કાઢવા ઝાડૂ ઉઠાવ્યું. પછી કચરો વાળવા લાગ્યો ત્યાંતો કચરો નીકળવાનું તો દૂર રહ્યું ને વચ્ચે પડેલાં ટેબલ -ખુરશી સાથે તે અથડાઈને પડી ગયો ! તેથી તેણે વિચાર બદલ્યો. પછી ઘરનાં બંધ બારી-બારણાં ખોલી નાખ્યાં અને લાઈટ પણ કરી. પછી કચરો કાઢવાનું—વાળવાનું શરું કર્યું. પછી કચરો તો નીકળવા લાગ્યો, પરંતુ ખૂલ્લાં બારી-બારણાંમાંથી બહાર રહેલો કચરો અંદર આવવા લાગ્યો. પછી એને ખ્યાલ આવ્યો કે ઘરને જો કચરાથી મુક્ત કરવું હોય તો પહેલાં લાઈટ કરવી જ પડશે પછી ખુલ્લાં બારણાંને બંધ કરવાં જ પડશે અને પછી જ હાથમાં પકડેલી સાવરણીથી કચરો કાઢવામાં સફળતા મળશે

તેથી તુરંત એ રીતે કર્યું, તેના કારણે આખો બંગલો સરસ રીતે સાફ થઈ ગયો અને ઘરમાં રહેવા આવી ગયા.

આ દ્રષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે અનંત કાળથી આપણું આત્મારૂપી ઘર બંધ પડ્યું છે. એ ઘરમાં અનેક સદ્‌ગુણો છે, પણ આપણને એની ખબર નથી. એ સદ્‌ગુણોનો સ્વીકાર કરવાથી આપણને પરમ શાંતિ મળે તેમ છે, પણ આપણા અનુભવનો વિષય બન્યો નથી. આપણે માત્ર શરીરને અને મનને જ ઓળખીએ છીએ, તેથી શરીરને ઈન્દ્રિયોના વિષયો સતત આપીને ખુશ રાખીએ છીએ અને મનને બહેકાવીએ છીએ.

આજે આપણા હાથમાં સંયમ જીવન છે. આત્મકલ્યાણના એક માત્ર લક્ષ્ય સાથે આપણે સમસ્ત સંસારનો ત્યાગ કરીને આવી ગયા છીએ, પણ સાવધ રહેવાની બહુ જરુર છે. લાઈટ કર્યા વિના બંધ પડેલા ઓરડામાં સીધા જ પ્રવેશી જવામાં જો ગમે ત્યાં અથડાઈ જવાનું બને છે, તેમ સમજણ દ્રઢ કર્યા વિના સાધુ બની જવાથી સંયમ જીવનમાં અથડાઈ જવાની સંભાવના છે. અર્થાત્ અંતર શત્રુના ભોગ બની જવાનો ખતરો છે.

યાદ રાખો હે સંતો ! સંસારના ક્ષેત્રની શ્રીમંતાઈ જો સંપત્તિને બંધાયેલી છે, તો સંયમ જીવનની શ્રીમંતાઈ સમજણને બંધાયેલી છે. સંપત્તિ વિનાનો સંસારી માણસ જો હાલતાં ને ચાલતાં અનેક પ્રકારની તકલીફોનો શિકાર બને છે. – એ જ રીતે સમજણ વિનાનો સંયમી સાધુ ડગલે ને પગલે અણસમજણનો અને ગેરસમજણનો શિકાર બનતો રહે છે. માટે આ સમજણ દ્રઢ કરીને પછી અંતઃશત્રુઓને આવવાનાં જેટલાં દ્વાર છે તેમજ જીવાત્માને પાપી બનાવનારાં જેટલાં નિમિત્તો છે એ તમામ દ્વારો આપણે બંધ કરવાનાં છે. એ તમામ નિમિત્તોથી આપણી જાતને દૂર રાખવાની છે. આ માટે શ્રીજી

મહારાજે વચનામૃતમાં ગોદડાના ગાભાનું દ્રષ્ટાંત આપ્યું છે.

ગઢડા મધ્ય પ્રકરણના બીજા વચનામૃતમાં શ્રીહરિજી કહે છે કે, " વિષયની જે ઉત્પત્તિ તે તો ઈન્દ્રિયો થકી થાય છે, પણ અંતઃકરણમાંથી નથી થતી. જેમ અતિશય તડકો હોય અથવા ટાઢ હોય તેનો પ્રથમ બાહેર ઈન્દ્રિયોને સંબંધ થાય છે; પછી ઈન્દ્રિયો દ્વારે કરીને શરીરને માંહેલી કોરે તેનો પ્રવેશ થાય છે, પણ એની ઉત્પત્તિ માંહેલી કોરેથી નથી; એ તો બહારથી ઉત્પન્ન થઈને માંહિલી કોરે પ્રવેશ કરે છે; તેમ પંચવિષય છે તે પ્રથમ અંતઃકરણમાંથી ઊપજતા નથી, એ તો પ્રથમ ઈન્દ્રિયોને બાહેર વિષયોનો સંબંધ થાય છે ને પછી અંતઃકરણમાં પ્રવેશ કરે છે. માટે જેમ બાહેર ગુમડું થયું હોય તેને ઔષધ ચોપડે ત્યારે જ કરાર (સારું) થાય પણ કેવળ વાર્તા સાંભળ્યે કરાર થાય નહિ અને જેમ ક્ષુધા-પિપાસા લાગી હોય તે ખાધે પીધે જ નિવૃત્તિ થાય, પણ અન્નજળની વાત કર્યે નિવૃત્તિ ન થાય, તેમ પંચવિષયરૂપી જે રોગ છે તે તો તેનું જ્યારે ઔષધ કરીએ ત્યારે જ નિવૃત્તિ થાય.

તે ઔષધની રીત એમ છે, જ્યારે ત્વચાને સ્ત્રીયાદિક વિષયનો સ્પર્શ થાય છે ત્યારે ત્વચા દ્વારે અંતઃકરણમાં તેનો પ્રવેશ થાય છે અને અંતઃકરણ દ્વારે થઈને જીવમાં પ્રવેશ કરે છે, પણ મૂળથકી વિષયની ઉત્પત્તિ જીવમાંથી પણ નથી અને અંતઃકરણમાંથી પણ નથી. અને જે જે વિષય અંતઃકરણમાંથી સ્ફુરતા હશે તે પણ પૂર્વજન્મને વિષે બાહેરથી જ ઈન્દ્રિયો દ્વારે કરીને આવ્યા છે. માટે વિષય ટાળ્યાનું એ જ ઔષધ છે જે ત્વચાએ કરીને સ્ત્રીયાદિક પદાર્થોનો સ્પર્શ તજવો અને નેત્રે કરીને તેનું રૂપ ન જોવું અને જિહ્વાએ કરીને તેની વાત ન કરવી અને કાને કરીને તેની વાત ન સાંભળવી અને નાસિકાએ કરીને તેનો ગંધ ન લેવો.

એવી રીતે પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો ત્યાગ દ્રઢ રાખે, તો બાહેરથી વિષયનો પ્રવાહ માંહિલી કોરે પ્રવેશ કરે નહિ. જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાના ગાભ્મા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય, તેમ બાહ્ય ઈન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય અને જેમ ઉદરમાં રોગ થયો હોય તે તો ઉદરમાં ઔષધ જાય ત્યારે જ ટળે, તેમ પ્રથમથી જે ઈન્દ્રિયો દ્વારે કરીને વિષય અંતઃકરણમાં ભરાયા હોય તો તે આત્મવિચારે કરીને ટાળવા; તે આત્મવિચાર એમ કરવો જે "હું આત્મા છું ને મારે વિષે ઈન્દ્રિયો અંતઃકરણનો સંબંધ નથી."

એમ દ્રઢ વિચાર કરીને અને તે ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ ધારીને અને પોતાના આત્મસુખવતે કરીને પૂર્ણ રહેવું. જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાયો હોય ત્યારે જે બાહેરથી પોતામાં સેર્યો આવતી હોય તેને પોતાનું પાણી ઠેલી રાખે છે પણ માંહિલી કોરે તે સેર્યના પાણીનો પ્રવેશ કરવા દે નહિ, અને જો ઉલેચાઈને ઠાલો થાય તો સેર્યનું પાણી બાહેરથી માંહિ આવે. એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દ્રઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસ કરીને કામાદિકનો પરાજય થતો નથી, માટે આ વિચાર દ્રઢ કરીને રાખજ્યો." - (ગ.મ.-૨)

***રજોતમોના ગુણ જો જણાય, તે ટાળવા સંત કરે ઉપાય***
***તો તર્ત છોડે ન પડે પ્રયાસ, કલ્યાણની જો ઉર હોય આશ***
***વાંચે ભલે તે સતશાસ્ત્ર નિત્ય, સંસારમાં સ્વલ્પ ધરે ન ચિત્ત***
***કરે નહિ ગ્રામ્યકથા વિલાસ, કલ્યાણની જો ઉર હોય આશ***
***તપે કરી દુર્બળ દેહ રાખે, સ્વાદિષ્ટ જાણી નહિ સ્વાદ ચાખે***
***કરે વિશેષે વ્રત ઊપવાસ, કલ્યાણની જો ઉર હોય આશ***

*કહે હરિ જો દ્રઢ હોય ચિત્ત, વૈરાગ્ય જો હોય ખરો ખચીત*
*જાણી વિચારી પછી સાધુ થાવું, જાણ્યા વિના સાધુ થવા ન જાવું*
*સ્મશાન વૈરાગ્ય ઘડી જણાય, એવે સમે જે જન સાધુ થાય*
*વૈરાગ્ય તેનો પછી ઊડી જાશે, ધોબી તણા શ્વાન સમાન થાશે*
*ત્યાગી થવું તે તપને જ કાજે, ખાવા પિવા કે નહિ લોક લાજે*
*જો તે પછી દૈહિક સુખ ઇચ્છે, પાખંડી છે એમ પ્રભુજી પ્રીછે*
*જે ભૂખના દુ:ખથી સાધુ થાય, ખાવા મળે ત્યાં લગી ખૂબ ખાય*
*પછી ગુરુ પાસ તજી નિવાસ, વસે જઈને વળી અન્ય પાસ*
*નહીં મળે વસ્ત્ર વિશેષ અંગે, નહીં મળે પાથરવા પલંગે*
*નહીં મળે સ્વાદ સહિત ખાવું, એવું વિચારી ઉર સાધુ થાવું,*
*જો ઇચ્છવું માયિક સુખ કાંઈ, મુંડાવું બીજા મતપંથ માંઈ*
*તપે કરી હું હરિને રીઝાવું, એવું ચહો તો અહિં સાધુ થાવું,*
*માયિક જે જે સુખ નાશવંત, વિના તપે કોઈ નહિ લહંત*
*તો લાડવા ખાઈ ફુલાવી દેહ, શું પામશે અક્ષરધામ એહ ?*
*શ્રીહરિલીલામૃત- કળશ. ૫ -વિ. ૯*

*નારી ન્હાતી હોય જિયા નિરે, પહેરી અલ્પ વસ્ત્રો શરીરે*
*તેને જોવા ઇચ્છે ખોટે મશે, સંતો એવા પાપી કોણ હશે*
*પહેરી અંગે આભૂષણ નારી, સજિ સુંદર વસ્ત્ર તે સારી*
*એના વસન ભૂષન સ્પરશે, સંતો એવા પાપી કોણ હશે*
*વાટે ઘાટે એ હોય એકલી, તેને સંગે ચાલે લાજ મેલી*
*પાપે કરી જે નારી પેખશે, સંતો એવા પાપી કોણ હશે.''*
*-ભક્તચિંતામણિ-પ્ર.૧૦૬*

## *સોળમું પુષ્પ*

હે વ્હાલા ભક્તો ! ઘરમાં બારી -બારણાં ખુલ્લાં રહેવા દઈને ઘરને કચરાથી રહિત કરવામાં જેમ સફળતા નથી જ મળતી, તેમ અંતઃશત્રુઓનાં દ્વારોને ખુલ્લાં રહેવા દઈને, પાપ નિમિત્તોને બેરોકટોક ભોગવતા રહીશું, તો જીવાત્માને મુક્તિ કોઈ કાળે મળવાની જ નથી, માટે આપણે આપણા જીવનમાં ચાલતી પ્રવૃત્તિઓને તપાસતા રહેવાની જરૂર છે. દરેક ઈન્દ્રિયો પોતપોતાના વિષયો પ્રત્યે દોડી રહી હોય, તો નક્કી સમજી રાખવું કે આપણે મોક્ષના માર્ગે નહિ, પણ જમપૂરીના માર્ગે જવા માટે—લખ ચોરાશીમાં જવા માટે તૈયારી કરી રહ્યા છીએ.

સંતો ! સંસારનો ત્યાગ કરીને ત્યાગાશ્રમમાં આવ્યા પછી પણ જો વિષયોમાં પ્રવૃત્ત થયા કરવાનું હોય તો પછી સંસારી જીવન છોડ્યાનો અર્થ શું ? અને સંયમ જીવન પામ્યાનો અર્થ શું ? દુર્ગતિના દરવાજે જીવાત્માને સામે ચાલીને મોકલવાનાં ગોઝારાં કૃત્યોથી પ્રયત્નપૂર્વક પણ આપણે પાછા વળી જવું જોઈએ, તો જ લીધેલું સંયમ જીવન આપણું સાર્થક બન્યું ગણાશે અને કરેલો સંસારનો ત્યાગ આપણા માટે શુકનવંતો પુરવાર થશે.

સંતો ! આપણે સંસાર છોડી સંયમ જીવન સ્વીકાર્યું છે, ત્યારે બે વાત સતત નજર સામે રાખવી જોઈએ. એક તો એ કે શું કામ સંસાર છોડ્યો છે અને બીજી એ કે શાના માટે છોડ્યો છે ? શરીર સુખોની અનુકૂળતાઓ હતી તે મુક્તિ માટે છોડી છે, તેથી હવે તો જે છોડ્યું છે એના તરફ મન ખેંચાઈ નહિ, એ ધ્યાનમાં રાખવાનું છે અને જેના માટે આ અનુકુળતાઓ છોડી છે એ લક્ષ્ય પળભર માટેય પણ ભૂલાવવું ન જોઈએ. જે સાધુ આ બે બાબતમાં સાવધ રહે છે, એને સંસાર ત્યાગ કર્યો છે એ સાર્થક બનાવવામાં ક્યારેય પણ નિષ્ફળતા મળતી નથી.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહેતા કે, “વિષય બે પ્રકારના છે. એક સ્થૂળ અને બીજા સૂક્ષ્મ. તેમાં સ્થૂળ કયા તો જેની ઉપર પોતાને અતિશે ભાવ ન હોય ને અભાવ પણ ન હોય ને ન જોઈતા હોય ને સહેજે આવે એવા જે વિષય એને સ્થૂળ કહેવાય, તે ત્યાગ કરવા અતિશે કઠણ નથી ને સૂક્ષ્મ વિષય ક્યા તો જેની ઉપર પોતાના મનને અતિશે રુચિ હોય ને પોતાના મનને અતિશે ગમતા હોય તે વિષય ત્યાગ કરવા ઘણા કઠિન છે ને એમને ટાળ્યાનો તો એ મોટો ઉપાય છે જે સ્ત્રી, ધન, સ્વાદ, માન આદિક જે જે ઉપર પોતાના મનને રુચિ હોય તે વિષયને વિષે દોષ બુદ્ધિનો અતિશે વિચાર થાવા લાગે છે તે મનગમતા વિષયનો ત્યાગ કરે તે દોષબુદ્ધિએ યુક્ત ત્યાગ કરે ને મનમાં એ વિષયની દોષબુદ્ધિની ગ્રંથી પડે ત્યારે ટળે ને ઉપરથી ત્યાગ કર્યો હોય તો એ વિષયનો જોગ ન હોય તો તો ત્યાગ રહે ને જ્યારે એનો જોગ થાય ત્યારે એમાં બધાય અને દોષબુદ્ધિની દ્રઢતા થઈ હોય તો જ્યારે એ વિષય સાંભરે તે ભેળે દોષબુદ્ધિની પણ સ્મૃતિ થઈ આવે માટે એ વિષયમાં જોડાય નહિ. અને એમાં એમ દોષ દ્રષ્ટિ કરવી જે એ સ્ત્રી ધનાદિકને વિષે અનેક દુ:ખ, ક્લેશ, પ્રયાસ, શોક, મોહાદિક રહ્યા છે ને એમાં ત્રિકાળે સુખનો તો ગંધ પણ નથી અને પોતાને આત્મારુપ માનીને ભગવાનનું ધ્યાન કરવું તથા કીર્તન ગુણવર્ણન કરવાં તેમાં જ પરમ સુખ રહ્યું છે. એ આદિક ભગવાનનું મહાત્મ્ય વિચારીને બીજાં જેટલાં માયિક સુખ, ભોગ લોક ને દેહ તેમાં કેવળ દુ:ખના સમુહ નજરે આવે ત્યારે એ સૂક્ષ્મ વિષય ટળી જાય છે.” (પ્ર. ૨. વાત-૮૯)

અને વિષયાસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, માનાદિક દુષ્ટ સ્વભાવ તે કેના ટળે ? તો જે જ્ઞાન, વૈરાગ્ય તથા ભગવાનનું મહાત્મ્ય એ આદિક સાધનને અભ્યાસે કરીને ધીરે ધીરે તે સ્વભાવને ટાળતો જાય ને થોડો થાડો તે સ્વભાવ ટાળવાનો જે આગ્રહ તે રાખવા ઉપર નજર હોય તો

તે સર્વે ધીરે ધીરે કાળે કરીને ટળી જાય. જેમ ઘટગામીની તિથિ તે ધીરે ધીરે ઘટતી ક્ષય પામી જાય છે તેમ તે દોષ મૂળમાંથી ઉખડી જાય. અને તે દોષ કેના ન ટળે ? તો તે દોષને ઘટાડે તો નહિ અને મૂળગો વધારતો જાય ને તે દોષ જેમ જેમ વધે તેવાં સ્થાનક, પદાર્થ ને સંગ તેનું સેવન કરતો જાય તેને તો તે દોષ વધતા જાય ને તેથી અંતે તે સત્સંગમાંથી વિમુખ પણ થાય.

જેમ વૃદ્ધિ તિથિ છે તે થોડી થોડી વધતી વધતી વધીને સાઠ ઘડીની થાય છે, તેમ તે દોષ વધતા જાય છે. માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે દોષ વધે એવું આચરણ ન કરવું ને જેવી રીતે તે દોષ ઘટે તેવી રીતના વિચારમાં રહેવું તથા તેવું આચરણ કરવું અને આપણને શ્રીજી મહારાજ મંદિર અધુરાં રહેશે તેનો ઠપકો નહિ દીયે ને હવેલી અધુરી રહેશે તેનો ઠપકો નહિ દીયે ને રૂપૈયાનો નહિ દીયે. આપણને તો જેટલો ધર્મ લોપાશે તેનો ઠપકો દેશે, માટે ધર્મમાં ખબડદાર રહેવું તો ભગવાન રાજી થાશે. '' (વાત. ૯૦-૧૦૬)

હે સંતો ! રોગનું નિદાન થઈ ગયા પછી ડાહ્યો દર્દી દવાના સેવન બાબતમાં અને કુપથ્યના ત્યાગની બાબતમાં અત્યંત જાગ્રત રહીને જો પોતાના શરીરને રોગમુક્ત બનાવીને જ રહે છે, તો જીવાત્માના અનંત સંસાર પરિભ્રમણનું નિદાન આપણા હાથમાં આવી ગયા પછી ઔષધ તુલ્ય ગુણમાં સહાયક બનતા સદ્‌નિમિત્તોના સેવનની બાબતમાં અને કુપથ્યતુલ્ય દોષબુદ્ધિમાં સહાયક બનતા કુનિમત્તોના ત્યાગની બાબતમાં આપણે જાગ્રત રહીને આપણા જીવાત્માને ગુણયુક્ત ને દોષમુક્ત બનાવી જ દેવા જેવો છે.

આ બાબતમાં હવે લેશ પણ આંખમીંચામણાં કરવાં જેવાં નથી. માટે આવો, દોરી પર લાગી ગયેલી ગાંઠ ન છોડીએ તો કાંઈ નહિ, કપડાં પર લાગી ગયેલી ગાંઠ છોડી દેવાની બાબતમાં ઉતાવળ ન દાખવીએ તો કાંઈ

નહિ, પણ જીવાત્મા પર અનંતકાળથી લાગી ચૂકેલી રાગ-દ્વેષની ગાંઠોને તો આજે ને આજે જ, અત્યારેને અત્યારે જ છોડી નાખવા, તોડી નાખવા, કાપી નાખવા કટિબદ્ધ બની જ જઈએ; કારણ કે એની સફળતા-નિષ્ફળતા પર તો સંયમજીવનની પ્રાપ્તિની સાર્થકતા-નિરર્થકતાનો આધાર છે. આટલી મહત્ત્વની હકીકત પર આંખ બંધ રાખવાની મૂર્ખાઇ હવે આપણે ન જ દાખવીએ એમાં જ આપણું કલ્યાણ છે.

યાદ રાખો કે, સુવાસનું વાહક બનવા સર્જાયેલું પુષ્પ પોતે જ દુર્ગંધનું વાહક બની જાય એ જો ન જ ચાલે, સૌમ્યતા પ્રસરાવવા બંધાયેલો ચંદ્ર પોતે જ જો આગ ઓકવા લાગે તો એ ન જ ચાલે અને તરસ છીપાવવાની જવાબદારી સ્વીકારી બેઠેલું જળ પોતે જ તૃષાવૃદ્ધિનું કારણ બનવા લાગે એ જો ન જ ચાલે, તો પછી અનેક મુમુક્ષુઓને વિષયોથી વિરક્ત કરવાની જવાબદારી જેના ઉપર છે એવા આપણે સાધુ -સંતો જ જો વિષય સુખો પાછળ પાગલ બની જઈએ તો તે કેમ ચાલે ? અર્થાત્ ન જ ચાલે.

હે સંતો ! સંસાર અને મા-બાપ છોડી શકનારા આપણે નિંદાને નથી છોડી શકતા ! ધન-સંપત્તિ અને જમીન-જાગીર છોડીને આવેલા આપણે લોભને નથી છોડી શકતા ! સંસારનાં વિષય સુખો છોડીને આવેલા આપણે આંખમાંથી વિકારોને હંમેશ માટે નથી છોડી શકતા, ! સુવાળા સ્પર્શ છોડીને આવેલા આપણે ગાદી-ગાદલાં વગેરે સ્પર્શને નથી છોડી શકતા ! ફિલ્મીગીતોના શબ્દો છોડીને આવેલા આપણે પ્રશંસાની ભૂખને ટાળી નથી શકતા અને હોટલનાં ખાણાં છોડીને આવેલા આપણે રસાસ્વાદ નથી છોડી શકતા ! આ કેવું આશ્ચર્ય કહેવાય ? આપણે આવું કરતા હોઈએ તો મુમુક્ષુ કહેવાડવાને આપણે છીએ ખરા ? મુક્તિ મેળવવાને યોગ્ય છીએ ખરા ?

મહાપ્રભુ શ્રીહરિજીનો રાજીપો મેળવવાને યોગ્ય છીએ ખરા ? માટે આવો, હવે જાગ્રત બનીને અજ્ઞાનને છોડીએ અને મન પર જેટલાં નિયંત્રણો મૂકવાં પડે એ મૂકીને સંયમજીવનને સાર્થક કરીએ.

સદ્‌ગુરૂ ગોપાળનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, "ઈન્દ્રિયો છે તે તો શાસ્ત્રમાં કહ્યા જે પોતપોતાના નિયમ તેણે કરીને જીતાય છે એમ જાણવું. તે નિયમ કીયા ? તો શ્રવણે કરીને ભગવાનના જશ સાંભળવા તથા ત્વચાએ કરીને ભગવાનનો સ્પર્શ કરવો. ને નેત્ર કરીને ભગવાનનાં ને સંતનાં દર્શન કરવાં તથા નાસિકાએ કરીને ભગવાનનાં ને સંતનાં પ્રસાદિ એવાં જે પુષ્પ-ચંદન તેનો સુગંધ લેવો તથા વાણીએ કરીને ભગવાનનાં ચરિત્ર તથા જશ કહેવા તથા રસનાયે કરીને ભગવાનનો પ્રસાદ લેવો તથા હાથે કરીને ભગવાનની ને સંતની તથા મંદિરની સેવા પરિચર્યા કરવી તથા પગે કરીને ભગવાન સંબંધી સેવાને અર્થે ચાલવું, પણ આડા અવળા ફરવું નહિ; એવી રીતે દસ ઈન્દ્રિયુંને નિયમમાં રાખે તો તે જીતાય ને અખંડ ભગવાન સાંભરે ને તેને કોઈ સ્વભાવ પણ ન રહે." - (પ્ર. ૨. ૯૫)

*"સદ્ધર્મવાળા શુભ હોય સંત, એનાથી સત્સંગ વધે અનંત*
*ભલે ભણ્યા કે ન ભણેલ હોય, તેના થકી થાય સમાસ તોય*
*સંન્યાસી શાસ્ત્રો બહુધા ભણે છે, તે ગામ ગામે રખડે ઘણે છે*
*ભલે ભલા પંડિત તે ગણાય, વધે ન તેના થકી સંપ્રદાય*
*શૈવી તથા વૈષ્ણવ જૈનવાદી, કુરાનવાદી વળિ પાર્શિકાદી*
*તે સાધુના ધર્મ નિહાળી સારા, થયા ઘણા આશ્રિત છે અમારા*
*જો વારતા કાંઈ નહિ કરાશે, વૃત્તાંત જોઈ જન શિષ્ય થાશે*
*ક્યાં સૂર્ય કાંઈ ઉપદેશ દે છે, તથાપિ તેના ગુણને નમે છે*

*સભા જીતે શાસ્ત્ર સમસ્ત જાણી, વદે સુસાહિત્ય સમેત વાણી*
*ધર્મપ્રવૃત્તિ નહિ તેથી થાય, વાચાળ તે વિશ્વવિષે ગણાય*
*સાધુ વિષે ધર્મ જણાય સારો, ત્યાં સુધી સત્સંગ ઘણો થનારો*
*શિથીલતા ધર્મવિષે જણાશે, સત્સંગની વૃદ્ધિ પછી ન થાશે*
*પાખંડી જે સંત થઈ ફરે છે, ક્રિયા અતી તે ઉલટી કરે છે*
*જે કોઈ આપે જમવા સુઅન્ન, વેચે વધે તે ખળ સાધુ જન”*

*-હ.મૃત-ક-૭.- વિ-૪૯*

## *સત્તરમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! પુષ્પ પામ્યાની સાર્થકતા શેમાં છે ? દેખાવમાં સરસ હોય તેમાં કે પછી તેનો રંગ સરસ હોય તેમાં કે તેનું નામ સરસ હોય તેમાં કે પછી તેની સુગંધ સરસ હોય તેમાં ? આ દરેક પ્રશ્નોનો ઉત્તર એક જ જવાબમાં આપીએ કે, પુષ્પની સુગંધમાં. ! ફૂલમાં સૌંદર્ય વગેરે બધું જ હોય, પણ સુવાસ જ ન હોય તો એને મેળવ્યાનો કોઈ અર્થ જ નથી. – બસ એ જ રીતે આપણે સાધુ થયા તેની સાર્થકતા શેમાં છે ? ભગવાં કપડાં પહેર્યાં તેમાં કે મુંડન કરી ચોટલી વધારી તેમાં કે પછી કંઠી-માળા ધારણ કરી લોકોને ઉપદેશ આપીએ એમાં ?

આ પ્રશ્નોના જવાબ બધા જ ખોટા છે ! સાધુ થયા પછી તેની સાર્થકતા એ જ છે કે, સંયમીજીવન જીવી શકીએ. એક એક ઈન્દ્રિયો પર કંટ્રોલ કરી શકીએ. વિષયોને આધીન ન બની જઈએ અને શ્રીહરિજીની આજ્ઞાઓનું સારધાર પાલન કરી શકીએ. યાદ રાખો : સાપની ઉપેક્ષા કરનાર કદાચ પ્રાણ ગુમાવે છે  અને નાનકડી ચિનગારીની ઉપેક્ષા કરનાર કદાચ સંપત્તિ ગુમાવે છે, પણ નાનકડા અંતરશત્રુની ઉપેક્ષા કરનાર તો સાધના કરીને મેળવેલા તમામ સદ્ગુણોને ગુમાવી મોક્ષને પણ ગુમાવી દે છે. અંતઃશત્રુની ઉપેક્ષા કરનારાઓની કેવી દશા થઈ છે તેના પુરાવા પુરાણો અને ઈતિહાસોમાં ભરપુર છે. રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયેલ રાજા-મહારાજાઓ અને સંસાર છોડી જંગલોમાં સાધના કરતા ત્યાગી-ઋષિ મુનિઓએ જો લગારેક પણ અંતઃશત્રુઓનો વિશ્વાસ કર્યો ને ગાફલાઈ રાખી હતી તો ભ્રષ્ટ થઈ ગયા ને જીવનમાં કલંકની કાળી ટીલી બેસી ગઈ છે, માટે મુમુક્ષુ સાધુ-સંતોએ જરાપણ ગાફલાઈ ન રાખવી જોઈએ.

હે સંતો ! શ્રીહરિજી 'શ્રીહરિચરિત્રામૃત સાગરમાં' કહે છે કે, "જીવને અસાધ્ય રોગ છે તે વારે વારે કહેવા છતાં ભૂલી જાય છે. તમારા હિત સારું

અમે તમને વારંવાર ચેતવતા રહીએ છીએ. પણ જે પોતાનું હિત ન સમજે તે દુઃખ લગાડે છે. પાપ માત્રનું મૂળ દેહ છે, તેનું જતન કરે તો પ્રભુ ભૂલી જવાય છે અને વિષયમાં સુખ અધિક મનાય છે. વિષય સુખ માટે લોકો માથાં કપાવે છે અને નાક કાન પણ કપાવે છે, પણ વિષયનો અભાવ થતો નથી. તપમાં રુચિ રાખે તો વિષયનો અનાદર થાય. મૂર્તિ અંતરમાં ધારી દેહને કષ્ટ દે તો શ્રીહરિ સહાય કરે છે, (પણ) લોકોને દેખાડવા જપ-તપ કરે તેનું ફળ મળતું નથી." (પૂર-૫-તરંગ -૩૬)

હે સંતો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામીના શબ્દોમા લખું તો તેઓ એવું કહેતા કે, "મુમુક્ષુ હોય તે તો એમ જાણે જે આપણે તો આજ્ઞામાં રહેવા આવ્યા છીએ, પણ કોઈને આજ્ઞામાં રાખવા નથી આવ્યા. ને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની અને નિઃસ્નેહી થાવા આવ્યા છીએ, પણ તેને વધારવા નથી આવ્યા. અને જેવો જીવને બીજો આદર છે (માન-મોટાઈ ને કીર્તિ મેળવવાનો) તેવો જો ભગવાન ભજ્યાનો આદર હોય ને વિષય ટાળવાનો આદર હોય તો વિષયનો શો ભાર છે ? ને વિષયનું સુખ નો લાંપડાના તાપ જેવું છે, માટે વિષયને માર્ગ ચાલવું નહિ એ સિદ્ધાંત વાત છે." (પ્ર.-૨-વાત-૧૦૮-૧૦૯)

"મોટેરામાં ત્રણ વાનાં જોઈએ. તે ધર્મ, ધીરજ ને જ્ઞાન (સમજણ) તે હોય તો શોભે. અને સિધું, પાણી ને ઈંધણા (લાકડાં) એ ત્રણ જો સારાં હોય તો રાંધનારને દાખડો પડે નહિ; તેમ સંગ, સ્થાન ને શ્રદ્ધા એ ત્રણ જો સારાં હોય તો મુમુક્ષુને વિષય જીત્યામાં દાખડો ન પડે. દિન દિન પ્રત્યે વૃદ્ધિને પામે છે. તે વેલો જેમ ઝાડને જોગે વધે છે તેમ. અને જે પુરુષ વિષયનો પ્રસંગ રાખીને પોતાનું શ્રેય ઈચ્છે છે તે મૂર્ખ છે અને જે મુમુક્ષુ હોય તે તો નિત્ય પોતાનાં વર્તમાન તપાસીને જુવે ને પોતાના શત્રુને તપાસે અને તે શત્રુને વશ ન વરતે. અને જે ત્યાગી હોય તેણે વિષયમાં રુચિ ન રાખવી. રુચિ તો ધર્મમાં

રાખવી, વૈરાગ્યમાં રાખવી ને તપમાં રાખવી; પણ પદાર્થને વાસ્તે યુક્તિ, કળા કરવી નહિ.-" (વાત નંબર -૧૧૦-૧૧૩-૧૧૪-૧૧૭)

હે મુમુક્ષુ સંતો ! સાંભળો, તમોને એક નાનકડી વાત કરીને સમજાવવાનો પ્રયત્ન કરું છું. કોઈ એક માણસે ગુનો કર્યો હોય અને પછી તે જેલમાં ગયો હોય, ત્યાં પોતાનાં સદ્‌વર્તન દ્વારા જેલરને ખુશ કરી દઈને તે કેદી કદાચ જેલમાંથી વહેલો છૂટકારો મેળવી લે, પણ એટલા માત્રથી એનું જીવન સમસ્યામુક્ત બની જતું નથી; કારણ કે, ઘેર તેની પત્નીનો સ્વભાવ કર્કશ છે, દીકરાનો સ્વભાવ ઉદ્ધત છે, સંપતિના ક્ષેત્રે સાવ કંગાળ છે, આબરુને ક્ષેત્રે એ બેઆબરુ છે અને શરીર રોગી છે. જેલમાંથી છૂટકારો મળ્યા બાદ પણ આ બધી સમસ્યાઓ તો એના મસ્તક ઉપર તલવારની જેમ લટકતી જ હોય છે. બસ એ જ રીતે આપણે પણ સંસારરૂપી જેલમાંથી છૂટી ગયા ને સાધુ બની ગયા, એટલા માત્રથી આપણી સમસ્યા હલ થઈ જતી નથી; – કારણ કે મન ચંચળ છે, અંતઃશત્રુઓનું જોર છે, સ્વભાવ તેજાબી છે અને સંયમ રહેતો નથી. સમસ્યાથી મુક્ત થવું હોય તો સદ્‌વર્તનને જીવનમાં ઉતારવું પડે છે. કોઈ માણસને તરસ લાગી હોય અને તૃષા છીપાવવા તેને સરબત મળે, પરંતુ એ સરબત લાવનાર જો દુશ્મન હોય તો તે માણસ સરબત પીતા પહેલાં અનેકવાર વિચાર કરે, કારણ કે તેમાં મોતનો ભય હોય છે.–

બસ એ જ પ્રમાણે આપણને પંચવિષય ભોગવવાની ઈચ્છા થતી હોય અને કોઈ કુસંગી આપણી પાસે હાજર કરે, પણ શાસ્ત્રોનું જ્ઞાન હોય કે, આ ભોગ ભોગવીશ તો જન્મ મરણ ભોગવવા પડશે અને મુક્તિ નહિ મળે. જો આપણે શુદ્ધ મુમુક્ષુ હોઈએ તો લાખવાર વિચાર કરીએ કે, તુચ્છ વિષયોની બદલીમાં મારે યમયાતના ભોગવવી પડશે ને ધામ પણ નહિ મળે." આવું વિચારીને તેનો દૂરથી જ ત્યાગ કરી દઈએ. પણ વિષયો જોઈને તેના પ્રત્યે ધિક્કારની ભાવના થવાને બદલે આપણા મનમાં કૂણી લાગણી થાય તો સમજી લેવું કે મારામાં પૂરી મુમુક્ષુતા નથી.

હે સંતો ! મુમુક્ષુઓ ઉપર અપાર કરુણા કરીને ગોપાળાનંદ સ્વામી અંતઃકરણને જીતવા માટેના ઉપાયો બતાવે છે તે સાંભળીએ-વાંચીએ તેઓના જ શબ્દોમાં. – સ્વામી કહે છે કે, ''ચાર અંતઃકરણને જીતવાના ઉપાય કહીએ છીએ. તેમાં બુદ્ધિને એમ જીતવી જે બુદ્ધિને વિષે માયિક પદાર્થ માત્રના આકારના નિશ્ચય થાય છે તે સર્વે પદાર્થના ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંતપણાનો નિશ્ચય થાય ને પોતાનો આત્મા તથા ભગવાન અને ભગવાનનું ધામ ને તે ધામના મુક્ત એમના અવિનાશીપણાનો નિશ્ચય થાય. એવી રીતે જો બુદ્ધિમાં એ બે પ્રકારના નિશ્ચયની દ્રઢતા થઈ ત્યારે બુદ્ધિ જીતાણી જાણવી.

અને મનને એમ જીતવું જે મન છે તે માયિક પદાર્થના સંકલ્પ કરવા એવો એનો સ્વભાવ છે. તે મનને તે પદાર્થના સંકલ્પ ન કરવા દેવા ને તે સંકલ્પથી પાછું વાળીને, તે સંકલ્પને મૂકી દઈને ભગવાની મૂર્તિના સંકલ્પ કરવા તથા ભગવાનની લીલા ચરિત્રના સંકલ્પ કરવા; એવી રીતે મનને જીતાય. અને ચિત્તને એમ જીતવું જે ચિત્તને વિષે માયિક પદાર્થના આકાર તે ચિંતવને કરીને સ્ફૂરી આવે છે તે ચિત્તનું આત્માકારપણે કરીને ઉપશમ થાય ત્યારે તે આકારની વિસ્મૃત્તિ થાય પછી એક ભગવાનના આકારનું ચિંતવન કરવું એવી રીતે ચિત્ત જીતાય. અને અહંકારને એમ જીતવો જે અહંકાર છે તે વર્ણ, આશ્રમ, જાતિ, કુળ, રૂપ, ગુણ તેને વિષે અહંપણું ધરે છે ને પોતાને તેવે આકારે માને છે. તે અહંપણાને મુકીને આત્માને વિષે અહંપણું માનવું જે હું તો જાણપણે યુક્ત એવો જે આત્મા તે છું, પણ વર્ણાશ્રમાદિક ધર્મવાળો જે દેહ તે હું નહિ, એવો નિરંતર અભ્યાસ કરવો ત્યારે અહંકાર જીતાય.'' (પ્ર.ર. વાત-૯૪)

હે સંતો ! તાજા જન્મેલા બાળકને જીવતું રાખવું હોય તો કેટલી બધી સાવધાની રાખવી પડે છે ? એની તમામ પ્રકારની જરૂરિયાતો અને તમામ પ્રકારની સુરક્ષાઓ આપણે જ પૂરી પાડવી પડે છે. – એ જ રીતે સદ્‌ગુણોને

પણ કાયમ ટકાવી રાખવા માટે સાધકે સાવધાની રાખવી પડે છે. બાળકને તેની મમ્મી દૂધથી પુષ્ટ કરતી રહે છે અને માટી ન ખાય તે માટે તેનાથી દૂર રાખતી હોય છે. મંદિરના પૂજારી દીવામાં તેલ પુરતા રહે છે અને પવનથી બુઝાઈ ન જાય એટલે એને બચાવતા રહે છે. – બસ એ જ રીતે સદ્‌ગુણોને પણ આપણે સારા નિમિત્તોથી પુષ્ટ કરતા રહેવાના છે અને કુનિમિત્તોથી દૂર રાખતા રહેવાના છે, અને તો જ સદ્‌ગુણોને જીવાડવામાં આપણે સફળતા મળવાની છે.

યાદ રાખો : વજનદાર પથ્થરને હાથમાં રાખીને પર્વતના શિખર પર પહોંચી જવામાં સફળતા મેળવવાનું શક્ય જ નથી, બૂટ કે ચંપલ પહેર્યા વિના ખુલ્લા પગે કાંટાઓથી વ્યાપ્ત એવા જંગલના રસ્તે સહી સલામત ચાલતા રહીને જંગલ પસાર કરી દેવામાં સફળ બનવાનું શક્ય જ નથી – બસ એ જ રીતે દરેક ઈન્દ્રિયો પર સંયમ રાખ્યા વિના વિષયો પર વિજય મેળવવાનું શક્ય જ નથી.

*શોધી આવ્યો તું સત્સંગમાં રે, ભજવાને ભગવાન*
*આવ્યો તૈયેં તારા અંગમાં રે, નો'તાં મોટપ્ય માન*
*સહુ સંતને શીશ નામતો રે, સૈને દાસનુદાસ*
*ગુણ ગોવિંદજીના ગાવતો રે, જગથી સૈ ઉદાસ*
*એહ ગયું તારી ગાંઠ્યનું રે, બીજું પેઠું પાપ*
*લઈ લીધું લક્ષણ લાઠ્યનું રે, અવળું કર્યું આપ*
*બની વાત ગઈ બગડી રે, કવથાણું છે કામ*
*દિલે સળગે છે સગડી રે, સહુનો થાવા શ્યામ*
*નાને ગુણે મોટપ્ય ન મળે રે, વિચારી જોને વાત*
*કહે નિષ્કુળાનંદ કાં બળે રે, ઠાલો દિ ને રાત*

**ચોસઠપદી -પદ ૨૧**

## અઢારમું પુષ્પ

હે વ્હાલા સંતો ! તૃષાતુર માણસ પાણી પીવા માટે વલખાં માર્યા સિવાય રહી શકતો નથી, દમનો દર્દી પ્રાણવાયું માટે તડપ્યા વિના રહી શકતો નથી અને રોગોથી રિબાઇ રહેલ દર્દી તંદુરસ્તી માટે પ્રભુને પ્રાર્થના કર્યા વિના રહી શકતો નથી— બસ એ જ રીતે ભગવાનનાં ધામમા જવાની અને ભગવાનની સેવા કરવાની જેને તાલાવેલી લાગી છે એવા શુદ્ધ મુમુક્ષુ સાધુ-સંતો, ભજન-ભક્તિ કર્યા વિના રહી શકતા નથી. હવે આપણે આપણું અંતર તપાસીએ કે, પ્રભુદર્શન વિના આપણું હૈયું તડપતું અને તલસતું હોય તો માનવું કે આપણે શુદ્ધ મુમુક્ષુ છીએ, અને જો એમ ન થતું હોય તો માની લેવું કે આપણું મુમુક્ષુપણું દંભી છે ! વૈરાગીનો વેષ નિરર્થક છે.

ડબ્બા પર લેબલ સાકરનું હોય અને એને ખોલીએ ત્યારે એમાંથી ધૂળ નીકળે એ એટલી કરૂણતા નથી, પરંતુ શરીર પરનો વેશ મુમુક્ષુપણાની જાહેરાત કરનારો હોય અને એ વેશ જેના શરીર પર હોય એનું અંતઃકરણ ભોગ સુખો પ્રત્યે આકર્ષિત હોય એ તો જાલિમ કરૂણતા છે ! માટે હે મુમુક્ષુઓ ! તમારું મન અને જીવન આ કરૂણતાના શિકાર બન્યાં હોય તો વહેલી તકે એમાંથી તમે બહાર નીકળી જજો, નહિતર તમારું ભાવિ અંધકારમય છે જ પરંતુ તમારું વર્તમાન જીવન પણ માત્ર સમય પસાર કરનારું કે જીવન પૂરું કરનારું જ બની રહેવાનું છે. — કારણ કે કામ વિનાનો સંસારી માણસ રખડતો રહીને જીવન પુરું કરી દેતો હોય છે, તેમ પંચવિષયો પ્રત્યે આસક્તિ રાખનારો ત્યાગી પણ સંયમને તોડનારી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહીને જ પોતાનું જીવન પુરું કરી દેતો હોય છે.

આ માટે હે સંતો ! તમોને એટલું જ કહીશ કે પરલોકને બરબાદ કરતા અને સંયમજીવનના કૂચા બનાવી દેતા આ ગલત રાહે ક્યારેય પણ જવું જ

નહિ. દર્દની વેદનાથી ત્રાસેલો દર્દી જો દર્દમુક્ત બનવા માટે કઠોરમાં કઠોર અને કડકમાં કડક નિયંત્રણો પણ જો પ્રસન્નતાપૂર્વક સ્વીકારીને જ રહે છે, તેમ તમો પણ મુક્તિ મેળવવા ને શ્રીહરિજીને પ્રસન્ન કરવા કઠિનમાં કઠિન હોય તોપણ સંયમજીવનનો ક્યારેય પણ ત્યાગ કરશો નહિ.

ચાકડા પર તૈયાર થયેલ ઘડાને કુંભાર જ્યારે અગ્નિમાં નાખે છે ત્યારે એ અગ્નિ ઘડાને માટે ઉપકાર જ પુરવાર થાય છે ને ? કારણ કે અગ્નિમાં ગયા વિના જ ઘડો જો સીધો બજારમાં ગયો હોત અથવા તો સીધું જ એમાં જો પાણી ભરવામાં આવ્યું હોત તો એ ઘડો ગણતરીની પળોમાં જ હતો - ન હતો થઈ ગયો હોત ! ટાંકણાના માર ખાવાથી પથ્થર જો દૂર જ રહે છે તો એ પથ્થરના નસીબમાં રહેલ પ્રતિમા બનવાનું સદ્ભાગ્ય રોળાઈ જાય છે. — બસ એ જ રીતે શરીરને કષ્ટો પડે છે એવું માનીને જે સાધુ સંયમ છોડી દે છે તેનું પણ પતન થાય છે અને તે હંમેશાં માટે પરમાત્માની પ્રસન્નતા અને તેઓના ધામથી વંચિત રહી જાય છે, દૂર ફેંકાઈ જાય છે અને જન્મમરણ તેમજ લખ-ચોરાશીમાં ફર્યા કરે છે.

હે સંતો ! કાટવાળું લોખંડ એસિડમાં જેટલો સમય વધુ પડ્યું રહે છે એ શીઘ્ર કાટમુક્ત થતું જાય છે — એ જ રીતે જે સાધુ-સંતો જેટલું વધારે તપ કરે છે એટલા વહેલાં તેઓ જન્મ મરણમાંથી મુક્ત થતા જાય છે અને શ્રીજી મહારાજની પ્રસન્નતા પણ પ્રાપ્ત કરતા જાય છે. કારિયાણિના ૧૦મા વચનામૃતમાં શ્રીજી મહારાજ સ્વયં બોલ્યા છે કે, "ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગપર્યંત ટાઢ તડકાને તથા ભૂખ-તરસને સહન કરીને મહાતપ કર્યું અને તે તપે કરીને ભગવાનને રાજી કર્યા; એવી રીતે જે વિવેકી હોય તે તો જાણીને પોતાનાં દેહ-ઈન્દ્રિયોને દમીને તપ કરે છે. માટે જે

વિવેકી સાધુ હોય તેને તો જાણીને દેહ - ઈન્દ્રિયોને કષ્ટ થાય તેમ વર્તવું જોઈએ.

વળી ત્યાગી સાધુને તો પોતાના મનમાં એમ દ્રઢ રુચિ રાખવી જોઈએ જે તપે કરીને મારે ભગવાનને રાજી કરવા છે, તે એક જન્મ તથા બે જન્મ તથા સહસ્ત્ર જન્મ સુધી પણ તપ કરીને જ ભગવાને રાજી કરવા છે. તપ કર્યા વિના તે જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ. માટે ત્યાગી હોય તેને તો ભગવાનને સર્વકર્તા જાણીને તપે કરીને જ ભગવાનને રાજી કરવા. અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા."

સારંગપુરના બીજા વચનામૃતમાં પણ શ્રીમુખનાં વચનો છે કે, "પોતાના દેહમાં જો કાંઈ ઉન્મત્તપણું જણાય તો ભજનમાં બેસવે કરીને અથવા ચાંદ્રાયણ વ્રતે કરીને દેહને નિર્બળ કરી નાખવું." કારિયાણિના ત્રીજા વચનામૃતમાં મહાપ્રભુ કહે છે કે, " સારો હોય તેને તો બાળપણામાંથી જ છોકરાની સોબત ગમે નહિ ને જિહ્વાનો સ્વાદિયો હોય નહિ ને શરીરને દમ્યા કરે. જુવોને, મને બાળપણામાં સ્વામી કાર્તિકની પેઠે એવો વિચાર ઉપજ્યો જે, "મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રૂધિર ને માંસ તે રહેવા દેવું નથી." માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રૂધિર તો નીસરે જ નહિ. એવી રીતે જે સારો હોય તે તો બાળપણામાંથી જ જણાય."

હે સંતો ! દવા એટલે રોગનો પ્રતિકાર, ગાડી એટલે થાકનો પ્રતિકાર, સંપત્તિ એટલે લોભનો પ્રતિકાર અને મનોરંજન એટલે એકલવાયાપણાનો પ્રતિકાર કહેવાય છે. એટલે કે સંસારનાં જેટલાં સુખો છે તે બધાયની એક જ ઓળખાણ છે દુઃખનો પ્રતિકાર ! દુઃખ વિનાનું સુખ એ માત્ર અક્ષરધામમાં જવાથી જ મળે છે. અને ત્યાં જવા માટે સંયમ અને સદ્‌ગુણોની પરમ

આવશ્યકતા છે. સાધન કરતાં કરતાં મોક્ષના માર્ગે મુક્તિ મેળવવા માટે સહન કર્યા પછી જે અક્ષરધામરૂપ પુરસ્કાર મળે છે એ પુરસ્કાર આત્મનિષ્ઠા રાખીને જ દૈહિક પીડા-ભૂખ-તરસ, માન-અપમાન વગેરે પીડાઓને સાર્થક કરીને જ રહે છે. —જેમ જન્મેલ પુત્રને જોતાવેંત સ્ત્રીને પ્રસૂતિની પીડા ગાયબ થઈજાય છે, તેમ વ્રત-તપ વગેરે સાધનાનું કષ્ટ પ્રભુ દર્શન અને પ્રભુધામ મળતાંની સાથે જ ગાયબ થઈ જાય છે.

હે સંતો ! પવનનો સહારો લઈને પોતાના તરફ આવી રહેલ ધૂળને જોઈને સૂર્ય એના તરફ દ્વેષ કરતા નથી તથા પવનની પીઠ પર સવાર થઈને ભલેને ગટરની દુર્ગંધ ફૂલ પર હુમલો કરે છે, પરંતુ ફૂલ લેશ માત્ર પોતાની સ્વસ્થતા ગુમાવ્યા વિના પોતાની સુવાસ પ્રસરાવવાની યોગ્યતા જાળવી જ રાખે છે. — એ જ રીતે તમો પણ હે સંતો ! તમારી સહન કરવાની યોગ્યતા ગુમાવતા નહિ. આ તો સંસાર છે. અહીં સંત-અસંત, સજ્જન-દુર્જન, પુણ્યવાન પાપી બધા જ છે. કોઈકને સામી વ્યક્તિમાં રહેલા સદ્ગુણો જ દેખાતા હોય છે, તો કોઈને સામી વ્યક્તિમાં છુપાઈને રહેલા દુર્ગુણો જ શોધતા રહેવામાં રસ હોય છે. કોઈ સારું જોવા માટે અંધ હોય છે તો કોઈક ખરાબ સાંભળવા માટે બહેરા હોય છે. કોઈકને સદ્ગુણની સુવાસની એલર્જી હોય છે, તો કોઈકને દુર્ગુણની દુર્ગંધ વિના ચેન પડતું નથી હોતું.

હે સંતો ! આવી વિચિત્ર અને વિપરિત સ્વભાવ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે રહેતાં તમારે ક્યારેક દુર્જનોનાં વચનો સાંભળવાનાં આવે પણ ખરાં, પરંતુ તમે તમારા મનને એ દુર્જનો પ્રત્યેના દુર્ભાવથી ગ્રસિત ન બનાવી દેતા; કારણ કે સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ૨૦૧મા શ્લોકમાં લખ્યું છે કે

*"ગાલિદાનં તાડનં ચ કૃતં કુમતિભિર્જનૈઃ ।"*
*ક્ષન્તવ્યમેવ સર્વેષાં ચિન્તનીયં હિતં ચ તૈઃ "*

"સંતોને કોઈ દુષ્ટબુદ્ધિવાળા માણસો ગાળો દે, તિરસ્કાર કરે, કડવાં વચનો સંભળાવે મશ્કરી કરે કે પ્રત્યક્ષ માર મારે તો પણ તે સર્વ સહન કરવું; એટલું જ નહિ, પણ એમનું હિત થાય એવું પોતાના અંતરમાં ચિંતવન કરવું!"

હે સંતો ! આપણા પરમહંસોએ સંપ્રદાયની શરુઆતમાં ખુબ ગાળો ખાધી છે, તિરસ્કારો સહન કર્યા છે, કડવાં વચનોના કડવા ઘુંટડા પ્રેમથી અંતરમાં ઉતારી ગયા છે અને માર પણ ખુબ ખાધો છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને સંત મંડળ જૂના સાવર ગામમાં ગયા ત્યારે ત્યાંનો ગામધણી ઉગાખુમાણે નોકરોને મોકલી સંતોને માર મરાવ્યો ને તિરસ્કાર કરીને ગામમાંથી કાઢી મૂક્યા તો પણ ક્ષમાવંત સંતોએ ધીરજ ધરી માર મરાવનાર ઉગાખુમાણ માટે પ્રભુને પ્રાર્થના કરી તેથી શ્રીહરિજીએ દીકરો દીધો !

અમદાવાદમાં કાંકરીયા તળાવે આવી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને વૈરાગી બાવાઓએ ઢોર માર માર્યો હતો તેમજ ધ્રાંગધ્રામાં પણ સ્વામીને બાવાઓએ બાવળના કાંટાઓથી ખુબ માર્યા હતા તો પણ સ્વામીએ સહન કરી તે બાવાઓને ક્ષમા આપી હતી ! અમદાવાદમાં લોલંગર બાવાએ યોગાનંદ સ્વામીને, ચિદ્રપાનંદ સ્વામીને, કલ્યાણાનંદ સ્વામીને અને અરિહત્રાનંદ સ્વામીને માર મારીને પુરી દીધા હતા, પરંતુ તેઓએ સહન કર્યું હતું ! બાવળી ગામના ભાણદાસે સદાનંદ સ્વામીને શીસમની લાકડી ભાંગી ગઈ ત્યાં સુધી માર્યા હતા ! અને બ્રહ્માનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામીને ઝાલાવાડ પ્રદેશમાં વૈરાગીઓએ ખુબ માર્યા હતા, તો પણ તેઓએ સહનશીલતા ગુમાવી ન હતી; માટે તમારે પણ સહન કરી ક્ષમા રાખવી.

*"કલ્યાણ માટે જન સાધુ થાય, તેનાં રૂડાં લક્ષણ તો જણાય*
*ક્ષમા દયા ધીરજ ચિત્ત ધારે, ન કામ કે ક્રોધ નડે જ ક્યારે*
*ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધુ જીતાય*
*સ્વધર્મ સચ્છાસ્ત્ર વિષે જ વાંચો, ક્ષમા તજે તે નહિ સાધુ સાચો*
*ભલાતણું ભૂષણ તે ક્ષમા છે, કલેશનું કારણ અક્ષમા છે*
*ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પિડાય*
*જો ચંદને શીતળતા ન હોય, કહે નહીં ચંદન નામ કોય*
*જો ન ક્ષમા સદ્ગુરુમાં જણાય, સાચા નહિ સદ્ગુરુ તે ગણાય*
*સશક્તને ભૂષણ તો ક્ષમા છે, અશક્તને તે ગુણ શ્રેષ્ઠતા છે"*
*-હરિલીલામૃત.ક-૫. વિ-૧૪*

## *ઓગણીસમું પુષ્પ*

હે વ્હાલા સંતો! પરમાત્માની આરાધના તેઓની આજ્ઞા મુજબ કરવાને બદલે તમારી ઈચ્છા મુજબ કરશો તો તમોને મુક્તિમાર્ગમાં પૂર્ણ સફળતા નહિ મળે. બીમાર વ્યક્તિ ડૉક્ટરની આજ્ઞાનુસાર દવા લે તો જલ્દી સાજી થઈ જાય છે અને પોતાની મેળે મેડિકલ સ્ટોરથી દવા લઈ આવીને ખાય-પીવે તો પૂર્ણ સફળતા મળતી નથી. —બસ મુક્તિમાર્ગમાં પણ એવું જ છે; તેથી તો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાપુરુષો શ્રીજી મહારાજની આજ્ઞા પાળવા વિષે ખૂબ ભાર આપીને કહે છે.

આપણી ઈચ્છા મૂજબ આપણા મનને ગમે એ પ્રમાણે સાધના કરીશું, તો આપણું મન અનુકૂળતાનો આનંદ જરૂર અનુભવશે અને આપણે પણ એ ભ્રમણામાં રહીશું કે અમો ભજન-ભક્તિનો આનંદ અનુભવી રહ્યા છીએ, પણ વાસ્તવિકતા જુદી જ છે. શરીર પર ચડેલા સોજાને શરીરની તંદુરસ્તી માનીને જીવનારો વધુને વધુ મોતને નજીક લાવી રહ્યો છે — એ જ રીતે અનુકૂળતાના આનંદને આરાધનાનો આનંદ માનીને જીવન પસાર કરનાર સંયમી સાધુ પણ અજાણતાં દુર્ગતિને આમંત્રણ આપી રહ્યો છે; માટે હે મુમુક્ષુ સંતો ! તમો સાવધ બનીને ચેતી જાવ. સંયમી જીવન લીધું જ છે તો હવે મર્દાનગી પૂર્વક પાળી બતાવો અને મનને સ્વચ્છંદતામાંથી પાછું વાળી શ્રીજી મહારાજની આજ્ઞામાં રાખો.

સંતો ! પાણી ઢાળનો વિશ્વાસ કરશે ? પેટ્રોલ આગનો વિશ્વાસ કરશે ? દેડકો સાપનો વિશ્વાસ કરશે ? સંગ્રહણીનો દર્દી દૂધનો વિશ્વાસ કરશે ? કરોડપતિ શ્રીમંત ખુંખાર ગુંડાનો વિશ્વાસ કરશે ? હરગિજ નહિ. ક્યારેય પણ નહિ. કારણ કે પાણી ઢાળને પામીને નીચે ઉતરી જશે. પેટ્રોલ અગ્નિને

પામીને પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસશે. દેડકો સર્પને પામીને જીવનને હાથથી ગુમાવી બેસશે. સંગ્રહણીનો દર્દી દૂધને શરણે જઈને પોતાનું સ્વાસ્થ્ય વધુ બગાડી બેસશે. કરોડપતિ માણસ ગુંડાના સકંજામાં આવીને પોતાની સંપત્તિ ગુમાવી બેસશે. – બસ એ જ રીતે તમો ત્યાગીઓ સદ્‌ગુણોનો ચાહક છો અને પરમગતિના આશક છો તેમજ સંયમજીવનના ધારક છો ; આવા ગુણિયલ હોવા છતાં જો તમો બહારના દુર્જનોનો કે અંદરના અંતઃશત્રુઓનો વિશ્વાસ કરશો તો તમારા સદ્‌ગુણોની સ્મશાનયાત્રા નીકળી જશે. અર્થાત્ તમારા સદ્‌ગુણો નાશ પામી જશે.

યાદ રાખો કે દહીં ખાતા રહેવું છે અને છાતીને કફમુક્ત રાખવામાં સફળતા મેળવવી છે એ સંભવ જ નથી. તેજ ગતિથી દોડતા રહેવું છે અને હાંફ ચડે જ નહિ, એ સ્થિતિ અનુભવતા રહેવું છે એ સંભવિત જ નથી. બારી-બારણાં બધાં જ ખુલ્લાં રાખવાં છે અને ધૂળને ઘરમાં પ્રવેશતા અટકાવવામાં સફળ બનવું છે એ સંભવ જ નથી; કારણ કે જ્યાં સુધી કારણ હાજર રહેશે ત્યાં સુધી કાર્ય બનતું જ રહેશે. ગલત કારણ હશે તો ગલત કાર્ય બનતું રહેશે અને સારું કારણ હશે તો સારું કાર્ય પણ બનતું રહેશે. માટે હે સંતો ! તમે ગલત કારણથી અલગ થઈ જાવ. ખોટા ફળથી તમારી જાતને દૂર રાખવાનો આ એક જ વિકલ્પ છે અને સારા કાર્યને અનુભવનો વિષય બનાવવાનો એક જ વિકલ્પ છે કે તમો સારા કારણોનું સેવન કરતા થઈ જાવ.

હે વ્હાલા સંતો ! પરીક્ષામાં પ્રથમ નંબરે જ ઉત્તીર્ણ થઈ જવાની પ્રચંડ ક્ષમતા ધરાવતો યુવક પરીક્ષામાં માત્ર પાસ થઈ જવાની ગણતરી રાખીને ભણવાની બાબતમાં બેદરકારી દાખવવા લાગે તો એના ઉજ્જવળ ભાવિ પર પૂર્ણ વિરામ મુકાઈ જાય જ ને ? એક કલાકના માત્ર પાંચ કિલોમીટર જ

ચાલવાની શક્તિ ધરાવતો યુવક કલાકના ૨૦ કિ.મી. કાપી નાખવાની શરત લગાવી બેસે અને એના આધારે એ દોડવા લાગે તો શરીર અને સંપત્તિ બંને ક્ષેત્રે એ નુકસાનીનો જ શિકાર બનેને ?

સંતો ! તમારી પાસે જે જીવન છે એ પાટા પર દોડતી ગાડી જેવું નથી, પરંતુ સાગર તરફ આગળ વધી રહેલી નદી જેવું છે. ગાડીને તો કાયમ પાટા પર જ દોડવાનું હોય છે એટલે એને રસ્તા પર કોઈ સંઘર્ષ કરવાનો આવતો નથી; પરંતુ નદીની તો આખી વાત જ ન્યારી છે.ક્યારેક એને જંગલમાંથી વહેવાનું હોય છે, તો ક્યારેક રણપ્રદેશમાંથી આગળ વધવાનું હોય છે. ક્યારેક ખડકાળ રસ્તેથી તો ક્યારેક સૂકા પ્રદેશ પરથી આગળ ધપવાનું હોય છે. આ સ્થિતિમાં પોતાની વહેવાની ગતિમાં એને અવાર-નવાર ફેરફારો કરતા જ રહેવું પડે છે. ક્યારેક શાંતિથી તો ક્યારેક આવેગપૂર્વક એને વહેવું પડે છે. — બસ એ જ રીતે તમારે પણ મુક્તિ સુધી અક્ષરધામ સુધી સહી સલામત પહોંચી જવા નદી જેવા બનીને જ સંયમ જીવનની યાત્રાએ આગળ વધવાનું છે. તમારા સંયમીજીવનને મુશ્કેલીમાં મૂકી દેવાની ભૂલ તમારે નથી જ કરવાની; કેમ જે સમડીની ચાંચમાં સપડાઈ ચૂકેલા સર્પને કદાચ જીવનદાન હજી મળી શકે છે, પણ દુર્મતિના શિકાર બનેલાને સદ્ગુણો કે સદ્ગતિની પ્રાપ્તિ સર્વથા અસંભવિત છે, માટે સતત સાવધાન રહેજો.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, ''જે સાવધાન નથી રહેતા ને ગાફલાઈ રાખે છે તેને તો જેમ ઝોકમાંથી પ્રમાદી બકરાને સિંહ ઉપાડી જાય છે, તેમ કામ -ક્રોધાદિક ઉપાડી જાય છે. જેને માથે મોટા શત્રુ હોય તેણે ઊંઘવું નહિ ને જેણે આતતાઈ કર્મ કર્યું હોય તેને પણ ઊંઘ આવે નહિ; તેમ કામ ક્રોધ ને લોભાદિક શત્રુ માથે છે ત્યાં સુધી ઊંઘવું નહિ.'' અર્થાત્ સતત

સાવધ રહેવું. પ્રથમ પ્રકરણની નવમી વાતમાં સ્વામી કહે છે કે, " સંસાર મૂકીને ત્યાગી થાય તે દુઃખ માત્રને ટાળીને સુખિયો થઈ જાય; પરંતુ ત્યાગી થયા પછી પણ વાસનાનું દુઃખ રહે છે. તે વાસના લોભની, કામની, સ્વાદની, સ્નેહની ને માનની છે. તે વાસના ટળે તેમ તેમ સુખિયો થાય છે. વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે."

હે વ્હાલા સંતો ! યાદ રાખો કે, નબળા બોલમાં આઉટ થઈ જતો બેટ્સમેન ટીમમાંથી પોતાનું સ્થાન ગુમાવી બેસે છે – એ જ રીતે નબળા નિમિત્તોનો પ્રસંગ કરી સંયમ ગુમાવી દેનાર સાધુ પણ મુક્તિ અને પ્રભુ પ્રાપ્તિ ગુમાવી બેસે છે; માટે સાવધાન ! હલકા નિમિત્તોથી દૂર જ રહો. ક્રીઝ પર હાથમાં બેટ લઈને ઊભેલો બેટ્સમેન નબળા બોલની રાહ જોતો હોય છે. બોલર નબળો બોલ ફેંકે તુરંત બેટ્સમેન તેની તમામ તાકાતથી ફટકારી બાઉન્ડ્રી બહાર મોકલી ચાર કે છ રન લઈ લે છે – એ જ રીતે સંયમ રાખનાર સાધુ-સંતો પ્રતિ અંતઃશત્રુઓ પણ રાહ જોઉ રહ્યા હોય છે કે, આ સંયમી સંતો કયારે હલકા લોકોનો સંગ કરે અને હલકા સ્થાનોનો સહવાસ કરે ! બંનેમાંથી એકનો પણ પ્રસંગ કરતાંની સાથે જ તેઓ સંતોના સદ્ગુણોનું હરણ કરી સંયમજીવનને ચુંથી નાખે છે. માટે સાવધાન ! નબળા બોલમાં આઉટ થઈ જતો બેટ્સમેન જેમ ટીમમાંથી પોતાનું સ્થાન ગુમાવી બેસે છે – તેમ નબળા નિમિત્તોમાં સંયમ ગુમાવી બેસનારો ત્યાગી પણ અક્ષરમુક્તની સાથે રહેવાનું સ્થાન ગુમાવી બેસે છે !

હે સંતો ! પેટ બગડેલું છે અને બાબાને ખમણ ખાવા છે, પણ તેની મમ્મી ખાવા દેતી નથી. શરદી થઈ ગઈ છે અને બાબાને આઈસ્ક્રીમ ખાવો

o

છે, પણ તેની મમ્મી ખાવા દેતી નથી. તાવ આવ્યો છે અને બાબાને ક્રિકેટ રમવા જવું છે, પણ તેની મમ્મી જવા દેતી નથી; કારણ કે મમ્મીને એના સ્વાસ્થ્યની ચિંતા છે અને એના કારણે જ તે પોતાના બાળકને નારાજ કરતી હોય છે – બસ એ જ રીતે આપણે પણ રાત્રે મોડા સુધી જાગવું છે અને સવારે મોડા સુધી સૂઈ રહેવું છે, પણ ગુરુદેવ અને મોટા સંતો આપણને મોડા સુધી સૂઈ રહેવા દેતા નથી. આપણે જગતનાં ફાલતું પુસ્તકો વાંચવા છે કે જેને વાંચવાથી વિકારો ઉત્પન્ન થાય, પણ ગુરુદેવ આપણને એવાં પુસ્તકો વાંચવા દેતા નથી. આપણે નિત્ય નિત્ય નવા નવા મેવા-મીઠાઈ ખાવી છે, પણ ગુરુદેવ દરરોજ ખાવા દેતા નથી. આવા સમયે આપણને ગુરૂદેવનો અવગુણ આવે અથવા તો એનાં શિક્ષાવચનો ગમે નહિ, તો ચોક્કસ માની લેવું કે, હું પંચવિષયનો લાલચું છું, તેના કારણે મને આવાં હિતનાં વચનો ગમતાં નથી.

હે સંતો ! એક મકાનમાં અચાનક આગ લાગી. તે આગ બુઝાવવા માટે સજ્જન લોકો પાણી લઈને ત્યાં આવવા લાગ્યા ને સળગતા મકાનને ઓલવવા લાગ્યા. તે સમયે એક દુર્જન લાકડાંની ગાડી ભરીને ત્યાં આવ્યો ને અગ્નિમાં લાકડાં નાખવાં લાગ્યો ! અર્થાત્ આગ બુઝાવવાને બદલે વધારવા લાગ્યો. – એ જ રીતે જન્મજન્માંતરથી દેહધારીઓના અંતરમાં કામ-ક્રોધાદિકનો અગ્નિ સળગી રહ્યો છે, તેને બુઝાવવા માટે સાધક એવા મુમુક્ષુ સંતો સંયમરૂપી પાણીથી તે કામાદિક આગને ઓલવી રહ્યા છે, જ્યારે વિષયી સાધુઓ તો પંચવિષયરૂપી લાકડાંઓ એની અંદર હોમી હોમી ઉલટાના કામ-ક્રોધાદિક અગ્નિને વિશેષ પ્રજવલિત કરી રહ્યા છે ! માટે સાવધ બની સાધક સંતો ક્યારેય પણ આવા પ્રયત્નો ન કરે. આવું આચરણ ન કરે.

૯

*"મેલી પુરુષોત્તમની મૂરતિ, કરે છે નારી જોવા શું રતિ*
*તેને ચિંતવે વારમવાર, એવા મૂરખને છે ધિક્કાર*
*મેલી સુંદર શ્યામસ્વરૂપ, જઈ જુએ છે નારીનું રૂપ*
*તેમાં થાય નર તદાકાર, એવા મૂરખને છે ધિક્કાર*
*મેલી મહાપ્રભુજીનું મુખ, દેખે નારીને નર વિમુખ*
*તેના સ્પર્શનો રાખે છે પ્યાર, એવા મૂરખને છે ધિક્કાર*
*મેલી મોહનમુખની વાત, નારી શબ્દ સુણે રળિયાત*
*ના'વે અવગુણ એનો લગાર, એવા મૂરખને છે ધિક્કાર*
*મેલી મુખે હરિગુણ ગાન, કહે નારિ ચરિત્ર નિદાન*
*તેણે ફૂલે અંગમાં અપાર, એવા મૂરખને છે ધિક્કાર.*
*ભક્તચિંતામણિ પ્ર. ૧૦૬*

## *વીસમું પુષ્પ*

હે સંતો ! આંખને એનો વિષય જે જોવું, તે તરફ મોકલતા પહેલાં એને હરિ આજ્ઞાથી નિયંત્રિત કરવી જોઈએ. એટલે કે ત્યાગીની જે જે મર્યાદાઓ છે તેમાં રહીને જ જગતના પદાર્થો જોવા જોઈએ. એ જ પ્રમાણે જીભ પર ખાવાના પદાર્થો મૂકતા પહેલાં, કાનમાં શબ્દોને પ્રવેશ આપતા પહેલાં અને મનને વિચારોમાં વ્યસ્ત રાખતા પહેલાં એ તમામ પર શ્રીજી મહારાજની આજ્ઞાનું નિયંત્રણ મૂકવું જોઈએ; કારણ કે તમારે સત્સંગ વિચરણ વખતે સત્સંગના પ્રચાર–પ્રસાર વખતે અનેક પ્રકારની વ્યક્તિઓના પરિચયમાં આવવાનું થતું હોય છે અને દેશ - વિદેશમાં જ્યાં- ત્યાં, જેવું-તેવું, સારું-નરસું જોવાનું, સાંભળવાનું અને ખાવા-પીવાનું પ્રાપ્ત થતું હોય છે એ સમયે હરિ આજ્ઞાનું અનુસંધાન ન હોય તો આંખથી સ્વરૂપવાન સ્ત્રીઓનાં રૂપ જોવાઈ જાય છે, કાનથી સ્ત્રીઓની વાતો સાંભળવા અને ફિલ્મીગીતો સાંભળવા મન લાલાયિત બની જાય છે, જીભ અપવિત્ર અને અશુદ્ધ આહાર ખાવા માટે તલપાપડ બની જાય છે. આવા સમયે શ્રીહરિજીની આજ્ઞાનું અનુસંધાન હોય તો સંયમ રહી શકે છે અને વૃત્તિ તે તે વિષયોમાંથી પાછી વળી જાય છે.

સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી ત્રીજા પ્રકરણની ૯૯મી વાતમાં કહે છે કે, ''આજ્ઞા પળે એટલી વાસના બળે. તે આજ્ઞા કઈ જે શિક્ષાપત્રી, નિષ્કામ શુદ્ધિ ને ધર્મામૃત તે પાળીને વાસના ટાળવી. ને સ્થૂળ દેહે વર્તવું ને આજ્ઞા પાળવી એ તો થાય એવું છે, ને તેમાં ફેર પાડે એટલો કુસંગ છે.''

સંતો ! તમોને ચેતવણી એ આપવાની છે કે, વિષયોનો સંપર્ક તમારા અંતઃશત્રુઓને વધારનારો ન બની જાય, તમારા રાગ-દ્વેષને ઉત્પન્ન કરનાર ન બની જાય, તમારા અસંતોષને ભડકાવનારો ન બની જાય અને તમારી

અતૃપ્તિની અનાદિની આગ માટે ઈંધણકાર્ય કરનારો ન બની જાય એ અંગે તમો ખુબ સાવધાન રહેજો. મીણને આગનો સંપર્ક થાય અને છતાં એને પીગળવા ન દેવું , ઋતુ વસંતની હોય અને છતાં કોયલને ટહુકવા ન દેવી, પવન વાવાઝોડાનો હોય અને છતાં રસ્તા પર પડેલી ધૂળને ઊડવા ન દેવી, પૂર પ્રલયકાળનું હોય અને છતાં ઘાસના તણખલાંને એમાં તણાવા ન દેવું એ જેટલું પરાક્રમ માગે છે, એના કરતાં અનેકગણું પરાક્રમ વિષયોના સંપર્ક છતાં પોતાની જાતને અંતઃશત્રુઓથી અને રાગ-દ્વેષથી બચાવતા રહેવામાં દાખવવું પડે છે.

આ વાસ્તવિકતાને તમારા સંયમ જીવનમાં સતત આંખ સામે રાખજો. આત્માને માટે અતિ ખતરનાક હોવા છતાં મનને ખૂબ ખૂબ ગમી રહેલા વિષયોથી જીવાત્માને અલિપ્ત રાખવાનું કામ કઠિન છે; છતાં આ કામ તમારે કરી જ દેખાડવાનું છે. સંસાર છોડી જાણ્યો છે તો વિષયો પ્રત્યેની આસક્તિને પણ તોડી નાખો.

એક માણસનું મકાન બંધ હતું. દંપત્તિ ઘેર આવ્યાં. પત્નીએ ઉતાવળા આગળ આવીને પોતા પાસે પણ ઘરની ચાવી હોવાથી તાળું ખોલી નાખ્યું હતું. પછી તે બીજી સ્ત્રી સાથે વાતો કરવા લાગી. ત્યાં પતિ આવ્યા અને તેને ખ્યાલ ન હોવાથી પોતાની પાસે બીજી ચાવી હતી તેને તાળામાં નાખી ખોલવા લાગ્યો, પરંતુ ખુલેલું તાળું બંધ થઈ ગયું ! કારણ કે ચાવી અવળી બાજુ ફેરવાઈ ગઈ હતી. એક માણસ શાક સુધારવા બેઠો. હાથમાં છરી લીધી, પણ એનાથી શાક ન સુધર્યું, પરંતુ હાથમાંથી લોહી નીકળવા લાગ્યું, કારણ કે તેને છરી વાપરતાં ન આવડી- ચપ્પાનો ઉપયોગ કરતા ન આવડ્યો — બસ એ જ રીતે મુક્તિના સાધનરૂપ ત્યાગાશ્રમ સ્વીકાર્યો તેમાં સંયમરૂપી

ચાવી ને છરી મળી, પણ એનો ઉપયોગ ઊંધો કર્યો. જે સંયમથી પરમાત્માની પ્રાપ્તિ થવાની હતી એ જ સંયમ તોડી નાખ્યો તેથી ઉલટાની અધોગતિ થઈ.

હે વ્હાલા સંતો ! યાદ રાખજો કે, પંચ વિષયોને નિમંત્રણ આપીને તો આપણે અનેક જન્મો બગાડ્યા છે. અને એના ફળ સ્વરુપે અનેકવાર ચોરાશી લાખ યોનિમાં જન્મ લઈ આવ્યા છીએ. આ માનવદેહ અને એમાંય પણ સંયમ જીવન, એની જ આ તાકાત છે કે જ્યાં વિષયોને નિયંત્રણમાં રાખી શકાય છે. આજે આપણું સદ્‌ભાગ્ય છે કે આપણા હાથમાં સંયમ જીવન છે. હાથમાં પિસ્તોલ હોવા છતાં પણ ગુંડાનો પ્રતિકાર ન કરી શકનાર જો સંસારના ક્ષેત્રમાં કમજોર અને મૂરખ મનાય છે. — એ જ રીતે સંયમી જીવન હાથમાં હોવા છતાં જે સંયમી સાધુ ઈન્દ્રિયોને નિયંત્રિત નથી કરી શકતો અને મનને નિયંત્રણમાં રાખી શકતો નથી એ કમજોર ને મૂરખ મનાય છે અને સાથો સાથ દુર્ભાગી પણ મનાય છે.

સંતો ! સાંભળો ગુમ થઈ ગયેલ અબજોની કિંમતનો હીરો, ખોવાઈ ગયેલ લાખો રૂપિયાની થપ્પીઓ અને આડું -અવળું થઈ ગયેલ કરોડોની કિંમતનું ઝવેરાત-સોનું પાછું મળી શકે છે; પરંતુ એક વાર હાથમાંથી ચાલ્યું ગયેલ સંયમી જીવન પાછું મળી શકતું નથી, માટે સાવધ બની તેનું રક્ષણ કરવું. પાવર, બટન, બલ્બ અને પ્રકાશને પરાવર્તિત કરવા માટેનો બલ્બની પાછળનો ભાગ એને એનેમલ્ડકપ કહેવાય છે. તે બેટરીની અગત્યની ચીજ છે. બટન દબાવીએ એટલે બલ્બનો પ્રકાશ તેના પર પરાવર્તન પામીને બધે તેજ તેજ કરી દે છે. — તેવી જ રીતે જ્ઞાન (સમજણ) ની બેટરીમાં પણ જીવનશક્તિ પાવરનું કામ કરે છે, આત્મા બલ્બને ઠેકાણે છે, સંતો બટનને ઠેકાણે છે અને સંયમ'' એનેમલ્ડકપ' ને સ્થાને છે. લેમ્પ સારો હોય પરંતુ તે

કપ જો કાળો થઈ ગયો હોય તો બેટરીનો પ્રકાશ દૂર સુધી પહોંચી શકે નહિ. – એ જ રીતે સંયમરૂપી કપ જો ઝાંખો થઈ ગયો હોય તો સંતરૂપી બટન દબાવવામાં આવે તો પણ આત્માનો પ્રકાશ ફેલાય નહિ માટે સંયમની પરમ અનિવાર્યતા છે.

લગામ વગરનો ઘોડો અને બ્રેક વિનાની ગાડી વિનાશ સર્જે છે – તેમ સંયમ વિનાનું જીવન પતન પામે છે.સંયમના વિકાસ માટે મનોબળનો વિકાસ અનિવાર્ય છે. અને મનોબળના વિકાસ માટે સંયમનો વિકાસ જરૂરી છે ! બંને પરસ્પરના પૂરક છે. વિકાસના શિખર ઉપર પહોંચ્યા પછી સંયમ અને મનોબળ વચ્ચે ભેદ રહેતો નથી. અને એવો અભેદ આપણા અધ્યાત્મમાર્ગને મોકળો બનાવે છે. પણ હા.... હા.....હી.....હી..... કરનારા છીછરા લોકો ક્યારેય પણ આધ્યાત્મિક વિકાસ મેળવી શકતા નથી.

હે સંતો ! રોગ દેખાતો હોય છે ભલે શરીરની બહાર, પણ કુશળ ડૉક્ટર કે વૈદ્ય એની પરવા કરતો નથી. એ તો શરીરની અંદર પડેલા રોગના કારણને પકડી પાડવાની મહેનત જ કરતો હોય છે. કારણ કે એને ખબર હોય છે કે કારણ જો પકડાઈ જશે તો રોગની હકાલપટ્ટી હાથવેંતમાં જ છે. – બસ એ જ પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં જોઈએ તો વિકારો આંખમાં દેખાઈ રહ્યા છે, આવેશ મુખપર પ્રગટ થઈ રહ્યો છે, રસલોલુપતા જીભ પર પ્રગટી રહી છે; પણ આ બધાની બહાર દેખાઈ રહેલ ભયાનકતા કરતાં ખાસ નોંધ લેવા જેવી અંદરની છે.

ભયંકર ભયાનકતા ભીતરમાં ઘરબાયેલી છે. ટી.વી. ઉપર દેખાઈ રહેલ ચિત્ર એની અંદરથી આવે છે. – તેમ ઉપર ઉપસતી ઈન્દ્રિયોની ચંચળતા

 પણ અંદરથી જ આવે છે ! અહંકારનું સામ્રાજ્ય, વાસનાની ગંદકી,

સ્વચ્છંદમતિનું તોફાન, સુખશીલતાનું આકર્ષણ અને વિષયો પ્રત્યેનો રાગ આ બધાં જ અંદરનાં નેગેટીવ તત્ત્વો છે. જો એના પર વિજય મેળવવામાં આવે તો બહારની ઈન્દ્રિયોની જે જે વૃત્તિઓ છે તે આપમેળે જ શાંત થઈ જાય છે. માટે બહારની સાથોસાથ વિશેષપણે અંદર પણ કંટ્રોલ કરતાં રહીએ અને શ્રીજી મહારાજની કૃપાનું પાત્ર બનતા રહીએ.

હે સંતો ! પાણીને ઠંડું કરવાના પ્રયાસમાં સફળતા મેળવવાનો પ્રથમ નંબરનો ઉપાય એ છે કે, એ પાણીના વાસણને ગેસ ઉપરથી નીચે ઉતારી લેવામાં આવે કાં તો ગેસનું બટન બંધ કરી દેવામાં આવે. આગની ગરમી મળવાનું બંધ થતાં જ પાણી આપોઆપ ઠંડું થઈ જશે – બસ એ જ પ્રમાણે શબ્દ-સ્પર્શ-રૂપ- રસ અને ગંધ એ જે પંચવિષય છે એને ઠંડાં પાડવા માટે તેનું પોષણ કરનારા જે વિષયો છે તેના પર રોક લગાવી દો, એની આજીવિકા તોડી નાખો. એનું બટન બંધ કરી દો. એટલે કે આંખને મનપસંદ રૂપ જોવા ન આપો. કાનને મનપસંદ શબ્દ સાંભળવા ન આપો. ચામડીને મનપસંદ સ્વાદ કરવા ન આપો અને નાકને મનપસંદ સુગંધ સુંઘવા ન આપો. આવું કરવાથી જે રીતે ગેસનું બટન બંધ કરવાથી ઉકળતું પાણી ધીરે ધીરે ઠરી જાય છે – એજ રીતે પંચવિષયોની ઈચ્છાઓ પણ શાંત થઈ જાય છે; માટે આ ઉપાયો અવશ્ય કરવા જોઈએ.

હે સંતો ! બગીચાને લીલોછમ રાખવો હોય તો પાણીને હાજર રાખવું જોઈએ. મેલાં વસ્ત્રો સાફ કરવામાં સફળતા મેળવવી હોય તો સાબુ ને પાણી હાજર રાખવાં જોઈએ. શરીરને સ્વચ્છ રાખવું હોય તો પાણીને હાજર રાખવું જોઈએ – એ જ રીતે સંયમ જીવનને વિશુદ્ધ રાખવું હોય તો શિક્ષાપત્રી, વચનામૃત, ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ, ચોસઠપદી, હૃદય પ્રકાશ, ગોપાળાનંદ

સ્વામીની વાતો અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો આ બધાં સદ્ગ્રંથો હાજર રાખવા જોઈએ. અર્થાત્ એનો સતત અભ્યાસ કરવો જોઈએ ને જીવનમાં ઉતારવો જોઈએ.

*"અન્ન ખાવું તે ક્ષુધાને ખોવા, જળ પિવું તે પ્રાણને ટોવા*
*રહેવું અન્ય વસ્તુથી નિરાશ, એમ સમઝે છે હરિના દાસ*
*તેહ વિના છે સર્વેનો ત્યાગ, વિષય સુખ સાથે છે વૈરાગ્ય*
*કૈયે ઈચ્છે નહિ જાણી કાશ, એમ સમઝે છે હરિના દાસ*
*જેને મળ્યું છે મહાધન મોટું, બીજું સર્વે સમજાણું છે ખોટું*
*પાપ જાણીને ન કરે પ્યાસ, એમ સમઝે છે હરિના દાસ*
*અહિ વિંછી ને વિષ અંગાર, કાક વિષ્ટામાંહિ શિયું સાર*
*એવું જાણી તજે સુખ આશ, એમ સમઝે છે હરિના દાસ"*

*- ભ.ચિ. પ્ર. ૧૦૭*

## *એકવીસમું પુષ્પ*

હે મુમુક્ષુ સંતો ! કડવું કરીયાતું જીભ પર આવતાની સાથે જ કડવાશની અનુભૂતિ કરાવે છે, અણીદાર કાંટો અડતાની સાથે જ તીક્ષ્ણતાની અનુભૂતિ કરાવે છે, આગ એના સંપર્ક માત્રથી ઉષ્ણતાની અનુભૂતિ કરાવે છે, વિષ્ટા એના સાંનિધ્ય માત્રથી દુર્ગંધની અનુભૂતિ કરાવે છે અને એટલે જ કરિયાતાથી અને કાંટાથી, અગ્નિથી અને વિષ્ટાથી દૂર રહેવા કોઈને પ્રેરણા કરવી પડતી નથી. — પરંતુ ઝેર મિશ્રિત લાડુ જીભ પર મૂકતાં જ એ સ્વાદિષ્ટતાની અનુભૂતિ કરાવે છે અને એટલે જ એનાથી દૂર રહેવા મન કોઈ હિસાબે સંમત થતું નથી. સુખની અનુભૂતિ કરાવી રહેલા પાંચેય ઈન્દ્રિયોના વિષયો આ લોકની આત્મશાંતિ અને પરલોકની મુક્તિ બગાડી નાખે છે.

સંતો, રાજકુમાર ક્યારેય પણ ગંધાતી ગટર સામું સ્નેહ સભર મીઠી નજર નાખતો નથી. —એ જ રીતે સંસારને છોડીને આવેલ સાધુ પણ સરસ લાગતા એવા ઈન્દ્રિયોના વિષયો તરફ પોતાની નજર પણ નાખતા નથી. આપણે સંસારીઓની વચ્ચે અને સંસારમાં રહીએ છીએ તેથી વિષયોનો સંપર્ક તો અવાર-નવાર થોડો-ઘણો રહેશે; પરંતુ સંયમની બ્રેક રાખીશું તો વિષયોના સંબંધથી જરૂર બચી જઈશું. પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ અને એમની પ્રસન્નતા આપણે મેળવવી હોય તો આ બાબતમાં અત્યંત સાવધાન બની જઈએ.

ગુલાબ સાથે કાંટાઓ ભલે રહેતા હોય, ચોપડામાં જમાની સામે જ ઉધાર ભલે ગોઠવાતું હોય, દાળમાં મીઠું અને મરચું ભલે સાથે રહેતા હોય, પણ આપણા જીવનમાં સંયમ અને વિષય બંનેને એક પળ પણ સાથે ન રાખવા, કારણ કે વિષયો આવતાવેંત સંયમને તોડીને પોતાનું સ્વરાજ સ્થાપી

દેશે. ભોજનની આપણે જરૂર છે તૃપ્તિ માટે, વસ્તીની આપણને જરૂર છે સલામતી માટે, દવાની આપણને જરૂર છે આરોગ્ય માટે, સદ્ગ્રંથની સ્વાધ્યાયની આપણને જરૂર છે સમજણ માટે – એ જ રીતે સંયમની આપણને જરૂર છે મન પર વિજય મેળવવા માટે, વિષયો જીતવા માટે અને પ્રભુની પ્રસન્નતા માટે.

હે સંતો ! સદ્ગુણી શ્રીમંતોના બંગલાના દરવાજા ખુલ્લા રહે છે સંતો માટે, સજ્જનો માટે, સ્વજનો માટે, મિત્રો માટે, ગરીબો માટે અને પરિચિત વ્યક્તિઓ માટે, – પરંતુ બંધ રહે છે દુર્જનો માટે, ચોર માટે, લબાડ માટે, લફંગા માટે અને અપરિચિત માટે. તેનું કારણ સ્પષ્ટ છે કે શ્રીમંત પાસે વિપુલ ધન છે, અઢળક સંપત્તિ છે. પુષ્કળ પુરુષાર્થ કરીને એણે એ ભેગી કરી છે. એ સલામત રહે એ ધ્યાનમાં રાખી પોતાના મકાનનો દરવાજો બંધ રાખે છે. – બસ એ જ રીતે મુમુક્ષુ એવા સંયમી સંતો પણ દરેક ઈન્દ્રિયોને ભગવત્ સંબંધી ક્રિયાઓમાં જ રાખે છે, પણ વિષય સંબંધી ક્રિયાઓમાં જવા દેતા નથી.

તેઓની વાણી હરિ ગુણગાન કરવા હંમેશાં તૈયાર હોય છે, પણ ગ્રામ્ય-વાર્તા ને ગપ્પા મારવામાં તો મુંગી જ રહે છે. પ્રભુ -દર્શન માટે તેઓની આંખ લંપટ બની જાય છે, પણ સ્ત્રીઓનાં રૂપ જોવાં માટે તો આંધળી બની જાય છે. પ્રભુનાં લીલા ચરિત્રો સાંભળવામાં એમના કાન લાલાયિત હોય છે, પણ જગતના શબ્દો સાંભળવા માટે બહેરા હોય છે. પ્રભુનો પ્રસાદ લેવા એની રસના તૈયાર હોય છે, પણ અન્ય મેવા મીઠાઈ ખાવા માટે નફરત હોય છે. સદ્ગુણોમાં અને સદ્ભાવનામાં ઝૂમતા રહેવા માટે એમનું અંતઃકરણ તૈયાર થઈ જાય છે, પણ અસદ્ગુણો ને દુર્ભાવ માટે તે લકવાગ્રસ્ત

બની જાય છે. અર્થાત્ સદ્ગુણો વૃદ્ધિ પામે ને આધ્યાત્મિકતાને આગળ વધારે એવાં તમામ ક્ષેત્રોમાં સંયમી સંતોની ઈન્દ્રિયો ને અંતઃકરણ જીવંત બની જાય છે અને આત્માની અધોગતિ કરે અહિત કરે એવાં તમામ ક્ષેત્રોમાં મૃતપ્રાયઃ બની જાય છે.

સંતો ! આ ગણિતને આધારે આપણે આત્મનિરીક્ષણ કરીએ અને અંતઃકરણમાંથી એનો સંતોષકારક પ્રત્યુત્તર મળતો હોય તો માનવું પડે કે પુરુષાર્થ કરીને મેળવેલ આપણું સંયમીજીવન સાર્થકતાને માર્ગે છે. આપણને ઈન્દ્રિયો ને અંતઃકરણ મુક્તિ મેળવવા માટે મળેલ છે, પણ પંચવિષયો ભોગવીને પાપના પોટલા બાંધવા માટે નહિ. સદ્ગુણો વૃદ્ધિ કરવા માટે મળેલ છે, પણ દુર્ગુણો મજબૂત કરવા માટે નહિ. સદ્ગતિ મેળવવા માટે છે, પણ દુર્ગતિ મેળવવા માટે નહિ. ઈન્દ્રિયો આગ જેવી છે, માટે સાવધાન રહીને તેની પાસે કામ લેતાં શીખવું.

શ્રીજી મહારાજે પંચાળાના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે, "અંગ્રેજ રાજા ગુનેગારને પાંજરામાં ઊભો રાખીને એની પાસેથી કામ લે છે, પણ એનો વિશ્વાસ કરતો નથી." —એ જ રીતે આપણે પણ ઈન્દ્રિયો ને અંતઃકરણ પાસેથી કામ લેવું જોઈએ, પણ એનો વિશ્વાસ ન કરવો જોઈએ. જેણે જેણે એનો વિશ્વાસ કર્યો છે તેઓને કલંક લાગ્યાં છે અને ગ્રંથોમાં એના પ્રસંગો કાળા અક્ષરે કંડારવામાં આવ્યા છે. આવી ભયંકર ઈન્દ્રિયો અને અંતઃકરણને જીતવા માટે શ્રીહરિજી લોયાના પાંચમા વચનામૃતમાં કહે છે કે, 'ધર્મશાસ્ત્રમાં (ધર્મામૃતમાં) કહ્યા જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રત કરે તથા જાણી જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ, તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા કરે તથા ભજન-સ્મરણમાં બેસે તથા આસન જીતે, ઈત્યાદિક સાધને કરીને બાહ્ય

ઈન્દ્રિયો જિતાય છે. અને ભગવાનના માહાત્મ્યનો વિચાર ને ભગવાનનું ધ્યાન તથા આત્મનિષ્ઠા એટલે કરીને અંતઃકરણ જિતાય છે."

સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી ત્રીજા પ્રકરણમાં કહે છે કે, " વિષયનો સંબંધ થયા મોર તો બકરાની પેઠે બીવું, ને તે સંબંધ થઈ જાય તો ત્યાં સિંહ થાવું. વિષયના માર્ગે આંધળા થાવું, બહેરા થાવું, લૂલા થાવું પણ આસક્ત ન થાવું. અને ખટરસમાં રહ્યા ને જલેબીમાં ગયા તે શું ? જે ટાઢી અગ્નિ એવા વિષય ભૂંડા છે. અને ત્યાગીએ એક વખત ખાવું, પછી બીજું જે મળે તે ત્યાગ કરવું." ઉપદેશામૃતમાં સ્વામી કહે છે કે, " ભૂજમાં તુલસી સુકાઈ ગયાં હતાં, પણ નખે દાબી જોયું ત્યાં લીલાશ જણાણી. પછી પાણી રેડ્યું એટલે કોંટા નીકળ્યા; તેમ સ્વાદ કરવાથી કામનાં કોંટા નીકળે છે. પહેલાં જીવ ખાધામાં લેવાય છે, ત્યાર પછી કામ ઉદય થાય છે. "ખારા મીઠાં ચરપટાં ને કોંટા મૂકે કામ; અંગ અવિદ્યા ઉપજે ને જાય હૃદેથી રામ."

હે વ્હાલા સંતો ! એક સ્ટેડિયમમાં ટેસ્ટ મેચ ચાલુ હતી. તેમાં એક બેટ્સમેન સેન્ચ્યુરી લગાવી સાંજના સમયે પેવેલિયન તરફ પાછો વળતો હતો.ત્યારે કેપ્ટને એને પૂછ્યુંઃ "તેં સદી ફટકારી છે તેથી તને અહંકાર તો નથી આવી ગયો ને ? કારણ કે મેચ હજુ શરુ છે અને હાર જીતનો ફેસલો નક્કી નથી. હજુપણ આપણી ટીમ હારી જાય એની પૂરી સંભાવના છે, માટે અભિમાન રાખતો નહિ. – બસ એ જ પ્રમાણે હે સંતો ! આપણે સંયમ પાળતા હોઈએ, તપ કરતા હોઈએ અને ભજન ભક્તિ કરતા હોઈએ તો પણ એનો અહં આપણે રાખવો નહિ, કારણ કે અંતર શત્રુઓ સામેનો જંગ હજુ શરુ જ છે. સંપૂર્ણ વિજય હજુ આપણે મેળવી શક્યા નથી, માટે અહંકાર આવવા દેવો નહિ.

૬ હે સંતો ! એક જગ્યાએ મેચના અંતે "મેન ઓફ ધ મેચ" નો એવોર્ડ

જે ખેલાડી માટે જાહેર થયો એ ખેલાડીએ બેટિંગમાં ૧૦૦ રન ફટકારી સદી પૂરી કરી હતી ને બોલિંગમાં પણ પાંચ વિકેટ લીધી હતી. આમ છતાં એવોર્ડ સ્વીકારતી વખતે એની આંખમાં આંસુ હતાં, પણ આનંદ ન હતો; કારણ કે એની ટીમ મેચ હારી ગઈ હતી. – બસ એ જ રીતે આપણે સમાજ સેવાનાં કાર્યો સારાં કર્યાં હશે, પણ સંયમી જીવનમાં હારી ગયા હોઈશું, એ સમયમાં સરકાર તરફથી સમાજ સેવા બદલ આપણને એવોર્ડ મળતો હશે તે સ્વીકારતી વખતે આપણા અંતરમાં આનંદ નહિ હોય, કારણ કે સંયમ જીવનમાં હાર થવાને કારણે અંતર ઉદાસ હશે- માટે સાવધાન બની સંયમરૂપી વિજય મેળવીએ.

હે સંતો ! એક મોટા સ્ટેડિયમમાં મેચ રમાતી હતી. જોવાં આવેલ સાઠ હજાર પ્રેક્ષકોને આશા હતી કે, આ માસ્ટર બેટ્સમેન ૧૦૦ રન તો પૂરા કરશે જ, પરંતુ તે બેટ્સમેન શૂન્ય રનમાં એટલે કે એક પણ રન બનાવ્યા વિના આઉટ થઈ ગયો ! આમ થવાથી સ્ટેડિયમમાં બેઠેલા દર્શકો સ્તબ્ધ થઈ ગયા ! આવું બનવા છતાં મેચ સમાપ્તિ વખતે એ બેટ્સમેનના ચહેરા પર હાસ્ય સમાતું ન હતું, કારણ કે એની ટીમ મેચ જીતી ગઈ હતી. – બસ એ જ રીતે સંસાર છોડી ત્યાગી થયેલ સાધુને જોઈ સત્સંગ સમાજને આશા હતી કે, આ સ્વામી ભણીને મોટા વિદ્વાન બને, વક્તા બને અને ખુબ સત્સંગ પ્રચાર કરે, પરંતુ બુદ્ધિ બહુ સતેજ ન હોવાને કારણે ન તો વિદ્વાન બની શક્યા કે ન તો વક્તા બની શક્યા. આવું જોઈએ સત્સંગીઓ નિરાશ થઈ ગયા. આવું બન્યું છતાંય એ સંતના ચહેરા ઉપર હંમેશાં આનંદ દેખાતો હતો, કારણ કે એ સંયમીજીવન અણીશુદ્ધ પાળી શકતા હતા. તેણે અંતઃ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો હતો.

હે સંતો ! બાળક એના પપ્પાની આંગળી પકડીને રસ્તા પર ચાલતું હોય ત્યારે એક પછી એક પ્રશ્ન પુછતું હોય છે –એમ આપણે પણ જનરલ

નોલેજ મેળવવા માટે મોટા સંતોને અનેક પ્રશ્નો પુછીએ છીએ કે અધ્યાત્મ માર્ગમાં આગળ વધી સંયમી જીવન દ્રઢ કરવા માટે પુછીએ છીએ ? એનો ક્યારેય વિચાર કર્યો છે ખરો ? માત્ર પ્રશ્નો પુછીને પોતાની જાતને સમજદાર માની લેવાના ભ્રમને પોષતા રહેવામાં જ આપણને રસ છે કે પ્રશ્નોના મળતા સમાધાનને અમલમાં મૂકતા રહીને સ્વજીવનને ભ્રમમુક્ત બનાવવામાં આપણને રસ છે ?

*"જે જે જને હરિરસ પિધો, તેણે સંસાર રસ કુચો કીધો*
*ચૌદ લોકમાં જે રસ રહ્યો, તે તો ઉલટા અન્ન જેવો થયો*
*તેનું બીજે તે મન ન માને, જે કોઈ પૂરણ મહારસ પાને*
*એ રસ આજ આપણને મળ્યો, જે કોઈ સર્વે રસથી છે ગળ્યો*
*નથી અન્ન રસ એહ સમાન, જેવો આપણે કિધો છે પાન*
*એ રસ વિના જે બીજો, તે તો દુઃખરૂપ માની લેજ્યો*
*બીજા રસમાં જેહ લોભાણા, તે તો ઝષ જેમ જાળે બંધાણા*
*ખોયું તનને ખોટ્ય જ ખાધી, જેની સ્વાદ સાથે પ્રીત બાંધી*
*ત્યાગી થઈને જે રસને ચાય, તે ત્યાગીનું ત્યાગીપણું જાય*
*ખારું ખાટું તિખું તમતમું, ગળ્યું ચિકણું જે મન ગમ્યું*
*મન વાંછિત મગાવી ખાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય"*

*-ભ.ચિ. પ્ર. ૧૦૮*

## *બાવીસમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! સંયમ જીવનના શણગારરૂપ ભગવાં કપડાં પહેર્યાં છે તેથી જગતના લોકો અને સત્સંગી ભક્તો, સાધુ સંતો-તરીકે આપણને જરૂર ઓળખશે, પરંતુ આપણે ઈન્દ્રિયો-અંતઃકરણથી સંયમ નહિ રાખતા હોઈએ તો પરમાત્મા શ્રીહરિજી આપણને સંયમી સાધુ નહિ કહે. યાદ રાખો સંતો, ભગવાં વસ્ત્રોને ધારણ કરવાં એ સમાજની નજરે સંયમીની ઓળખ છે, જ્યારે અંતઃકરણ ઉપર વિજય મેળવવો એ જગદીશશ્વરની નજરે સંયમીની ઓળખ છે. જગત અને જગત્પતિની નજર જુદા પ્રકારની હોય છે. ગરીબ માણસ સંપત્તિ માટે સતત પ્રયત્નશીલ હોય છે, રોગી માણસ ઔષધ સેવન માટે સતત પ્રયત્નશીલ હોય છે, ગાઢ જંગલમાં ભૂલો પડી ગયેલ માણસ રસ્તો શોધવા માટે સતત પ્રયત્નશીલ હોય છે – બસ એ જ પ્રમાણે સંયમ જીવન સ્વીકારનાર સાધુ -સંતોને પણ ઈન્દ્રિયો-અંતઃકરણ ઉપર વિજય મેળવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ અને સંયમ જીવનને દૃઢ કરવું જોઈએ.

હે સંતો ! દરિદ્ર માણસો સંપત્તિ પ્રાપ્તિના ઉપાયોની જાણકારી મેળવવા માટે ધનવાન લોકો પાસે જાય છે, પણ ભિખારી પાસે જતા નથી. રોગી માણસો દવાઓની સમજ મેળવવા માટે ડૉક્ટરોની પાસે જાય છે, પણ મોચીની પાસે જતા નથી. રસ્તો ભૂલી ગયેલ ગુમરાહ માણસ રસ્તાની જાણકારી મેળવવા માટે માર્ગને જાણનાર માર્ગજ્ઞ પાસે જ જાય છે, પણ મુર્ખની પાસે જતા નથી. અંધ માણસ પોતાના સહારા માટે દેખતા માણસના હાથમાં જ પોતાનો હાથ મૂકવા તૈયાર થાય છે, પરંતુ આંધળાના હાથમાં નહિ. – બસ એ જ પ્રમાણે સંસાર છોડીને ત્યાગી બનેલ મુમુક્ષુ સાધુએ પણ સંયમ જીવનને દૃઢ કરવા અને તેનું સરસ રીતે પાલન કરવા, સંયમી જીવનનું

જે યથાર્થ પાલન કરતા હોય એવા સદ્‌ગુણી સંતોને જ પોતાનું જીવન સમર્પણ કરવું જોઈએ; પણ સંયમનું પાલન કરતા ન હોય એવા સાધુઓને પોતાનું જીવન ક્યારેય પણ સમર્પણ ન જ કરવું જોઈએ.

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પ્રથમના ૩૮મા વચનામૃતમાં કહે છે કે, "જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે તથા 'સર્પને ઘેર પરોણો સાપ મુખ ચાટીને વળીયો આપ" તથા રાંડીને (વિધવા સ્ત્રી) પાસે સુવાસિની (પરણેલી-પતિવાળી) સ્ત્રી જાય ત્યારે તે કહે જે, 'આવ બાઈ હું જેવી તું પણ થા' તેમ પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થતા હોય તેની આગળ જે ઘાટ કહેવો તે તો આ દૃષ્ટાંત દીધાં એમ છે; માટે ઘાટ કેને કહેવો ? તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો અને એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે, તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે, તે જ્યાં સુધી તે કહેનારાનો ઘાટ ટળી ન જાય ત્યાં સુધી બેઠતો -ઉઠતો, ખાતો -પીતો સર્વ ક્રિયામાં વાત કર્યા કરે અને તેના ઘાટ ટાળ્યામાં કેવી ચાડ હોય તો જેમ પોતાના ઘાટને ટાળ્યાની ચાડ હોય તેવી હોય, એવા આગળ ઘાટ કહેવો અને જેની આગળ ઘાટ કહીએ ને તે આવી રીતે વાત તો ન કરે ને પોતે આળસુ હોય તો શો સમાસ થાય ? માટે એવી રીતે પોતાના મનના ઘાટ કહીને તે ઘાટને ટાળી નાખીને પોતાના મનને વિષે કેવળ ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થવું."

હે સંતો ! આપણા સંયમ જીવનનું સ્કુટર સરસ મજાના મોક્ષમાર્ગ પર દોડી રહ્યું છે. આપણે સતત સાવધાની રાખવાની છે કે અંતઃશત્રુઓરૂપી ટ્રકો સાથે અથડાઈ ન જાય. સંતો, એ તો તમોને ખ્યાલ જ હશે કે કબુતરને ઉડાડવા માટે હાથની તાળી કાફી છે અર્થાત્ પર્યાપ્ત છે. કૂતરાને ભગાડવા

માટે હાથમાં પથ્થર લેવો પડે છે, પરંતુ કેસરી સિંહને ભગાડવા માટે તો હાથમાં બંદૂક જ ઉઠાવવી પડે છે. બહિર્જગતની આ વાસ્તવિકતા એમ કહે છે કે, શત્રુ જેટલો વધુ તાકાતવાન એને ભગાડવા માટેનાં શસ્ત્રો પણ એટલાં જ વધુ તાકાતવાન જોઈએ. – બસ એ જ રીતે અંતરના શત્રુઓનું પણ જાણવું.

કામ-ક્રોધ- લોભ- મોહ-સ્નેહ અને માન વગેરે અંતઃશત્રુ એટલા બધા તાકાતવાન છે કે જેમણે અનંતકાળથી જીવાત્માને બાનમાં લીધેલ છે. અનેક જન્મોથી જીવાત્માઓ તેમના સકંજામાં સપડાયા છે, તેથી સંયમ જીવનની સાધનાઓનેય એ સહુએ રફેદફે કરી નાખી છે. આવા ભયંકર આતંકવાદી અંતઃશત્રુઓને હરાવવા માટે આપણે મેદાને પડ્યા છીએ. તેને જીતવા માટે ભજન-ભક્તિ તપ-ત્યાગ-વૈરાગ્ય ધર્મપાલન ને આત્મનિષ્ઠા આ બધાં શસ્ત્રો છે.

વાસના રહિત થવા માટે અને પ્રભુને પ્રસન્ન કરવા માટે સતત ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો પડશે. જીભને બધું જ બોલવા ન દઈએ, કાનને બધું જ સાંભળવા ન દઈએ, આંખને બધું જ જોવા ન દઈએ, રસનાને બધું જ ચાખવા ન દઈએ અને ચામડીને બધું જ અડવા ન દઈએ. એના માટે સતત વિગ્રહ થતા જ રહેશે. યુદ્ધો ચાલુ જ રહેશે. – કારણ કે અનંતકાળથી સ્વેચ્છાચારનો ને સ્વચ્છંદતાનો ગલત અભ્યાસ હોવાને કારણે મન, ઈન્દ્રિયોના નિગ્રહ સામે સતત યુદ્ધ કર્યા જ કરે છે. એક વાત યાદ રાખજો કે, નિગ્રહમાં જો વિગ્રહની અનુભૂતિ થતી હોય તો નિશ્ચિત સમજી રાખશો કે પ્રભુ અનુગ્રહની મૂડીમાં કડાકો બોલાઈ ચૂક્યો છે. એટલે કે પ્રભુની પૂર્ણ પ્રસન્નતા પ્રાપ્ત નહિ થાય.

સંતો ! આપણે ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે. આપણા હાથમાં સંયમ જીવન છે, છતાં પણ પંચ વિષયો આપણને સતાવી જાય છે, અહં આપણને ભરમાવી જાય છે, મોહ આપણને ફોસલાવી જાય છે, કામ આપણને વિહવળ કરી

જાય છે, લોભ આપણને લલચાવી જાય છે, ક્રોધ આપણને વિવેક ભૂલાવી જાય છે, આસક્તિ આપણને અટવાવી જાય છે, માન આપણને મલકાવી જાય છે, તૃષ્ણા આપણને તલસાવી જાય છે, ઈર્ષ્યા આપણને બાળી જાય છે, પરનિંદા આપણને પકડી જાય છે અને રસના વટલાવી જાય છે; આ દુઃખદ વાસ્તવિકતામાંથી આપણે બહાર નીકળવું જ પડશે. દહીંના ભરપુર સેવન દ્વારા શરદીના રોગનો શિકાર બનેલા દર્દીને ડૉક્ટર એ ઉપદેશ આપે છે કે, દહીંથી દૂર થઈ જાવ – એ જ રીતે વિષયોના શિકાર બનેલાઓને મહાપુરુષો એમ કહે છે કે, વિષયોથી દૂર થઈ જાવ.

હે વ્હાલા સંતો ! એક માણસ બીમાર અવસ્થામાં થર્મોમીટરથી પણ ડરતો હતો કે રખે એ તાવ બતાવી દે તો ? એક માણસ તાવથી ડરતો હતો કે રખે એ બીમારીને લંબાવી દે તો ? એક માણસ કફથી ડરતો હતો કે રખે એ તાવ લાવી દે તો ? એક માણસ દહીંથી ડરતો હતો કે રખે એ કફને ઉત્પન્ન કરી દે તો ? જવાબ આપો કે આપણી પાસે આજે સંયમ જીવન છે. શ્રીજી મહારાજની આજ્ઞાઓની સુંદર સમજ ઉપલબ્ધ છે અને સંસાર રખડપટ્ટીનાં કારણોની આપણી પાસે પર્યાપ્ત સમજ પણ છે છતાં પણ આજે મુખ્ય ડર કોનો છે ? થર્મોમીટરના સ્થાને રહેલ દુઃખનો કે તાવના સ્થાને રહેલાં પાપનો ? કફના સ્થાને રહેલા પ્રમાદનો કે પછી દહીંના સ્થાને રહેલો સંસારનો ? યાદ રાખો કે આ તમામ દુઃખો પંચવિષયના રોગને કારણે જ બંધાયેલાં છે. આ બધાથી મુક્ત થવા માટે આપણે એ રાગથી વૈરાગ્ય ઉત્પન્ન કરવાનો છે. વૈરાગ્ય આવતાની સાથે જ બધાં દુઃખો અદશ્ય થઈ જશે, માટે રાગી મટી વૈરાગી બનીએ.

હે સંતો ! બેટ્સમેન ક્રીઝ પર ઊભો હોય અને એને રન લેવાનું યાદ ન હોય એ બને ખરૂં ? વેપારી ધૂમ તાપમાં બજારમાં રખડતો હોય અને એને પૈસા કમાવવાનું યાદ ન હોય એ બને ખરું ? નાનું બાળક મેળામાં જઈને બધી

આકર્ષક વસ્તુઓ જોતું હોય અને એને મમ્મીની સ્મૃતિ ન હોય એ બને ખરું ? એ જ રીતે આપણે કથા કરતા હોઈએ, કીર્તન બોલતા હોઈએ, સેવા કરતા હોઈએ, ચાલતા હોઈએ, ભણતા હોઈએ, જમતા હોઈએ, ના'તા હોઈએ, ધોતા હોઈએ કે પછી કોઈ સાથે વાતો કરતા હોઈએ. અર્થાત્ આપણે દરેક ક્રિયા કરતા હોઈએ એમાં આપણને શ્રીજી મહારાજની સ્મૃતિ ન રહે એ બને ખરુ ? જો મૂર્તિની સ્મૃતિ ન રહેતી હોય તો સમજી લેવું કે, જગતના લોકોને એના મનગમતા વિષયોમાં હેત છે એટલું હેત મને મારા મહારાજમાં નથી.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ “શ્રીવાસુદેવ વિમલામૃત....સ્તોત્રમાં લખ્યું છે કે, “साध्वीचकोरशलभास्तिमिकालकण्ठकोकानिजेष्ठ विषयेषु यथैव लग्नाः, मूर्तौ तथा भगवतोऽत्र मुदाति लग्नं...” અર્થાત્ જેમ આ જગતમાં પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ પ્રત્યે અપાર સ્નેહ હોય છે, ચકોર પક્ષીને ચંદ્ર પ્રત્યે સ્નેહ હોય છે, પતંગિયાને અગ્નિ પ્રત્યે સ્નેહ હોય છે, માછલાને પાણી પ્રત્યે સ્નેહ હોય છે, મોરને મેઘ સાથે સ્નેહ હોય છે અને ચકવા પક્ષીને તેની પત્ની ચકવી સાથે સ્નેહ હોય છે. – એવો સ્નેહ આપણને શ્રીહરિજી પ્રત્યે હોવો જોઈએ. અર્થાત્ પતિવ્રતા સ્ત્રી, ચકોર પક્ષી, પતંગિયું, મોર અને ચકવો પોતપોતાના પ્રિયતમ વિષયોમાં સંલગ્ન હોય છે, તેવી રીતે આપણે પણ ભગવાનની મૂર્તિને વિષે પ્રેમથી સદા સંલગ્ન રહેવું જોઈએ.

*“લખચોરાશિ કુટુંબ કર્યું, સરવે સગે આ બ્રહ્માંડ ભર્યું*
*માટે મેલ્યું એ કુટુંબ જેમ, સંતે મેલ્યું આ સમજી તેમ*
*જેમ ગયો દ્વિજ ઢેઢવાડે, ભુલ્યે રહ્યો તિયાં કોઈ દાડે*
*તેહ બ્રાહ્મણપણાને ભુલી, કેમ ફરે સ્વપચમાં ફૂલી*
*એમ દેહ ને દેહ સંબંધી, તોડી પ્રીત્યે તે શું બહુવિધિ*
*આપે થઈ આતમ સ્વરૂપ, ભજે પ્રભુ પરમાત્મા રૂપ*
*રાખે પુરુષોત્તમમાંહિ પ્રીત, બીજે બેસે નહી કીયાં ચિત્ત”*

*-ભ.ચિ. પ્ર.-૧૦૯*

## *ત્રેવીસમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! આપણું માનવ શરીર જેમ અન્નજળ અને શ્વાસ વિના ટકી શકતું નથી, તેમ સંયમ જીવન પણ વૈરાગ્યના ખોરાક વિના ટકી શકતું નથી. પરપોટાને ફૂટી જતાં જેમ વાર લાગે નહિ, ચિનગારીને બુઝાઈ જતાં જેમ વાર લાગે નહિ, વસ્ત્રો ઉપરની ધૂળને વસ્ત્રો પરથી સરી જતાં જેમ વાર લાગે નહિ– તેમ વૈરાગીઓના અંતરમાં રહેલા દોષોને દૂર થતાં પણ વાર લાગતી નથી. વિષય વાસના આગ છે. તે આગને વૈરાગ્યરૂપી વરસાદ ઠારી નાખે છે. યાદ રાખો કે બાવળ પાસે જવાથી ક્યારેય પણ ગુલાબનું ફૂલ મળવાનું નથી. વકીલ પાસે જવાથી ક્યારેય પણ નિરોગી બની શકાતું નથી. વાળંદ પાસે જવાથી ક્યારેય પણ ઝવેરાત મળવાનું નથી. – બસ એ જ રીતે વિષયમાં રાગવાળા પાસે રહેવાથી ક્યારેય વૈરાગ્ય ઉદય થવાનો નથી; માટે મુમુક્ષુ ત્યાગીઓએ વૈરાગ્યનિષ્ઠ સંતોના સહવાસ અને સમાગમ કરી પોતાના જીવનમાં વૈરાગ્યની વૃદ્ધિ કરી સંયમ જીવનને અતિ અણીશુદ્ધ રાખવું જોઈએ.

સંતો ! અધ્યાત્મ જીવનનો પાયો વૈરાગ્ય છે. સંસારમાં જેટલો વૈરાગ્ય થશે તેટલો પ્રભુ પ્રત્યે અનુરાગ વધશે. અને જેટલો પ્રભુ પ્રત્યે પ્રેમ વધશે તેટલો સંસાર પ્રત્યે વૈરાગ્ય થશે; માટે વૈરાગ્ય દઢ કરવા માટે પરમાત્મા સાથે ખુબ હેત કરવું; કારણ કે શ્રીજી મહારાજે અંત્યના ૧૪મા વચનામૃતમાં કહ્યું છે કે, ભગવાનામાં દઢ હેત હોય તો એની મેળે જ વૈરાગ્ય ને વિવેક થઈ આવે છે."વૈરાગ્ય અમૃત સ્વરૂપ છે તેથી સાધુ -સંતોએ તેનું વિશેષ સેવન કરવું જોઈએ. વૈરાગ્ય થવાથી મન આપોઆપ વશ થવા લાગે છે. વૈરાગ્યનો નશો ચડ્યા પછી અન્ય કોઈ વસ્તુ સારી લાગતી નથી. સંસારનું જેવું છે તેવું

જ યથાર્થ સ્વરૂપ સમજાઈ જવું તેને વૈરાગ્ય કહેવાય છે. અથવા તો એમ કહી શકાય કે જગતનાં તમામ દશ્યો, પદાર્થોની ક્ષણિકતા-અસારતા પ્રતીતિમાં આવવી એ વૈરાગ્ય છે.

સંતો ! જેમ લગ્ન એ માનવીના જીવનનો મહત્ત્વનો ટર્નિંગ પોઈન્ટ છે, તેમ વૈરાગ્ય છે તે પણ સંસાર જીવનમાંથી અધ્યાત્મજીવનમાં પ્રવેશ કરાવનારું મહત્ત્વનું તત્ત્વ છે, માટે આપણે સંતોએ તો એ વૈરાગ્યરૂપી વિશલ્યકરણી ઔષધીને જતન કરીને રાખવી જોઈએ. – કારણ કે વૈરાગ્યના પાયા ઉપર અધ્યાત્મજીવનની ઈમારત ચણાય છે. જો પાયો નક્કર હોય તો ઈમારત વધુ મજબૂત બને છે. તે જ રીતે વૈરાગ્ય જેટલો દઢ હોય તેટલી અધ્યાત્મની ઈમારત-ત્યાગાશ્રમની ઈમારત વધુ નક્કર બને છે. વિવેક ચૂડામણિમાં આદ્ય શંકરાચાર્યજી કહે છે કે, "સંસાર સાગરને તરી જવા માટે પ્રયત્નશીલ ક્ષણિક વૈરાગ્યવાળા મુમુક્ષુને આશારૂપી મગરમચ્છ અતિ વેગથી વચ્ચે જ રોકીને ગળું પકડીને ડૂબાડી દે છે; પણ જેને વૈરાગ્યરૂપી તલાવારથી વિષયોરૂપી મગરને મારી નાખ્યો છે, તે જ નિર્વિઘ્નપણે સંસારરૂપ સમુદ્રના સામા કાંઠે જઈ શકે છે." અર્થાત્ મુક્તિ મેળવી શકે છે.

હે સંતો ! પાંખ કપાઈ ગયા પછી પંખીની હાલત કેટલી દયનીય લાગે ? કદાચ એ જીવતું હોય એવું પણ આપણને દેખાય ખરું, પણ એનું એ જીવવાનું એને ખુદને માટે ત્રાસદાયક લાગતું હોય છે. એક વખતનો અબજોપતિ માણસ અચાનક નિર્ધન બની ગયા પછી તેની હાલત કેવી હોય છે ? એ કદાચ જીવતો હોય એવું સહુને લાગે ખરું, પરંતુ એને પોતાને એનું જીવન બોજારૂપ જ લાગતું હોય છે. – બસ એ જ પ્રમાણે સાધુ-સંતોના જીવનમાં બ્રહ્મચર્ય છે તે પ્રાણ છે, એ જો એના જીવનમાંથી જતું રહે તો શરીર ઉપર ફક્ત ભગવાં કપડાં રહી જાય છે. બ્રહ્મચર્ય વિહીન સાધુ વિદ્વાન હોય, મહંત

હોય, સત્તાધારી હોય, વક્તા હોય કે પછી મોટો મંડળધારી હોય તો લોકમાં-સમાજમાં તેનો વટ પડે ખરો, પણ એ વટ મડદાં પર ચડાવેલા અલંકારો જેવો કહેવાય છે !

યાદ રાખો કે, સ્વાધ્યાય દ્વારા વિદ્વાન બની શકાય છે, ચુંટણી લડીને સત્તાધારી બની શકાય છે, લાગવગ લગાવીને મહંત બની શકાય છે, મોટા વક્તાઓની કથાઓ સાંભળીને વક્તા બની શકાય છે અને ઉપદેશ આપીને મોટા મંડળધારી પણ બની શકાય છે, પણ ભગવાનની નજરમાંથી બ્રહ્મચર્ય તોડનારની સંત તરીકે બાદબાકી થઈ જાય છે. પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બનવાની લાયકાત એ ગુમાવી દે છે. મુક્તિરૂપી મહાફળ એને મળી શકતું નથી. – માટે જો મહારાજને વ્હાલા થવું હોય તો મનમાં એક પણ નબળો વિચાર આવે એટલે તુરંત સાવધાન બની જઈ તે વિચારને છોડી દઈ સદ્‌વિચાર કરવો અને ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવાનું શરુ કરી દેવું. જે સ્થાનમાં ખરાબ વિચાર આવે તે સ્થાન છોડી તે સમયે જ બીજા સ્થાનમાં ચાલ્યા જવું.

હે સંતો ! જેમ ખાનદાન પુત્ર જિંદગીભર પોતાની માતાનું અને પતિ પોતાની પત્નીનું રક્ષણ કરે છે, તેમ મુમુક્ષુ સંતોએ પોતાના બ્રહ્મચર્યનું રક્ષણ કરવું જોઈએ; કારણ કે બ્રહ્મચર્યનું પાલન કરનારાઓ શ્રીજી મહારાજને બહુ જ ગમે છે. ગઢડા મધ્ય પ્રકરણના ૩૩મા વચનામૃતમાં મહારાજ કહે છે કે, "એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ. અને અમે અહીંયાં ટક્યા છીએ તે પણ અહીંયાંના હરિભક્તોનો અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા

છીએ. અને જેને નિષ્કામી વર્તમાન દઢ હોય તો તે થકી અમે હજાર ગાઉં છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ અને જેને તે વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ લાખ ગાઉં છેટે છે. અને અમને નિષ્કામી ભક્તો હોય તેના જ હાથની સેવા ગમે છે. આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે. અને અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે. અને અમે જે દિવસ થકી પ્રગટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દઢ કરતા આવીએ છીએ. સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી પાંચમા પ્રકરણની ૧૫૩મી વાતમાં કહે છે કે, '' બ્રહ્મચર્ય રાખવાના તો છ ઉપાયો છે. તેમાં આંખ, કાન, નાક ને મન એ ચાર ચોરી કરી જાય છે. તેની સુરત રાખીને સાંચવવા તેમાં આંખને તો બીડી લેવી તેથી ઉપજે જ નહિ, એ મૂળ છે ને ખાવું ઝાઝુ નહિ ને ઊંઘવું ઝાઝું નહિ એ પણ મૂળ છે. તેમાં ખાવું ને ઊંઘવું તેમાં તો વિષય જ રહ્યા છે, તે માટે ધીરે ધીરે સંકલ્પ બંધ કરવા માંડીને ભજન કરવું ને મનનો વિશ્વાસ ન કરવો.''

હે વ્હાલા સંતો ! ધારદાર બોલિંગ કર્યા પછી પણ બેટ્‌સમેનને આઉટ કરવામાં બોલરને સફળતા નથી મળતી ત્યારે ઝનૂની બનીને બોલર બેટ્‌સમેન પર ''બાઉન્સરો''નો મારો ચલાવે છે અને એ પછી પણ એનાથી જરાય ડર્યા વિના બેટ્‌સમેન સ્વસ્થતાપૂર્વક ક્રીઝ પર ઊભો રહીને બેટિંગ કરતો જ રહે છે. – બસ એ જ રીતે આપણને સંયમજીવનથી ભ્રષ્ટ કરવા, સંયમજીવનનું પાલન થઈ શકે એવાં પવિત્ર સ્થાનમાંથી ભ્રષ્ટ કરવા, ઈન્દ્રિયો ને અંતઃકરણરૂપ માયા પોતાની તમામ તાકાત સાથે આપણા પર તૂટી પડેલ છે, માટે સાવધાન બની તેનાથી બચવા માટે સતત પ્રભુની પ્રાર્થના કર્યા કરીએ અને નવ પ્રકારની ભક્તિ કર્યા કરીએ.

હે સંતો ! ગંદા સરોવર પાસે હંસ ક્યારેય પણ જતા જ નથી. – તેમ ત્યાગીનો વેશ ધારણ કરી સંયમજીવનનું પાલન કરતા એવા આપણે, આપણા હૃદયરૂપી સરોવરને પંચવિષયરૂપી કચરાનું ચિંતન કરી કરીને ગંદા સરોવર જેવું બનાવી દેશું તો હંસરૂપ પરમાત્મા આપણા હૃદયમાં ક્યારેય પણ નહિ પધારે; માટે જગતના પંચ વિષયોનું ચિંતન છોડી પરમાત્માનું ચિંતન કરવું જોઈએ, પ્રભુની લીલાઓનું ચિંતન કરવું જોઈએ, પ્રભુનાં તિલ-ચિહ્નોનું ચિંતન કરવું જોઈએ અને પ્રભુનાં અંગોઅંગનું ચિંતવન કરવું જોઈએ.

હે સંતો ! ગૃહસ્થ લોકો ગમે તેવાં કપડાં પહેરે; ધોયેલાં કે મેલાં, ઈસ્ત્રીવાળાં કે કરચલીવાળાં, મોંઘાં કે સસ્તા, ટૂંકાં કે લાંબાં, કોઈ પણ સમયે કે કોઈ પણ સ્થળે, કોઈ પણ સંજોગમાં કે પછી ગમે તેવા વાતાવરણમાં; અર્થાત્ ગૃહસ્થ ગમે તેવો વેશ ધારણ કરે તો પણ સમાજના લોકોને એના પર સજ્જન તરીકે વિશ્વાસ બેસી જ જાય એ નક્કી ન કહેવાય, જ્યારે આપણો વેશ એક જ હોય અને ગમે તે સમયે તથા ગમે તેવા સંજોગમાં પણ ભગવાં કપડાં જ પહેરલાં હોય છે, તેના કારણે ગૃહસ્થોને આપણા પ્રત્યે બહુ વિશ્વાસ હોય છે. તો પ્રશ્ન એ છે કે એ વેશ પ્રત્યેના સહુના વિશ્વાસને ચરિતાર્થ કરે એવું જ આપણું જીવન છે ખરું? એવું જ આપણું વર્તન છે ખરું ? એવું જ આપણું અંતઃકરણ છે ખરું ? એવી જ આપણી વાણી છે ખરી ? આપણે એવું કહી શકીએ ખરા કે મારું સંપૂર્ણ વર્તન ત્યાગાશ્રમને શોભાડે એવું છે ? મારું જીવન શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જ ચાલી રહ્યું છે, એમ કહી શકવાની સ્થિતિમાં આપણે ખરા ? જો અંદરથી ના આવે તો અંતરથી પ્રભુને પ્રાર્થના કર્યા કરો કે, ' હે મહારાજ ! હું સંયમ જીવનનું યથાર્થ પાલન કરી શકું એવી કૃપા કરો. હું તમારી દરેક આજ્ઞાઓનું પાલન કરી શકું

તેવી શક્તિ મને આપો, એવી સદ્‌બુદ્ધિ મને આપો, એવી દ્રઢતા મને આપો, એવું મનોબળ મને આપો અને એવા સત્પુરુષોનો સંગ મને આપો કે જેઓ સંયમનું પાલન કરતા હોય, તમારી આજ્ઞાઓનું પાલન કરતા હોય, તમારી નવધા ભક્તિ કર્યા કરતા હોય અને અષ્ટપ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરતા હોય. ખરા હૃદયથી પ્રભુ-પ્રાર્થના કરવામાં આવે તો ચોક્કસપણે પ્રભુ આપણી પ્રાર્થના સાંભળે છે અને આપણે સંતોના પંચ વર્તમાન જે નિષ્કામી–નિર્માની–નિઃસ્વાદી– નિઃસ્નેહી અને નિર્લોભી પાળી શકીએ એવું દઢ મનોબળ ને સદ્‌બુદ્ધિ આપે છે; માટે પ્રાર્થના કર્યા કરવી.

*‘‘મહાબળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી,*
*એવું વરદાન દિજીએ આપે, એહ માયા અમને ન વ્યાપે*
*કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપિને ન ફરે મતિ*
*તમને ભજતા આડું જે પડે, માગિયે એ અમને ન નડે*
*કેદિ દેશોમાં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન*
*કેદિ કુસંગનો સંગ ન દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો*
*કેદિ દેશોમાં સંસારી સુખ, દેશોમાં પ્રભુ વાસ વિમુખ*
*દેશોમાં પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈરષા કાંઈ*
*એટલું માંગિયે છૈયે અમે, દેજ્યો દયા કરિ હરિ તમે’’*

*-ભક્તચિંતામણિ*

## ચોવીસમું પુષ્પ

હે વ્હાલા સંતો ! આપણને કોઈ પૂછે કે, ' માણસ પગમાં બુટ-ચંપલ શા માટે પહેરે છે ? ' તો આપણે તુરંત જવાબ આપીશું કે, 'કાંટા-કાંકરા-કાદવ-ધૂળ અને તડકાથી બચવા માટે.' ફરી બીજો પ્રશ્ન પૂછે કે ' માણસ શરીર ઉપર વસ્ત્રો કેમ પહેરે છે ?' તો તુરંત કહીશું કે, ' ઠંડીથી બચવા માટે અને લોક લાજથી બેઆબરું થવાના ભયથી બચવા માટે.' કોઈ પ્રશ્ન કરે કે, 'યુદ્ધના મેદાનમાં સૈનિકો બખ્તર શા માટે પહેરી રાખે છે ?' તુરંત આપણે જવાબ દઈશું કે, 'શત્રુ સૈનિકોના પ્રહારથી જાતને-શરીરને બચાવવા માટે.' ત્યારબાદ એ લોકો આપણને સવાલ કરે કે, 'તમોએ શરીર પર સંયમીનાં વસ્ત્રો કેમ પહેર્યાં છે ?' એટલે કે તમોએ ભગવાં કપડાં કેમ પહેર્યાં છે ?' તો તુરંત આપણે કહી દેશું કે 'મોક્ષ મેળવવા માટે ને ભગવાનને રાજી કરવા માટે.'

સંતો ! આપણે જે જવાબ આપ્યો છે તે ખરેખર જો સત્ય હોય અને હૃદયથી જ બોલતા હોઈએ તથા એટલા માટે જ સાધુ બન્યા હોઈએ તો પછી સંયમ તોડી નાખીએ ખરા ? સંયમ તોડવાથી મુક્તિ મળશે ખરી ? શ્રીજી મહારાજ રાજી થશે ખરા ? યાદ રાખો કે, સૈનિકોને દુશ્મનથી બચવા માટે બખ્તરની જરૂર પડે છે, એ જ રીતે કામ-આદિક શત્રુથી બચવા માટે સંયમરૂપી બખ્તરની પણ જરૂર પડે છે. સંયમ રાખવા માટે મોટા સંતો કે હરિભક્તો કડક શબ્દોમાં આપણને હિતનાં વચનો કહે તો તેઓને પરમ ઔષધ માની પ્રેમથી સાંભળવું જોઈએ. એનાથી મુખ્ય બે લાભ થશે; એક તો સંયમ તોડવાનું ટાળી દઈશું અને બીજું એ કે જીવનના વિકાસ માટેની મહત્ત્વની સલાહો વારમવાર મળતી રહેશે. —પરંતુ તેઓની હિતશિક્ષાને સખત શબ્દોમાં વખોડી કાઢીશું, તો આ બંને લાભ ગુમાવવાનો વારો આવશે, એ ઉપરાંત એનો કુરાજીપો મળશે અને શ્રીજીના સુખથી દૂર થતા જઈશું.

હે સંતો ! એક વાત યાદ રાખવા જેવી છે કે, જે સાધુ મોટા સંતોનાં હિતવચનો સાંભળી શકતો નથી, એ પોતાની જાતને પણ સંભાળી શકતો નથી. એટલા માટે જ સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે કે, ''સંતોએ પરસ્પર કહેવું કે, મારામાં સ્વભાવ દેખાય તો મને ટોકવો.'' મુમુક્ષુઓએ તો કહેવું જ જોઈએ કે, ''મને કડકમાં કડક શબ્દોમાં કાંઈ પણ કહેવું હોય તો નિધડક કહેજો. મારા તરફથી તમોને રાજીખુશીથી રજા છે.''

સંતો ! પગમાં તો બેડી પણ હોય છે અને પગમાં ઝાંઝર પણ હોય છે. – પરંતુ બેડી બંધન કહેવાય છે, જ્યારે ઝાંઝર તો શણગાર કહેવાય છે. પૈસા ખાતર તો નોકર એના શેઠની ગાળો પણ ખાતા હોય છે, પણ એ સાંભળવાનું એના માટે બેડી સમાન બંધનરૂપ બનતું હોય છે, જ્યારે આપણે તો મોક્ષ ખાતર, સ્વભાવ સુધારવા માટે અને સંયમ ટકાવવા માટે સાંભળવું પડે એ તો ઝાંઝરની જેમ શોભારૂપ બની જાય છે. એનાથી તો આપણો જીવન-વિકાસ ઝડપી બની જાય છે.

હે સંતો ! એક વાત સમજી રાખો કે, કોઈ ગરીબને કરોડ રૂપિયા મળી જાય અને પછી એને રૂપિયા સાચવતા ન આવડે તો સમજી લેવું કે તે પાછો ભિખારી બની જવાનો જ છે. – એ જ પ્રમાણે આપણી પાસે જેની કોઈ કિંમત આંકી ન શકાય એવું મહાઅમુલ્ય સંયમી જીવન આવી ગયું છે, મળી ગયું છે, પણ જો એને સાચવતાં ન આવડે તો સમજવું કે આપણે મોટા દુર્ભાગી છીએ. યાદ રાખો કે શિક્ષકની વાત ન સાંભળતો વિદ્યાર્થી ઠોઠ રહી જાય છે – એમ મહાન સંતોની હિતની વાત ન સાંભળતો મુમુક્ષુ સાધુ પણ જીવનમાં કાચો રહી જાય છે; તેથી મનને એવું મજબૂત બનાવી દેવું કે બીજાને સંભળાવવાનું ભલે બંધ કરી દઈએ, પરંતુ બીજાઓનું સાંભળવા તો કાયમ માટે તૈયાર જ રહીએ. આજે તો ઉલટું દેખાઈ રહ્યું છે

: બીજાઓને સંભળાવવાનું શરૂ છે અને સાંભળવાનું બંધ થઈ ગયું છે ! અર્થાત્ હરિભક્તોને ઉપદેશ આપવાનું શરૂ છે, પણ સદ્‌ગુણી સંતોનો ઉપદેશ સાંભળવાનું બંધ થઈ ગયું છે.

હે મુમુક્ષુ સંતો ! કુસ્તીની દુનિયામાં તાકાતવાન એને જ કહેવાય છે કે જેના મસલ્સ મજબૂત હોય, વેપારની દુનિયામાં તાકાતવાન એને જ કહેવાય છે કે જેની પાસે જોખમ ઉઠાવવાની હિંમત જોરદાર હોય, શ્રીમંતોની દુનિયામાં તાકાતવાન એને જ કહેવાય છે કે જેની પાસે સંપત્તિ અપાર-અમાપ હોય અને શિક્ષણ જગતમાં તાકાતવાન એને જ કહેવાય છે જેની બુદ્ધિ ધારદાર હોય; પરંતુ અધ્યાત્મ જગતમાં તાકાતવાન તો એને જ કહેવાય છે કે જેની પાસે સંયમ હોય-બ્રહ્મચર્યનું પાલન હોય.

યાદ રાખો કે આફ્રિકા દેશના સહરાના રણપ્રદેશમાં ચાલ્યા જતા હોઈએ ને અતિ તૃષા લાગેલી હોય એવા સમયે એકાદ ડોલ જેટલું પાણી મળી જાય ત્યારે તેનો ઉપયોગ સ્નાન કરવામાં તો ન જ કરાય. પણ ખુબ તરસ લાગે ત્યારે પીવામાં જ કરાય. – એ જ રીતે દેવોને પણ દુર્લભ એવું સંયમી જીવન મળ્યા પછી એનો ઉપયોગ આળસમાં, ઊંઘવામાં, બિન જરૂરી છાપાંઓ વાંચવામાં, ટાઈમ પાસ કરવા માટે ફોન કરવામાં, બિન જરૂરી ઈન્ટરનેટ ખોલીને આખા વિશ્વની આંખ દ્વારા યાત્રા કરવામાં અને અલક-મલકનાં ગપ્પાં મારવામાં ન વેડફાય એ તો પેલી ડોલમાં ભરેલ પાણીની જેમ સાચવી રાખવું જોઈએ. જ્યારે વ્યવહારનાં કામમાં જરૂર પડે ત્યારે જ એ સંયમી દેહનો ઉપયોગ કરી તુરંત ભજન-ભક્તિ, સેવા-સ્વાધ્યાય, ધ્યાન-ચિંતન વગેરે સાધનામાં લાગી જવું જોઈએ, તો જ સંયમ જીવનને પૂરી સફળતા મળી શકે છે. જો આટલી જાગૃતિ આપણે દાખવી શકીશું તો પ્રાપ્ત થયેલ સંયમ જીવન સફળ પણ બની જશે અને સાર્થક પણ બની જશે.

હે સાધક સંતો ! જો કારણ વિના વ્યવહારમાર્ગમાં સમય વેડફવામાં આવશે તો સંયમી જીવનમાં જરૂર વિઘ્ન આવશે એ વાતમાં બે મત નથી. એટલે કે આ પરમ સત્ય છે. તોતિંગ એવી ઈમારતનો આધાર પાયો છે. તે જબરજસ્ત મજબૂત હોય છે. અમેરિકાના શિકાગો શહેરમાં ૧૧૦ માળના ગગનચુંબી બે મકાનો છે. તેના પાયા અતિ મજબૂત બનાવવામાં આવ્યા છે. જો તે પાયા ભૂલે-ચૂકે પણ નબળા પુરાયા હોય તો ભવ્ય ઈમારતને પડતા વાર લાગે નહિ. – એ જ રીતે ભજન-ભક્તિ મજબૂત છે એનો આધાર સંયમી જીવન છે, પણ તે જો તૂટી જશે અથવા તોડવામાં આવશે તો ભજન-ભક્તિ પણ જીવનમાંથી વિદાય લઈ લેશે, એમાં શંકાને સ્થાન નથી.

હે વ્હાલા સંતો ! માણસ મોટરકાર લઈને ઝડપથી ચલાવતો ચલાવતો આગળ વધતો હોય છે, પરંતુ રસ્તા પર સિગ્નલ લાલ લાઈટ બતાવે છે એને જોતાવેંત માણસ ગાડી ઊભી રાખી દે છે અને મનોમન સરકારનો આભાર માને છે કે, 'સિગ્નલની આ વ્યવસ્થા ગોઠવાઈ છે તેથી એક્સિડન્ટથી બચી જવાય છે. –એ જ રીતે મુમુક્ષુ સંતો હોય છે તે પણ એવું સમજતા હોય છે કે, 'શ્રીજી મહારાજે ત્યાગીઓ માટે સિગ્નલરૂપી નિયમોની લાલ લાઈટો બતાવી છે તે સારું છે, તેનાથી સંયમ તૂટવારૂપ મોટા એક્સિડન્ટથી બચી શકાય છે.' આવું સમજી તેઓ ભગવાનનો મોટો ઉપકાર માનતા હોય છે. દયાળુ હરિએ બતાવેલ નિયમરૂપી આ લાલ લાઈટ જોઈને આપણે રાજી થઈએ છીએ કે પછી ડોબાને (ભેંસને)ડેરો નાખ્યો હોય એવું લાગે છે ? જો આપણને નિયમો ગમતા હોય તો માની લેવું કે, મારામાં મુમુક્ષુતા છે અને ત્યાગીના નિયમો પાળવા ન ગમતા હોય તો માની લેવું કે, મારામાં મુમુક્ષુતા મરી ગઈ છે !

હે સંતો ! પ્રતિમા બનવું હોય તો શિલ્પીના હાથ પર પથ્થરને ભરોસો રાખવો જ પડે છે. ચિત્ર બનવું હોય તો ચિત્રકારના હાથ પર કેન્વાસને શ્રદ્ધા

રાખવી જ પડે છે. રસ્તો પસાર કરવો હોય તો દેખતાના હાથ પર અંધને વિશ્વાસ રાખવો જ પડે છે. — બસ એ જ પ્રમાણે આપણે પણ જો અક્ષરધામના મુક્ત બનવું હોય તો શ્રીહરિજીના બાંધેલ નિયમો પર વિશ્વાસ રાખવો જ પડે છે. શ્રીજી મહારાજ ગઢડા મધ્યના સોળમા વચનામૃતમાં કહે છે કે, “વૈરાગ્ય હોય અથવા ન હોય, પણ જો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ, તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જીતાય છે — અને જો શબ્દ થકી વૈરાગ્યને કરીને વૃત્તિ પાછી વાળે તો ઘણો પ્રયાસ કરે તો પણ શબ્દ સંભળાય ખરો અને કાનને બીડી લે તો સહેજે શબ્દ સંભળાય નહીં. તેમજ અયોગ્ય પદાર્થને ત્વચાએ કરીને અડે નહિ, તો સહજે સ્પર્શ જિતાય, તેમજ અયોગ્ય વસ્તુ હોય, તેને નેત્રે કરીને જુવે નહિ, તો સહેજે રૂપ જિતાય. તેમજ જે જે સ્વાદુ ભોજન હોય તેને મેળાવી પાણી નાંખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહેજે જે રસના જિતાય, તેમજ અયોગ્ય ગંધ હોય ત્યાં નાકને બીડી લે તો સહજે ગંધ જિતાય. — એવી રીતે નિયમે કરીને પંચવિષય જિતાય. અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ; માટે વિષય જિત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા જે નિયમ તે જ છે, તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઉગર્યાનો ઉપાય છે. — જેમ માંદો હોય તે કરી પાળીને ઔષધ ખાય તો જ નિરોગી થાય.”

હે સંતો ! ફિલ્મી દિગ્દર્શક ભલેને પિક્ચર ગમે તેવું બનાવે, પરંતુ એ પિક્ચર થિયેટરમાં દર્શાવતા પહેલાં એણે ફિલ્મની આખીય ‘‘સ્ક્રિપ્ટ’સેન્સર બોર્ડ પાસે પાસ કરાવવી જ પડે છે. સેન્સર બોર્ડ જે પણ દ્રશ્યોમાં કાપકૂપ કરવા જેવી લાગે એ કાપકૂપ કરીને પછી જે સ્ક્રિપ્ટ આપે છે એ સ્ક્રિપ્ટ જ દિગ્દર્શક દર્શકો સમક્ષ રજૂ કરી શકે છે. —એ જ રીતે આપણી ઈન્દ્રિયો ને અંતઃકરણ ભલેને જગતના ગમે તેવા પંચવિષયો ભોગવવાનું આપણને કહે, પરંતુ આપણે જો શ્રીજી મહારાજના બાંધેલ નિયમોરૂપ સેન્સર બોર્ડમાં તે

પાસ કરાવવા મોકલીશું તો જરૂર વિષયો પર વિજય મેળવી શકીશું અને શ્રીહરિજીનો રાજીપો પણ મેળવી શકીશું.

*રે' જો પંચ વ્રત પ્રમાણ રે, ધારી વિચારી સહુ સુજાણ રે,*
*પંચ વ્રત છે સહુને પાર રે, નથી એથી બીજું કાંય બા'ર રે,*
*અષ્ટ પ્રકારે તજવી નારી રે, તેમ ધન તજવું વિચારી રે,*
*કોઈ દેશ કાળ ક્રિયા સંગેરે, એથી અળગું રે'વું અષ્ટ અંગે રે,*
*સહુ જાણજો જન એમ પંડ્યે રે, ધન ત્રિયા બે નથી બ્રહ્માંડ રે,*
*એમ નક્કી કરી નિરધાર રે, ફરો પરહિતે પૃથ્વી મોઝાર રે,*
*સર્વે મેળવી ભેળું તે કરી રે, જમજો એક વાર ભાવ ભરી રે,*
*કરજો પુરુષ આગળે વાત રે, જેમ છે તેમ વળી સાક્ષાત્ રે,*
*પુરુષોત્તમ પ્રકાશ-પ્ર-૮*

*વચને નિવૃત્તિ વચને પ્રવૃત્તિ, વચને બદ્ધ મુક્ત કહિયે,*
*તે વચન શ્રીહરિ મુખનાં, સુખદાયક સરવે લહિયે,*
*એમ સમજી સંત શાણા, વર્તે છે વચન પ્રમાણ,*
*નિષ્કુળાનંદ તે ઉપરે, સદા રાજી રહે શ્યામ સુજાણ,*
*વચનવિધિ. કડવું-૨*

### પચ્ચીસમું પુષ્પ

હે વ્હાલા સંતો ! એક વાતનો તો તમોને ખ્યાલ જ હશે કે, ઘરને આગ લાગી હોય ત્યારે આગને ઠારવા માટે પોતાનો દુશ્મન પણ જો પાણી લઈને આવે તો ડાહ્યો માણસ એ દુશ્મનને પણ આવકારતો હોય છે; કારણ કે એને પોતાનું ઘર બચાવવું હોય છે. એને પોતાનું ઘર ગમતું હોય છે. બસ એ જ રીતે તમોને મુક્તિ મેળવવી ગમે છે, પ્રભુના ધામમાં જવાનું ગમે છે, પ્રભુ ગમે છે અને સંયમ જીવન પણ ગમે છે. એ જીવન તૂટતું હોય અથવા તો તૂટવાની તૈયારી હોય ને કોઈ સદ્‌ગુણી સંત આવીને ઈન્દ્રિયોને અંતઃકરણ પર વિજય મેળવવાનો ઉપાય બતાવે અને એ સંત સાથે તમારે સ્વભાવગત ફાવતું ન હોય તો પણ તેઓનો ઉપદેશ પ્રેમથી સાંભળો ને સંયમ દ્રઢ કરવા આચરણમાં ઉતારો.

યાદ રાખજો કે, ઉત્તેજના એ જો સંસાર છે તો ઉપશમ એ સંયમ છે. શરીર પર વસ્ત્રો સંયમના છે, એટલે સમાજ આપણને સંયમી તરીકે ઓળખે છે, પણ સાચે જ આપણને સંયમ સ્પર્શી રહ્યું છે કે નહિ એનો જવાબ પોતાની જાત પાસેથી જ મેળવવો હોય તો આ એક જ પરિણામના આધારે મેળવવા જેવો છે. – મન જો સતત ઉત્તેજિત રહે છે તો આપણે સંસાર માં છીએ અને મન જો સતત ઉપશમભાવમાં રહે છે તો આપણે સંયમમાં છીએ. (પંચવિષયોમાંથી ઈન્દ્રિયોની વૃત્તિઓ પાછી વાળીને અંતરમુખ બની જાય અથવા તો પ્રભુની મૂર્તિમા રહ્યા કરે તેને ઉપશમ કહેવાય છે.)

હે મુમુક્ષુ સંતો ! કોમી હુલ્લડ ફાટી નીકળવાને કારણે વાતાવરણ તંગ હોય, ચારેય બાજુ હવામાં મારો-કાપો, તોડી નાખો-ફોડી નાખો વગેરે શબ્દો સંભળાતા હોય, રસ્તા પર ઠેર-ઠેર લાશો પડેલી હોય અને લોહીનાં

ખાબોચિયાંઓ ભરેલાં દેખાતાં હોય અને સરકારે ૧૪૪મી કલમ જાહેર કરીને 'દેખો ત્યાં ઠાર' ના હુકમો આપ્યા હોય, એવા સમયમાં ઘરની બહાર નીકળતા માણસને કોઈ હિંમતવાન નથી કહેતું પણ મુર્ખ કહે છે. કારણ કે એ માણસ ઘરની બહાર નીકળીને કાંઈ કરી શકવાનો નથી કે કાંઈ પામી શકવાનો નથી. બલ્કે કદાચ જાનથી હાથ ધોઈ નાખવાનો વારો પણ આવી શકે છે. અર્થાત્ મોત પણ આવી શકે છે. આવા સમયમાં ગમે તેવો બહાદુર પણ પોતાના ડહાપણનો ઉપયોગ કરીને ઘરની અંદર જ રહે છે. અને બારી ખોલીને બહાર જોઈ લેવાની પોતાના મનની વૃત્તિને પણ દબાવી દે છે.

એ જ રીતે હે સંતો ! સંયમ જીવન જેઓએ સ્વીકાર્યું છે, એવા સંતો માટે સંસાર છે, તે કોમી હુલ્લડ છે ! ત્યાં અખંડ આત્મગુણોની કતલ થયા જ કરે છે. સંસારમાં પંચવિષયોના પ્રલોભનો સતત મળ્યા જ કરે છે. આવા હુલ્લડમાં સંયમી સાધુ અટવાઈ જાય તો એની અંદર રહેલા સદ્‌ગુણોની કતલ થવાની પૂરી સંભાવના છે; છતાં કોઈ કારણસર ઠાકોરજીના થાળ કરવા, પધરામણી કરવા કે કથા-વાર્તા કરવા જવું પડે તો શ્રીજી મહારાજની આજ્ઞારૂપી બખ્તર પહેરીને જવું જોઈએ. જો આજ્ઞારૂપી બખ્તર કાઢીને ગયા તો ફસાવાની પૂરી શક્યતા છે.

હે સંતો ! આપણા માટે શ્રીજી મહારાજે આજ્ઞા કરેલી છે કે, રસ્તા પર ચાલતા હોઈએ ત્યારે ફાટી દષ્ટિએ કરી જ્યાં-ત્યાં, જોતા-જોતાં ન ચાલવું, પણ ચાર હાથ દૂર નજર રાખીને ચાલવું એટલે દ્રષ્ટિ કાબુમાં રહે અને સ્ત્રીઓનાં રૂપ પણ જોવામાં ન આવે. ગૃહસ્થોના ઘરમાં કોઈ નિમિત્તે ગયા હોઈએ ત્યારે તો આંખને બરાબર કાબુમાં રાખવી જોઈએ, કારણ કે, આજુબાજુની રૂમોમાં સ્ત્રીઓ હોય છે અને તેઓ ત્યાં ઊભી રહીને ઠાકોરજીનાં

અને સંતોનાં દર્શન કરતી હોય છે. તે સિવાય પણ ઘરની ચારે તરફ રજોગુણી ફોટાઓ પણ હોય છે. આવું બધું જોઈને ઘણીવાર સાધુના જીવનમાં કામનું વાવાઝોડું આવતું હોય છે; પછી તેને વશ બની જઈ બ્રહ્મચર્યવ્રત તોડી નાખતા હોય છે અને અંતે ભગવાં વસ્ત્રો છોડી સંસારી પણ બની જતા હોય છે.

હે વ્હાલા સંતો ! તૃપ્તિનો કોઈ અનુભવ જ ન કરાવી શકે એને જળ કેમ કહેવાય ? શીતળતાનો અનુભવ જ ન કરાવી શકે એને ચંદન કેમ કહેવાય ? સુવાસની અનુભૂતિ જ ન કરાવી શકે એને અત્તર કેમ કહેવાય ? એજ રીતે બ્રહ્મચર્યનું પાલન જ ન કરી શકે તેને સંત કેમ કેહેવાય ? તેના ઉપર શ્રીહરિજી રાજી કેમ થાય ? પ્રભુને નિષ્કામીવ્રત બહુ જ ગમે છે તેથી તો શિક્ષાપત્રીમાં ૧૮૦ મા શ્લોકમાં કહ્યું છે કે, "બ્રહ્મચર્યનો ભંગ થાય એવું વચન તો પોતાના ગુરુનું પણ ન માનવું."

તેમજ સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણના ૨૭મા અધ્યાયમાં પણ શ્રીહરિજી બ્રહ્માનંદ સ્વામીને કહે છે કે, "બુદ્ધિપૂર્વક નિષ્કામવ્રતનો ક્યારેય પણ ભંગ ન કરવો, અજાણથી ભંગ થઈ જાય તો તેની શુદ્ધિ તત્કાળ કરવી. તે શુદ્ધિથી અષ્ટાંગ બ્રહ્મચર્યનું રક્ષણ થાય છે, તેથી ત્યાગીઓને એકાંતિકપણું પ્રાપ્ત થાય છે, તે માટે શુદ્ધિ કહીએ છીએ. ત્યાગી સાધુ સ્ત્રીઓની વાર્તા સાંભળે તો એક ઉપવાસ કરે. સ્ત્રીઓ પરસ્પર રમત કરતી હોય તેને ઈચ્છાપૂર્વક જુવે તો એક ઉપવાસ કરે. સ્ત્રીનો સ્પર્શ થાય તો એક ઉપવાસ કરે. સ્ત્રીની દ્રષ્ટિ સાથે પોતાની દ્રષ્ટિ જોડીને તેને જુવે તો એક ઉપવાસ કરે.સ્ત્રીભોગ સંબંધી ખરાબ સ્વપ્ન આવે તો એક ઉપવાસ કરે. સ્ત્રી સાથે બોલાઈ જવાય તો એક ઉપવાસ કરે. સ્ત્રી સાથે એક ગાડામાં (વાહનમાં) બેસાય તો એક ઉપવાસ કરે. માર્ગ વિશાળ હોય છતાં સ્ત્રીની નજીક ચલાય તો એક ઉપવાસ કરે. સ્ત્રીનું

ગૃહ્યઅંગ જોવાઈ જાય તો એક ઉપવાસ કરે. પશુપક્ષીનું મૈથુન બુદ્ધિપૂર્વક જોવાય જાય તો એક ઉપવાસ કરે. સાધુ જમવા બેસે ત્યાં સ્ત્રી પીરસે તો એક ઉપવાસ કરે. પોતાના હાથથી વીર્યપાત કરે અથવા બીજાના હાથથી કરાવે તો ચાર ઉપવાસ કરે.'' આ રીતે પ્રાયશ્ચિત કરીને નિષ્કામવ્રતનું પાલન કરે. વિશેષ વિસ્તાર ૨૭મા અધ્યયાથી જાણી લેવો.

હે સંતો ! સાધુ થયા પછી આપણને ઘણો બધો સમય નવરાશનો મળતો હોય છે. ઘણીવાર રાત્રે મોડે સુધી ઊંઘ નથી આવતી હોતી ત્યારે પણ આપણને સમય મળતો હોય છે. ક્યારેક માંદગીની અવસ્થા દરમ્યાન પણ આપણને સમય મળતો હોય છે. ઘણીવાર નિત્યક્રમને સેવા કર્યા પછી પણ ઘણો સમય મળતો હોય છે. આ બધી નવરાશની પળોમાં આપણા મનનો કબજો કોણ લઈ લેતું હોય છે તેનો કદી વિચાર કર્યો છે ? આવા સમયે જો આપણું મન શ્રીજી મહારાજની મૂર્તિનું ચિંતન કરતું હોય, શ્રીજી ચરિત્રો યાદ કરતું હોય, શ્રીહરિનાં કીર્તનોનું ગાન કરતું હોય અને સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરતું હોય તો સમજી લેવું કે, મોક્ષમાર્ગનાં પગથિયાં ચડી રહ્યું છે અને જો જગતના પંચવિષયોનું ચિંતન કરતું હોય તો સમજી લેવું કે, મુક્તિપથની સીડીથી લપસી રહ્યું છે. જો આવું થતું હોય તો હવે સાવધ બની જઈ એ માર્ગેથી પાછું વાળી પ્રભુ ચિંતનમાં જોડી દેવું જોઈએ.

હે સંતો ! કુંભાર પાસે ઘડો લેવા જનારો માણસ ઘડાને ટકોરા જરૂર મારે છે, પણ કુંભારને ટકોરા લગાવવાની બાલિશતા તો ક્યારેય પણ નથી દાખવતો —એ જ રીતે સંયમજીવનમાં આપણને આગળ વધારવા માટે અથવા તો સંયમ જીવનમાં આપણા દ્વારા થઈ રહેલ ક્ષતિઓ સુધારવા માટે જ્યારે પણ ગુરુદેવ કે સાથે રહેતા સંતો આપણને નરમ શબ્દોમાં કે પછી ગરમ શબ્દોમાં પ્રેરણા મળે એવાં હિતશિક્ષાનાં વચનો કહે છે ત્યારે આપણે

તેઓનાં વચનને પ્રેમથી સાંભળીએ છીએ કે પછી મનોમન એવું બોલીએ છીએ કે, 'તમારા જીવનને સંભાળો, મારી શા માટે ચિંતા કરો છો. મારે તમારો ઉપદેશ નથી સાંભળવો.' જો આવું વિચારતા હો તો માની લેજો કે, આપણામાં માન છે. એ માનને કારણે આપણે મોટાનો હિતોપદેશ સાંભળી શકતા નથી. પછી એક સમય એવો આવશે કે માન આપણને તેઓનો દ્રોહ કરતા કરી દેશે ! માટે સાવધ બની માનનો ત્યાગ કરી દો.

હે સંતો ! કરેલ ગુના બદલ સજા ભોગવવા જેલમાં ગયેલ કેદીને જેલના દિવસો પસાર થતાં આનંદ જરૂર હોય છે, પણ અભિમાન તો ન જ હોય ને ધંધામાં થઈ ગયેલ પૈસાનું દેવું પતાવતા વેપારીને આનંદ હોય એ તો સમજાય છે, પણ અભિમાન તો ન જ હોય ને ? દવાના સેવનથી સુધરી ગયેલ સ્વાસ્થ્ય બદલ દર્દીને આનંદનો અનુભવ જરૂર થાય, પણ અભિમાન તો ન જ થાય ને ? – એ જ રીતે આપણા જીવનમાં પણ પ્રભુકૃપા, સંતકૃપા અને પુરુષાર્થે કરીને સંયમજીવનનું યથાર્થ પાલન કરતા હોઈએ તેથી આનંદ જરૂર થાય, પણ અભિમાન તો ન જ થવું જોઈએ ને ? સંયમનો અહમ્ ઉત્પન્ન થાય એના માટે શ્રીજી મહારાજ ગ.પ્ર. ૨૫મા વચનામૃતમાં કહે છે કે, '' છકી જઈને જેમ તેમ કરવા લાગે તો જાણીએ, અગ્નિમાં બીજ નાખ્યું તે બળી ગયું ! '' માટે સંયમ પાલનનો અહંકાર પણ આવવા ન દેવો જોઈએ. તથા ગઢડા પ્રથમના ૬૨મા વચનામૃતમાં શ્રીહરિજી કહે છે કે,''ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ અને એક કીડી જેવા જીવને પણ દુઃખવવો નહિ એ જ નિર્માની સાધુનો ધર્મ છે.''

હે વ્હાલા સંતો ! એક ગામમાં એક ફળિયામાં રહેતા એક ભાઈના ઘરમાં દીવો પ્રગટતાં આજુબાજુવાળા બધા રાજી થઈને કહેવા લાગ્યા : ''આપણા ઘરમાં તો દીપક નથી, આ પડોશીના ઘરમાં પ્રગટેલા દીવડાના પ્રકાશથી આપણા ઘરનું થોડુંક અંધારું તો દૂર થશે ને ?'' એ જ રીતે સંતો

સાથે રહીને આપણે આરાધના કરતાં સંયમ જીવન વીતાવીએ છીએ. આપણા મંડળમાં આપણા કરતાં બીજા સંતો વિશેષ સંયમ રાખતા હોય, વિશેષ તપ કરતા હોય, વિશેષ સેવા કરતા હોય, વિશેષ ભજન-ભક્તિ કરતા હોય, વિશેષ કથા-વાર્તા કરતા હોય અને વિશેષ લેખનકળામાં આગળ નીકળી ગયા હોય, એના કારણે ગુરૂદેવ વડિલ સંતો કે હરિભક્તો એનાં વખાણ કરતા હોય એ સમયે આપણે રાજી થઈએ છીએ કે પછી ઈર્ષ્યાની અગ્નિમાં સળગીએ છીએ એનું મંથન કર્યું છે ખરૂં ? અન્ય સંતોની અધ્યાત્મ પ્રગતિ જોઈને જો રાજી થવાતું હોય તો ચોક્કસ માનજો કે આપણે પણ અધ્યાત્મમાર્ગમાં આગળ વધી રહ્યા છીએ અને રાજી ન થવાતું હોય તો માની લેજો કે ઈર્ષ્યારૂપ આગમાં આપણે શેકાઈ રહ્યા છીએ અને સાથોસાથ અધ્યાત્મમાર્ગમાંથી પાછા પડતા જઈએ છીએ.

હે સંતો ! આપણે સંસાર છોડી સાધુ બન્યા. સગાં-સંબંધી છોડી સંયમી બન્યા. ત્યાગી બન્યા પછી પુત્રને સ્થાને શિષ્યોમાં આસક્તિ કરીએ, સંબંધીઓને છોડી ધનવાન ગૃહસ્થોમાં આસક્તિ કરીએ અને ઘર ખેતર છોડી સંસ્થાઓ આશ્રમોમાં આસક્તિ કરીએ તો આપણી પ્રવૃત્તિ બદલાઈ કહેવાય, પણ વૃત્તિ બદલાઈ ન કહેવાય ! એટલા માટે શ્રીજી મહારાજે ગઢડા અંત્યના ૧૯મા વચનામૃતમાં આપણા માટે કહ્યું છે કે, "જેમ દૂધને સાકર હોય તેમાં સર્પે મોઢું નાખ્યું હોય, તો તે પણ ઝેર કહેવાય, તેમ જેમાં સેવા ચાકરીરૂપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તો પણ તેમાં તે પોતાનો સ્વાર્થ લઈને હેત ન રાખવું શા માટે જે, પોતાના જીવને એ થકી બંધન થાય છે અને જેમ ભગવાનનું ચિંતવન થાય તેમ જ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થવા માંડે એ જ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય." આ વચનામૃતમાં શ્રીહરિનો કહેવાનો ભાવ એ છે કે, હેત રાખવું તેમાં સ્વાર્થને સ્થાન ન આપવું, પણ સંત કે ભક્ત જાણીને તો જરૂર હેત રાખવું, એ તો

શ્રીહરિની આજ્ઞા છે, માટે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ.

હે સંતો ! યાદ રાખો કે, ખાંડ નાખ્યા વિનાની પણ મીઠાઈ બની તો જાય છે, પણ એ મીઠાઈમાં કોઈ પણ પ્રકારનો સ્વાદ આવતો નથી. – એ જ રીતે પ્રભુપ્રેમને, સંત સ્નેહને, ભક્તો પ્રતિ ભાવને, સંવેદનશીલતાને અને લાગણી વિનાના સંયમજીવનની બધી જ ક્રિયાઓનું પાલન તો બરાબર થઈ જાય છે, પરંતુ એ ક્રિયાઓ પ્રભુ પ્રસન્નતાનું સંપૂર્ણ કારણ બનતી નથી, માટે સંયમના પાલન સાથે શ્રીહરિ પ્રત્યે સ્નેહ હોવો જોઈએ; સંતો-ભક્તો પ્રતિ ભાવ હોવો જોઈએ. સંવેદનશીલ હૃદય હોવું જોઈએ અને સહુ પ્રત્યે લાગણી હોવી જોઈએ; એટલે સોનામાં સુગંધ ભળી હોય એવું સંયમ જીવન શોભી ઊઠે છે અને પરમાત્માની પૂર્ણ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

*"જોને ભવ બ્રહ્માજીની ભૂલ્ય, જન સહુ જાણે છે*
*એકલશૃંગી સૌભરીનાં શુલ, પોથીમાં પ્રમાણે છે*
*નારદ પર્વતની નિદાન, કીર્તિ કથામાં કહી*
*માટે સહુ રહેજ્યો સાવધાન, ખબડદાર ખરા થઈ*
*જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી*
*માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહિ વાત ખરી*
*રહેવું નહિ ગાફલ ગમાર, માલ અતોલ મળે*
*કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે"*

**ચોસઠપદી -પદ - ૪૦**

## છવ્વીસમું પુષ્પ

હે વ્હાલા સંતો ! ઉંદરને ચોવીસેય કલાક મનમાં ફફડાટ શેનો ? ક્યાંયથી બિલાડી ન આવી જાય એનો. ચંદનના વૃક્ષોને વીંટળાઈને પડેલા સર્પોને સૌથી વધુ ભય શેનો ? કયાંયથી મોર ન આવી જાય એનો. પોતાની પાસે દસ લાખનું જોખમ લઈને ફરતા વેપારીને મનમાં ફફટાટ શેનો ? ક્યાંયથી ગુંડા ન આવી જાય એનો. – એ જ રીતે સંયમ જીવનની આરાધના કરનાર સાધકને ડર શેનો ? ક્યાંયથી કામાદિક અંતઃશત્રુઓનો યોગ થઈ જાય એનો.

તૂટવાની તૈયારી હોય એવા દોરડા પર ચાલનાર વ્યક્તિનું મન તંગ હોય કે મસ્ત ? સાગરના વાંભ-વાંભ મોટાં મોજાંઓ વચ્ચે સામે પૂરે જે તરવૈયો તરી રહ્યો હોય એ મનથી સ્વસ્થ હોય કે ત્રસ્ત ? પાંચ ગુંડાઓ જેની પાછળ પડ્યા હોય એવા ૫૦ લાખના હીરાઓ લઈને રસ્તા પર ભાગી રહેલ યુવાન મનથી પ્રસન્ન હોય કે ભયભીત ? આ તમામ પ્રશ્નોનો એક જ જવાબ છે કે એ સહુ મનથી ત્રસ્ત હોય; કારણ કે જાનનું જોખમ, સંપત્તિનું જોખમ અને જીવનનું જોખમ ! એ જ પ્રમાણે સંયમ જીવનને માર્ગે ચાલનારને પણ સતત ભય હોય છે; કારણ કે શબ્દ-સ્પર્શ-રૂપ-રસ ને ગંધ આ પાંચ મહા બળવાન લુંટારાઓ તેનું સંયમરૂપી ધન લૂંટવા તૈયાર જ હોય છે.

સંતો ! એક તો અમાસની રાત હતી પાછું સ્થળ હતું બ્રાઝિલ દેશના એમેઝોન જંગલનું ! ભરબપોરે પણ જ્યાં સૂર્યના કિરણોનો પ્રવેશ શક્ય ન હતો એવા ગાઢ જંગલમાં એક માણસે રાત્રે બાર વાગે પ્રવેશ કર્યો ! એ જંગલમાં અનેક હિંસક પશુઓ હતાં, રસ્તામાં ઠેર ઠેર કાંટા-કાંકરા હતા.

આ સ્થિતિમાં તેની પાસે એક નાનો એવો દીવો હતો. જેના પ્રકાશના સહારે એને આ વિકરાળ જંગલ પસાર કરવાનું હતું. પવનની એક જ લહેર દીપકને બુઝાવી નાખે એ મોટું ભયસ્થાન એની સામે જ હતું, તેથી પોતાનું ધ્યાન દીવા પર જ કેન્દ્રિત કરી દીધું હતું.

આ દ્રષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે સંસાર એક જંગલ છે. જે મોહના અંધકારથી સંપૂર્ણપણે વ્યાપ્ત છે. જ્યાં શબ્દ-સ્પર્શ-રુપ -રસ અને ગંધ આ પાંચેય પ્રકારના વિષયોનો વરસાદ અવિરત વરસી રહ્યો છે. આવા સંસારના જંગલમાંથી આપણા આત્માને હેમખેમ બહાર લઈ જવા માટે આપણે સંસારનાં સુખો છોડી સાધુનું જીવન સ્વીકાર્યું છે. જંગલની યાત્રાએ જનારો માણસ પોતાના હાથમાં રહેલ દીપકને ટકાવી રાખવા જેટલો સાવધ હોય છે, એના કરતાં અનેકગણા સાવધ એ સાધુ -સંતોને રહેવાનું છે કે જેણે સંસારના આ ભયંકર જંગલમાંથી કાયમી છુટકારો મેળવવા સંયમજીવન અંગીકાર કર્યું છે. તો પ્રશ્ન એ છે કે હે સંતો ! આમાં આપણો નંબર આવે છે ખરો ?

હે સંતો ! રસ્તો કાંટાથી ભરેલ હોય અને પગને એનાથી સતત બચાવતા રહેવાના, વાતાવરણમાં ધૂળની ડમરી હોય અને આંખને સતત બચાવતા રહેવાની, પસાર થવાનું ઉકરડાની બાજુમાંથી અને નાકને સતત બચાવતા રહેવાનું એની દુર્ગંધથી —બસ એ જ રીતે પંચવિષયોના પ્રલોભનો સતત પ્રાપ્ત થતાં હોય ને પ્રલોભન પ્રેમી મનને સાથે રાખીને સંયમ રાખતા પ્રલોભનમાં ન ફસાય એવા સંત ઉપર મહાપ્રભુ શ્રીહરિજી ખુબ રાજી થાય છે અને શાબાશી આપે છે. આવા સંતો મનુષ્ય શરીરમાં હોવા છતાં મુક્ત જ કહેવાય છે. સદ્‌ગુરૂ અદ્‌ભૂતાનંદ સ્વામી એક વાર સત્સંગ પ્રચાર માટે

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશમાં આવેલ પુંજબારી નગરમાં આવ્યા હતા. ત્યાંના રાજા નારસિંહ રાવજીને બે કુંવરી હતી. તેઓએ બંનેનાં લગ્ન અદ્‌ભૂતાનંદ સ્વામી સાથે નક્કી કર્યું. અને સ્વામી ભાગી ન જાય એ માટે ગુરુ આશ્રમમાં ચારે તરફ સૈનિકોનો પહેરો ગોઠવી દીધો. સ્વામીને રાજાના કુંવરે કહ્યું કે, 'મારી બે બહેનાનાં લગ્ન તમારી સાથે કરવાનાં છે.' સ્વામીએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે, 'આ સ્ત્રીરૂપ માયાથી રક્ષણ કરજો'. પછી એ જ રાત્રે સૈનિકોની નજર ચૂકવીને આશ્રમમાંથી ભાગ્યા તે ૪૦ ગાઉં સુધી દોડતા રહ્યા ! જાણે કે પાછળ કાળી નાગળ ફૂંફાડા મારતી ડંખ મારવા માટે આવતી હોયને શું !

દોડતા દોડતા અંતે મેથી ગામમાં આવ્યા. ત્યાં અતિત બાવાજી રહેતા હતા. તેઓ સ્વામીને ઘેર લઈ ગયા ને પ્રેમથી જમાડી વિનંતી કરીને કહ્યું: 'મારે બે દીકરી કુંવારી છે. બંને સાથે તમો લગ્ન કરો. હું તમોને ૬૦ હજાર રૂપિયા પણ આપીશ.' સ્વામીએ વિચાર કર્યો:''અરે ! એકને લગ્ન મંડપમાં છોડીને આવ્યો છું, બીજી બે રાજકુમારીઓના બંધનમાંથી બચવા દોડતો દોડતો અહીં આવ્યો ત્યાંતો અહીં પણ બીજી બે તૈયાર છે ! મારા ત્યાગાશ્રમમાં વિઘ્ન કરવા સિદ્ધિઓ જ સ્ત્રીઓરૂપે આવી લાગે છે. મારે તો સંયમ પાલન કરી શ્રીજીમહારાજને રાજી કરવા છે.'' આવું મનોમન વિચારી એનો અસ્વીકાર કરી ત્યાંથી ચાલી નીકળ્યા.

સદ્‌ગુરુ ગોવિંદાનંદ સ્વામી પણ સંસારનો ત્યાગ કરી આવતા હતા ત્યારે રસ્તામાં એક રાજાની રૂપવાન દાસી બેઠી હતી. તે ગોવિંદસ્વામીનું રૂપ જોઈને મોહ પામી, તેથી સ્વામીને કહે : 'મારો પત્ની તરીકે સ્વીકાર કરો અને મારી પાસે ૧૦ હજારની કિંમતનું સોનું છે તે પણ તમોને આપી દઉં.

આ સોનું ને હું બંને તમારાં.'' ત્યારે સ્વામીએ વિચાર કર્યો કે, ''પ્રભુ ભજવા નીકળે એને આડી સિદ્ધિઓ આવે છે, તે મારે સિદ્ધિ આવી. '' પછી પોતાનું કપડું આપીને કહે, ''અહીં બેસ, હું ખત્રે (સંડાસ) જઈ આવું.'' એમ કહીને ચાલ્યા ગયા, પણ સ્ત્રી કે ધનમાં બંધાયા નહિ. આવા પ્રલોભનમાં ન ફસાય એના પર પરમાત્માની પ્રસન્નતા થાય છે.

સંતો ! સાબુ અને પાણી ઉપલબ્ધ હોવા છતાં પોતાનાં વસ્ત્રો પર લાગેલા ડાઘને દૂર કરવાની બાબતમાં ઉપેક્ષા સેવનારો આળસુ કે ગોબરો માણસ સમાજમાં અપ્રિય ગણાય છે. આંખ ખુલ્લી હોવા છતાં રસ્તા પરના ખાડાને જોવાની બાબતમાં બેદરકાર રહેનારો માણસ કદાચ ફ્રેક્ચરની વેદનાનો શિકાર બને છે. – પરંતુ સમજ,શક્તિ ને સંયોગ હોવા છતાં પોતાના જીવનમાં લાગતા દોષોને દૂર કરવાની બાબતમાં ઠંડું વલણ દાખવનારો સંયમી સંત તો કદાચ સામે ચડીને દુર્ગતિને આમંત્રણ આપી બેસે છે, માટે સાવધાન ને સજાગ બની જઈ સંયમી જીવનને સારધાર બનાવવું જોઈએ.

હે વ્હાલા સંતો ! હાથમાં જીવન સંયમનું હોય એનો એક જ અર્થ છે કે, સંપૂર્ણ જીવન અધ્યાત્મને કેન્દ્રમાં રાખીને જ વીતાવવાનું છે. પરમાત્માને કેન્દ્રમાં રાખીને પ્રવર્તતી પવિત્ર ક્રિયા એનું નામ અધ્યાત્મ છે. સંસારી માણસ પોતાના ચહેરાને દર્પણમાં જૂવે ને ચહેરા પર ડાઘ લાગેલ દેખે એટલે તેને સાફ કર્યા વિના જંપતો નથી. – એ જ રીતે સંયમી સાધુઓ પણ પોતાના આત્મનિરીક્ષણના દર્પણમાં (આયનામાં) જુવે ને અંતરના દોષોરૂપી ડાઘ દેખાય એટલે તેને પણ કાઢ્યા વિના જંપતો નથી. ભજન-ભક્તિ, ધર્મ- નિયમ તપ અને વૈરાગ્યરૂપી સાબુ લગાડી અંતરના ડાઘ સાફ કરી નાખે છે. સાફ કર્યા વિના એને ચેન પડતું નથી.

હે સંતો ! એક સદ્‌ગૃહસ્થે તેના પુત્રને ડૉક્ટર બનાવવા માટે એક પ્રખ્યાત કોલેજમાં મોકલ્યો. વર્ષો સુધી તે ભણ્યો. પિતાએ પુત્ર પાછળ ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો અને પુત્રે પણ તનતોડ પરિશ્રમ કરી સફળતા મેળવી, મોટો સર્જન બન્યો. પરંતુ ડૉક્ટર બન્યા પછી તે યુવાને હોસ્પિટલ બનાવવાને બદલે હજામની દુકાન કરી લોકોની હજામત કરવાનું શરૂ કર્યું. ! પિતાએ કરેલ ૫૦ લાખના ખર્ચ પર અને પોતે કરેલ પચ્ચીસ વર્ષની મહેનત પર પાણી ફેરવી નાખ્યું . આવા યુવકને કોણ ડાહ્યો કહે ? બધા જ મુરખ કહે. – બસ એ જ પ્રમાણે આપણે ત્યાગાશ્રમરૂપી કોલેજમાં આવીને સંયમનું શિક્ષણ લેવાનું શરૂ કર્યું, ગુરૂદેવે અને સંતોએ ખુબ મહેનત કરી સંયમી બનાવ્યા. આપણે પણ સંયમી બનવા વ્રત-તપ-ભજન-ભક્તિ-ધર્મ-નિયમનું પાલન કરી મન સાથે લડાઈ કરી સંયમી બની ગયા. – પરંતુ થોડી સ્વતંત્રતા આવી એટલે સંયમ છોડી પંચવિષયની દુકાન ખોલીને બેસી ગયા ! આંખને રૂપ જોવાની ઈચ્છા થઈ તો સ્ત્રીઓનાં રૂપ દેખાડવા લાગ્યા. કાનને વિકારી શબ્દો સાંભળવાની ઈચ્છા થઈ એટલે ખરાબ ફિલ્મોનાં નેગેટીવ ગીતો સંભળાવવા લાગ્યા. સ્પર્શેન્દ્રિયને અડવાની ઈચ્છા થઈ એટલે નાનાં નાનાં બાળકોને રમાડવા લાગ્યા અને ભેટવા લાગ્યા. જીભને સારું-સારું ખાવાની ઈચ્છા થઈ એટલે સ્વાદપૂર્તિ માટે અપવિત્ર આહાર કરાવવા લાગ્યા અને નાકને સુગંધ લેવાની ઈચ્છા થઈ એટલે અનેક પ્રકારના સુગંધી પદાર્થો તેને સુંઘાડવા લાગ્યા. આપણું આવું વર્તન જોઈને આપણને કોણ ડાહ્યા કહેશે ? આપણી પાછળ કરેલ મહેનત વ્યર્થ ગઈ જાણીને ગુરૂદેવ અને સંતો આપણી પર કુરાજી થશે, શ્રીજી મહારાજ પણ કુરાજી થશે અને મુક્તિરૂપી મહાફળથી આપણે વંચિત થઈ જઈશું.

હે સંતો ! વિમાનના પાયલોટને એક બાબતનો સ્પષ્ટ ખ્યાલ હોય છે કે હું કાંઈ ટેક્સી ડ્રાઈવર કે ટ્રેન ડ્રાઈવર નથી કે જેની નોકરીમાં જે દિવસથી

રહ્યો તે દિવસથી જ નોકરીમાં રહ્યાના દિવસો ગણાય છે અને તે પ્રમાણે પગાર મળે છે. હું તો વિમાનનો પાયલોટ છું કે જેની નોકરી વિમાનના ઉડ્ડયનના કલાકોના આધારે ગણાય છે. જો મારે નોકરીમાં બઢતી જોઈતી હોય ને પૈસા વધારે જોઈતા હોય તો મારે ઉડ્ડયન કલાકો વધારવા જ પડશે.

હે સંતો ! આ દૃષ્ટાંત સાંભળી જવાબ આપો કે આપણે આપણા જીવનની સાર્થકતા શેના આધારે માપીએ છીએ ? પર્યાયના આધારે કે પછી પરિણતિના આધારે ? આપણે જે દિવસથી ત્યાગશ્રમ સ્વીકારી સાધુનો વેશ ધારણ કર્યો તે દિવસથી માંડીને આજ દિન સુધીમાં જેટલો સમય પસાર થયો એ આપણો પર્યાય કહેવાય છે અને જે દિવસથી ભગવાં ધારણ કર્યાં તે દિવસો દરમ્યાન જે સમયમાં ધ્યાન-ભજન-ભક્તિ-વ્રતો-નિયમો-સેવા-તપ કર્યું એ આપણી પરિણિત કહેવાય છે. વિચારને અંતે આપણે સત્ય કહીશું કે કેવળ સાધુનાં કપડાં પહેરવાથી કાંઈ અધ્યાત્મમાર્ગમાં-મોક્ષમાર્ગમાં પ્રગતિ થતી નથી, પરંતુ ધર્મ -નિયમ, ભજન-ભક્તિ અને વ્રત-તપાદિકે કરીને જ મુક્તિપથમાં પ્રગતિ થઈ શકે છે.

હે સંતો ! બીમાર માણસ માટે દવા મહત્ત્વની હોય છે એ તો સહુને સમજાય છે, પરંતુ એના સ્વાસ્થયનો આધાર તો એના માટે મહત્ત્વની દવા કઈ હોય છે એની જાણકારી પર નિર્ભર છે અને એની સંપૂર્ણ સત્ય જાણકારી તો અનુભવી ડૉક્ટર પાસે જ હોય છે. —બસ એ જ રીતે સંયમ જીવનનનું યથાર્થ પાલન કરવામાં ઈન્દ્રિયો ને અંતઃકરણને વશ કરવાં જ પડે છે એ જાણકારી આપણને પૂરેપૂરી છે, પરંતુ એને કેવી રીતે વશ કરવા અને એના પર કેવી રીતે વિજય મેળવવો એની યથાર્થ જાણકારી આપણી પાસે નથી. એની સંપૂર્ણ જાણકારી તો ગુણિયલ ગુરુદેવ અને સંયમનું પાલન કરનાર

સંતો પાસે જ હોય છે; માટે તેઓનો સમાગમ કરી મન-આદિકને વશ કરવાના ઉપાયો જાણવા જોઈએ અને સંયમનું યથાર્થ પાલન કરવું જોઈએ.

હે સંતો ! તંદુરસ્ત થવા માટે જે રોગીને પુષ્કળ દવાઓ લેવી પડતી હોય એ એટલું જ સૂચવે છે કે, શરીરમાં રહેલ રોગની તીવ્રતા ધાર્યા કરતાં વધુ છે. કપડાંને સ્વચ્છ કરવા માટે બે સાબુ ખલાસ કરી દેવા પડતા હોય એ એટલું જ સૂચવે છે કે, કપડાં પર ચોંટેલા મેલનું પ્રમાણ ધાર્યા કરતાં ઘણું બધુ વધુ છે. — એ જ રીતે આપણા જીવનને સંયમીત રાખવા માટે બહુ મહેનત કરવી પડતી હોય એટલે કે બહુ ભજન-ભક્તિ-વ્રત ને તપ કરવાં પડતાં હોય તો સમજી લેવું કે, પૂર્વજન્મના કુસંસ્કારોને કારણે આવું કરવું પડે છે, પરંતુ હાર માની હરેરી જવું નહિ.

હે સંતો ! લોભી માણસ નવરો પડે છે એટલે એના મનનો કબજો ધનના વિચારો જ લઈ લેતા હોય છે. વિષયલંપટ માણસ નવરો પડે એટલે એના મનનો કબજો સ્ત્રીઓના વિચારો જ લઈ લેતા હોય છે. વ્યસની માણસ નવરો પડે છે એટલે એના મનનો કબજો વ્યસનના વિચારો જ લઈ લેતા હોય છે. — એ જ રીતે સંયમ જીવનનું પાલન ન કરનારો સાધુ પણ નવરો પડે છે ત્યારે તેના મનનો કબજો પંચવિષયોના વિચારો જ લઈ લેતા હોય છે; માટે સાવધાન બની જઈ સંયમનું પાલન કરવું એ જ સાધુ માટે હિતાવહ છે. અન્યથા પરિણામ ભયંકર છે.

*મોટા થવાનું મનમાં રે, દલમાં ઘણો કોડ*
*તેવા ગુણ નથી તનમાં રે, કાં કરે તું કોડ,*
*તું તપાસી જોને તુંજને રે, ઉતારી અંતર માંય,*
*પછી ઇચ્છજ્યે થાવા પૂજ્યને રે, તેનું નથી કાંય*

કામ ક્રોધ વળી લોભ છે રે, લિયે છે તારી લાજ
તેણે કરી અંતરે ક્ષોભ છે રે, જો વિચારી આજ
ભુંડા ઘાટ ઉઠે છે ભિંતરે રે, જે ન કહેવાય બા'ર
એહ વાતનો તારે અંતરે રે, નથી નર વિચાર,
નથી ખોળતો ખોટ્ય માંયની રે, દે છે બીજાને દોષ
કહે નિષ્કુળાનંદ ન્યાયની રે, અમથો શો અપસોષ

ચોસઠપદી- ૨૨

## સત્યાવીસમું પુષ્પ

હે વ્હાલા સંતો ! ફાયર બ્રિગેડવાળા પાણીના બંબા લઈને ક્યાંક લાગેલ આગને બુઝાવવા જાય છે તે પહેલાં એ બધા કર્મચારીઓ ફાયર પ્રૂફ (FIRE-PROOF) કપડાં પહેરી લે છે. તેના દ્વારા તેઓ પોતાની જાતને અગ્નિથી સુરક્ષિત કરી દે છે અને પછી જ તેઓ આગને બુઝાવવાના પ્રયત્નો કરે છે. તો આ ન્યાયે સૌ પ્રથમ આપણે આપણા અંતઃકરણને તપાસી લઈએ. ત્યાં કામ-ક્રોધાદિક અગ્નિ સળગી રહી છે કે તેની આગ ઠરી ગઈ છે ? જો ભજન-ભક્તિ અને તપ-સમજણ વડે તે આગને ઠારી નાખી હશે અને પછી સંયમરૂપી ફાયર પ્રૂફ કપડાં પહેરેલાં હશે તો જ આપણે અન્યોના હૃદયમાં રહેલ કામ-ક્રોધાદિક આગને બુઝાવી શકીશું. જો આપણે સંયમરૂપ કપડાં પહેર્યા વિના બીજાની કામ-ક્રોધાગ્નિ બુઝાવવા જઈશું તો આપણે પણ દાઝી જઈશું ! જે દશા ફાયર પ્રૂફ પહેર્યા વિના આગ બુજાવવા ગયેલની થાય છે એ જ દશા અંતઃશત્રુ જીત્યા વિના બીજાના શત્રુઓ કાઢવા જઈશું ત્યારે આપણી ખુદની થશે !

યાદ રાખોઃ અજ્ઞાનદશામાં કે ખરાબ દેશકાળમાં આપણે પોતે જ ઊભા કરેલા મોહના આ ભયંકર વનને સળગાવી નાખવા આપણે ગંભીરતાપૂર્વક પ્રયત્નશીલ છીએ ખરા ? આ પ્રશ્નનો જવાબ અંદરથી સંતોષકારક મળતો ન હોય તો આપણે આપણી જીવનશૈલી અને વિચારશૈલી અંગે ફેરવિચારણા કરવાની ખાસ જરૂર છે. આપણે પોતે જ અંદરના શત્રુઓથી સળગતા હોઈશું અને મોહના જંગલમાં અટવાતા હોઈશું તો બીજા લોકોને આગમાંથી અને એ જંગલમાંથી કેવી રીતે બહાર કાઢી શકીશું ?

હે સંતો ! બીજી એક વાત સાંભળી લો. ગૃહસ્થોના જીવનમાં જે સ્થાન સંપત્તિનું હોય છે એ જ સ્થાન સાધુ -સંતોના જીવનમાં સંયમનું હોય છે.

એના બદલે સાધુ જ શરીરનાં સુખોના લાલચું બની જાય તો ? સાધુઓ જ ઈન્દ્રિયોના વિષયો પાછળ પાગલ બની જાય તો ? સાધુઓ જ એના મનમાં સ્ત્રીઓને ભોગવવાનું સતત ચિંતન કરતા બની જાય તો ? સાધુઓ જ એના મનમાં સ્વાદિષ્ટ મનપસંદ મીઠાઈનું મનન કરતા બની જાય તો ? હવે તપાસી જોઈએ આપણે આપણી જાતને ! જો મનભાઈ એટલે કે આપણું મન હંમેશાં આવા જ સંકલ્પ કરાવતું હશે તો સંયમ જીવન એક દિવસ ચુંથાઈ જવાની પૂરે પૂરી શક્યતા છે. આ કડવું સત્ય છે, જો એનાથી બચવું હોય તો મનના ચિંતનને પંચવિષયોથી હટાવી હરિલીલામાં, હરિમૂર્તિમાં અને હરિચિંતનમાં જોડી દઈએ એટલે સંયમ જીવન સરળતાથી પાર કરી શકીશું.

સંતો ! ક્રિકેટ મેચમાં મહત્ત્વની કોઈ ચીજ હોય તો એ પીચ છે, કે જેના પર આખી મેચ રમાય છે. સિનેમાના થિયેટરમાં મહત્ત્વનું કોઈ એક પરિબળ હોય તો એ પડદો છે, કે જેના પર આખું પિક્ચર બતાવાય છે. – એ જ રીતે અધ્યાત્મ જગતમાં પણ મહત્ત્વનું કોઈ એક પરિબળ હોય તો તે સંયમી જીવન છે કે જેનાથી મુક્તિમાં કોઈ વિઘ્ન આવતું નથી. જેણે સંયમ જીવન અંગીકાર કર્યું છે એવા સાધુ-સંતોને ગૃહસ્થના ગાડી-બંગલા, સોફા-સેટ, બેડરૂમ-અલંકારો અને કપડાં વગેરે ગમવા લાગે તો એ સાધુનું સંયમી જીવન પૂરા જોખમમાં છે એમ જાણજો.

સંતો ! પરચૂરણ હોય તે હાથમાં રાખી શકાય, પાંચ-દસની નોટ હોય તો ખમીસ -શર્ટના ખીસ્સામાં મૂકી શકાય, ૧૦૦ કે ૫૦૦ની નોટ હોય તો તેને પાકીટમાં મૂકવી પડે , લાખો રૂપિયા હોય તો તેને બેંકમાં રાખવા પડે અને સોનાનાં ઘરેણાં હોય તો તેને તિજોરીમાં કે લોકરમાં જ મૂકવાં પડે છે. – આનો અર્થ એ થયો કે વસ્તુ જેટલી કીમતી એટલી વધુ જોખમી અને

જેટલી વધુ જોખમી એટલાં વધારે એના પર નિયંત્રણો. — બસ એ જ રીતે અધ્યાત્મમાર્ગમાં પણ આ જ ન્યાય લાગુ પડે છે. જો મુમુક્ષુને વધુ સારા ગુણવાન અને પરમ એકાંતિક થવું હોય તો તેણે ઈન્દ્રિયો પર વધુ ને વધુ નિયંત્રણ મૂકવું જ પડશે.અર્થાત્ સંયમ વધારવો જ પડશે. જેટલો સંયમ વધશે તેટલી આંતરિક શક્તિ વધશે ને અંતે મુક્ત બની શ્રીહરિજીની સેવામાં રહેવા મળશે; માટે સોનાનાં આભુષણો કરતાં પણ સંયમ જીવન મહાકીમતી છે તેથી તેનું અતિ રક્ષણ કરવું જોઈએ.

હે સંતો ! એક વાતનો તો તમોને ખ્યાલ જ હશે કે, મોબાઈલમાં (સેલફોનમાં) વાતચીત કરવા માટે બંનેની લાઈન ક્લીયર જોઈએ. બે માંથી કોઈનો ફોન બીજા સાથે એન્ગેજ ન જોઈએ. — એ જ રીતે પરમાત્મા સાથે સંબંધ બાંધવા માટે ગુરૂ અને શિષ્ય બંનેની સંયમરૂપ લાઈન ક્લીયર જોઈએ. એટલે કે બંનેનું સંયમી જીવન જોઈએ તો જ પરમાત્મા બંનેને મળી શકે છે. બે માંથી એકના જીવનમાં જો કંઈક ગરબડ હોય તો તેને પરમાત્માનો મેળાપ નથી થઈ શકતો.

હે સંતો ! કરોડ રૂપિયા લઈને ટ્રેનમાં બેઠેલ વેપારી જો થોડી વાર સૂઈ જાય તો તેના રૂપિયા સુરક્ષિત રહી શકે નહિ. — એ જ પ્રમાણે સંયમ જીવન જેઓની પાસે છે એ જો ગાફલાઈ રાખે તો સદ્‌ગુણોની મૂડી લૂંટાઈ જાય છે — સંયમ ચુંથાઈ જાય છે. આપણે કોઈ જગ્યાએ શાંતિથી સૂઈ ગયા હોઈએ અને અચાનક ત્યાં આગ લાગે તો તુરંત ભાગી જઈએ છીએ; જો ન ભાગીએ ને ત્યાંજ બેસી રહીએ તો આપણું જીવન સમાપ્ત થઈ જાય છે — બસ એ જ રીતે પંચવિષયના પ્રલોભનો સામે આવ્યાં હોય અને ત્યાંથી જતા રહેવાને બદલે ત્યાં બેસી જ રહીએ તો જીવનમાં દોષોનો પ્રવેશ થવાનો જ અને સંયમ

તૂટવાની પૂરી શક્યતા પણ રહેવાની જ છે.

સંતો ! આપણે વનનું ઉપવનમાં રૂપાંતરણ કરવા માંગીએ છીએ તો એ માટે વનમાં જાતજાતની કાપકુપ કરવી જ પડે છે. – એ જ રીતે આપણને મળેલ વન જેવા જીવનને ઉપવન જેવું સુંદર બનાવવું હોય તો પંચવિષયના રાગને કાપતા જઈએ. મનમાં ઊઠતા કામના આવેગને સમજણરૂપી કુહાડાથી કાપી નાખીએ. ક્રોધને ક્ષમારૂપી ખડગથી તોડી નાખીએ. લોભને સંતોષરૂપી કોદાળીથી ઉખેડી નાખીએ. મોહને વૈરાગ્યરૂપી તલવાર બનાવી ભગાડી મૂકીએ. આ રીતે દરેક પર સંયમ રાખીશું તો આપણું જીવનરૂપી વન ચોક્કસ ઉપવન જેવું સુંદર બની જશે, એમાં શંકાને સ્થાન નથી.

હે વ્હાલા સંતો ! એક વાત હંમેશાં યાદ રાખજો કે, જે ત્યાગી સંયમી નથી હોતા તેને સ્થિર બુદ્ધિ નથી હોતી. યાદ રાખો કે, સુખનો સંબંધ શાંતિ જોડે છે, શાંતિનો સંબંધ ભાવના જોડે છે, અને ભાવનાનો સંબંધ સંયમ સાથે રહેલો છે. સંયમી લોકો સમજણ, વિવેક, ભક્તિ અને સંયમના સહારે પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. ઉપવાસ સહેલો છે, પણ સંયમ પૂર્વકનો આહાર રાખવો મુશ્કેલ છે. મૌન રાખવું સહેલું છે, પણ સંયમ રાખીને બોલવું એ અઘરું છે.

યાદ રાખજો કે, સંપત્તિ માણસને સારી પથારી આપી શકે છે, પણ ઊંઘ નથી આપી શકતી. વિવિધ પ્રકારની વાનગીઓ લાવવામાં ધનની ક્ષમતા છે, પણ ભૂખ લગાડવાની શક્તિ તેનામાં નથી. દ્રવ્ય આપણને દવાઓ પૂરી પાડી શકે છે, પરંતુ તંદુરસ્તીનું વરદાન બક્ષવાનું એના અધિકારમાં નથી. આ બધી વાતો પ્રાપ્ત કરવા સ્વાસ્થ્યની ખૂબ જ જરૂર છે અને તે માનસિક સ્વાસ્થ્ય સંયમ વગર પ્રાપ્ત થતું નથી. સંયમ વગરનો માણસ માનસિક

રીતે કદી પણ સ્વસ્થ રહી શકતો નથી.

હે સંતો ! ટ્રેનને ઊભા રહેવું હોય, ધીમેથી ચાલવું હોય કે ઝડપથી દોડવું હોય, એને માટે એક મર્યાદા નિશ્ચિત થયેલી છે અને એ મર્યાદાનું નામ છે પાટા. રેલવેના પાટા ઉપરથી ઊતરીને કાંઈ કરવાનું નથી. એમાં જ એની સલામતી છે, ઉપયોગીતા છે અને વિકાસ પણ એમાં જ છે – બસ આ જ હકીકત લાગુ પડે છે સંયમી જીવન અંગીકાર કરનારાઓને. આપણે સંયમી છીએ, આપણા માટે પણ એક મર્યાદા નિશ્ચિત થયેલી જ છે અને તે છે શ્રીહરિજીની આજ્ઞા. મહારાજની આજ્ઞામાં રહીને જે જે કરીશું એમાં જ આપણી પ્રગતિ છે, એમાં જ આપણે સંયમ જીવનને આગળ વધારી શકીશું અને એમાં જ આપણો વિકાસ શક્ય છે.

હે મુમુક્ષુ સંતો ! જેની જીભ સ્વાદિષ્ટ મીઠાઈ-ફરસાણ માટે પડપતી હોય, જેની આંખ સ્વરૂપવાન સ્ત્રીઓને જોવા માટે ઝાંવા નાખતી હોય, જેના કાન ફિલ્મગીતો અને ગ્રામ્યગીત સાંભળવા તલસતા હોય, જેના સમસ્ત શરીરમાંથી મુલાયમ સ્પર્શ માટેની આગ ઊઠતી હોય, જેનું મન ગટરની ગંદવાડનું કોલસાની કાળાશનું અને અમાસના અંધકારનું પ્રતિનિધિત્વ ધરાવતું હોય એવા ત્યાગીઓ તો પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તે તો જ સંયમ રાખી શકે છે. અરે ! શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સંતોની સલામતી પણ શ્રીજી મહારાજની આજ્ઞા પાળવામાં રહેતી હોય તો પછી આવા સામાન્ય સાધુઓની તો વાત જ શું કરવી ? એમણે તો ચારધાર પ્રભુની આજ્ઞા પાળવી જ પડે અને તો જ તે સલામત રહી શકે.

સંતો ! બ્રાહ્ય દેખાવ સાકરનો હોય અને છતાં જીભ પર મૂક્યા પછી પણ મીઠાશનો કોઈ અનુભવ જ ન થાય તો કેવું આશ્ચર્ય લાગે ? હાથમાં

૫૦૦ રૂપિયાની થપ્પી હોય અને બજારમાં જઈને કોઈક વેપારીના હાથમાં આપ્યા પછીય જો વેપારી માલ આપવા તૈયાર જ ન થાય તો એ કેવું લાગે ? સૌંદર્યસભર પુષ્પને હાથમાં લીધા પછી એને નાક પાસે લઈ જઈ સુંઘવા છતા સુગંધ જ ન આવે તો કેવું લાગે ? – બસ એ જ રીતે શરીર પર કપડાં ભગવાં હોય અને છતાં તેનામાં સંયમ ન હોય તો તે સાધુ કેવા લાગે ? સાધુના જીવનમાંથી સંયમ ને ચારિત્ર્ય જતું રહે છે ત્યારે તેના સાધુત્વની સ્મશાનયાત્રા નીકળીને જ રહે છે. હૃદય બંધ પડી ગયા પછી શરીરના અગ્નિ સંસ્કાર જ કરવાના બાકી રહેતા હોય છે – તેમ જીવનમાંથી સંયમ ને ચારિત્ર્ય ગયા પછી સાધુના શરીર ઉપર માત્ર ભગવાં વસ્ત્રો જ રહેતાં હોય છે. ! !

યાદ રાખો સંતો ! શરીર પર આભૂષણ નહિ હોય તો ચાલશે, પણ શરીર પર વસ્ત્રો નહિ હોય તો નહિ જ ચાલે. ઘરમાં ફર્નિચર નહિ હોય તો ચાલશે, પણ ઘરમાં દીવાલ નહિ હોય તો તે નહિ જ ચાલે. – એ જ રીતે સાધુ-સંતોના જીવનમાં વ્યવહાર સંબંધી ગુણો નહિ હોય તો તે ચાલશે, પણ સાધુના જીવનમાં પંચ વિષયો પ્રત્યે સંયમ નહિ હોય તો તે નહિ જ ચાલે, એ તો જોઈએ જ. બગીચામાં રહેવા છતાં ફૂલોની સુગંધ વિનાનો રહે તે દુર્ભાગી કહેવાય છે, મીઠાઈઓ વચ્ચે રહેવા છતાં ભૂખ્યો રહે છે તેને અભાગીયો કહેવાય છે, પાણીના સરોવર વચ્ચે રહેવા છતાં તરસ્યો રહે તે હતભાગી કહેવાય છે – એ જ રીતે સદ્‌ગુણી સંતો ભેળો રહેવા છતાં સંયમી ને ચારિત્ર્યવાન નથી બની શકતો એ સાધુ તો કમભાગી કહેવાય છે.

હે સંતો, મેટ્રીકમાં ભણી રહેલ વિદ્યાર્થી ત્રીજા ધોરણના પ્રશ્નો કરે ખરા ? ૮૮૪૮મીટર ઊંચા એવરેસ્ટના શિખર તરફ આગળ વધી રહેલ

પર્વતારોહક તળેટી પર રહેલ સમસ્યાઓ અંગે ફરિયાદ કરે ખરો ? મુબંઈના વાલકેશ્વર જેવા વી.આઈ.પી. વિસ્તારમાં રહેતો માણસ દૂધના વધી ગયેલ ભાવ અંગે ફરિયાદ કરે ખરો ? – એ જ રીતે જેણે સંસારને અસાર માનીને ત્યાગાશ્રમ સ્વીકાર્યો હોય તે સાધુ-સંત મારાથી સંયમ નથી રહેતો- ચારિત્ર્ય નથી રહેતું એવી ફરિયાદ કરે ખરા ?

સંતો ! નાના એવા અને નબળા સમજીને અંતરના દોષોને જીવનમાં અપનાવી લીધા હોય અને પછી આપણે એ ભ્રમમાં રહ્યા હોઈએ કે પછી આ દોષોને કાઢી નાખશું,-પણ આપણી એ ધારણા ખોટી પાડવાની છે ! અપનાવ્યા પછી એ દુર્ગુણો-સ્વભાવો જીવનમાં એવા તો વણાઈ જાય છે કે નીકળવાનું તો નામ જ નથી લેતા. ઉલટાના તે માલિક બની આપણને ગુલામ બનાવી દે છે. ખાડામાં રહેલું પાણી નિર્મળ ને ચોખ્ખું હોય છે, તોય લાંબા સમય સુધી જો એ પાણી ખાડામાં જ પડ્યું રહે છે તો એ ગંધાયા વિના નથી જ રહેતું. – જો નિર્મળ પાણીની પણ આ દશા થતી હોય તો પછી જે દોષો આપણા જીવનમાં અડ્ડો જમાવીને જ ગોઠવાઈ ગયા હોય અને દૂર થવાનું નામ જ ન લેતા હોય એ દોષો આત્માની હાલત કેવી બગાડી નાખે એની કલ્પના પણ કરી ન શકાય.

હે વ્હાલા સંતો ! બિલાડીને પોતાના તરફ આવતી જોઈને કબૂતર પોતાની આંખ મીંચી લે તો એ બચી શકવાનું નથી, પરંતુ એ જો ત્યાંથી ઊડી જાય તો જાતે બચી શકે છે, કાંટાવાળા શેળા પાછળ શિકારી દોડે અને એ પોતાનાં અંગોને સંકેલી દડો બની જાય તો એ શેળો બચી શકવાનો નથી, પણ એ જો દોડીને એના દરમાં (ભોંયરામાં) જતો રહે તો જ તે બચી શકે છે, શાહમૃગ પાછળ શિકારી દોડે ત્યારે તે પોતાનું માથું રેતીમાં ખોસી દેવાથી

બચી શકવાનું નથી, પરંતુ તે ઝડપથી દોડવા લાગે તો બચી શકે છે.—બસ એ જ રીતે આપણી અંદર પણ ઘર કરી ગયેલા દોષો સાથે સમાધાન કરી લેવાથી આપણે દોષમુક્ત બની જવાના નથી. અસદ્‌ગતિમાં જતા બચી શકવાના નથી, પરંતુ એ દોષોથી મુક્ત થવાનો સંઘર્ષ કરતા રહીશું તો જ બચી શકવાના છીએ.

હે સાધક સંતો ! રસ્તા ઉપર આડું ઊભું રહેલ એક જ સ્કુટર, જેમ વિશાળ એવા વાહન વ્યવહારની વ્યવસ્થાને ખોરવી નાખે છે, તેમ એકાદ દોષ પણ સંયમ જીવનને તોડી નાખે છે. સંયમ જીવન સદ્‌ગુણોનું જીવન છે, પંરતુ તે પ્રબળ પુરુષાર્થ વિના અને જાગૃતિ વિના સુરક્ષિત રહી શકતું જ નથી. પ્રયત્નો છોડી દઈ કેવળ મહિમાનો ઓથ લઈ એદી બની જઈ ભગવાનની કૃપાની રાહ જોઈને ગાફલ રહેનારાઓ ક્યારેય પણ સંયમ રાખી શકતા નથી.

હે સંતો ! એક બાજુ આંખમાં વાસનાનાં સાપોલિયાં આંટા મારવા લાગે અને બીજી બાજુ પવિત્રતાના ગગનમાં ઊડતા રહેવા મન તડપ્યા કરે છે. શ્રીહરિની આજ્ઞા અણગમતી લાગે અને તોડી નાખવા માટે મનમાં એક બાજુ ઉશ્કેરાટ ઊભો થયા કરે અને બીજી બાજુ મન પ્રભુને સમર્પિત થઈ જવા લાલાયિત થયા કરે. એક બાજુ અનાદિની રસલંપટતાના કારણે મન ઈષ્ટ-મિષ્ટ પદાર્થોની માંગ કર્યા કરે અને બીજી બાજુ તપના અનુરાગે મન તપશ્ચર્યા કરવાના મનસુબા કર્યા કરે. આવા પ્રકારનો સંઘર્ષ સંયમ રાખનારાઓનાં મનમાં ઘણીવાર થયા કરતો હોય છે.

આ સંઘર્ષમાં જીત એની જ થાય છે કે જે ગુણોની સામે દોષોને હરાવતો

૭ રહે છે અને મનમાં થતા ખરાબ સંકલ્પોને જે ક્રિયાત્મક નથી બનાવતો તેનું

સંયમ જીવન વિકાસની યાત્રામાં ધીરે ધીરે આગળ વધી રહ્યું છે એ ચોક્કસ સમજવું જોઈએ. આપણા જીવનમાં ચાલતો સંઘર્ષ ઉંદર ને બિલ્લી વચ્ચે થતો સંઘર્ષ જેવો નથી, તેમજ કૂતરા કૂતરા વચ્ચે ચાલતા સતત સંઘર્ષ જેવો પણ નથી, પરંતુ સામે ટક્કર લેતી દીપકની જ્યોત જેવો છે; માટે આપણે પંચવિષયરૂપ પવનથી દૂર થઈ જવાનું અને છતાં વિષયરૂપ પવનનો યોગ થઈ જાય તો સંયમરૂપ દીવાની જ્યોતને તમામ પ્રયત્નો કરીને વિષયરૂપી પવનથી બચાવી લેવાની છે.

*રહે મળીને દવ દારું કેમ ? રહે ન નારી નર ધર્મ તેમ*
*લોઢું ચળે ચુંબક લોહ સંગે, ત્યાગી ચળે નારી તણે પ્રસંગે*
*મયૂર જાગે સુણી મેઘનાદ, મનોજ જાગે સુણી નારી સાદ*
*ભીત્યંતરે નારી તણો નિવાસ, ત્યાગી વસે તો વ્રતનો વિનાશ*
*સમુદ્રમાં ચુંબક શૈલ જ્યાં છે, સિકંદરે પૂતળી રાખી ત્યાં છે*
*તેના થકી દૂર જવું ડરીને, શ્યામા થકી તેમજ સંચરીને*
*જે બ્રહ્મચર્ય વ્રત શુદ્ધ પાળે, તે શાસ્ત્રનો માર્ગ સદૈવ ઝાલે*
*હરિ કથા કીર્તન થાતું હોય, સ્ત્રીની સભામાં નવ જાય તોય*
*હરિકથા કીર્તન ગાય બાવા, જો ચાહીને સુંદરીને સુણાવા*
*તો ત્યાગીનો તત્ક્ષણ ધર્મ જાય, તેને પ્રભુ કેમ પ્રસન્ન થાય*
*કહે સાધુઓ પ્રત્યે શ્રીહરિ, કહું વાત તે લ્યો મન ધરી*
*સંત એકલા ક્યાંઈ ન જાવું, ફાંટી આંખ્યવાળા નવ થાવું*
*સભા ભિક્ષા વિના કોઇ પેર, નવ જાવું ગૃહસ્થને ઘેર*
*દ્રવ્ય નારીથી દૂર રહેશો, તો જ સાધનની સિદ્ધિ લેશો*

*શ્રીહરિલીલામૃત-ક. ૪ - વિ-ર*

## અઠ્ઠાવીસમું પુષ્પ

હે વ્હાલા સંતો ! હવે તમોને કડવું સત્ય કહું છું, તે સાંભળો. બિલાડીને રત્નજડિત રાજસિંહાસન પર બેસાડવાથી કાંઈ ઉંદરડા મારવાનો સ્વભાવ મૂકી દેશે ખરી ? રાજમહેલના ઊંચા સ્થાન પર બેસવા માત્રથી કાગડો રાજહંસ બની શકે ખરો ? હિમાલય પર ચડી જવા માત્રથી ગધેડો, ઘોડો બની જાય ખરો ? – એમ શરીર ઉપર માત્ર ભગવાં વસ્ત્રો ધારણ કરવાથી સંત બની જવાય ખરું ? અર્થાત્ ન જ બની જવાય. એ તો ત્યાગીના જે જે નિયમો હોય તેનું પાલન કરવાથી-સંપૂર્ણપણે સંયમજીવન જીવવાથી જ સાચા અર્થમાં સંત બની શકાય છે. યાદ રાખો કે, સંયમ વિનાના સાધુમાં સંતની ભાવના થતી નથી, પણ સંસારીનો ભાવ થતો હોય છે !

અમુક ત્યાગીઓને તો ત્યાગાશ્રમ સ્વીકાર્યા પછી કાંઈ કરવું જ નથી. અને મહાપુરુષ બનવાના તો મોટાં મોટાં શમણાં જોતા હોય છે, પણ એમ શું મહાપુરુષ બની શકાય ખરૂં ? સત્સંગ વૃદ્ધિ માટે કોઈ પ્રયત્ન કરવા નથી અને પાછું મુક્તાનંદ સ્વામીની જેમ સત્સંગની મા નું બિરુદ મેળવવું છે ! કોઈ આપશે ખરૂં ? દેહસુખનાં અનેક સાધનો રાખવાં છે અને ગુણાતીતાનંદ સ્વામી જેવા ત્યાગી તરીકે પ્રખ્યાત થવું છે ! થવાશે ખરું ? પોતાનો દેહને પણ નિયમમાં વર્તાવવાની તાકાત નથી અને ગોપાળાનંદ સ્વામીની જેમ બંને દેશના આગેવાન બનવાના અભરખા છે ! કોઈ મોટેરા બનાવશે ખરૂં ? શુદ્ધ શ્લોક બોલવામાં પણ ફાંફાં પડે છે અને પાછું પોતાને નિત્યાનંદ સ્વામી જેવા મહાપંડિત કહેવડાવવું છે ! કોઈ કહેશે ખરા? પંચવિષય ભોગવવા ઈન્દ્રિયો ને મન ઝડપું ભરે છે અને નિષ્કુળાનંદ સ્વામી જેવા વૈરાગી કહેવડાવવું છે ! કોઈ કહેશે ખરા ? કાંઈ પણ સહન કરવું નથી અને નિર્મળાનંદ સ્વામી જેવા ક્ષમાવાન કહેવડાવવું છે ! કોઈ કહેશે ખરા ?

ભૂંડા ઘાટ ટાળી શકાતા નથી અને બ્રહ્માનંદ સ્વામીની જેમ યતિ તરીકે નામના મેળવવી છે ! મળશે ખરી ? ધ્યાન ક્યારેય કરવું નથી અને સ્વરૂપાનંદ સ્વામીની જેમ ધ્યાનીનું વિશેષણ મેળવવું છે ! કોઈ આપશે ખરું ? પ્રભુના વિરહમાં ક્યારેય પણ આંખમાંથી પ્રેમનાં આંસુઓ નીકળ્યાં નથી અને પ્રેમાનંદ સ્વામી જેમ પ્રખ્યાત થવું છે ! થવાશે ખરૂં ? વસ્તુ-પદાર્થો મેળવીને સંગ્રહ કર્યા કરવો છે અને કૃપાનંદ સ્વામી જેવા નિઃસ્પૃહિ કહેવડાવવું છે ! કોઈ કહેશે ખરૂં ? શ્રીજી મહારાજની આજ્ઞા ધડાધડ લોપવી છે અને આત્માનંદ સ્વામી જેવા આજ્ઞાકારી તરીકેની લોક ચાહના મેળવવી છે ! મળશે ખરી ? પાંચ વખત પણ માનસી પૂજા કરવી નથી અને શતાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી જેવા અખંડ વૃત્તિવાન બનવું છે ! બનાશે ખરૂં ? રૂપવાન સ્ત્રીઓને જોઈને અંતરમાં ખળભળાટ મચી જાય છે અને નરનારાયણાનંદ સ્વામી જેવા ઈન્દ્રિયજીત તરીકે નામના મેળવવી છે ! મળશે ખરી ? સદ્‌ગુણી સંતો તો દીઠા પણ ગમતા નથી અને મુક્તાનંદ સ્વામી જેવા પોતાને સંત મહિમાના અંગવાળા તરીકે જાણીતા બનવું છે ! બનાશે ખરું ? સેવા માટે ક્યારેય પણ હાથમાં સાવરણી પકડી નથી અને પોતાને સચ્ચિદાનંદ સ્વામી જેવા સેવાનિષ્ઠ કહેવડાવવાની તલપ લાગી છે ! કોઈ કહેશે ખરા ? હાથમાં ક્યારેય માળા પકડી નથી અને પોતાને ધ્યાનાનંદ સ્વામી જેવા ભજનાનંદી તરીકે ઓળખાવવું છે ! કોઈ ઓળખશે ખરા ? – બસ એ જ રીતે કેવળ ભગવાં કપડાં પહેરીને કોઈ પણ પ્રકારનો સંયમ રાખવો નથી અને મહાન સંત તરીકે લોકચાહના મેળવવી છે ! મળશે ખરી ? અર્થાત્ નહિ જ મળે.

હે સંતો ! પાણીમાં પડેલું પતાસું ક્યાં સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી શકશે ? સરસ મજાનું મીણનું પૂતળું અગ્નિના સંગમાં રહીને ક્યાં સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી શકશે ? સૂર્યોદય થયે ઝાકળબિંદુ ક્યાં સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી શકશે ? – એ જ રીતે પંચવિષયોના પ્રસંગોમાં રહેનારા

સાધુઓ પણ ક્યાં સુધી પોતાનું સંયમ જીવન ટકાવી શકશે ? અર્થાત્ નહિ જ ટકાવી શકે. યાદ રાખોઃ હાથી પર અંકુશ હોવો જ જોઈએ. ઘોડા પર લગામ હોવી જ જોઈએ-બસ એ જ પ્રમાણે ઈન્દ્રિયો ને અંતઃકરણ ઉપર પણ કંટ્રોલ હોવો જ જોઈએ.

હે સંતો ! વડાપ્રધાનના દૂત તરીકે વિદેશમાં જઈને ત્યાંના રાજકીય કે સામાજિક અગ્રગણ્ય મહાનુભાવો સાથે વિચાર -વિમર્શ કરવા ગયેલ વ્યક્તિ તે તે દેશની મહત્ત્વની વ્યક્તિઓ સાથે જે પણ વાતો કરે એ તમામ વાતોમાં એક દૂત વડાપ્રધાનનું કહેલું જ કહેતો રહે છે, પણ પોતાના મનનો અભિપ્રાય કદાચ વડાપ્રધાનની વિચારસરણીથી જુદો પડતો હોય તોય એ અભિપ્રાયને એ મનમાં જ દબાવી રાખે છે, પરંતુ શબ્દો દ્વારા પ્રગટ થવા દેતો જ નથી. — કારણ કે એને સતત ખ્યાલ હોય છે કે હું વડાપ્રધાનવતી અહીં આવ્યો છું. મારે અહીં વડાપ્રધાનના મનની વાત જ રજુ કરવાની છે અને એમની વાતને જ પુષ્ટ કરવાની છે. — બસ એ જ રીતે સંયમ જીવનના સાધક એવા સાધુ-સંતોએ પણ પોતાના સ્વભાવને દબાવી દઈને પરમાત્માની આજ્ઞા અનુસાર મર્યાદાપૂર્વકની વાણી જ સત્સંગ સમક્ષ ને સમાજ સમક્ષ રજુ કરવાની હોય છે. તેઓએ વિચારવાનું હોય છે કે, "હું સાધુ છું. ત્યાગાશ્રમમાં છું. મારાથી જેમ તેમ ન બોલાય. જ્યારે-ત્યારે ન બોલાય. શાસ્ત્રની વિરુદ્ધ ન બોલાય. મારે હિતકારી, મિતકારી, પ્રિયકારી અને પથ્યકારી વચન જ બોલાય. મારે જ્યાં-ત્યાં ન જવાય. મારે જ્યાં-ત્યાં ન જોવાય. મારે જ્યાં ત્યાં ન જમાય. મારે જ્યાં-ત્યાં ન અડાય. મારે મર્યાદાસભર સંયમ જીવન જીવવું જોઈએ."

***" સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય"***

હે સંતો ! સદ્ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીની બ્રહ્મવાણી આપણે પ્રસંગોપાત સાંભળી રહ્યા છીએ. સ્વામી સંતોના વર્તમાન બાબતે સતત સજાગ રહી વિષય ખંડનની વાતો કર્યા કરતા હતા, તેમાંથી થોડો આસ્વાદ માણીએ. સ્વામી પોતાની વાતોમાં કહે છે કે, "અંતઃકરણરૂપ માયાનો કજીયો બહુ ભારે છે ; કેમ જે ભરતજીને કેવો વૈરાગ્ય ! ને કેટલું રાજ્ય મૂક્યું ? તો પણ વિઘ્ન થયું. સૌભરી ને પરાશર આદિક કેવા ? તેને પણ ધક્કા લાગ્યા. માટે સાધુ જ્ઞાન આપીને જન્મ આપે ને નિષેધ કરે, ત્યારે એ કજિયો મટે છે. અને મહાપ્રલયના અગ્નિમાં પણ વાસના બળી નહિ, તેને ટાળવાનું કારણ એક તો ભગવાનની ઉપાસના ને બીજી આજ્ઞા છે. અને એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થવાના નથી; ને એ તો ભગવાન સંભારશું ત્યારે થશે ને ભગવાનને સંભારવા માંડે, તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દ્રષ્ટિ થાય.

ઈન્દ્રિયારામ અને અર્થારામની જોડે આસન કરે તો ગમે તેવો હોય તેનું પણ ઠેકાણું ન રહે. ને હવે તો ગૃહસ્થ ઘરમાં બંધાશે ને ત્યાગી ક્રિયામાં બંધાશે ! અને કામી હોય તે જેમ સ્ત્રીઓને જોયા કરે છે, તેમ ભગવાન તો જીવ સામું જોઈ રહ્યા છે, જે મને કોઈ સંભારે છે ? પણ જીવ તો એવો અવળો છે જે બીજા પદાર્થ સામું જુએ પણ ભગવાન સામું ન જુવે. ને અંતરમાં ભજન કરતા શીખવું, તેણે કરીને વિષયના રાગ ઓછા થાય છે. અને નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું, જે મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું. મુમુક્ષુને તો નિરંતર હોકારા કરનારા જોઈએ; તે હોય તો પ્રભુ ભજાય, નહિતર તો જેમ વાડામાંથી વાઘ બકરું ઉપાડી જાય એમ થાય.

જે કથા, વાર્તા, પ્રશ્ન, ઉત્તર કરવા સાંભળવાનો અભ્યાસ રાખે તેનો જીવ વૃદ્ધિને પામે ને તેમાં બળ આવે, પણ તે વિના બળ ન આવે, પણ જે આળસુ થઈને બેસી રહે તેને શું સમાસ થાય ? અને અર્ધોઅર્ધ કથા-વાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રહેશે. અને આ તો મોટા કારખાનાં થયાં તે કાંઈ

ખૂટે એમ તો છે નહિ. કોઈ કૂવે પડવા જતો હોય તેને આડાં હજારો માણસ ફરે, તો પડવા દે નહિ; તેમ સત્પુરુષ ને સત્શાસ્ત્રના બહુ શબ્દ સાંભળ્યા હોય તો વિષયમાર્ગથી રક્ષા કરે. અને સ્ત્રી એ વીંછીનો કરડ છે ને દ્રવ્ય એ સર્પનો કરડ છે, ને આજ્ઞામાં યુક્તિ ન કરવી. ને આવે એટલું ભોગવવું નહિ, ને ત્યાગ કરતા રહેજો. મહારાજનો સિદ્ધાંત એ જે નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું.

જ્યાં સુધી દાઢી-મૂંછ ન ઊગી હોય ત્યાં સુધી તેમાં સ્ત્રીનો ભાવ કહેવાય; તે સારું એવા સામું દ્રષ્ટિ માંડીને જોવું નહિ. ને એવા સામું જોયા કરે તો સ્ત્રી સામું પણ જોવાય, માટે એવામાં હેત ન કરવું. સાધુ થાવું ને સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા, એ કરવાનું છે. અને પદાર્થ ઝાંઝાં ભેળાં ન કરવાં, નીકર ઘણી મૂંઝવણ થાવાની ને વાસના રહેશે. ને દેહ સારું પદાર્થ છે ને દેહને તો વેરી જ કહ્યો છે, તે ભજન કરવા ન દે, વાંચવા ન દે તેવો છે; ને દેહાભિમાન મુક્યે સર્વ દોષ જાય છે. જે વિષયથી બંધાણો તે બદ્ધ ને મુકાણો તે મુક્ત છે. તે માટે આપણે મુકાવું ને જુઓને આહીં વિષયનો જોગ નથી તેણે કરીને ઠીક રહે છે; પણ જો બરફીના ભરેલા સો પડિયા રોજ આવે, તો ખાધા વગર ન રહેવાય, એવો જીવનો સ્વભાવ છે, માટે એ તો ન આવે તો જ સારું છે."

અને આસન સારું, પથારી સારું, ચેલા સારું, ગાડી સારું ને એવા તુચ્છ પદાર્થ સારું કરીને મોટી ખોટ ખાવી નહિ, ને સર્વ દોષરહિત થઈને રૂડા સાધુને સેવીને સાધુતા શીખવી એમાં જ માલ છે. ને મોટપ પામીને ચેલો ચેલો કરે, તે ચેલો બીજું તો શું કહીએ ? તુંબડી તો એની એ પણ સાકર માંહી નાખીને છાની પાય, એમ ચોરીઓ કરે ! અને ચેલો એમ ન કરે તો પંડે છાના મંત્ર કાનમાં મૂકીને શીખવે. એમ યુક્તિઓ કરતે કરતે જન્મ ખોઈ નાખે. એવી યુક્તિમાં બેયને સમું, ચેલાને ભેળું પણ કામ થાય. તે ઉપર છોટા છોટા શિષ્ય રાખશે રે, ચાકરી કરવા બે ચાર; મોટાની મો'બત મૂકશે

રે, જેને કેનો ન રહ્યો ભાર, શ્રીજી પધાર્યા સ્વધામમાં રે" એ બોલ્યા.

વળી મહારાજે તો 'પંપાળીને રાખે તેની પાસે રહેવું નહિ'. એમ કહ્યું છે, પછી સુઝે એમ કરો. અમે તો આત્માનંદ સ્વામી બહુ ટોકતા તેની ભેળા રહ્યા. ગળ્યાં, ચીકણાં, ચોપડ્યાં, વઘાર્યાં, ધુંગાર્યાં તે ખૂબ તડૂસીને સૂતા, તેણે કરીને વધશે કામ ને ક્રોધ; ને આપણે તો ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રી એ ત્રણ ગ્રંથ પ્રમાણે રહેવું; એમ મહારાજે કહ્યું છે, તેમની રુચિ પ્રમાણે રહેવું. અને જેને ખપ નથી તે તો લાગ આવે ત્યારે જોઈ લે ને સ્વાદ કરી લે. એવાને તો મહારાજે વચનામૃતમાં (મધ્યના ૪૭મા )લબાડ જેવો ને કૂતરા જેવો કહ્યો છે. ગૃહસ્થને બાયડી, છોકરો, રૂપિયા ને ખાવું એ બંધનકારી, ને ત્યાગીને દેહ, ઈન્દ્રિયો, ચેલો ને ખાવું એ બંધનકારી; માટે એમાં લેવાવું નહિ.

વળી કથામાં સભા ટાણે કેટલાક રહેતા નથી, ને બબ્બે આસન રાખે છે તે શું જાણતા હશે ? ત્યાગ કરે તે ત્યાગી કહેવાય, ને જે જે પદાર્થ રાખે તે મોટાનાં છિદ્ર પણ ઉઘાડાં થયાં, ને રૂપિયા નીકળ્યા. માટે ત્યાગ પાળવો એ કાંઈ મીઠો નથી, કડવો છે. મહારાજ પાસે જાવું હોય તો વચનમાં રહેવું. અને પંચ વિષય સારુ તો ચાળા ચૂંથતા ફરે છે ! પછી છોકરાનો સ્પર્શ કરે છે ને વાંદરા જેવા થાય છે, માટે આજ્ઞા મુખ્ય રાખવી, એમાં પાછો પગ ભરવો નહિ. અને ભજન કરવું તે રાતમાં ઊઠી ઊઠીને મંડે, ત્યારે સાચું. અરે ! કેટલાક તો લઘુ (પેશાબ) કરવા જાય તે પૂરી આંખ પણ ઉઘાડે નહિ; જાણે રખે ઊંઘ ઉડી જાશે ને માલ વહી જાશે, ને આખી રાત ચસચસાવે (ઊંઘ્યા કરે) ને દિવસે તો ગપાટામાંથી નવરા જ શેના થાય ? તેણે શું કાંઈ ભગવાન રાજી થાય છે ? ને જાણે મોટા થઈ ગયા !

વિષયમાં રાગ રહી જાય છે એ વાતની ખોટ છે. તે ભગવાન પોતાના ધામમાં લઈ તો જાય, પણ એ વાસના રહેવા દેશે નહિ. હજાર કલ્પ સુધી

રહીને પણ પાછું પડાશે. કામમાં, ક્રોધમાં, લોભાદિકમાં જેમાં જેટલી કસર આંહી રહેશે, તેટલી ક્યાંય ટાળ્યા પછી ધામમાં જવાશે. નેત્ર આગળ આવે તે જોવું, પણ બહુ લાંબી દ્રષ્ટિ ન કરવી, એ સાધુનો માર્ગ છે. જે નિયમ પ્રમાણે જમે તે સદા ઉપવાસી ને વસ્ત્ર પણ નિયમ પ્રમાણે રાખે તે ત્યાગી, માટે નિયમમાં રહેવું. અને માન, કામ, ક્રોધમાં જીવ ભરાઈ રહ્યો છે, તેણે શું ભગવાન ભજાય છે ? ભગવાન વિના વાત કરવી ને ભગવાનની સ્મૃતિ વિના ખાવું એ ધૂળ જેવું છે.

જે ક્રિયા કરવી તેમાં માન, ક્રોધ ને ઈર્ષ્યા એ ત્રણ તો આવવા દેવાં જ નહિ. સ્ત્રીરૂપી તલવારે કરીને કોણ હણાણો નથી ? ને હે પરમહંસો ! દુઃખ દેવાને અર્થે જોબન અવસ્થા તે ચડતું પગથિયું છે, તે માટે તપે, વ્રતે, યોગે ને છેલ્લી વાર આવા સાધુને સંગે કરીને આ જોબન અવસ્થા તરવી, ને ભગવાનમાં જીવ જોડવો. કામમાંથી ઈન્દ્રને હજાર ભગ થયા. ક્રોધમાંથી દુર્વાસાનું ભૂંડું થયું, માનમાંથી દક્ષનું ભૂંડું થયું, લોભમાંથી નંદરાજાને દુઃખ થયું, સ્વાદમાંથી શૃંગી ઋષિનું ને સ્નેહમાંથી સર્પ થાવું પડે છે. એવા કેટલાક કહીએ ? એ માર્ગ જ ભૂંડો છે. અને સાધુ થયા ને ભેખ ન સુધર્યો, ત્યારે શું થયું ? જે કરવા આવ્યા તે તો ન થયું. માટે ધીરે ધીરે સાધુનાં લક્ષણ કહ્યાં છે તેમ વર્તતા જાવું, તે વિના છૂટકો નથી.

એક બુઢિયો વાંદરો તેને બીજાએ વાંદરી પાસેથી કાઢી મૂક્યો. પછી તે બોકાસા (ચીસો) નાખે ! એમ આપણને પણ વિષયમાંથી દુઃખ ઉપજે છે, ને બોકાસા નાખીએ છીએ, માટે વિષયથી છેટે રહેવું. અને મહારાજ કહે: ' વિષયનો સ્પર્શ કરવો જ નહિ, એટલે મન પણ ઈન્દ્રિયો લગણ આવે નહિ. ને વિષય મૂક્યા વિના અંતે છૂટકો નથી, માટે કલમ મૂકી છેઃ જે 'વિષયાન્ વિષવત્ ત્યજ' તે માટે ખબરદાર થઈ જાવું. જે સાધુ જેવો ક્યાંય માલ નથી. તે ગેરુએ લૂગડાં રંગ્યા એમ સાધુ નહિ ? એમ તો રામપરામાં બધા માણસનાં

રાતાં લૂગડાં છે, તેણે શું થયું ? એ તો જ્યારે ચોસઠ લક્ષણ કહ્યાં છે એવો થાય, ત્યારે સાધુ કહેવાય.

નિષ્કામી વર્તમાનમાં ઘસારો લાગે તે વાત મહારાજને ન ગમે, કાંજે એ જ દ્રઢ કરાવવા સારું પોતાનો અવતાર છે. તેમાં જેટલી કસર રહેશે. તેનાથી ભગવાનના ધામમાં નહિ જવાય ને નહિ રહેવાય; ને મહારાજનો કુરાજીપો બહુ થાશે. ત્યાગીને તો બાર ઉપર એક વાગે જમવાનું કહ્યું છે. ને આ તો બબે ત્રણ ત્રણ વાર ઝૂડે છે. જેને માથે મોટો શત્રુ હોય તેણે ઊંઘવું નહિ ને જેણે આતતાઈ કર્મ કર્યું હોય તેને પણ ઊંઘ આવે નહિ. – તેમ કામ, ક્રોધ ને લોભાદિક શત્રુ માથે છે ત્યાં સુધી (નિરાંતે-શાંતિપૂર્વક) ઊંઘવું નહિ. એકવાર શ્રીજી મહારાજે ઉભા થઈને કહ્યું હતું. ‘‘કોઈ નિયમભંગ કરશોમાં, ને જેને કરવો હોય તો સત્સંગમાં રહેશોમા, ને આ જે સૂર્ય સરખી અમારી ગોદડીઓ તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશોમાં.’’

*રાજ ગયે આવી મળે રાજ, સાજ સમાજ સહી*
*પણ ગઈ મળે નહિ લાજ, કહેવાની હતી તે કહી*
*લાજ ખોઈને કરવું કાજ, એ તો અકાજ ખરું*
*મર મળે ત્રિલોકિનું રાજ, ધોળ્યું પરહરો પરું*
*બેઠી બદનામી જેને શિશ, ટળે નહિ કોઈ પળે,*
*કહે નિષ્કુળાનંદ વસાવીશ, લખાય છે તે કાગળે*

**ચોસઠપદી - પદ - ૩૯**

## *ઓગણત્રીસમો દિવસ*

હે સંતો ! ભમરો ક્યારેક ભૂલમાં પણ ઉકરડે પહોંચી ગયો હોય, તો પણ તે વિષ્ટામાં લોભાતો નથી. કોયલ ક્યારેય લીમડાના ઝાડ પર બેસી ગઈ હોય, તો પણ તે લીંબોળીમાં લોભાતી નથી. વનરાજ કેસરી હરિયાળા ખેતરમાં આવી ગયો હોય, તો પણ તે ઘાસ ખાવામાં લોભાતો નથી. – એ જ રીતે સાચા સંયમી સંતો પણ ક્યારેય દેશકાળ વિપરીત થવાથી પંચવિષયોના પ્રસંગમાં આવી ગયા હોય, તો પણ તે પંચવિષયોમાં લોભાતા નથી.

શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૬૧મા વચનામૃતમાં કહ્યું છે કે, ''જે ત્યાગી હોય તે જ્યારે દેશ પરદેશમાં જાય ને ત્યાં કનક કામિનીનો યોગ થાય તો પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દ્રઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.'' આ પ્રસંગને અનુરૂપ પ્રશ્ન જ સદ્‌ગુરૂ આત્માનંદ સ્વામીએ ગઢડા અંત્યના ૨૬મા વચનામૃતમાં પૂછ્યો છે તે સાંભળીએ. સ્વામી પૂછે છે: ''હે મહારાજ ! આ સત્સંગમાં જે વર્તમાનનો પ્રબંધ છે તેમાં જ્યાં સુધી રહેતો હોય ત્યાં સુધી તો જેવો તેવો હોય તેને પણ પંચ વિષયે કરીને બંધન થાય નહિ; પણ કોઈક દેશકાળને યોગે કરીને સત્સંગથી બહાર નીસરી જવાય તો પણ જેને પંચવિષય બંધન ન કરી શકે, તે પુરુષ કેવો હોય તેનાં લક્ષણ કહો.''

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય ને આસ્તિકપણું હોય જે, 'આ લોકમાં જે સારું -નરસું કર્મ કરે છે, તેનું જે સારું -નરસું ફળ તેને જરૂર પરલોકમાં ભોગવે છે.' એવી દ્રઢ મતિ જેને હોય તથા લાજ હોય જે, 'ભૂંડું કરીશું તો આ લોકમાં માણસ આગળ શું મુખ દેખાડીશું ?' એવો જ હોય, તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ પદાર્થ

તથા સ્ત્રીઆદિક તે બંધન કરી શકે નહિ. જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે, એવી જાતના જે હોય તેને સ્ત્રી - ધનાદિક પદાર્થનો યોગ થાય, તો પણ એ ડગે નહિ.''

હે સંતો ! યાદ રાખો કે, ગણિતમાં એક પણ નાનકડી ભૂલ નાની નથી કહેવાતી. વિમાન ચલાવતા પાયલોટની એક પણ નાનકડી ભૂલ નાની નથી કહેવાતી. હૃદયના ધબકારામાં એક પણ નાનકડી અસ્તવ્યસ્તતા નાની નથી કહેવાતી, ડ્રાઈવિંગ કરી રહેલા ડ્રાઈવર માટે એક પણ નાનું ઝોકું એ નાનું નથી કહેવાતું. – આ બધાં ક્ષત્રો એવાં છે કે જ્યાં ૯૯.૯૯% ચાલતા નથી. ૦.૧% ની ભૂલ પણ પ્રાણઘાતક નીવડે એવી પૂરી શક્યતા છે. – બસ એ જ રીતે આપણાં સંયમજીવનમાં પણ એવું જ છે ! જો એક ટકો પણ ગાફલાઈ રાખીશું તો સંયમ તૂટવામાં વાર નહિ લાગે ! માટે સાવધ બની ૧૦૦% અણીશુદ્ધ વર્તમાન પાળીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ.

હે સંતો ! મીણને જો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું છે તો એનો એક જ વિકલ્પ છે કે, આગની નજીક ન જવું. પાણીને નીચાણ તરફ જતાં જો બચવું છે તો એનો એક જ વિકલ્પ છે કે ઢાળની નજીક ન જવું. – એ જ રીતે આપણે જો શુદ્ધ વર્તમાન પાળવાં હોય તો એનો એક જ વિકલ્પ છે કે સ્ત્રીઓ અને દાઢી મૂંછ ન ઉગી હોય, એવાં બાળકોની નજીક ન જવું.

હે મુમુક્ષુ સંતો ! સ્વજનોનાં આંસુઓની સામે જબરદસ્ત અડગતા દાખવીને આપણે હિંમત બતાવી ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે. આવી સુંદર સાધુની પદવી શાસ્ત્રકારોની નજરમાં અને સમાજની નજરમાં માનનીય છે, પૂજનીય છે અને આદરણીય છે. હવે આપણે સમજવાનું એ છે કે, આપણને પ્રાપ્ત થયેલ પવિત્ર સંયમજીવનને સફળ બનાવવા માટેનો આપણી પાસે શ્રેષ્ઠ

વિકલ્પ કયો છે ? સંયમજીવનને એના લક્ષ્ય સ્થાને પહોંચાડવામાં સફળતા મેળવવાનો આપણી પાસે શ્રેષ્ઠ રસ્તો કયો છે ? ગુરૂદેવે તો આપણને સુપાત્ર જાણી ભગવાં કપડાં ધારણ કરાવી ત્યાગાશ્રમની દીક્ષા અપાવી તેને સાર્થક કરવાનો શ્રેષ્ઠ વિકલ્પ કયો છે ?

હે સંતો ! સૌથી પહેલાં સમજણ દ્રઢ કરવાની છે, જો એક સમજણ પાકી થશે તો એની સાથે અનેક સદ્‌ગુણો પણ આવવા લાગશે. પ્રથમ તો મનોમન વિચારવું કે, 'હું શા માટે સંસાર છોડીને આવ્યો છું અને શું કરી રહ્યો છું. એનું અનુસંધાન હંમેશાં રાખવું પડશે. મેં સાધુનો વેશ ધારણ કર્યો છે તેને સાર્થક કરવો એ મારી પ્રથમ જવાબદારી છે. મારા વર્તન થકી મારા જીવનને, મારા ગુરુદેવને અને મારા સંપ્રદાયને ક્યારેય પણ કલંક ન લાગવું જોઈએ. સામાન્ય નટ-નટીઓ પણ જેનો-જેનો વેશ ભજવે તેનો તેનો યથાર્થ ભજવી બતાવે છે, તો પછી મેં તો સામાન્ય લોકો માટે દુર્લભ એવો ત્યાગીનો વેશ લીધો છે એને યથાર્થ ભજવવો જ જોઈએ. મારાથી નિંદનીય આચરણ ન જ કરાય. સાધુનો વેશ લાજે એવી કોઈ પણ ક્રિયા મારાથી ન જ કરાય, મારા ઈષ્ટદેવ કુરાજી થાય એવું મારાથી ન જ કરાય."

હે વ્હાલા સંતો ! આ પ્રકારના વિચારો મનમાં ઠસી જાય એટલે સમજણની દ્રઢતા થઈ ગઈ જાણવી. આવા વિચારોની દ્રઢતા માટે બે-ત્રણ પ્રસંગો ટૂંકમાં કહું છું તે સાંભળો. એક સ્થાને બે રાજાઓની સામસામે લડાઈ થયેલી. તેમાં અનેક શૂરવીરો મરાયા ને ઘવાયા હતા. લડાઈના મેદાનમાં શહીદોનાં શબ પડ્યાં હતાં. તે સમયે કેટલાક ચોર લોકો ચોરી કરીને ભાગતા ભાગતા ત્યાં આવ્યા. પાછળ રાજાના સૈનિકો પકડવા આવતા હતા, તેથી પકડાઈ જવાની બીકથી ચોર શહીદ થયેલા સૈનિકોનાં શબ ભેગા સૂઈ ગયા

જેથી પોતાને મરેલા સૈનિકો જાણી રાજાના સૈનિકો પાછા  જતા રહે.

તે સમયે એક આશ્ચર્ય થયું કે, શહીદ થયેલાં સૈનિકોનાં શબ બોલ્યાં: "ચોર લોકો ! તમો અહીંથી જતા રહો. કારણ કે તમોને સૈનિકો પડકી લેશે તો અમોને પણ ચોર માનશે, કિંતુ શહીદ નહિ માને. અમોએ તો સૈનિકોનો વેશ ધારણ કરી લડાઈના મેદાનમાં શહીદ બની તેને ખરેખરો ભજવી બતાવ્યો છે, પણ તમો જો પડકાઈ જશો તો અમારો વેશ લાજશે."ત્યારે દરેક ચોર બોલ્યા:" અમો ગમે તે સંજોગમાં તમારો વેશ નહિ લાજવા દઈએ, પણ અત્યારે તમારી સાથે સૂવા દો. "ત્યાં તો સૈનિકો આવ્યા. સેનાપતિએ હૂકમ કર્યો : 'ચોર આ મડદાં ભેળા સૂઈ ગયા છે, માટે દરેક મડદાંની છાતીમાં ભાલા ભરાવી વીંધી નાખો." તુરંત એક પછી એક મડદાંની છાતીમાં ભાલા ભરાવી છાતીઓ ચીરી નાખી. તે ભેળા જીવતા ચોર પણ વીંધાઈ ગયા પણ તેઓએ ઉંહકારોય કર્યો નહિ ! તેણે મડદાનો વેશ ભજવી બતાવ્યો !

હે સંતો ! એક નાટ્યકારને એક રાજાએ કહ્યું : "તું સિંહનું પાત્ર આબેહૂબ ભજવી બતાવ." ત્યારે નટે કહ્યું: " સિંહનું પાત્ર ભજવું ત્યારે કેસરી સિહના તમામ સ્વભાવને પણ હું ગ્રહણ કરું છું, માટે તે સમયે દરેકને મારાથી દૂર રાખવા." પછી તે સિંહનું ચામડું પહેરીને ગર્જના કરતો કરતો બગીચામાં ફરવા લાગ્યો. રાજાના કુંવરને મશ્કરી કરવાની ઈચ્છા થઈ તેથી રાજાની રજા લઈ સિંહ પાસે જઈને જોરથી પૂછડું ખેંચ્યું. ત્યાંતો ભયંકર ત્રાડ નાખી કુંવરને થાપો મારી નખ ભરાવી ચીરી નાખ્યો ! કુંવર મરાયો તેથી રાજાએ બદલો લેવા કહ્યું: " હવે તું પતિવ્રતા સ્ત્રીનો વેશ ભજવી બતાવ." પછી એક ભવાયો પતિ બન્યો ને આ તેની સ્ત્રી બની. તે સમયે રાજાએ સૈનિકોને હુકમ કર્યો: " તું આ પતિવ્રતા સ્ત્રીના પતિને મારી નાખ." ખેલ શરૂ હતો તેથી સ્ટેજ ઉપર જઈને સૈનિકે તલવારે કરી તેનું માથું કાપી નાખ્યું.

દર્શકોમાં હાહાકાર થઈ ગયો. તે સમયે પતિવ્રતા સ્ત્રીનો વેશ ભજવનાર પેલો નટ સ્ત્રીનાં કપડાંમાં હતો તેણે કહ્યું: " મારા પતિ પાછળ હું સતી થઈશ. એના વિના હું નહિ જીવી શકું, માટે મને લાકડાં લાવી આપો." રાજાએ તુરંત લાકડાં લાવવા કહ્યું. પછી તે સ્ત્રી જાતે લાકડાં સળગાવી લોકોની નજર સામે જ સતી થઈ ! અર્થાત્ પેલા ભવાયાએ હસતા મુખે જીવતા બળી જઈને પણ વેશ ભજવી બતાવ્યો !

જૂનાગઢમાં સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીએ દેવા ભક્તને કહ્યું કે, "ગીરના નેસમાં જઈને એક સારી ગાય લેતા આવો." તેથી એક નેહડામાં જઈ એક દૂઝણી ગાયને ખરીદી. ત્યાં ગાયની માલકણ સ્ત્રી બહારથી પાણી ભરીને આવી અને ગાયની પૂજા કરી કાનમાં કહ્યું : " હે માવડી ! તું મંદિરમાં જઈને ટાઈમસર દૂધ દોવા દેજે. બીજી ગાયો સાથે બાઝતી નહિ. કોઈને શિંગડાં મારતી નહિ. તું મારી ઝોકને લજાવતી નહિ."

પછી ગાયને લઈને દેવા ભક્ત મંદિરે આવ્યા ને ઉપરોક્ત વાત ગુણાતીતાનંદ સ્વામીને કરી. ત્યારે સંતોને સ્વામીએ વાત કરી: "હે સંતો ! આપણે પણ ભગવાં ધારણ કરીને સાધુ બની સ્વામિનારાયણ ભગવાનની સત્સંગરૂપી ઝોકમાં આવ્યા છીએ, તેથી આપણે પણ ધ્યાન રાખી ધર્મ-નિયમને શ્રીજી મહારાજની આજ્ઞામાં રહેવું, પણ આ ઝોકને ન લજાવવી." અને શ્રીજી પણ કહેતા કે, 'સૂરજ જેવી ઉજળી ગોદડીમાં ડાઘ ન લાગવા દેશો.' એટલે કે સાધુ થઈને ચારિત્ર્યવાન બનજો, પણ કલંક લાગે એવું વર્તન ક્યારેય પણ કરશો નહિ."

હે સંતો ! મેં કહ્યાં તે પ્રસંગો સાંભળ્યાને ? ચોર લોકોએ મડદાંનો વેશ ભજવી બતાવ્યો, ભવાયાએ સિંહનો વેશ ભજવી બતાવ્યો ને પતિવ્રતા સ્ત્રીનો વેશ ભજવીને તો આશ્ચર્ય પમાડી દીધું ! માટે આવા દ્રષ્ટાંતો યાદ કરી

જીવનમાં ઉતારી સંયમ જીવન પાળી ઉત્તમ ચારિત્ર્યવાન બની આપણો સાધુનો વેશ યથાર્થ ભજવીને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવી લેવો.

હે સંતો ! એક સારા શહેરમાં આતંકવાદીઓએ બૉંબ નાખ્યો. અને એ બૉંબ ધડાકામાં ૫૦૦ લોકાનાં કરૂણ મોત થયાં ! શહેરમાં હાહાકાર થઈ ગયો. સરકારે તાકીદનાં પગલાં લઈને ૫૦૦ લાશો પડી પડી ગંધાઈ જાય અને શહેરમાં રોગચાળો ફેલાવે તે પહેલાં જ એના સામુહિક અગ્નિસંસ્કાર કરી નાખ્યા. તે શહેરની બાજુમાં એક ગામડું હતું.ત્યાં અચાનક રોગચાળો ફાટી નીકળ્યો. લોકો રોગનો ભોગ બનવા લાગ્યા. તેના કારણે ઘરવખરી એમને એમ રહેવા દઈ ગામને  છોડી હિજરત કરી સગાં-સંબંધીઓનાં ગામડાંઓમાં ચાલ્યા ગયા.

આ ઘટનાની સરકારને જાણ થતાં જ રોગચાળો શાને કારણે ફાટી નીકળ્યો છે તેની તપાસ કરવા હૂકમ કર્યો. તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે મહિના પહેલા એક માણસ એક ઝૂંપડીમાં એકલો રહેતો હતો અને તે બીમાર હોવાથી મૃત્યુ પામ્યો હતો. તેથી તેની લાશ પડી પડી કોહવાઈ ગઈ હોવાથી તેમાં અસંખ્ય કીડાઓ પડી ગયા હતા. તેથી વાતાવરણમાં એની ફેલાયેલ દુર્ગંધે ગામમાં રોગચાળો ફેલાવ્યો હતો. હે સંતો ! વિચારો કે, ૫૦૦ લાશ પડી હોય તો પણ રોગચાળો ફેલાતો નથી, કારણ કે તેને તુર્ત જ બાળી નાખવામાં આવી છે અને લાશ એક જ છે તોય એ ગામમાં રોગચાળો ફેલાવી શકે છે, કારણ કે એને બાળવામાં નથી આવી.

આ દ્રષ્ટાંત્નો સિદ્ધાંત્ એ સમજવાનો છે કે, જીવનમાં દોષો ભલે ઘણા છે, પણ સાવધ રહીને એને દૂર કરવા જો આપણે પ્રયત્નશીલ છીએ અને

એનું જોર ઘટાડીને એક પછી એક દોષને હૃદયમાંથી-મનમાંથી કાઢી નાખીશું તો આપણને સંયમ રાખવામાં આનંદ આવશે અને કોઈ વિઘ્ન જ નહિ આવે. સુખેથી શ્રીહરિને પ્રસન્ન કરી શકીશું; પંરતુ જીવનમાં દોષો નાના હોય અથવા ઓછા હોય, પણ તેને કાઢવાના પ્રયત્નો જ જો નહિ કરીએ અને ગાફલાઈ રાખીને એમ વિચાર કરીશું ને કહેશું કે, 'આટલા નાના એવા થોડાક દોષો છે તે આત્માનું શું બગાડી નાખવાના છે ?' એમ માનીને જો નચિંત બની ગયા તો આ દોષો મામૂલી લાગે છે તોય તેઓ જીવાત્માની હાલત બગાડી નાખવાના છે એ નક્કી સમજી રાખજો.

જો દોષોને થોડા સમજીને તેનો અગ્નિસંસ્કાર કરવામાં નહિ આવે તો જે હાલત એક જ લાશે, આખા ગામવાળાઓની કરી દીધી એ જ હાલત આપણી ત્યાગી સમાજની કરી દેશે. માટે નાના એવા દોષ સામે પણ લાલ આંખ રાખીને તેને હંમેશ માટે અંતરમાંથી કાઢી મૂકીએ. પછી તાકાત નથી એ દોષની કે આપણા આત્મનગરમાં રોગચાળો ફેલાવીને સદ્‌ગુણોને બહાર નીકળી જવાની ફરજ પાડી શકે. હાલ વર્તમાન સમયમાં કાળ અત્યંત વિષમ છે. વાતાવરણ અત્યંત વિલાસી છે. તેમાં આપણી શ્રદ્ધા કમજોર છે, અને આ ભયંકર ભૂકંપમાં ટકી જાય એવા તપ, ત્યાગ, ભકિત, સમજણ અને વૈરાગ્ય આદિક સદ્‌ગુણો પણ આપણી પાસે નથી અને છતાં પુષ્કળ જહેમત પછી ઊભી થયેલ આ સંયમ જીવનની ઈમારત પડી ન જાય એ માટે આપણે જે ભોગ આપવો પડે એ આપવા તેયાર જ રહેવાનું છે. તો આવો, એક કામ કરીએ કે સંયમ જીવનની ઈમારત પર પ્રભુની અને મહાન સંતની કૃપાનું કવચ ગોઠવી દઈ એને ભૂકંપપ્રૂફ બનાવી દઈએ.

હે વ્હાલા સંતો ! યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પણ અંતઃશત્રુઓ પર વિજય મેળવવાના અનેક ઉપાયો કહ્યા છે તે આપણે

પ્રસંગોપાત લીધેલ છે, તેનું આપણે અમૃતપાન કર્યું છે અને હજુ પણ વિશેષ પાન તેઓનાં વચનનું કરીએ, જેના કારણે આપણાં અંતરમાં જોમ આવે અને પંચવિષય સામે લડવામાં વિશેષ શક્તિ મળે. તેઓની વાતોના ત્રીજા પ્રકરણમાં સ્વામી કહે છે કે, ''વિષય છે તેના દોષને વારંવાર વિચાર્યા કરવા ને તે વિષયોનો ત્યાગ કરવો ને એવી વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો તો એ વિષય જીવમાં પેશી ન જાય, ને એમ ન કરે તો જરૂર વિષય જીવમાં પેશી જાય ને એના જીવને બાધ પમાડી દે એવા એ વિષય ભુંડા છે.

અને મોટા સંત સ્વભાવ ઉપર ખટકો રાખીને નિરંતર ટોકે ત્યારે તેને ખમે, ત્યારે ધીરે ધીરે કાળે કરીને એ સ્વભાવ ટળે, પણ તે વિના ન ટળે. અને સત્વગુણી આહાર કરે, સાત્ત્વિક શાસ્ત્રને ભણે તથા સાંભળે તથા સાત્ત્વિક પુરુષનો સંગ કરે ને નાના છોકરાંથી (દાઢી-મૂંછ ન ઊગી હોય ત્યાં સુધીની ઉંમરના ) તો જેમ સ્ત્રીથી બીવે છે તેમ બીવે તથા બંધ મોક્ષને જાણે જે આવી રીતે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ક્રિયા કરીશ તો બંધન થાશે ને આજ્ઞા પ્રમાણે વર્તીશ તો મારો મોક્ષ થાશે.

અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ પંચવિષય છે તેનો પણ જીવમાંથી અભાવ કરવો તે એમ વિચાર કરવો. જે શબ્દ છે તેને સાંભળી સાંભળીને મરી ગયા તોપણ તૃપ્તિ તો થઈ નથી ને તે શબ્દોમાં હજારો કલેશ રહ્યા છે અને ભગવાન સંબંધી જે શબ્દો છે તેમાં એક કાળે પંચ વિષયનું સુખ પ્રાપ્ત થાય છે, પણ તે સુખમાં અંતરાય કરે એવો શબ્દ છે. તેમજ સ્પર્શ છે, તેમાં પણ હજારો દુઃખ રહ્યાં છે, તેમાં જે કેટલાકનાં માથાં પડે છે તથા ગામ ગરાસ લૂંટાઈ જાય છે એવાં દુઃખ થાય છે તે સ્ત્રીયાદિકના સ્પર્શમાંથી થાય છે, એવા લાખુ દોષ સ્પર્શમાં રહ્યા છે અને જે ભગવાનનો સ્પર્શ છે તેમાં એકકાળે પંચવિષયનું સુખ આવે છે ને તેમાં અંતરાય કરનારો સ્ત્રી-

આદિકનો સ્પર્શ છે. તેમજ રૂપને જોઈ જોઈને મરી ગયા તો પણ તેમાંથી તૃપ્તિ પણ નથી થાતી ને તેમાં સુખ પણ જણાતું નથી. ને એ રૂપ થકી પર જે ભગવાનનું રૂપ છે તેમાં એકકાળાવચ્છિન્ન પંચ ઈન્દ્રિયોનું સુખ આવે છે, પણ તેમાં અંતરાય કરે એવું આ રૂપ છે. તેમજ જે રસ છે તેને ભોગવી ભોગવીને મરી ગયા તોપણ હજી જીહ્વા તો તૃપ્ત ન થઈને એ રસ કેવો છે ? તો એ ખાઈને પુષ્ટ થાશું તો સત્સંગમાં નહિ રહેવાય ને પછી જીવશું ત્યાં સુધી કલેશને પામશું. ને જે ભગવાનનો રસ છે તેમાં તો એકકાળે પંચવિષયનું સુખ પમાય છે. એવું એ ભગવાન સંબંધી સુખ છે ને તેમાં આ જે રસ છે તે અંતરાય કરનારો છે. તેમજ ગંધ છે તેમાંથી પણ જીવના પ્રાણ જાય છે. એવા પંચવિષય છે." માટે એમાં દોષબુદ્ધિ કરવી, તેથી જીવમાં વિષયોનો રાગ છે તે મટી જાય.

હે સંતો ! ઉત્તમ બ્રહ્મચર્ય દ્રઢ કરવા માટે સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી બીજા પ્રકરણની ૧૩૦મી વાતમાં કહે છે કે," એક તો મનમાં અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી ને મનમાં સ્ત્રીયોનો સંકલ્પ ન થવા દેવો. ને જો મનમાં સ્ત્રીઓનો સંકલ્પ થાય તો વીર્ય પાણી થઈને પરસેવા દ્વારા પણ નીકળી જાય છે. અને ધર્મામૃતમાં જે નિયમ કીધા છે તે દ્રઢ પાળવા તથા ભગવાનનો મહિમા અતિ દ્રઢ જાણવો તથા આત્મનિષ્ઠા અતિ પરિપક્વ કરવી તથા ઈન્દ્રિયું અંતઃકરણ જીતીને પોતાને વશ કરીને અતિ વિરક્ત વર્તવું તથા જેમ પટાનો રમનારો કોઈના લાગમાં આવતો નથી તેમ તે પણ ઈન્દ્રિયું ને અંતઃકરણના પેચમાં ન આવે; આવી રીતની યોગરીતીને શીખે;

તથા દિવસે સૂવું નહિ અને અરધી રાત ગયા પછી સૂવું. તેમાં પણ હરણની પેઠે ફડકો રાખે ને એક નિદ્રા આવ્યા પછી જ્યારે જગાય ત્યાર પછી ફરીને સૂવું નહિ તથા એક ઠેકાણે બેસવું. અને બેસવું ત્યારે આસન વાળીને

બેસવું ને પ્રયોજન વિના જ્યાં-ત્યાં ફરવું નહિ. તથા રસના ઇન્દ્રિયને જીતવી. તેની વિગતી જે આહાર કરવો તેમાં ખાવું ત્યારે ત્રીજા ભાગનો પાણીનો ભાગ રાખવો તે પણ એક વખત ખાવું ને કાચું કોરું કાંઈ ખાવું નહિ. તથા અતિ મરચું, મીઠું કે આદુ ખાવું નહિ અને અતિ ખટાશ ખાવી નહિ તથા અતિ ગળ્યું ચીકણું ખાવું નહિ, તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તે સર્વે કામની ઉત્પત્તિનાં કારણ છે, તે માટે એ સર્વે નિયમ અતિશે દ્રઢ કરીને રાખવા ને ઈન્દ્રિયોને વશ કરીને મનને વશ કરવું ને પછી એ સર્વેનો નિષેધ કરીને કેવળ સત્તારૂપ થઈને પોતાને વિષે ભગવાનની મૂર્તિ ધારે તો ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ થાય, ને ત્યારે જ ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈ કાચ્ચપ હોય તો પુરુષોત્તમની સેવામાં ન રહેવાય; માટે મુમુક્ષુ હોય તેણે આ વાતને વિચારીને પોતાને વિષે કાચ્ચપ હોય તેને ટાળીને ઉત્તમ બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરવું.

આ વાતને આજ કરો તથા દેહ મૂક્યા પછી બદરિકાશ્રમમાં જઈને કરો, પણ તે ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ કર્યા વિના છુટકો જ નથી. માટે આ વાતને અતિ દ્રઢ કરીને રાખજો ને આ વાત તો ચિંતામણિ તુલ્ય છે, તેને રાખે તો પુરુષોત્તમની સાથે નિમેષમાત્ર પણ છેટું રહે નહિ ને આ વાત મુમુક્ષુને પરમ અર્થ રૂપ છે ને જે અધીરીયા હોય તેને તો આ વાત વિષ જેવી છે કેમ કે તેને તો એ માર્ગે ચાલવું જ નથી, માટે મુમુક્ષુના કામની આ વાત છે.''

સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી પણ પાંચમા પ્રકરણની ૧૫૩મી વાતમાં કહે છે કે, '' બ્રહ્મચર્ય રાખવાના તો છ ઉપાયો છેઃ તેમાં આંખ, કાન, નાક, ને મન એ ચાર ચોરી કરી જાય છે. તેની સુરત રાખીને સાંચવવાં, તેમાં આંખને તો બીડી લેવી તેની ઉપજે જ નહિ, એ મૂળ છે, ને ખાવું ઝાઝું નહિ, ને ઊંઘવું ઝાઝું નહિ, એ પણ મૂળ છે; તેમાં ખાવું ને ઊંઘવું તેમાં તો વિષય જ રહ્યા છે;

તે માટે ધીરે ધીરે સંકલ્પ બંધ કરવા માંડી ને ભજન કરવું ને મનનો વિશ્વાસ ન કરવો, આ વાત ખપવાળાને કામની છે."

*નિષ્કામી નરને વનિતાની વાત ન કરવી;*
*માયાની મૂરતિયું જાણી, નાગણ જ્યું પરહરવી*
*રે....નિષ્કામી....*
*માનનીઓને મળવા મનમાં, કૂડો ઘાટ ન કરવો;*
*મનસા પાતક મોટું લાગે, એ અધર્મથી ડરવો*
*રે....નિષ્કામી....*
*ભામનીઓ તે ભેળી થઈને, જે ઠેકાણે જાવે;*
*શૌચ વિધિ કરવાને સારું, હરિજન ત્યાં નહિ આવે*
*રે...નિષ્કામી....*
*આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરે તે ત્યાગી;*
*વિષય થકી વૈરાગ્ય જે પામ્યા, તે સાચા વૈરાગી*
*રે...નિષ્કામી....*
*ભેખ ધરીને ભામની ભેળો, બેસે ઊઠે ગાવે;*
*દેવાનંદ કહે એવા સાધુ, નિશ્ચે નરકમાં જાવે*
*રે...નિષ્કામી....*

## *ત્રીસમું પુષ્પ*

હે વ્હાલા સંતો ! સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત ત્યાગી સમાજના સંયમજીવનને શુદ્ધ રાખવા માટે જે નિયમોનું બંધારણ કર્યું એને ધર્મામૃત કહેવાય છે. મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગરૂ ગોપાળાનંદ સ્વામીના પૂછવાથી શ્રીહરિજીએ સંતોના ધર્મો બતાવ્યા છે તે ધર્મામૃત તરીકે ઓળખાય છે. સદ્‌ગુરૂ શતાનંદ સ્વામીએ સત્સંગિજીવનના ચોથા પ્રકરણમાં અધ્યાય ૬૨ થી ૬૬ પાંચ અધ્યાયમાં તેનું નિરુપણ કરેલ છે. શ્રીહરિજીએ સંતોના ત્યાગીધર્મના ચુસ્ત પાલન સાથે મુમુક્ષુમાત્રને આત્યંતિક કલ્યાણ પંથ પ્રેરક બની રહે તે દ્રષ્ટિએ ત્યાગીઓને ઉદેશીને કહેલ ધર્મામૃત ત્યાગીવર્ગને જીવન ઉપયોગી શ્રેષ્ઠ ઔષધી છે એમાં શંકાને સ્થાન નથી.

હે સંતો ! સંસાર છોડી ત્યાગાશ્રમમાં આવેલા સાધુ -સંતોની ભક્તિ સાથે ત્યાગ-વૈરાગ્યની જ્યોત સદાય જલતી રહે એ માટે સદાચારમય ધર્મ ને બ્રહ્મચર્યાદિક વ્રતોના ચુસ્ત પાલનના હિમાયતી અને આગ્રહી એવા સ્વામિનારાયણ ભગવાને પોતાના પ્યારા પરમહંસ સંતોમાં નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન એમ પંચ વર્તમાન પ્રવર્તાવ્યા હતા. આવી પવિત્ર પરંપરામાં આપણને સાધુ બનવાનો સુયોગ પ્રાપ્ત થયો છે એ આપણું પરમ સૌભાગ્ય સમજવું જોઈએ અને એ પૂર્વજ આપણા સંતોએ પંચવર્તમાન પાળીને પ્રભુનો રાજીપો મેળવ્યો હતો એવો જ રાજીપો આપણે પણ મેળવી લેવો જોઈએ.

હે સંતો ! શ્રીજી મહારાજે પંચ વર્તમાનના સંદર્ભમાં પાંચ અંતઃશત્રુઓને જીતવાના ઉપાયો તથા સતત સાવધાની રાખવા તેમાં આવતા ભય સ્થાનો સામે લાલબત્તી ધરી છે. સંયમનું પાલન કરતાં કદાચ કંઈ

ભૂલચૂક થઈ જાય તો તે માટેનું પ્રાયશ્ચિત પણ ધર્મામૃતમાં બતાવેલ છે. માટે મુમુક્ષુ ત્યાગીઓએ ધર્મામૃતનો અભ્યાસ ઊંડાણપૂર્વક કરવો જોઈએ. ધર્મામૃતમાં લોભની તાકાત બતાવી છે, તેના દોષો બતાવ્યા છે અને તેને જીતવાના ઉપાયો બતાવ્યા છે. એ જ પ્રમાણે કામની તાકાત, તેના દોષો અને તેને જીતવાના ઉપાયો બતાવ્યા છે. તેમજ સ્વાદની તાકાત, તેના દોષો અને તેને જીતવાના ઉપાયો બતાવ્યા છે તથા સ્નેહની તાકાત, તેના દોષો અને તેને જીતવાના ઉપાયો બતાવ્યા છે, અને માનની તાકાત તેના દોષો અને તેને જીતવાના ઉપાયો બતાવ્યા છે; માટે શીલવંતા સંતોએ જરૂર વાંચન કરવું. અહીં વિસ્તારના ભયથી સંક્ષેપમાં હું લખી રહ્યો છું.–

શ્રીહરિજી પ્રથમ લોભના દોષો જણાવતાં કહે છે કે, " હે ગોપાળાનંદ સ્વામી ! સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પ્રેમયુક્ત ભક્તિ કરવી એ સંતોનો પરમ ધર્મ માનેલો છે. અધર્મવંશમાં ઉત્પન્ન થયેલા દંભ અને લોભાદિક દોષો ભક્તિમાં વિઘ્નરૂપ છે, માટે તેને ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા જ્ઞાન વગેરે ગુણોથી જીતીને સંતોએ ભક્તિ કરવી. લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન આ પાંચદોષોને સંતોએ સાવધાનપણે પ્રયત્નથી જીતવા. તેમાં પણ લોભમાં વર્તનારા બળવાન દોષો નરકને પમાડનારા છે. લોભ છે તે પાપને રહેવાનું સ્થાન છે લોભમાંથી અનેક દોષો ઉત્પન્ન થાય છે, માટે તેને અવશ્ય જીતવો. હવે તેને જીતવાના ઉપાયો બતાવું છું તે સાંભળો. જે શરીરના સુખ માટે વસ્તુઓનો લોભ કરાય છે તે શરીર નાશવંત છે, પરંતુ તેના માટે કરેલાં કર્મો તે સત્ય થાય છે. પછી તે કર્મોથી અનેક પ્રકારનાં નરકોને પામે છે અને કૂતરા-ગધેડા વગેરે ચોરાશી લાખ યોનિઓમાં જાય છે. તે માટે ત્યાગી સાધુ કાનને પ્રિય લાગે એવી ગ્રામ્યવાતો સાંભળવામાં લોભાય નહિ. તથા સ્ત્રીઓ, બાળકો અને સૂક્ષ્મ વસ્ત્રોનો સ્પર્શ કરવા લોભાય નહિ.

તથા આંખને ગમે તેવા જોવાલાયક રાજમહેલ (તાજમહેલ) બાગ - બગીચા વગેરે જોવામાં લોભાય નહિ. જીભને ગમે તેવી મીઠાઈઓ ખાવામાં લોભાય નહિ. તથા નાકને ગમે એવી સુગંધ લેવામાં લોભાય નહિ. હે ગોપાળાનંદ સ્વામી ! જે સાધુ વિષયોમાં દોષદ્રષ્ટિ કરીને ઈન્દ્રિયોની વૃત્તિઓને વિષયોમાંથી ખેંચી લે છે તે સંતોને જીતેન્દ્રિય કહેવાય છે. જે સંતોએ ઈન્દ્રિયોને વશ કરી હોય એવા સંતોનો સંગ કરવાથી અને ભગવાનની મહિમા સહિત ભક્તિ કરવાથી તથા દરરોજ સદ્‌વિચાર કરવાથી ઈન્દ્રિયોરૂપી શત્રુઓ જીતાય છે.

હે સ્વામી ! ગૃહસ્થ ભક્તો, સંતોને સૂક્ષ્મ વસ્રો અને કીમતી વસ્ત્રો આપે તો પણ લેવાં નહિ. સંતોએ ઓઢવાનાં અને પહેરવાનાં વસ્રો લાલ માટીથી રંગેલાં રાખવાં અને ક્યારેય પણ સફેદ વસ્રો ન પહેરવાં. પાણી પીવાનાં અને જમવાનાં પાત્રો સંતોએ લાકડાનાં રાખવાં. એટલે કે સંતોએ તુંબુડામાં પાણી પીવું અને લાકડાના પત્તરમાં જ જમવું. સાધુઓએ ધનનો સંગ્રહ કરવો નહિ અને પોતાનું કરી બીજા ભક્તો પાસે રખાવવું પણ નહિ. જે વસ્તુ ધણિયાતી હોય તેને તેના ધણીને પૂછીને જ લેવી. ખેતર-વાડી વગેરે પોતાના માટે રાખે નહિ અને બીજાના ધનને થાપણ તરીકે રાખે નહિ.

હે સ્વામી ! મેં કહેલા નિયમોમાંથી કોઈ પણ નિયમનો જ્યારે ભંગ થાય ત્યારે સાધુએ તેનું પ્રાયશ્ચિત તત્કાળ જ કરવું. પોતાનાથી નાનું અથવા મોટું પાપ થઈ ગયું હોય તો તે પાપ ધર્માદિકથી શ્રેષ્ઠ એવા ત્રણ-ચાર સંતોને કહેવું. પછી તે સંતો તે પાપોનું પ્રાયશ્ચિત કહે તે પ્રકારે કરવું. આ પ્રમાણે રહેવાથી ત્યાગી સાધુ લોભને જીતી શકે છે.

હે ગોપાળાનંદ સ્વામી ! હવે હું કામના દોષો વિષે કહું છું તે સાંભળો. જેમ જળને રહેવાનું સ્થાન સમુદ્ર છે, તેમ સર્વે દોષોને રહેવાનું સ્થાન કામ છે. કામના ઉત્પન્ન થવાથી વિદ્વાન જ્ઞાનને ભૂલી જાય છે અને કામસુખ માટે સ્ત્રીઓની સભામાં જઈ દંભથી જ્ઞાનવાતો કરે છે. સ્ત્રીઓ પણ કામાસક્ત થઈ પરપુરુષોનો સંગ કરે છે. વ્યભિચારને કારણે જમપુરીનાં દુઃખો ભોગવવાં પડે છે અને ત્યાર પછી નીચ યોનિઓમાં જન્મ લેવો પડે છે. એવા બળવાન કામને જીતવાના ઉપાયો હું કહું છું તે તમો સાંભળો. યુવાન વયના સ્ત્રી-પુરુષોને કામ પીડા કરે છે, માટે તેઓએ ધારણાં-પારણાં નામનું વ્રત ચોમાસામાં કરવું. તથા કામને મૂળમાંથી ઉખેડી નાખનાર ચાંદ્રાયણ વ્રત કરવું તથા બાર દિવસના ઉપવાસ કરવા તેને પારાક વ્રત કહેવાય છે. અથવા કોઈ પણ વ્રતો કરવાં; કારણ કે મનની વાસનાઓ વ્રતોથી જ નાશ પામે છે. માટે જ્યાં સુધી કામનો નાશ ન થાય ત્યાં સુધી દરેક વ્રતો કરવાં. એ જ પ્રકારે સારા વિચારોથી અને નિષ્કામી સંતોના સમાગમથી પણ કામ નામના શત્રુને જીતી શકાય છે.

હે ગોપાળાનંદ સ્વામી ! સાધુ-સંતોએ સ્ત્રીઓની વાર્તાઓ અને લૌકિક શૃંગારની વાતો ન કરવી. તેઓની સાથે બોલવું નહિ. તેઓને જોવી નહિ. તેઓના સંકલ્પ ન કરવા. તેઓને મેળવવાના પ્રયત્નો ન કરવા. અને તેમનો સ્પર્શ ન કરવો. સ્ત્રી જાતિ માત્રનું(પશુ-પક્ષી વગેરેનુ પણ) ગૃહ્ય અંગ ન જોવું. સ્ત્રીઓએ ઓઢેલ પહેરેલ વસ્ત્રોનો સ્પર્શ ન કરવો. તેમની સામું ન બેસવું. સ્ત્રીનું ચિત્ર ન દોરવું. સ્ત્રીઓ થકી માર્ગમાં ચાર હાથ દૂર ચાલવું. સ્ત્રીઓ સ્નાન કરતી હોય ત્યા સ્નાન ન કરવું. સ્ત્રીઓના મુખથી ભગવાનની વાર્તા પણ ન સાંભળવી. અને વ્યભિચારી પુરૂષોનો સમાગમ ન કરવો;

–કારણ કે તેના પ્રસંગથી દ્રઢ બંધન થાય છે, તેવું બંધન બીજાના પ્રસંગથી થતું નથી.

હે સ્વામી ! મેં કહેલા નિયમોમાંથી કોઈ પણ નિયમોનો ભંગ થાય તો ત્યાગી સાધુ તત્કાળ પ્રાયશ્ચિત કરે. અજ્ઞાનથી સ્ત્રીઓની દ્રષ્ટિ સાથે પોતાની દ્રષ્ટિ બાંધીને સ્ત્રીઓને જુએ તો એક ઉપવાસ કરવો. કામબુદ્ધિથી સ્ત્રીને ભોગવવાના સંકલ્પ થાય તો એક ઉપવાસ કરવો. આપત્કાળ પડ્યા વિના ચાર હાથ સ્ત્રીઓથી દૂર ન ચાલે તો એક ઉપવાસ કરવો. પશુ વગેરેને મૈથુન કરતા બુદ્ધિપૂર્વક જોવાયા હોય તો એક ઉપવાસ કરવો અને એકાંતમાં એકલી સ્ત્રી સાથે એકલો સાધુ થોડીવાર પણ રહે તો પણ ત્રણ ઉપવાસ કરે !

હે ગોપાળાનંદ સ્વામી ! હવે હું રસાસ્વાદ વિષે કહું છું તે સાંભળો. સર્વે ઈન્દ્રિયોને ક્ષોભ પમાડનાર રસાસ્વાદ છે. સારા સારા રસો ખાવાથી કામ ઉત્પન્ન થાય છે. સાધુઓએ સ્વાદિષ્ટ ભોજનમાં આસક્તિ કરવી નહિ. ભગવાનને ધરાવી પ્રસાદીનું જળ મેળાવી પત્તરમાં જમવું. પાન-સોપારી વગેરે મુખવાસ ન ખાવો. જેનું ન ખપતું હોય તે પ્રસાદીનું હોય તો પણ ન ખાવું. આહાર શુદ્ધિ અંતઃકરણની શુદ્ધિનું કારણ છે, માટે પવિત્ર ગૃહસ્થના ઘેરથી મળેલા અન્નની રસોઈ કરી સંતોએ જમવું. સંતોએ દરરોજ એકવાર જ જમવું. બીમાર હોય તો એક ટાઈમ જમવાનો નિયમ ન રાખવો. વીર્યની વૃદ્ધિ થાય એવાં પદાર્થો ભગવાનની પ્રસાદી હોય તો પણ સંતોએ ન ખાવાં. આ પ્રમાણે નિયમો રાખવાથી, સંતોના સમાગમથી અને ભગવાનની ભક્તિ કરવાથી રસાસ્વાદને જીતી શકાય છે.

હે સ્વામી ! મેં કહેલા આ નિયમોમાંથી કોઈ પણ નિયમોનો ભંગ થાય તો તેનું પ્રાયશ્ચિત કરવું તેથી શુદ્ધ થવાય છે. રાંધેલું અનાજ ભગવાનને ધરાવ્યા

વિનાનું જમાયું હોય તો એક દિવસ ઉપવાસ કરવો. પ્રસાદી વિનાનુ ચંદન કે ફૂલના હાર કોઈએ પહેરાવ્યા હોય તો એક ઉપવાસ કરવો. આ પ્રમાણે નિયમો પાળવાથી અને પ્રાયશ્ચિતો કરવાથી રસાસ્વાદને જીતી શકાય છે.

હે ગોપાળાનંદ સ્વામી ! હવે હું સ્નેહના દોષો વિષે કહું છું તે સાંભળો. જેણે સંસારનો ત્યાગ કર્યો છે, એવા સાધુઓને પણ વારંવાર પુત્ર-માતા-પિતા-ભાઈ-બહેન વગેરેની સ્મૃતિ સ્નેહથી થાય છે. સ્નેહને વિષે અનેક દોષો રહેલા છે. તે સ્નેહ સાધુઓનો મહાન શત્રુ છે, માટે તેને જીતવાના ઉપાયો કહું છું. સાધુઓનો જે ગામમાં જન્મ થયો હોય તે ગામમાં તે સાધુ ક્યારેય પણ ન જાય. જો અવશ્યનું કામ હોય તો જવું, પરંતુ પોતાના ઘેર તો જવું જ નહિ. વસ્ત્રો, પુસ્તક વગેરે સંબંધીઓનું લેવું નહિ. ત્યાગી સાધુ અજાણતાં પોતાનાં સંબંધીઓના ઘરમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ઉપવાસ કરે. પોતાના સંબંધીઓના ઘેર જમવા જાય તો ઉપવાસ કરે. આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવે તો એક ઉપવાસ કરે. ગ્રામ્યવાર્તા કહે અથવા સાંભળે તો તે સાધુ ભગવાનના (સ્વામિનારાયણ) નામનો જપ પાંચહજાર વાર જપે. આ રીતે સ્નેહમાં રહેલા દોષોને નિયમથી, સંત સમાગમથી અને ભક્તિથી જીતી શકાય છે.

હે ગોપાળાનંદ સ્વામી ! હવે હું માનના દોષો ને તેને જીતવાના ઉપાયો કહું છું તે સાંભળો. માન નામનો દોષ, ક્રોધનું મુખ્ય કારણ છે. માનમાથી ઈર્ષ્યા જન્મે છે. માનને કારણે મોટા સંતોનું અપમાન થાય છે અને સાધુને વિષે અસાધુપણાની ભ્રાંતિ થાય છે તથા અસંતને વિષે સંતપણાનો ભાવ થાય છે. અર્થાત્ સર્વ દોષો માનમાંથી ઉત્પન્ન થાય છે, માટે સાધુ-સંતો માનનો ત્યાગ કરે. ત્યાગી સાધુને કોઈ વસમાં લાગે એવાં કઠણ વચન કહે

તથા તિરસ્કાર કરે તો તે સહન કરે. બરોબરિયા સાધુનું કોઈ મોટું સન્માન કરે, તેથી ત્યાગી સાધુ ઈર્ષ્યા કરીને ક્ષોભ ન પામે, પણ રાજી થાય. ત્યાગી સાધુએ ગાળ કે ભૂંડી વાણી બોલવી નહિ.

ત્યાગી સાધુઓએ નિત્ય બ્રાહ્મમુહૂર્તને વિષે (સવારે ૪ થી ૫ વચ્ચેના સમયમાં) જાગીને નિત્યવિધિ જે ભગવાનનું નામ, કીર્તન, ધ્યાન તથા સ્નાન-પૂજાદિક ક્રિયા કરવી. ત્યાગી સાધુઓએ રોગાદિક આપત્કાળ વિના દિવસે સૂવું નહિ. સૂર્ય આથમ્યા સમયે પણ સૂવું નહિ અને સૂર્ય ઉગ્યા સમયે પણ સૂવું નહિ. ત્યાગી સાધુએ નવ પ્રકારની ભક્તિ કર્યા વિના વ્યર્થ સમય ક્યારેય જવા દેવો નહિ, પણ નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. હવે પ્રાયશ્ચિતની રીત કહું છુ. સાધુથી કોઈ માણસને હાથથી, લાકડીથી કે પથ્થર વગેરેથી મરાય જવાય તો એક ઉપવાસ કરવો. જો તેને લોહી નીસરે તો લાગટ પાંચ ઉપવાસ કરવા. તેના હાથ-પગ વગેરે ભાંગી જાય તો લાગટ બાર ઉપવાસ કરવા. ત્યાગી જેટલી ગાળો દે એટલા દિવસ ઉપવાસ કરે. આ નિયમથી, સંતોના સમાગમથી અને ભક્તિથી માનને જીતી શકાય છે.

હે સાધક સંતો ! નીચે જવા માટે -નીચી તરફ વહેવા માટે પાણી જાણે કે ૨૪ કલાક ઢાળ જ શોધતું હોય, ઢાળ આવે એટલે તે સડસડાટ નીચે ઉતરવા લાગે છે. – એ જ રીતે વિષયોને ભાળે એટલે તરત જ મન તેના તરફ દોડવા લાગે છે ! અનુકૂળ પંચવિષયો મળતાની સાથે જ તે તેને ભોગવવા માટે તૂટી પડે છે અને અનુકૂળ વિષયો ન મળતાં તે મેળવવાની ઝંખનામાં તેનું ચિંતન કર્યા કરે છે. આપણે ત્યાગાશ્રમમાં આવ્યા પછીય પણ અનુકૂળ વિષયો તરફ મનનું એવું ને એવું ખેંચાણ હોય અને ઈન્દ્રિયો એમાં ખેંચાઈ જતી હોય તો સમજી લેવું કે હજું જીવ બળિયો થયો નથી. વિષયો મળતાં જ મનમાં ગલગલીયાં

થવા લાગે તો સમજી લેવું કે મનની વૃત્તિ હરાયા ઢોર જેવી થઈ ગઈ છે.

હે સંતો ! યાદ રાખો કે, ગ્રાહકની ઉપેક્ષા કરનારો વેપારી સંપત્તિ ગુમાવે છે અને સંપત્તિની ઉપેક્ષા કરનારો સગવડ ગુમાવે છે. – એ જ રીતે સંયમજીવનની અવગણના કરનારો સાધુ પણ સદ્‌ગુણો ગુમાવે જ છે, માટે પોતાનું શ્રેય ઇચ્છનારાઓએ ક્યારેય પણ સંયમની અવગણના કરવી નહિ.

હે સંતો ! અમુક ગંદા છોકરાંઓને વિષ્ટા ચુંથવાની ટેવ હોય છે. એ વિષ્ટા પ્રત્યે બાળકને વૈરાગ્ય કરાવવાનો એક સહેલો વિકલ્પ એ છે કે, એને ચોકલેટ પ્રત્યે રાગ ઉપન્ન કરાવી દેવાય. બગડી ગયેલ બોલપેન પ્રત્યે બાળકને વૈરાગ્ય પેદા કરાવવાનો એક શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે એને પારકર પેન પ્રત્યે રાગ ઉત્પન્ન કરી દેવાય. પતાસા પ્રત્યેના બાળકના રાગને તોડી નાખવાનો એક શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે, એને ગુલાબજાંબુ પ્રત્યે રાગ ઊભો કરી દેવાય. – બસ એ જ રીતે મનને પંચવિષયો પ્રત્યે વૈરાગ્ય કરાવી દેવાનો એક સહેલો ને શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે એને પરમાત્મા પ્રત્યે ગાઢ અનુરાગ કરી દેવાય. ભગવાનમાં જેમ જેમ પ્રેમ વધતો જશે, તેમ તેમ મનને પંચ વિષયોમાંથી રાગ ઘટતો જશે ! માટે આવો, આપણે સહુ સાથે મળી સંસારની આ કાદવયાત્રા, કલંકયાત્રા અને કલુષિતયાત્રા પર કાયમ માટે પૂર્ણ વિરામ મૂકી દઈ પ્રભુમાં પાગલ બનીએ.

*" આ ગ્રંથ અતિ અનુપમ છે, મુખ દેખાડવા દરપણ*
*પણ હબશી મુખ જોઈ હૈયે, લિયે નહિ લગારે ગુણ*
*દેખી મુખ દુઃખિયો થઈ, કરે ગ્રંથ મુકુર પર રોષ,*
*જેમ છે તેમ દેખાડિયું, ગ્રંથ દર્પણનો શો દોષ"*

– સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામી

તા. ૧૪-૪-૨૦૦૮ ના શ્રીહરિ પ્રાગટ્ય દિન ચૈત્ર સુદ નવમી વિક્રમ સંવત-૨૦૬૪ના પવિત્ર દિને લેખન સમાપ્ત થયું.

*લિખિતંગઃ*

બ્રહ્મસ્વરૂપદાસના દરેક વાચકોને સ્નેહ સહિત
જય શ્રી સ્વામિનારાયણ

*શીલવંતા સાધુ સાંભળજો કરી પ્રીતિ,*
*આઠ પ્રકારે અબળા તજવી, મન ઈન્દ્રિયને જીતી*
*રે....શીલવંતા...*
*નારી કથા શ્રવણ ન ધરવી, તે વીષવેલી કા'વે,*
*તેની કીરતી ને નવ કરવી, ભૂલે મન ભરમાવે*
*રે....શીલવંતા...*
*વનિતા હાસ વિનોદ કરીને, રાત દિવસ જ્યાં રે'વે;*
*તે ઠેકાણે સાચા મુનિવર, જાણી પાવ ન દેવે રે....શીલવંતા....*
*અબળા અંગે કાળી ગોરી, નેણ ભરી નહિ દેખે;*
*બાળ વૃદ્ધ નવ જોબનવાળી, તે માદક સમ લેખે*
*રે...શીલવંતા....*
*છેટે રહીને છાની વાતો, કામનીઓને કહાવે;*
*દેવાનંદ કહે તે પોતાનું, હાથે નાક વઢાવે રે....શીલવંતા....*

*સંપૂર્ણ....*



## લેખક : સદ્‌ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી

પૂ. બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં તા. ૧૨/૧૧/૧૯૮૬ વિ.સં. ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દિક્ષા લઈને સંત બન્યા. સહજ ભજનમય અંગ વાંચન અને સાધનામય જીવન હોવાથી ભજન, વાંચન અને મૌન; તેમના પરિચાયક થયાં. પાંચ વર્ષ સુધી મૌન રહી તેમણે ૧૩ કરોડ મહામંત્રનો જાપ કર્યો એટલું જ નહિ, વાંચીને સતત ચિંતન, મનન કરીને ''સત્સંગિજીવન સાગર મંથન'' નામનો અમૂલ્ય ગ્રંથરાજ તેમણે સંપ્રદાયને ભેટ ધર્યો. સાંપ્રદાયિક જ્ઞાનપિપાસું માટે આ ગ્રંથ આશીર્વાદાત્મક બન્યો. ગ્રંથની સરળ અને સીધી ભાષા બોધાત્મક અને પ્રબોધાત્મક છે. દ્રષ્ટાંતો ટાંકીને પ્રસંગની સજાવટ સાથે આ ગ્રંથ અતિ લોકપ્રિય બનીને ગામડે ગામડે પહોંચ્યો છે.

પૂ. સ્વામી કેવળ લેખક નથી પરંતુ સારા એવા કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે રચેલા પદોનું સંપાદન કરીને ''પ્રગટના ગુણવાન'' નામે પુસ્તક પ્રકાશિત થયેલ છે. આ સાથે તેમના અન્ય ગ્રંથો ''જીવનયાત્રા'', ''માનવતાના દિવડા'', ''વાણી વિવેક'', અમાનવીય ક્રુરતા'', ''જીવન-એક સ્નેહનું ઝરણું'', આદિ પણ પ્રકાશિત થયા છે. ગુજરાતના પ્રસિદ્ધ દૈનિક પેપર ''સંદેશ''ની ધાર્મિક પૂર્તિ ''જીવન જ્યોત'' ની અંદર પ્રતિ સપ્તાહે ''માનવતાના દીવડા.''માંથી ચૂંટીને લેખો પ્રસ્તુત થાય છે.